વિષયાનુક્રમણિકા

ગ્રાહકો તથા લેખકોને સુચના



(૧) પ્રભાકર હવે મુંબઇ ખાતેથી પ્રગટ કરવામાં આવશે માટે સર્વ પત્ર વ્યવહાર તંત્રી **ઔદિચ્ય પ્રભાકર–કલ્યાણ બીલ્ડીંગ નંબર ૨, કાંદાવાડી ગીરગામ–મુંબઈ** એ શીરનામે કરવો

(૨) લેખકોએ પોતાના લેખો સ્પષ્ટ અક્ષરે કાગળની એક જ બાજુએ લખી તંત્રીને તા ૧ લીની અંદર મળે તેવી રીતે મોકલવા લેખો પ્રગટ કરવા યા નહી તે તંત્રીની મુનસફીપર રહેશે નાપસંદ થયેલા લેખો પાછા મોકલવા તંત્રી બંધાયેલા નથી તેમજ લેખોમાં યોગ્ય સુધારો વધારો કરવાની તંત્રીને સત્તા છે

(૩) સમસ્ત ઔદિચ્ય જ્ઞાતિના સર્વ સમુદાય તરફથી જાણવા યોગ્ય જ્ઞાતિ વર્તમાન મળેથી તે પ્રગટ કરવામાં આવશે કોઇપણ જ્ઞાતિ બંધુને સંસારીક, ધાર્મીક, આર્થીક અને ઔદ્યોગીક વિષયો ઉપર લેખો લખવા અમો સવિનય આમંત્રણ કરીએ છીએ રાજકીય વિષયો ચર્ચવા એ આ માસીકનો ઉદ્દેશ નથી

(૪) પ્રભાકર પ્રત્યેક માસની તા. ૧૫ મીએ પ્રગટ થશે. તો કોઇ ગ્રાહકને તા. ૨૦ ની અંદર જો ન મળે તો તંત્રીને ખબર આપ્યાથી યોગ્ય બંદોબસ્ત કરવામાં આવશે લવાજમ અગાઉથી લેવાનો રીવાજ હોવાથી સર્વ ગ્રાહક બંધુઓને વીનતી કે તેમણે લવાજમના પોસ્ટેજ સાથેના રૂ ૧) મોકલી આપવા કૃપા કરવી અને જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય, તેમણે અમોને ચેતાવવા કૃપા કરવી આ અંક વી પી દ્વારા રવાના કરવામાં આવ્યો છે આશા છે કે સુજ્ઞ ગ્રાહકો વી પી સ્વીકારી લઇ અમોને ઉપકૃત કરશે

તંત્રી

॥ कर्मण्ये वाधिकारस्ते माफलेषु कदाचन ॥

ઔદિચ્ય પ્રભાકર.

પુસ્તક ૬ ઠું]　　　　અશ્વિન ૧૯૭૨　　　　[અંક ૨ જો

પદ્ય

રાગ—(કવાલી,)

મૂરખ મન માનને મારા, જગત છોડીને જાવુ છે,
જગત છોડીને જાવુ છે, માટી માહી સમાવુ છે—મૂરખ
શરીર આ શોભીતુ એવુ, ગુલાબી ફુલના જેવુ,
રોગે મૃત્યુ આવેથી કીડાનુ મીષ્ટ ખાવુ છે—મૂરખ
બાપ કે બંધુ ના બેલી મૂકશે દેહ હડમેલી,
મમત ને મોહમા ખેલી નકામા નર્ક લેવુ છે!—મૂરખ
આખને જો જરા ખોલી મહાલયો કંઇ પડયા ખાલી!
કુબેરો કંઇ પડયા ખાની ફકીના જેવુ જાવુ છે—મૂરખ

રાગ—(દીલકો કગાર હોગા)

સઘળી ઉમર ગુમાવી, તોએ સમજ ન આવી (૨),
લલના લતે લપાઇ, રસના રસે રસાઇ
ભવમાં ફરી ભવાઇ! તોએ સમજ ન આવી
ઘટઘટ રહ્યો સમાઇ તેની સમજ નપાઇ
આખર ગયો મુંઝાઇ! તોએ સમજ ન આવી
જૂના પડેલ ભાઇ! ગમાની રહેન કાંઇ
'સોહં સતત ગાઇ કરવી ખરી કમાઇ

જ્ઞાતિ બંધુઓને બે બોલ

જ્ઞાતિ સેવા એ આ લેખકના અંતરની ઊંડામાં ઉઠી અભિલાષા છે અને તે અભિલાષાને અવલંબીને આ લેખ લખવાની પ્રેરણા થઇ છે. આ પ્રગતિમય યુગમા કહો કે સુધારા અને શોધખોળના સમયમા જ્ઞાતિઓનો ખળભળાટ થયો છે વિદ્વાના ત્યારે ઘણા લખકો સાક્ષરો ઉત્પન્ન થયા છે અને સર્વેએ પોત પોતાની શક્તિ અનુસાર જ્ઞાતિ સેવા કે દેશ સેવાના કાર્યમા ભોગ આપ્યો છે અને આપે છે

આ લેખક કાંઈ એવો વિદ્વાન અથવા સાક્ષર કે કવી નથી કે સાક્ષરોની ભાષા વાપરી ઉત્તમ લેખ લખી વાંચકો રંજન કરી શકે, એટલે નમ્રપણે યાચના કરે છે કે લેખમા કાંઈપણ ખામી હોય તો દરગુજર યથાનુસાર સુજ્ઞ વાચક બંધુઓ સાર ગ્રહી અસારનો ત્યાગ કરી લેખમા રહેલા દોષ માટે ક્ષમા કરશો

સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ,

આપણી જ્ઞાતિની સાંપ્રત સ્થિતિ દયાજનક છે એમ તો જ્ઞાતિ સુધારણાર્થે થતા પ્રયત્નોથી સિદ્ધ થઇ ચુક્યુ છે આખા ભારત વર્ષમા જ્યાં જ્યાં જ્ઞાતિ બંધુઓના સમુહો છે ત્યાં ત્યાં સુધારાને માટે નેમસર પ્રયત્ન શરૂ કર્યા છે કેટલાક સમુહો આગળ પણ વધ્યા છે પરંતુ આખા દેશમા નિવસતા બંધુઓ વિષે વિચાર કરતા હજુ મહાન પ્રયત્ન કરવાની આવશ્યકતા છે એમ કહ્યા વગર ચાલતુ નથી

અમુક દેશમા વસતા બંધુઓને એકત્ર કરી સુધારા માટે બ્રહ્મસમાજ જેવુ મંડળ પ્રયાસ કરે છે પરંતુ દેશના ઘણા દુરભાગમા વસતા ભાઇઓ વર્ષમા એક વખત ભેગા થાય મંડળમા ઠરાવો પસાર થાય અને ત્રણ દીવસનુ ખર્ચ કરી મંડળ વિખેરાઇ જાય એનાથી જેટલા તાત્કાળીક સુધારા થવા જોઇએ તેટલા થતા નથી

વળી ઘણા શહેરો અને ગામોમા નાના નાના મંડળો સ્થપાય છે થોડા થોડા વર્ષમા પાછા બંધ થઇ જાય છે અને સુધારાની પ્રગતિ મંદ પડી જાય છે એવા પણ દ્રષ્ટાંત જોવામા આવે છે

આ બધુ જોતા એટલુ તો નક્કી થાય છે કે, આપણામાં જ્ઞાતિ ઉદયની ઇચ્છા તો ઉત્પન્ન થઇ છે પરંતુ આપણા કાર્ય કરવામા કાંઈ ખામી છે, અને તે ખામીઓ નીચે પ્રમાણે છે

કેટલીક જગ્યાએ મંડળો હોય છે તો તેમા પક્ષ પડી જાય છે વૃધ્ધો અને યુવાનો એક વિચારના થઇ શકતા નથી કેટલાક વૃધ્ધો અને યુવાનો એક વિચારના હોય છે તો યુવાનોનો થોડો ભાગ જુદો પડે છે

કેટલીક વખતે યુવાનો એકનાજ પ્રયત્ન કરે છે અને વૃધ્ધો તેમના તરફ સહાનુભૂતિ પણ દર્શાવતા નથી

કેટલાક સમુદાયોમા પક્ષ કે તડ હોય છે અને ઉભય પક્ષને એક બીજાના કૃત્ય તરફ તિરસ્કાર હોય છે

કેટલાક મંડળોમા નાણાની અવ્યવસ્થાને લીધે ખોટી લાગણી ઉત્પન્ન થાય છે

ગુજરાત, કાઠીઆવાડ, સુરત અને હિંદુસ્થાનના અન્ય ભાગોમા નિવસતા જ્ઞાતિ બંધુઓમા પરસ્પર જોઈએ એટલો પ્રેમ કે બંધુભાવ જણાતો નથી

જ્ઞાતિમા કેટલાક અંગ્રેજી ભણેલા વકીલ, બારીસ્ટરો, ડાક્ટરો અને ગ્રેજ્યુએટો છે, જેમને જ્ઞાતિની સુધારણા પ્રત્યે અભાવ છે અને પાશ્ચાત્ય સુધારોજ ખરો છે એવો એક પક્ષી માગજ મંતવ્ય થઇ ગએલો છે

આવા આવા કારણોને લીધે આપણી બધી હીલચાલનો તાત્કાલીક નાશ પામે છે અને "ભાણાભાઇ થડના થડ" જેવુ બને છે

ત્યારે હવે આપણે કરવુ શુ ?

આ લેખકનો એવો નમ્ર મત છે કે જ્ઞાતિના વૃધ્ધ પુરૂષોએ આ બદલાતા યુગને માન આપી, પોતાના વિચાર ફેરવવા જોઇએ અને ધીરજથી જોવુ જોઇએ તેમજ જ્ઞાતિ સેવાર્થે કાઇપણ પ્રયત્ન થતો હોય તો ઉત્તેજન આપવુ જોઈએ જો આમ થાય તો વૃધ્ધોનુ માન સચવાય અને ગાડુ આગળ ગબડશે

યુવાન બંધુઓને લેખકની નમ્ર વિનતી છે કે, એમ ઉતાવળીઆ થઇ કાઇપણ વ્યક્તિની લાગણી દુખાય એવુ કૃત્ય કરવા તૈયાર થવુ નહી

વૃધ્ધ પુરૂષો આપણા પુજ્ય છે, તેમના તરફ સંપૂર્ણ માન રાખી મર્યાદાથી તેમની સાથે વાટાઘાટ કરવી અને આપણા વિચારો તેમને જણાવવા

કેટલાક ગામોમા કે સમુહોમા પટેલો હોય છે તેમણે પણ બદલાતા યુગને માન આપી જનસમુહની અભિરૂચીને અનુકુળ વર્તન કરવુ

જ્ઞાતિના સરદારો આગેવાનો અને પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ પોતાના કુળની ખ્યાતીને કાયમ રાખવા અન્યોઅન્ય યમા દશ નહી કરતા સમાધાનીનો માર્ગ ગ્રહણ કરવો જોઇએ

જે જે શહેરો કે ગામોમા યુવક બંધુઓએ સમાજ જેવા મંડળ સ્થાપ્યા હોય ત્યા જ્ઞાતિ બંધુઓએ યથા શક્તિ સહાય કરવી જોઇએ, કાઇ નહી તો તેમના કાર્યને ઉત્તેજન આપવુ, અને આગળ વધારવુ પણ કાપી અટકાવવુ નહી

જ્યા જ્યા મંડળો કે અશેપની સંસ્થાઓ હોય તેમણે પોતાની પાસેના નાણાના હીસાબની વ્યવસ્થા બહુજ ઉત્તમ રાખવી જોઇએ અને દર વર્ષે હીસાબ પ્રગટ કરી પોતાના સમુહ કે મંડળનો વિશ્વાસ મેળવવો જોઇએ

કેટલાક પૈસાવાળા અને સારી સ્થીતીવાળા ભાઇઓ એમ ધારે છે કે હમારે બીજા માટે શું ... ગરજ ... અને હમારા પૈસાનો ભોગ શા માટે આપવો જોઇએ? આવા સારી સ્થીતિવાળા મનુષ્યોએ જાણવું જોઇએ કે સારી સ્થિતિ પે કાંઇ હમેશાની કાયમ નથી રહેતું પણ ગરીબ કે તવંગર થવાનો છે એ સર્વના નશીબની વાત છે પરંતુ જો સારી સ્થીતિવાળા ભાઇઓ કંઇક ભોગ આપશે તો જ્ઞાતિ હીતના કુદરતનું ... તો તેમને મળશે ... ઘણી એવા પણ સંજોગ ઉત્પન્ન થાય છે કે સારી સ્થીતીવાળાને ગરીબ સ્થીતીવાળા સાથે સંબંધમાં જોડાવું પડે છે અને જે વખતે પોતાની સરખી સ્થીતીવાળા મળતા નથી ત્યારે વિમાસણમાં પડવું પડે છે.

આ બાબતમાં જ્ઞાતિના ડાહ્યા અને વિચારશીલ પુરૂષોએ એવું વર્તન કરવું જોઇએ કે—

नमन्ति फलीना वृक्षा नमन्ति कुलीना जना
शुष्क काष्ठंच मूर्खंच न नमन्ति कदाचन॥

જો એમ બનશે તો આપણા સઘળી જ્ઞાતિહીતના કામમાં સહાય થવું જોઇએ. જે ... અને યુવાન મનુષ્યો જ્ઞાતિની સ્થીતિ સુધારવા માટે અંતઃકરણથી પ્રયત્ન કરતા હોય તો તેમણે જનસમુહને કેળવવા પ્રયત્ન કરવાના માર્ગમાં જે જે વિઘ્નો આવે તેને હટાવવા હિંમત રાખવી જોઇએ અને જ્યાં જ્યાં કુરિવાજો ઉભા થતા હોય ત્યાં ત્યાંથી દુર કરી જ્ઞાતિ હિતના માર્ગને મોકળો કરવો જોઇએ. એ શિવાય જ્ઞાતિના વર્તમાન પત્રો કે માસીકો ... જે પ્રગટ થતા હોય ત્યાં ત્યાં તેમને ઉત્તેજન આપવું જોઇએ. પોતપોતાના સમુદાય કે ગામોમાં જ્ઞાતિ વર્તમાન માસીક દ્વારા ... સભાઓ મંડળો ... કાર્ય કરતા હોય તે પણ માસીકોમાં પ્રગટ થાય તો દુર દુર ગામમાં વસતા જ્ઞાતિબંધુઓને ખબર પડે અને અરસપરસ વિચારોની આપ લે થઇ શકે.

જ્ઞાતિમાં કેટલાક વિદ્વાન લેખકો ગ્રેજ્યુએટો અને અંડરગ્રેજ્યુએટ ... વનારા ... તેમને પણ માસિકોમાં ઉત્તમ લેખો કે કાવ્યો આપી જનસમુહને પોતાની મનની સેવાનો લાભ આપવો જોઇએ.

અંતમાં આ લેખ શ્રી પરમાત્મા પાસે નમ્ર યાચના છે કે અમારી જ્ઞાતિના પ્રત્યેક યુવાન બંધુઓ અને બહેનીઓના હૃદયમાં જ્ઞાતિ ઉદયની પવિત્ર લાગણી ઉત્પન્ન થાઓ અને હમો ... વર્ણાશ્રમ ... પૂર્ણ પ્રાપ્ત કરીએ એવો સમય સત્વર પ્રાપ્ત થાઓ.

શ્રી જ્ઞાતી સેવક



આપણી ઉન્નતિ

હાલનો જમાનો પ્રગતિનો છે, જગતમા સર્વ જાતિઓ પોતાનિ જાતિની ઉનતિ કો રસ્તે થાય, તેને લક્ષ સ્થાન ગણી તે દીશામા પ્રવૃતિ કરે છે દરેક જાતિ પોતાની પછાત પડેલી જાતિને સુધારી, તેને આગળ વધારવાનો પ્રયત્ન કરે છે ઘણી ખરી જાતિઓ પોતાના પરિષ વિગેરે મડળોમા એકત્રીત થઇ, પોતાની જાતિની સુધારણા તરફ મડી છે જ્યારે જમાનો પ્રગતિ બતાવે છે, સર્વનુ લક્ષ બીંદુ એ છે ત્યારે દીલગીરી સાથે જણાવવાનુ પડે છે કે સર્વ જ્ઞાતિમા શ્રેષ્ટતર ગણાતિ ઔદીચ્ય બ્રાહ્મણ જ્ઞાતિ ઉન્નત લક્ષ બીં તરફ પુરતો પ્રયત્ન કરવા પ્રયત્નશીલ થયેલી લાગતિ નથી **ઔદીચ્ય બ્રહ્મ સમાજ** સ્થાપીત થતો હતો, વળી અનીવાર્ય કારણો વશાત સુષુપ્ત દશાને પામ્યો હતો વળી તેને પાછી અમસ્તાવસ્થા પ્રાપ્ત થઇ હતી અને અને દીલગીરી સાથે લખવુ પડે છે કે, તે ગઇ સાલથી પાછી સમાધિસ્થ દશાને પ્રાપ્ત થઇ છે આશા છે કે એ મડળના પ્રાણ વાહકો તેને ઉન્નત સમાધિસ્થ સ્થીતિમાથી જાગ્રત કરી આ વર્તમાન સપૂર્ણ જાગ્રતિમા આણી, તેને એક આદર્શ સસ્થા બનાવવા પ્રયત્નશીલ થશે **એક લાખ પચ્ચીસ હજાર ઔદીચ્ય બધુઓ!** તમારા ઉન્નત મડળની આવિ સ્થીતિ જોઇ શુ તમારૂ હૃદય તમોને જાગ્રત થવા સુચવતુ નથી? ઉઠો! જ્ઞાતિ સેવા માટે તત્પર થાઓ,-તમારી, આર્થિક, સામાજીક સસારીક અને ધાર્મીક ઉન્નતિ સાધવાને તે દ્વારા પ્રયત્ન કરો પ્રયત્નની જરૂર છે જેવી રીતે તમારી સમીપ પક્વાન્ન પુરીત થાળી તયાર હોય, પણ પ્રાશન કરવા હાથ લબાવવા આવશ્યક છે, તેવિજ રીતે બ્રહ્મસમાજ તમારી આવિર્ધિજ છે અને તેને આદર્શ રૂપ બનાવવિ એ તમારા હાથમા જ છે પણ તે માટે પ્રયત્નનિ જરૂર છે ભાઇઓ ઉક્ત મડળને માથે પરમ પુજ્ય મહાત્મા શ્રીમન્નથુરામ શર્મા જેવા, યોગનિષ્ટ પુરૂષનો હાથ છે તો જરૂર પરમ કૃપાળુ પરમાત્મા આપણને આપણા ઉનતિના લક્ષ્ય સ્થાને પહોચાડવામા મદદ કરશેજ અમારા સુજ્ઞ બધુઓ આ વર્ષ પુર્ણ ઉમગથી ઔદીચ્ય બ્રહ્મસમાજ ભરી તેને સપુર્ણ યશસ્વી બનાવવા પ્રયત્ન કરો પરતુ તમારે તમારી ઉનતિના સાધનામા કાઇક ભોગ આપવો જોઇએ તો તે ભોગ તરફ ન જોતા **ઔદીચ્ય જ્ઞાતિનુ શ્રેય તેમાજ મારૂ શ્રેય** એમ માની જ્ઞાતિ સુધારણા તરફ નિસ્વાર્થ બુધ્ધિએ પ્રવૃતિમય થશો આ બાબતમા ઘણુ લખાયુ છે, ઘણુ બોલાયુ છે, તો તે બાબત વધુ પિષ્ટપેષણ ન કરતાં સર્વ ઔદીચ્ય બધુઓને વીનતી કરીએ છીએ કે ઉક્ત બિન્દુ તરફ પ્રયત્નશીલ થશો છેવટમા ઔદીચ્ય બ્રહ્મ સમાજને સપૂર્ણ યશપ્રાપ્ત થાઓ એવી વાળુ પ્રભુ પાસે સવિનય પ્રાર્થના કરી વિરમીએ છીએ —

— સુમ ભટ્ટ

શ્રાદ્ધ



રમણી —શાંતા માસી મોટાભાઈ નરહરીને તથા ભાઇ નિરંજનને આવતી કાલે મારે ત્યાં જમવા મોકલજો રસોઈ બપોરના બાર વાગે થશે આવતી કાલે રવીવાર હોવાથી મોટાભાઈ નરહરીને ઓફીસે જવાનું તેમજ ભાઈ નિરંજનને સ્કુલ જવાનું નહી હોવાથી બપોરના જમવા આવવાને કશી હરકત આવશે નહી

શાંતા માસી—ભાઇ રમણીક, તેં તારે ત્યાં તારી કાશીબાનું શ્રાધ હશે ખરુ પણ ભાઇ તે બેઉથી જમવા આવી શકાય એમ નથી કારણ કે આ નિરંજન મારી પાસે સુતો છે તેને ગઇ રાતનો તાવ આવ્યો છે તે હજુ સુધી ઉતર્યો નથી આજે સવારે એને પથારીમાંથી ઉઠાડી દાતણ કરાવી ચા પાઇ તે પણ ટકી નહી અને તુરત વોમીટ થઇ ગયું આજે નાહ્યો પણ નથી તેમજ તે અન્નનો દાણો પણ ભાગ્યો નથી ભાઇ નરહરીની પણ એવીજ દશા છે ગઇ કાલે શ્રાધ સારવાનું હોવાથી સવારના ઓફીસમાંથી રજા લઇ આવ્યો અને ટાઢે પાણીએ નાહી શ્રાધ સારવા બેઠા શ્રાધ સારી રહ્યા પછી ટાઢ વાઇ અને જમવા બેઠા પણ એક પુરી ને એક વાડકી દુધપાક પણ ખવાયો નહી અને તેમનો એમ સુઇ ગયો જમવા આવેલા સઘળા બ્રાહ્મણોને કયારે ગયા તેની પણ એને ખબર નથી આજે એણે પણ કંઇ ખાધું નથી માત્ર ચા પરજ રહ્યો છે

રમણીક—શાંતા માસી તમો કેમ સુઇ રહ્યા છો?

શાંતા માસી—ભાઇ રમણીક મને તો આજ પાંચ દીવસ થયા તાવ આવતો હતો અને તેમાં વળી ગઇ કાલે શ્રાધ હતું તેથી આખો દીવસ ભુખી રહી અને સાંજે ખાવા બેઠી પણ કશું ખવાયું નહી અને છેક રાતના બાર વાગે પરવારી સૌ સુતી તે સુતી ભાઇ આઇ કાલનો થાક બહુ લાગ્યો છે નરહરીની વહુ લલીતાની પણ એજ દશા છે પણ બીચારી વહુ પડી એ બે શું કરે? જેમ તેમ કરી ઉઠી નાહી ધોઇ ગમે તેમ કરી રાંધ્યું પણ કોઇએ ખાધું નહી જેથી સઘળુ ઢાંકીને કાઢી આવી તે પણ સુતી હતી તે હમણાંજ ઉઠીને ચા કરી હમો સઘળાને પાઇ અને તેણે પણ પીધી, માટે ભાઇ રમણીક તારા મામાને કહજે હમારી તો આ દશા છે જેથી કરીને જમવા કોઈ આવી શકે એમ નથી

રમણીક—શાંતા માસી જ્યારે તમોને અગાઉથી તાવ આવતો હતો ત્યારે શ્રાધમાં આટલી બધી દડબડ શું કરવા કીધી ફકત શ્રાધ સરાવનાર ગોર સુરકલને જમાડી બેસી રહ્યા હોત તો તમો બધાંને આ દુખ વેઠવું પડત નહીં તેથી કરીને પીત્રુઓ કંઇ રીસાઇ જવાના હતા નહીં વધુ બ્રાહ્મણ જમાડવાથી કંઇ વધુ પુન્ય લાગે છે, અને માત્ર એ જ બ્રાહ્મણ જમાડવાથી કંઇ ઓછું પુન્ય લાગે છે? શાંતા માસી

આપ વડિલ છો એટલે વધુ તો શુ ,કહુ, પણ હવે આગળના જમાનો વહી ,ગયો છે અને જ્યા સુધી આપણે આપણા ,અસલના રીવાજોમા ઘટતો ફેરફાર નહી કરીશુ ત્યાં સુધી આપણે દુ ખીજ રહીશુ

શાંતા માસી—ભાઈ રમણીક તુ કહે છે તે ખરૂ છે પણ ભાઈ શ્રાધ વર્ષમા એક દીવસ આવે છે, તો તે દીવસે સારી રીતે શ્રાધ કરી આપણી શક્તી પ્રમાણે પાચ પચીશ બ્રાહ્મણ જમાડી આપણા પીત્રુઓને સતોષવા એ મહા પુ ણ્યનુ કામ છે એવુ મારૂ માનવુ છે


રમણીક—શાતા માસી શ્રાધ નિમીતે માત્ર બ્રાહ્મણ જમાડવામાજ પુન્ય માનો છો ? એ શીવાય પુન્ય કરવાના બીજા રસ્તા નથી શુ ? આપને જો હરકત ન હોય અને મારા બોલવાથી કંટાળો આવતો ન હોય તો હુ આપને મારે ત્યા ગઈ કાલે આપણી ઔદીચ્ય જ્ઞાતિ સમાજના સેક્રેટરી પાઠક વીશ્વનાથે મારા મામાને એ બાબત પર કંઈ વીવેચન કીધુ તે આપને કહી સભળાવુ

શાંતા માસી—ભાઈ રમણીક તુ વાત કરે છે તે મને ગમે છે તાવને લીધે એકલુ સુઈ રહેવુ ગમતુ નથી, પણ કોઈ આવી પાસે બેસી વાત કરે ત્યારે ઠીક લાગે છે માટે તુ ખુશીથી કહે હુ તે સાભળીશ

રમણીક—શાતા માસી આજે ઉપર કહયા પ્રમાણે ઔદીચ્ય સમાજના સેક્રેટરી પાઠક વિશ્વનાથ મારે ત્યા આવ્યા હતા, તેમને મારા મામાએ આવતી કાલે હમારે ત્યા જમવા આવવાને કહયુ ત્યારે તેમણે પુછ્યુ, તમારે ત્યા શુ છે ? મારા મામાએ કહયુ કે મારી માતુશ્રીનુ શ્રાધ છે

(અપૂર્ણ)

આપણી દીવાળી કયારે ફળીભૂત થાય?



ભાઈ મનહરલાલ—દીવાળીના દીવસો નજીક આવતા જાય છે તે છતા તમા રામા નિરુત્સાહીપણુ અને શિથીલતા કેમ જણાય છે ! લોકો પોતાના નિવાસ સ્થાનોને સુશોભિત બનાવવા રગ રોગાન વિગેરેથી તેનામા નવિનતા પેરે છે સપર્વના દીવસોમાં પોતાના શરિર અલકૃત કરવા, નવીન વસ્ત્રાભૂષણો બનાવવા ઉત્સુક થાય છે ગૃહિણીઓ આવા માગલ્યમય દીવસોમાં વિવિધ પ્રકારના પકવા નો બનાવવા ઉત્સાહથી મડી ગઇ છે તો તમો શા માટે ઉ દાસીનતા ધારણ કરી બેઠા છો ? અરે ! એવા શા વિચારના વમળમાં પડયા છો ?

મનહરલાલ કહે—ભાઇ ,માણેકલાલ હુ એવા વિચારમા છુ કે આપણી દીવાળી ક્યારે ફળીભુત થએલી ગણાશે ?

માણેકલાલ કહે—ભાઇ એમા તે એવો શુ વિચાર કરવાનો છે આપણી દીવાળી જે મુજબ હમેશા ફળીભૂત થાય છે તે પ્રમાણે આ પણ થશે

મનહરલાલ—આપ કઇ દ્દષ્ટીથી દીવાળી ફળીભુત થએલી માનો છો તે જણાવશો ?

માણેકલાલ કહે—ભાઇ મનહર હજુ પણ તુ એવોજ વિચાર ધેલો રહ્યો અનેક દીવાળીઓ વ્યતિત થઇ તે છતા પણ હજુ તારા વિચારોનો અંત આવ્યો નહી તો ધ્યાનથી શ્રવણ કર

દીવાળીની શરૂઆત વાઘબારસથી ગણાય છે વાઘ બાર માઇલની મુસાફરી કરી પોતાની ક્ષુધા શાંત કરશે એવી દંતકથા છે તેવીજ રીતે અમો વેપારીઓ અમારી આખા વરસની ધન પ્રાપ્તિ માટેની તૃષ્ણાને પુર્ણ વેગથી વધારીશુ બીજે દીવસે ધન ત્રયોદશી, તે દીવસે આવતા વરસમા લક્ષ્મી દેવી પ્રસન્ન રહી ધનથી પરિપુરિત કરે તે માટે તેમનુ યથાવિધિ પુજન અર્ચન વંદન કરીશુ અને વિધવિધ પ્રકારના ભોજન કરીશુ ત્રીજે દીવસે નર્ક ચતુર્દશી (કાળી ચાદશ) એ દીવસે પ્રાત કાળમાં નારકાસુર સ્નાન કરી હનુમન્ત ઉત્સવ ઉજવી યથાવિધિ ભોજનથી તૃપ્ત થઇશુ ચોથા દીવસ દીવાળીનો (દીપોત્સવ) એ માંગલ્ય દીવસે વિવિધ પ્રકારના દીપકો પ્રગટાવી બાળકો ફટાકડા દારૂખાનુ છોડી આનંદ મગ્ન થશે અને અમો પ્રસન્ન ચીતે ગત વરસનુ નફા ટોટાનુ સરવયુ જોઇ સરસ્વતિ પૂજન (ચપુજા) કરીશુ ઇચ્છીત ખાનપાન ભોગ વિલાસ કરી આનંદમા દીવસ નિગમન કરીશુ પાંચમો દીવસ પ્રતિપદાનો (બેસતુ વરસ) તે દીવસે પ્રાત કાળે અભ્યંગ સ્નાન કરી ગણપતિ વિગેરે ઇષ્ટ દેવની પ્રાર્થના કરી નવીન વરસમા સર્વ તરેહની આબાદી ઇચ્છીશુ અને સગા સ્નેહી સર્વને મળી આતિથ્ય કરી તેમની નવીન વર્ષમા આબાદી ઇચ્છીશુ આ પ્રમાણે અમારી દીવાળી વ્યતિત થશે એ લે અમો અમારી દીવાળી ફળીભુત થએલી માનીશુ

મનહરલાલ કહે—ભાઇ માણેકલાલ તમોએ જે રીતે દીવાળી વ્યતિત કરવાનુ બતાવ્યુ તે ઠીક છે પણ એવા માંગલ્યકારી દીવસો એવી રીતે એટલે કે ધન પ્રાપ્તિ ભોગવિલાસ વિગેરેમા વ્યતિત કરવા એ મને ઠીક લાગતુ નથી મારા નિચે દર્શાવેલા સિધ્ધાંતો અનુસાર જો તમને વર્તવુ યોગ્ય લાગે તો મારી સાથે તમે પણ મારા મત મુજબ દીવાળી વ્યતિત કરવા પ્રતિજ્ઞા લો મારા નીયમો નીચે મુજબ છે—

૧) જેવી રીતે વિક્રમ સંવત્સરનો સબંધ, દીવાળી સાથે જોડાયલો છે તેજ મુજબ આપણી સાથે જોડાયલો છે તેની ઉત્પતિનુ એક વર્ષ વધે છે ત્યારે આપણા આયુષ્યમાથી એક વરસ ગત થાય છે માટે નવિન વરસમા ધર્મ અર્થ કામ અને મોક્ષની સાધનામા તત્પર રહો

૨) જેવી રીતે પોતાના ગૃહો વિગેરેને રંગ રોગાનથી સુશોભિત બનાવવામા આવે છે, તેવીજ રીતે, આ શરીર રૂપી ગૃહને લંઘન વમન વિરેચન સમન વિગેરેથી શુધ્ધ બનાવવાની જરૂર છે કારણ શારિરીક આરોગ્યતાને ધર્મ અર્થ, કામ અને મોક્ષ અવલંબી રહેલા છે માટે પ્રથમ આપણે આપણા આરોગ્યને આમંત્રણ આપવુ જોઇએ

૩) વસ્ત્ર, અલકાર મીષ્ટ ભોજનો વિગેરેમા આપણા લાખો રૂપીઆ બરબાદ થાય છે તે કરતા સાદા સ્વચ્છ કપડા ધારણ કરી થોડા પૈસા બચાવી, ગરીબ વગના કેટલાક જે અન્ન વસ્ત્ર વગર ટળવળે છે, તેને આપવામા આવે તો તેઓ પણ દીવાળીમા આનદ પ્રાપ્ત કરી શકે અને આપણે માથે એ નપેગનો આક્ષેપ આવે નહી

૪) મીટાન્નો ફક્ત રસ ઇદ્રીને તૃપ્ત કરવા માટે છે તો તે કરતા શરીરને પોષણ કરનારા તત્વોવાળો ખોરાક લઇ નુતન વર્ષમા આરોગ્યતા પ્રાપ્ત કરવા મીતાહારીપણુ ધારણ કરવુ માર જીવન ખાવા માટે સરજાયુ નથી પણ ખોરાક જીવન માટે સરજાયલો છે એમજ માનવુ

૫) લેણદેણ નકી કરવા જે વાઘની ગતિ આપણે કરીએ છીએ તેનીજ ગતિથી આપણે હાથે કેટલા સતકર્મો વા દુષ્કર્મો થયા છે તે શોધી કાઢવા જોઇએ

૬) ધનત્રયોદશીને દીવસે લક્ષ્મી દેવીને નવાડી ધોવાડી પુજન અર્ચનથી સતુષ્ટ કરી પ્રાર્થના કરીએ છીએ, તેનીજ રીતે આખા વર્ષમા મન ઉપર ચડેલો કાટ (ઇર્ષ્યા, દ્વેશ અહતા, વીગેરે) ધોઇ ફરી એવો કાટ મન ઉપર ન ચડે, તેટલા માટે જો લક્ષ્મી દેવીની પ્રાર્થના કરવામા આવે કે તારા લોભથી મોહથી અગર મદથી હુ ફરી મલીન ન થાઉ તો તે પ્રાર્થના ઇષ્ટ ગણાશે

૭) કાળીચૌદશને દીવસે બ્રાહ્મ મૂહુર્તમા નરકાસુરનુ સ્નાન કરવામા આવે છે કારણ તે દીવસે નરકાસુરના શરીર અને આત્માનો (પચત્વ) વિયોગ થયો હતો તેનીજ રીતે આપણા શરીરમા રહી નકમા પહોચાડનારા અસુર રૂપ કામ, ક્રોધ લોભ, મોહ મ અને મત્સર વિગેરેના દુષ્ટ હુમલાઓથી આપણા શરીરને વીરોગી બનાવી સ્નાન કરી પવિત્ર થવુ એ મને વધુ ઉતમ લાગે છે

૮) દીપોત્સવિને દીવસે દીપકો પ્રગટાવી ફટાકા દારૂખાનુ વિગેરેના ધુમથી હવા શુધ્ધ બનાવવામા સતોષ ન માનતા હૃદય મદીરમા દીપક પ્રદીપ્ત કરી આપણા સ્નેહી સબધીઓ તથા આત્મીકોના હૃદયના અશુધ્ધ વિચારોના મલીન રજકણોને ફટાકડા રૂપી સદુપદેશથી વિરક્ત કરવાની ખાસ જરૂર છે

૯) છેવટે માત્ર કેટલો ખરીચો વેચો કેટલો શીલકમા છે કેટલાના નાણા આવ્યા શુ ઉઘરાણી બાકી છે વિગેરે નકી કરી સરવૈયુ કઢાય છે પણ આપણે જુદુજ સરવયુ કાઢવાનુ છે તે એ કે આખા ગત વર્ષમા આપણે શાશા પરોપકારના કાર્યો કર્યા અને કેટલા અપકારના કર્યા કેટલા ધામીક કાર્યોમા મદદ કરીને કેટલામા વિઘ્ન રૂપ નિવડયા કેટલી જ્ઞાતિ સેવા તથા દેશ સેવા કીધી અને બધુઓના મન સતુષ્ટ કીધા અને કેટલા કલહ ઉત્પન્ન કરી બધુઓના હૃદય દુખવ્યા આનો હીસાબ કરી પાપ પુન્ય ને તારવી સરવૈયુ કાઢવુ અને તેમા શાનુ ફળ ભોગવ્યુ અને શાનુ ભોગવીએ છીએ અને શાનુ ભોગવવાનુ બાકી છે તે નિમાણ કરવુ, અને ત્યાર બાદ સરસ્વતી દેવીની પ્રાર્થના કરવી કે મને શારીરીક, માનસીક નૈતિક, ધાર્મિક અને ઔદ્યોગીક

ઉ નતિ કરવાને હમેશા મ શુધ્ધી આપી સહાય કર કે જેથી અમે પાપ રૂપિ કીચડમા ની આ દુમાળુના અનેકિ સમ ગીઓને ખરી પવિત્ર જીવનને અપવિત્ર કરતા અટકીએ.

૧૦) હવે નનિમ ને દીવસે ગણેશ પ્રાર્થના (ગણેશ એટલે ગણનાધીશ) હમારી નમા ગણનામા જમિ મરી હમારી ઉપર પ્રસન્ન થવા પ્રાથના કરીએ છીએ અને આમારી મારી દીવાળી ફળીભુત માનીએ છી કે પણ આપણે એવી ગણેશ પ્રાર્થના કરવી જોઇએ કે હે ગણેશ તુ અમારા પુ ય રૂપિ નફાની ગણનાની વૃધ્ધિ કરવામા મ કર ઙ પરમકૃપ ળુ પરમાત્મા નવા વરસમા અમે ઉત્તમ પ્રકારનુ આરોગ્ય મેળવી, હમારા કુટુંબની નાતની ગામની અને દેશની સેવા બજાવીએ એવી શક્તી આપ અને ગત વરસમા રેના પાપથી મુક્ત મરી સદ્વર્તન સદાચારી દયાળુ અને સદ્ વર્તનવાળા બનાવવામા મદદ કર જો આ પ્રમાણે થય તો મારા મત પ્રમાણે આપણી દીવાળી ફળીભુત થયેલી માનિશ

માણે નાન મ્હેં—આ તમારા વિચારો વરસુ કરી મારી આનંદ ઉર્મીઓ મારા હ્રદયમા સમાતિ નથી તમે આજે મારા નેત્રોના પડળ ખોલ્યા છે તમારા સમુદ્રરૂપ વિચારોમા મારા નદી રૂપ વિચારો સમાઇ ગયા છ મન પ્રતિજ્ઞા કરૂ છુ કે તમે દર્શાવેના નિયમો હુ પાળીશ અને મારા સબંધમા આવતા આત્મીક સબંધીઓને પણ તમારા સીધ્ધાંતો સમજાવી દીવાળીનો દીન ઉજવવો જોઇએ તેનુ સ્ફોટન કરી, તેઓને પણ એ પ્રતિજ્ઞા મનાવવા તરફ પ્રયત્ન કરીશ અને જગતના બંધુઓ પ્રત્યે સમભાવ રાખી નિયમ ક્રમને મારૂ લક્ષ્યબીંદુ રાખીશ—

જ કે પાઠક

સ્ત્રીનુ હૃદય



(૧)

મ મા મ વતા વરસામા એક નાનુ સુરીપર જાનકા આવીને બેઠી પ્રભાતનો સમય હતો અને માન સૂર્યની કોમળ શુદ્ધ કીરણો તેના મુગ્ધ સૌંદર્ય પર ઉજ વળતા રેડી પક્ષીઓના મધુર પ્રભાતના ગીતમા ભીની લચી રહેતી લીલી છમ્ વનસ્પતિ મંદ અનીલની મંજરીમા મોગરા અને ગુલાબના પુષ્પોનું નૃત્ય એ સર્વ હ્રદયને ખેચતા હતા પરંતુ બાળાનુ ચીત્ત તે પ્રભાતની ચારૂતા પર ન હતુ એક ધાર્મીક પુસ્તક પર તેની દ્રષ્ટી સ્થીર રહેલી હતી અને તેમા રહેલા જ્ઞાનનેજ પી વામા તલ્લીન બની હતી બાહ્ય સૃષ્ટીનું ભાન તે બાળાને ન હતુ અહો એ સમય કેવો સુંદર હતો! વસંતનુ પ્રભાત અને બાળાનુ યૌવન એ ઉભયની મધુરતામા કેવી સામ્યતા હતી આકાશમા એક વાદળી ન હતી એક પુષ્પ ચીમળાયેલુ ન હતુ અને બાળાના હૃદયમા એક વીષાદનો નીશ્વાસ ન હતો

કાન્તાના માતપીતા પક્વ વયના શ્રીમંત અને સુધારક હતા અને પાશ્ચાત્ય રીતીને અનુસરીને સુશીક્ષીત પણ હતા તેમનુ વર્તન શુધ્ધ છતાંપિ તેમની લાગણી કે ભાવનામા

આર્યન બહૂજ થોડે અંગે હતુ કાન્તા તેમની એકજ પુત્રી હતી અને તેમની શ્રીમન્તાઇ વિદ્વત્તા માન પ્રતીષ્ઠા સર્વનુ મધ્ય બીન્દુ તેજ હતી ટુંકમા કહીયે તો કાન્તા તેમનુ જીવન હતી એના માત પીતા સુધારક હોવા છતા તેના લગ્ન અમુક સંજોગોને લૈ એમદ વરસ પર રજનીકાન્ત નામના તરૂણ જોડે થયા હતા રજનીકાન્ત બહુજ નમ્ર, સાદો, અને ધામીક વૃત્તીનો હતો તેના વીચારો તેના આપ્ત મંડળમાંને કોઇને ન જણાવેતા માત્ર ભનો કોમળ, સુંદર અને તરૂણ રજનીકાન્ત પોતાના પુસ્તકોમા કે એકાદ બે મીત્રમા કે બહુ તો એકાન્ત ફરવામા પોતાનો સમય ગાળતો થોડીવારે (લુચ્ચા) વરાંડામાના તુચ્ચા પોપટે કાન્તા બ્હેન ! કરી સાદ કરો એ નીર્દોષ સ્વરથી કાન્તાનુ ધ્યાન એ તરફ ખેંચાતુ હસતે વદને પોપટને રમાડી ગૃહમા ગઇ એટલામાજ તેના માતપીતા તેને સામા મળ્યા પીતાના હાથમા પત્ર હતો

કાન્તા ક્યા ફરે છે ! તનેયે એકાન્ત બહુ ગમે છે ! તુ જાણે છે આજે રજનીકાન્ત આવે છે પરંતુ સુધારો શુ સ્ત્રીની ભીરૂતા દૂર કરી શકે ? કાન્તા હરીણીની ગતીયે ચાલી ગઇ આનન્દને એકાન્તમા સમાવ્યો

(૨)

રજનીકાન્ત આવ્યા ને આજે બીજા દીવસની સાયંકાળ હતી કાન્તા તેજ ખુરશી પર હતી અને પાસેની ખુરશી પર નરમ બાંધાનો પરંતુ સુંદર અને તરૂણ રજનીકાન્ત હતો અહો ! એકાન્તમા પતી પત્નીની વાત કેવી પવિત્ર હોય છે ! ઉભય હૃદયની ઉચ્ચમા ઉચ્ચ લાગણીઓ આશા, અને કવીતા એ કાલા ઘેલા શબ્દોમા વહે છે જેની જીન્દગીમા એ કાના ઘેલા શબ્દો સાભળવાનો કે બોલવાનો પ્રસંગ નથી આવ્યો તેને સંસારમા પ્રભુ નજ જડે દમ્પતીમા વીષય વાસનાનો સ્નેહ નથી કોઇ જડવાદીઓ કહે તેમ સ્વાર્થનો સ્નેહ નથી પરંતુ એ બ્રહ્માંડને રચનારા મહા નીયમના ઐક્યનુ સંગીત અને કવીતા છે ધીમે ધીમે સૂર્ય દૃષ્ટી મર્યાદાપર સમુદ્રના પાણીમા ઉતર્યો સાયંકાળ વીતી, નવીન રાત્રીની શ્યામતા આકાશમા ઉતરી તારાઓ જગતને રમાડવા એક પછી એક આવ્યા પરંતુ રજનીકાન્તની સ્નેહ સાંકળમા તુટ પડી નહી

તેમની વાતો ન્હાની નદીના પ્રવાહ સમ કોમળ, ધીમી ઘડીકમાં નૃત્ય કરતી, ઘડીમા ગમ્ભીર ઘડીમા હાસ્ય કરતી વહી જતી હતી

થોડીવાર ઉભય શાન્ત રહ્યા કાન્તા બોલી ' પ્રાણનાથ હવે જશુ બહુ સમય થઇ ગયો મે તમને આજેજ ઓળખ્યા પ્રભુ મ્હને ભવોભવ આજ સ્વામી આપજે

રજની —' ધીરે કાન્તા ધીરે ! મ્હારામા એવા શા સદ્‌ગુણ છે એ માત્ર ત્હારા હૃદયની ઉચ્ચતા સૂચવે છે મે આજજ જાણ્યુ કે સુધારક માતપીતાની કાન્તા આવી નરમ, કોમળ, અને પવિત્ર છે

કાન્તા —' મ્હને હજુ બહુયે કહેવાનુ છે પણ બોલાતુ નથી સમય કેટલો જલદી ઉડી ગયો ન્હાના જ્ઞાનીઓ કહે છે કે આપણી જીન્દગી એ સ્વપ્ન છે શુ આજની રજની પણ એક સ્વપ્ન નથી ? '

રજની— જ્ઞાનની અવસ્થા ત્હારૂ બાળક હૃદય ન સમજે નમુએ જ્ઞાનને મેં ત્હને હૃદય આપ્યુ છે એ હૃદય તપાસજે ત્યા તને નવીન જ્ઞાન મળશે

"નમુ હૃદય તો ત્હમે ચોર્યુ છે હવે મ્હારૂ નથી"

સ્હેજ શરમાઇને કાન્તા બોલી

રજની— ત્હારૂ હૃદય મ્હને સોપ્યુ છે તો હુ સભાળીશ પારૂ ત્યારે આન હવે વડીલો આવ્યા હશે તેમની સમક્ષ જવુ જોઇએ શાન્ત પગને મન્દ ગૃહ તરફ વળ્યા તેમનો પ્રેમ પવિત્ર હતો વાર્તા લાપ સરળ વિનોદ કેવળ નકલી ચર્ચા શીવાય તેમના પ્રેમે વધુ ગમ્ભીર સ્વરૂપ પકડ્યુ ન હતુ

ઉપલી વાતને રે બે વરસો વહી ગયા રજનીકાન્ત હજારનોય ગયા હતો કાન્તા પાસે માત્ર તેની છબી તેનુ એક પુસ્તક અને તેના અગોચર મની પ્રતીમા હૃદયમા જડેલી હતી તેના વાચનમા નવોજ પ્રવાહ રહ્યો હતો પરન્તુ હાય! જગત્મા શુ ચીત્ર ભુસાયુ નથી! નીર્દોષ પવિત્ર ભોળી કાન્તા! હેન ત્હારી હવે વારા આવે છે ત્હારી સુન્દર આશાઓ શુ ભવી ષ્યમા ફળીભૂત થશે

(૪)

હવે ચીત્ર બદલાય છે પ્રેમની સાકળ તુટી આશાનો સૂર્ય અસ્ત થયા પુષ્પની માળા સર્પ થઇને ડખી વસન્ત ચાલ્યો ગયો રજનીકાન્તના પગના ત્યા ને અનેક મહીના થઇ ગયા હતા અરે કાન્તા! કેમ બદલાઇ ગઇ? તેના મુખપર હાસ્ય નથી નનમા ચાપલ્ય નથી ને ગતીમા ઉત્સાહ નથી તેનુ મુખ દુખી અને ગમ્ભીર છે તેના હૃદયમા શુ હશે! સ્ત્રીના હૃદયની વાતને કોણ જાણે? રજનીકાન્તને આ સસારમાથી પ્રભુનુ આમત્રણ આવ્યુ હતુ રજની કાન્ત હવે જગતમા નથી કાન્તા છે અને તેથીજ દુખી છે તેના નેત્રમાથી છાના આસુ ટપકયાજ કરે છે ઉંડા નીશ્વાસ શીવાય તેના મુખમા શબ્દ નથી ગરીબ એકલી કાન્તા પતીવીરહે દુખી છે તેના માતાપીતા પ્રથમ બહુજ દુખી થયા પરન્તુ નીમ તાના સુખમા અને સુધારક હોવાથી પુનર્લગ્નના વીચારથી તેમનુ દુખ વીસારે પડ્યુ કાન્તા તો બાળક છે એ શુ સમજે! ભુલી જશે એમ સહુએ માની લીધુ વીહારીલાલ નામના તેમનીજ જ્ઞાતીના એક M A થયેલા યુવક જોડે કાન્તાના લગ્ન પણ નક્કી કીધા વીહારીલાલ ધીમે ધીમે રમણલાલ (કાન્તાના પીતા)ના સગતમા આવતો થયો અને કાન્તાના સબધમા પણ આવતો હતો કાન્તા કોઇને કશુ કહેતી નહી જેમ સસાર ચાલે તેમ માન્ય ધરી લેતી હતી ગરીબ બાળા શુ બોલે? સ્ત્રીની સહનશકતી અભૂત છે બાહ્ય વર્તનથી સહુને ગજી રાખતી

સાયકાળનો વખત છે વીશાળ બગલામા અનેક સુન્દર અને સુસજ્જીત સ્ત્રી પુરુષો ફરતા હતા બગલાના કમ્પાઉન્ડમા રેશમી મુરશીઓની હાર પડી હતી તેમ જ વાદીત્ર મગળ ગીત ગાતા હતા જયા ત્યા આનદ ઉત્સાહ અને હાસ્યવીનોદ ચાલી રહ્યા હતા વીહારીલાલ અગ્રેજી પોશાકમા સજ્જ થઇ આકર્ષક વાર્તાલાપથી સહુને રજીત

ફરતો હતો પરંતુ ધીમે રહી ભાઇ સ્ત્રીએ પુછયું " કાન્તા કયાં છે ? ધીમે ધીમે સવ પૂછવા લાગ્યાં ' કાન્તા બ્હેન કયાં છે ! , બહુ શરમાળ છે હમણાં નહીં આવે એવો પ્રત્યુતર મળ્યો આખરે કાન્તાની ખાસ જરૂર જણાઇ રમણુનાને " કાન્તા ! કાન્તા ! ફરી એક બે સાદ કર્યા પ્રત્યુતર ન મળવાથી ગૃહમાં જઇ તપાસ કરી કાન્તા કયાં છે ભાઇ બોલ્યું કે કેમ બાગમાં છે ને ?

હવે રમણુનાને ચીડાવ્યા " કેવી નાદાન છોકરી ! અરે આવી શરમાળ છોકરી ! કાન્તા ! કાન્તા ! બ્હેન ! ત્હારી સહુ વાટ જુએ છે ધીમે ધીમે બેચાર સ્ત્રી પુરુષ ભેગા મળ્યા સહુને તપાસ કરવા માંડી કાન્તા બાગમાં ન હતી ગૃહમાં પણ ન જણાતી હતી કાન્તાની ઓરડી પણ ખાલી હતી રમણુનાને ચમકારો ટેબલપર ફરજતા પણ સુંદર હસ્તાક્ષરમાં લખેલો ખુલ્લો પત્ર હતો તે બીચારી કાન્તાનોજ હતો

" શ્રીરંજન પીતાજી

આપની કાન્તાએ જળ સમાધી લીધી છે પુનર્લગ્નના નકારા કરતાં રજા ની કાન્તના મૃત્યુના તીમીરમાં ચાલવું મ્હને વધુ પ્રીયતર છે મ્હને માફ કરજો આપને કદાચ બહુ દુઃખ થશે પરંતુ સ્ત્રીને એકજ હૃદય હોય છે અને મ્હારૂં હૃદય પણ એમજ છે માતુશ્રીને પ્રણામ કહેશો

લી૦ સ્વર્ગવાસીની કાન્તા"

રમણુલાલ અને કાન્તાની માતાનું જીવન નીરસ થઇ રહ્યું આનંદ અને ઉત્સવ આંસુઓમાં સમાયો અને વાજીંત્રનું સંગીત હાય ! હાય ! શબ્દોમાં વીરમ્યું કોઇ કહે છે **સતીત્વનષ્ટ** થયું છે જયાં સુધી આર્યાવર્તમાં કાન્તા સરખી બાનાઓ છે ત્યાં સુધી **આર્યોનો** વીજય છે બ્હેન ત્હારા પવિત્ર આત્માને હું વંદન કરૂં છું

બંશીધર

ભોળા ભટનો ભડભડાટ !



અરે ભના ભગવાન ! આ ભટજીના ભેજામાં ભૂત ભરાયું છે જેમ પ્રભાકરના ગયા અંકમાં ભટજીએ ભડભડાટમાં ભરડી માર્યું તે વાંચીને પ્રભાકરના કોઇ ઉપાસકે ભટજીના પર લાંબો લચ કાગળ લખીને પુછાવ્યું છે કે તમારા ભેજામાં કઇ જાતનું ભૂત ભરાયું છે ?

ભાઇ પ્રભાકરના ઉપાસક ! તારા સવાલના જવાબમાં લખવાનું કે આ **ભટજીના** ભેજામાં ભરાયેલું ભૂત તે બીજું કોઇ નહીં પણ આપણી જ્ઞાતી સુધારણાનું છે ભટજી ત્યાં જયાં જાય છે અને જયારે જયારે જ્ઞાતિ સુધારણાના સવાલો ભટજીના સાંભળવામાં આવે છે કે એ ભૂત ભડભડાટ કરવા મંડી જાય છે અને કાંઇ ને કાંઇ ભરડી મારવા ભટજીને ભડકાવે છે

બાપુ ! આ જ્ઞાતિ સુધારણાના ભૂતે વળી એવો ભડભડાટ કરવા માંડયો છે, કે, હું તો હવે આખા ભારત વર્ષના ઔદિચ્ય જ્ઞાતિના એક લાખને પચીશ હજાર ભટજીના ભેજામાં ભરાવાની તૈયારી કરૂં છું, અને ઘેરઘર ભડભડાટ કરાવી સુધારા ભટજીએ

ચેલ્ઓને ચટ જવાબ દીધો કે ભને ભાઈ મે બધાના ભેજામા ભરા અને સાથે સાથે એમના ઘરની ભટાણીઓના ભેજામા પણ જ્ઞાતિ સુધારણાની ડાગળા, સાકરો ને ચૂરે લાને દાખલ કરી દે, કે તરી જો મનહ!! એટલુજ નહી પણ આખ્ય નાતિ સિવાયના ભારત વરના અન્ય નાતિના ભટજીઓ અને ભટાણીઓના ભેજામા પણ ભરાયો, અને નેરનર હાલ સુધારણા! હાય ઉ નતિનો ભડકો ટ રાખી મુકો ત્યારે ભટજી શાત થશે અને જપીને બેસશે



આ પ્રભાકર ભગવાન પ્રગટ થયા તેના દર્શન કરીને, ભટજીએ નાહી ધોઇને સેવા પુજા કરીને અર્ધ્યપ્રદાન આપી માગ્યુ કે મહારાજ! આ વર મેવાજી ભાઈએ અને મુબાપુરીએ મહર કરેલી છે તો તમે કાઇ કોપ કરીને તમારા પ્રખર કીરણોની જવાળા નસરાવતા નહી નહી તો એક વખત પેલા કોઇ ગામના જ્ઞાતિભાઇઓએ જેમ અગ્નિની જવાળામા મુકી (ચાડીઓ કરીને) તમારી કમાણી ટ્રેલી તેમ વળી કોઇ અસતુષ્ટ થઇને તમારા તરફ ટોપને ટોપના ધુળ નાખશે અને તમને અધાર પીછોડો ઓઢાડશે!




અરે! આ ભટજીના ભજનના ભુને તો ગજબ કરવા માડયુ છે! પ્રભાકર ભગવાનના દર્શન થયાં! ને ભુતે પણ બ ભડાગ કરી મુક્યો વળી કાઇ એવુ અપવુ કહ્યુ કે પ્રભાકર ભગવાનના પવિત્ર કીરણોએ પાનવાડીઆ પરિષદ્ આ જ્ઞાતિ ભાઇઓને જાગૃત કર્યા છે! અરે! ચાર ચાર વરસની ઉંઘમાથી ઉઠાડયા છે! પણ તે જાગૃત થયા તે કેવા? અરધા! કહુ છે કે પરિષદિઆ ભાઇઓ, ડીસેમ્બર માસમા નાતાલની રજામા, પરિષદ મેળવવાનો ચુપચુ વિચાર કરે છે ભલે ભાઇઓ! કરો! કરો! કરો! કાઇ નવુ જુનુ કરો!! આ ભટજીને પેલા બલિવરીઆ જ્ઞાતિ બધુ નરભેરામ મગનીરામના 'પરદેશી પોપટડોરે નાશ્યો' ના ગીતના મધુર નાદના ભણકારા વાગે છે, અને તે કાઇ ડીસેમ્બરમા નવુ જુનુ થઈ નવ ન કરે નારાયણ! ને પાલવાડીઆ જ્ઞાતિબધુઓ જો સમજી જાય તો ભટજીના આનદની અવધી થશે અને ભટજી પણ કાઇ નવુ કર્તુ ભરડી મારશે



પેલા! પાનવાડીઆ જ્ઞાતિ બધુઓની પરિષદ તો જાણે લાબી સોડ તાણીને સુતી તેની સાથે આખા ભારત વર્ષનુ આર્ય બ્રહ્મસમાજ પણ સુતુ હોય એમ જણાય છે બાપા! આફ્રિકાના કટલાક દેશમા લોકોને ઉંઘણીઆ રોગ લાગુ પડે છે તે દીવસના દિવસ સુધી ઉંઘ્યાજ કરે છે તેમ આપણા બધા મડળોને જાણે એ રોગ લાગુ પડયો હોય! એમ જણાય છે ભાઇઓ! ઓ!! એક લાખને પચીશ હજાર જ્ઞાતિબધુઓ!!! આ ભટજીનુ કહ્યુ માનો ને બધા ભટજીઓને ભટાણીઓ ભેગા થઇ, નવા જ્ઞાતિના ધડા ઘડો પેલા! મહાત્મા શ્રીના મઠમા ને કોઇ પાપનુ પ્રાયશ્ચિત અને મનાવો દાદાજીને કે બાપા! તમારા નામે નૌકા તરે તો શુ આ બુલકા બુતકીઓનુ કલ્યાણ કરતા નથી જો જો! એકવાર મહાત્મા શ્રી પ્રસન્ન થયા કે ઘરેઘેરના અવિદ્યાને અધકાર દુર થશે, ને ઝોળીને ઝોળીઆમા ખલભલાટ થશે અને દળદર બળદર કોણ જાણે કયા જઇને ભરાઇ બેસશે

જ્ઞાતિ-વર્તમાન



"પહેલા ગુજરાતી ઔદિચ્ય ઇન્કોરપોરેટેડ એકાઉન્ટન્ટ"

બુધવાર તા૦ ૧૭ ૯-૧૬ના દિવસે અત્રે આવી પહોંચેલી પી એન્ડ ઓ કંપનીની સ્ટીમર 'સાલસેટ' મા બીજા ઉતારૂઓ ભેગા સુરતના વતની મી૦ કૈલાશનાથ જગન્નાથ પુરોહીત પણ આવી પહોંચ્યા છે તેમણે અત્રેના જાણીતા અને બાહોશ ઇનકોરપોરેટેડ એકાઉન્ટન્ટ્સ, મેસર્સ બાટલીબોઇ અને બાટલીબોઇની પેઢીમા, આર્ટીકલ્ડ પ્યુપીલ તરીકે લાંબો વખત સુધી અનુભવ મેળવીને લંડન જઇને એક વર્ષ સુધી ત્યા ઉંચી તાલીમ લઇને ઇનકોરપોરેટેડ એકાઉન્ટન્ટ્સ અને ઓડીટર્સની પરીક્ષા, ફતેહમંદ રીતે પસાર કરી છે ગુજરાતી ઔદિચ્ય બ્રાહ્મણોમા આ પદવી મેળવવાનુ પહેલુ માન મી૦ પુરોહિતનેજ મળ્યુ છે અને સુરતની ઔદિચ્ય જ્ઞાતિમા વિલાયત જવાનુ પહેલુ સાહસ કરનાર પણ એઓજ છે અમને ખાત્રિ છે કે સુરતના ઔદિચ્ય જ્ઞાતિ બંધુઓ એમના પ્રતે પરદેશ ગમનની બાબતમા ઉદારતા બતાવી બીજાઓને ઉત્તેજન આપવામા પછાત પડશે નહિ

મી૦ કૈલાશનાથ સુરતના જાણીતા અને લોકપ્રીય શહેરી સ્વ૦ રા. રા. જગન્નાથ ઇચ્છારામ પુરોહીતના જયેષ્ઠ પુત્ર છે એમના પિતાએ જામનગરમા લાંબા વખત સુધી ચીફ જજ તરિકેનો ઓધ્ધો ભોગવ્યો હતો અને ત્યાંથી રીટાયર્ડ થયા બાદ તેઓ સુરતમા ફર્સ્ટ ક્લાસ ઓનરરી મેજીસ્ટ્રેટ હતા જેમની કાર્કીર્દીથી સુરતની પ્રજા અજાણ નથી

અમને આશા છે કે મી૦ પુરોહીત પોતાનો ધંધો ટુંક સમયમા ચાલુ કરી એક હુશિયાર અને અનુભવી એકાઉન્ટન્ટ અને ઓડીટરની ખોટ પુરી પાડશે, અને વેપારી વર્ગ હિસાબી કામમા એમની જોઇતી સલાહ લઇ ઉત્તેજન આપવામા પાછળ પડશે નહિ મી૦ પુરોહિતને, એમણે ઉઠાવેલા સાહસ માટે અમો સંપૂર્ણ ફતેહ ઇચ્છીએ છીએ

શ્રી સુરત અઠ્ઠાવીશી ઔદિચ્ય બંધુસમાજ મુંબઇ

આ સમાજની એક સભા રા૦ રણછોડજી રામશંકર ભટને ત્યા ગીરગામ બેંકરોડ પર મળી હતી પ્રમુખસ્થાન રા૦ મણીશંકર મંછારામ ભટને આપવામા આવ્યુ હતુ સુરત નિવાસી રા૦ માણેકલાલ સુરજરામ વ્યાસે 'સમાજથી થતા ફાયદા' એ વિષયપર પોતાનો લેખ લખ્યો હતો તે વાંચી સંભળાવ્યો અને સભાસદોને ઘણો આનંદ આપ્યો હતો ભાષણકર્તાએ ઘણા દાખલા દલીલો સાથ પોતાનો લેખ લખ્યો હતો અને શ્રોતાઓના મનપર ઘણી સારી અસર કરી હતી બાદ હાલ વિલાયતથી પાછા ફરેલા જ્ઞાતિબંધુ રા૦ કૈલાશનાથ જગન્નાથ પુરોહીતે પોતાના વિલાયતના પ્રવાસને લગતુ વિવેચન કર્યું હતુ અને છેવટે સમાજમા સર્વાનુમતે નીચે મુજબનો એક ઠરાવ પસાર થયો હતો

દ્વારકા પીઠના શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય માધવતિર્થ સ્વામી પંચત્વને પામ્યા છે, તે માટે આ સમાજ દીલગીરી પ્રગટ કરે છે અને એ ઠરાવની વીગત મુંબઇના સ્થાનીક વર્તમાનપત્રોમા પ્રગટ કરાવવા સેક્રેટરીને સત્તા આપવામા આવે છે

બાદ પ્રમુખનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી —

ચર્ચાપત્ર ।



પાનવાળા આદિત્ય પરિષદ જે લગભગ ચાર વર્ષથી બંધ રહ્યું છે, અને જેના કાર્યવાહક મંડળે સુરત તથા મ્હી મુકામે બે ત્રણ વખત એકત્ર થઇ પરિષદ મેળવવાનો વિચાર કર્યો હતો પણ છેવટનો કાંઇ નિર્ણય આવી શકયો નથી એ દીલગીર થવા જેવું છે પાલવાડાના જ્ઞાતિ બંધુઓમાં ચાલતી તકરારને લઇને, જો એ પરિષદ મેળવવાનું બંધ રહ્યું હોય તો ચાર વર્ષના અંતર પછી એમ જણાય છે કે ચાલતી તકરાર એ વટની છે વતાળની નથી જ્ઞાતિના સરદારો જેઓ પોતાના કુટુંબની કીર્તીને વળગીને એક વટની ખાતર આખી જ્ઞાતિની સુધારણાના કાર્યોને બંધ પાડે એ શોભા ભરેલું નથી

આશા છે કે પરિષદના કાર્યવાહકો હવે છેવટના નિર્ણયપર આવી ડીસેમ્બર માસમાં પરિષદ મેળવવાનો ચોકસ ઠરાવ કરશે

લી૦ એક પાલવાડીઓ ઔદિચ્ય

*** પરિષદે પૂર્વના પ્રગતિ કરનાર મંડળ તરીકે એકત્ર થવાનો સમય હવે આવી લાગ્યો છે પરિષદ મેળવવા સંબંધી વાદા વાદ કરવા માટે પત્રાકર ખુલ્લું મુકવામાં આવે છે પરિષદ સંસ્થા હજુ કાયમજ છે એટલે ડીસેમ્બર માસમાં યોગ્ય સ્થાને પરિષદ મેળવવામાં હરકત નથી પરિષદ મંડળના સભ્યો પરિષદના મંત્રી અથવા પ્રભાકરના તંત્રી સાથે પત્ર વ્યવહાર કરશે તો તેથી પણ ફતેહકારક કાર્ય થઇ શકશે

તંત્રી

સ્વર્ગસ્થ થયા—દ્વારકા મઠના શ્રીમદ જગદ્ ગુરૂ શંકરાચાર્ય માધવતીર્થ સ્વામી ડાકોરમાં પંચત્વને પામ્યા છે એ જણાવતાં અમોને અત્યંત દીલગીરી થાય છે સ્વર્ગસ્થ મહાત્માએ આપણા શ્રીમદ્ જગદ્ગુરૂ આદ્ય શંકરાચાર્યને પગલે ચાલી તેમના જેવુંજ તેજ પ્રકાશ્યું હતું આ ઉપરાંત સ્વર્ગસ્થે આધુનિક યુગને પણ માન આપી, પરદેશગમનના પ્રશ્નો વિષે લોકોને ઉત્તમ નિર્ણય આપ્યો હતો એમના સ્વર્ગવાસથી આખા દેશમાં એક મહાન વિદ્વાન આચાર્યની ખોટ પડી છે પરમાત્મા એમના આત્માને ચિર શાંતિ આપો એવી અમારી નમ્ર પ્રાર્થના છે

સ્વર્ગવાસ—વાસ। નિવાસી જ્ઞાતિબંધુ મણીશંકર ગજાનંદ મેહાએક શનિવાર તા –૩૦–૯–૧૬ ના દિવસે સન્નિપાતની બીમારીથી ૨૭ વર્ષની યુવાન વયે સ્વર્ગવાસી થયા છે જે માટે હમો દીલગીર છીએ મરનાર પોતાની પાછળ એક વિધવા બે નાના પુત્રો અને એક પુત્રી મુકી ગયા છે પરમાત્મા એમના આત્માને શાંતિ આપો એવી અમારી યાચના છે



કેડે છોકરૂ ને ગામે શોધ્યુ !!

ચાતુ તાવની બીમારીથી બેજાર બન્યો, ડાક્ટરોના બીલ ચુકવતા માથાની તાલકી ઘસાઇ ગઇ તોપી જેવોને તેવોજ નહીં દીવસે સુખ કે રાતે ઉંઘ અને ટાઢ તો જુની કાની વળગીતે નીકળે નહીં એક દીવસ ગીછાને પડ્યો પડ્યો વીચાર કરૂછુ કે યા ખુદા શુ આજની સુધારાની દુનીયામાં આની બીમારીના કાંઇ ઉપાયજ નથી, તબીબી વીદ્યા એક નિષ્ફળતાજ છે! એવામા નીંદ દેવી સેવક ઉપર પ્રસન્ન થઇ અને સેવક સ્વપનાના મુલકમાં સહેલ કરવા લાગ્યો, મે મને ઉંઘમા જગલે જગલ ભમ્યો જેયો જ્યાંથી જાઉં ત્યા ઘાસ એકજ દેખાવ નજરે પડે તે શુ હશે? તે ઝાડોને મથાળે મળેલો એક સોનેરી દસ્તે લખાયલો તખતો હતો કે જેની ઉપર લખેલા શબ્દો મારા વાચવામા આવ્યા કે 'કેડે છોકરૂ અને ગામે શોધ્યુ!' આ સ્વપનાનો મીનીંગ શુ? ડાકટરને પુછ્યુ તો કહે જે એ બીમારીનો ઉપાય નજરની સામે છે ને કાંઇ દવા દારૂના પછાડા મારે છે! દવા બંધ કર અને ગમે તે મુગો મુગો ખાઇ પીને ફરી હરીને મજાહ કર, પણ ખાઉ શુ? એનુ હપાગ? રૂચી હોય તો ખવાય કે! અને પગમાં જોર હોય તો ફરાય કે? એક દહાડે ઘરમાની શીશીઓ જોતા મારી નજરે બાટલીવાળા એગ્યુ મીક્ષ્ચર પડ્યુ, હા એ જો પીઉ તો કદાચ ફાયદો થાય એવુ વીચારી તરતજ એક ભાગ લીધો કે થોડી વારમા ફાયદો થયો એમ-લાગ્યુ એમ ઉપરાસાપરી ભાગો પી એક બાટલી ખાલી કીધી અને પછી જે પેના ખુવાબની તાસીર સમજ્યો માટે ભાઇઓ! આરે દાખલેર વાચી દુખના વખતમા બાટલીવાળા એગ્યુમીક્ષ્ચર હવા એગ્યુ પીલ્સને ભુલતા ના નહીં તો અનેથી કાળી કુટીને તેમને યા તો કરવુ પડશે કોનેરાનો સવથી સસ્સ અને ફકત એકનો ઇનાજ બાટલીવાળાની કુ૦ લોકેરલ છે જે ઉપલી ત્રણે સોનાના મુલની દવા દરેક ઠેકાણે રૂા ૧ માં મળશે

એના બનાવનાર—

ડાક્ટર હો લી બાટલીવાલા,

વરલી, દાદર—મુબઇ

દગાખોર નકલીઓ

ગામ રજવાડામાં વખણાતી બાદશાહી યાકુતિ 'અનગ વિનાસ' ને ભળતેજ નામે બીજી નકલ નીકળેલ છે માટે એવા નકલી આની દગા ભરેલી જાહેર ખબરથી સાવચેત રહેજો અમારી બનાવેલ યાકુતી માત્ર રાજકોટમા અમારા આ દવાખાનામાંજ મળે છે

બાદશાહી યાકુતી અનગ વિલાસ

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતને મયમ ગણે છે સસાર સુખ ભોગવવા માટે દેશી અને યુનાની દવામા ઉચામા ઉચી દવા જોઇએ તો આ બાદશાહી યાકુતી અનગ વિલાસ છે આ રાજવરી યાકુતી વીર્ય વીકારના તમામ વાધી મટાડે છે અને વીર્ય ઘટ બનાવી ખરૂ પુરૂષાતન આપે છે ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે આ દવા વાપરવામા કોઇ પણ જાતની પરેજીની જરૂર નથી ૪૦ ગોળીની ડબી એકના રૂા દશ

બાદશાહી યુનાની લેપ

અમીર ઉમરાવોમા વખણાતી ઉમદા દવાઓમાથી આ લેપ બનાવેલ છે અને તે ગુપ્ત ભાગની નસોને પુરતી તાકાત આપે છે નબળી પડી ગયેલ નસોને પુરતુ જોર આપી ખરૂ પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમદ ઇલાજ છે આઉંસ એકની ડબીના રૂા ૮ તમામ દવાઓનુ પોસ્ટ ખર્ચ જુદુ

ડાક્ટર કાળીદાસ મોતીરામ

રાજકોટ—કાઠીયાવાડ

ધી પાયોનીઅર આલકલી વર્કસ

ચરનિરોડ ગીરગામ—મુબઇ

મોગ જથામા વોશીંગ સોડા પાઇમીન, સોફ્ટ સાબુ, એરપ્લાસ્ટર (સફેદ ગમ પ્લાસ્ટ) કેમીની વિગેરે વિલાયતિ માલની બરાબરીનો બનાવનાર તથા વેચનાર-ભાવ મધ્યમ

સાયન્સ અને ઉદ્યોગ માસીક દર મહીને પ્રગટ થાય છે અને તેમા વિજ્ઞાન, ઉદ્યોગી તેમજ વ્યાપાર સબંધના વિષયો ચર્ચવામા આવે છે લવાજમ પોસ્ટેજ સહીત વાર્ષિક રૂ ૨॥

અધિપતિ—છો ઓન પોતદાર, બી એ કેમીકલ એંજીનીઅર (ટોકીઓ—જાપાન)

ચરનીરોડ, ગીરગામ—મુબઇ

Register No B 924

આ આદિત્ય પત્ર માલીક મણીશંકર ... રાસે ... ગીરગામ મુબઇમા પ્રસિદ્ધ કર્યુ છે અને ધી ફોર્ટ પ્રી ટીંગ પ્રેસમા ... ન૦ ૧ પારસી બજાર સ્ટ્રીટ ફોર્ટ, મુબઇ મધે છાપ્યુ છે

Register No B 92

ઔદિચ્ય પ્રભાકર.

પુસ્તક ૬ ઠું] ૧૫ મી નવેમ્બર ૧૯૧૬ [અંક ૩ જો

વિષયાનુક્રમણિકા

ગ્રાહકો તથા લેખકોને સુચના

(૧) પ્રભાકર હવે મુંબઇ ખાતેથી પ્રગટ કરવામાં આવશે માટે સર્વ પત્ર વ્યવહાર તંત્રી ઑફિસ પ્રભાકર–કલ્યાણ બીલ્ડીંગ નંબર ૨ કાંદાવાડી ગીરગામ–મુંબઈ એ શીરનામે કરવો

(૨) લેખકોએ પોતાના લેખો સ્પષ્ટ અક્ષરે કાગળની એક જ બાજુએ લખી તંત્રીને તા ૧ લીની અંદર મળે તેવી રીતે મોકલવા લેખો પ્રગટ કરવા યા નહી તે તંત્રીની મુનસફીપર રહેશે પ્રગટ ન થએલા લેખો પાછા મોકલવા તંત્રી બંધાયેલ નથી તેમજ લેખોમાં યોગ્ય સુધારો વધારો કરવાની તંત્રીને સત્તા છે

(૩) સમસ્ત ઔદિચ્ય જ્ઞાતિના સર્વ સમુદાય તરફની જાણવા યોગ્ય જ્ઞાતિ વર્તમાન મળશે તે પ્રગટ કરવામાં આવશે કોઈપણ જ્ઞાતિ બંધુને સંસારીક ધાર્મીક આર્થીક અને ઔદ્યોગીક વિષયો ઉપર લેખો લખવા અમો સવિનય આમંત્રણ કરીએ છીએ રાજકીય વિષયો ચરચવા એ આ માસીકનો ઉદ્દેશ નથી

(૪) પ્રભાકર દરેક માસની તા ૧૫ મીએ પ્રગટ થશે તો કોઇ ગ્રાહકને તા૦ ૨૦ ની અંદર તે ન મળે તો તંત્રીને ખબર આપવાથી યોગ્ય બંદોબસ્ત કરવામાં આવશે લવાજમ અગાઉથી લેવાનો રીવાજ હોવાથી સર્વ ગ્રાહક બંધુઓને વીનતી કે તેમણે લવાજમનો પોસ્ટેજ સાથેનો રૂ ૧) મોકલી આપવા કૃપા કરવી અને જેમને ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય, તેમણે અમોને ચેતાવવા કૃપા કરવી આપણી જ્ઞાતિના સમુહમાંથી જે કોઇ ગૃહસ્થ ૧૦ દશ ગ્રાહક મેળવી તેમનુ લવાજમ અમોને મોકલી આપશે તેને આ માસીક મફત મોકલવામા આવશે

તંત્રી

॥ कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन ॥

ઔદિચ્ય પ્રભાકર.

પુસ્તક ૬ ઠ્ઠું] કાર્તિક ૧૯૭૩ [અંક ૩ જો

"સ્નેહ મૂર્તિ ને સ્નેહાંજલી"

(ગજલ--વાલી)

મુબારક આપને પ્યારા નવિન આ વર્ષ છે નમણું
મુબારક આપને વ્હાલા નવિન આ વર્ષ છે રમણું
હરખ સંસારમાં સઘળે, વિરાજો આપને હઇએ,
અમર કીર્તિ રહો શાણા સુદૃઢ આપની સહીએ
કરવા દેશ સેવાના, સુકૃત્યો પ્રેમથી ચાહો,
નિયંતા પાસ વિનતિ, સદા શાન્તિ મહીં રાખો
વહ્યું ગત વર્ષ આનંદે વહો આ વર્ષ સાનંદે
નવું રક્ષા કરો ભારી, સુયશ ગાઓ જગત સારી
પ્રસારે છે પરાગો જ્યાં ગુલાબો મોગરેથી ત્યાં,
પ્રસારો ત્યાં જગનાથ, રસહરતો ભારતીઓ જ્યાં
રહો સુખશાન્તિમાં શાણા, આમ સૌ સ્નેહી મંડળમાં
વિજય પામો આ સૃષ્ટિમાં, નમુંય મૂર્તિ તમારી ત્યાં
વાતો રેલ આનંદની વાતો સ્નેહની હતી,
નિયંતા મિત્ર મંડળના હૃદય ઉત્સાહમાં રેલી.
મુબારક હો બિરાજો હો મુબારક આપને હોજો
હમારી સ્નેહ મૂર્તિને, મુબારક વર્ષ નવું હોજો

'ઉમેદ' કોઠાર

જ્ઞાતિ ઉન્નતિના માર્ગ



વસંતતિલકા

જે સ્નેહથી સતત સંતતિ કેળવાય
શાળા અને હૃદય ચતુર [illegible]
સંસારની પ્રગતિ સાથ જે જવાય
જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય—૧

આચાર શુદ્ધિ કદી અંતથી જો ધરાય
હેતે હમેશ વ્યર્થ કર્મ વળી કરાય,
જો દેહને બહિર અંતર ઉજ્વળાય,
જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય—૨

ધા તણો વિઘ્ન જો હિં બંધ થાય
શાસ્ત્રોક્ત રીતથી વળી દુહિતા અપાય,
શિક્ષાને સ્વરૂચિ રીતી અરૂચિ થાય,
જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય—૩

મોટા વળી ભભકલાવી વરા ન થાય
ફાકંજ મોટાઈ તણા સમના મરાય
નાણા તણો દુરૂપયોગ કમી કરાય
જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય—૪

આધાર વિણુ શિશુ દાઝ દીને ધરાય
તેવા વળી જમણ માટ જગા સ્થપાય
વિદ્યાર્થીને મદદ માટજ ફંડ થાય
જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય—૫

હોરોથી બાળ લગનો [illegible] બંધ થાય,
કોડે વળી ત્યમ કન્યાકુજ ના કરાય,
ઉંમરે પરિણયે સ્મૃતિ યાદ થાય
જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય—૬

જે સાંકડા દિલ મગીજ ઉદાર થાય
સાનુ ભલું કરવું એવી વૃત્તિ થાય
મોટાઈ [illegible] વળી દ્વેષ દૂર થાય
જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય—૭

દેશાંતરે ગમન સાહસથી કરાય
ઉદ્યમે વિપુલ લક્ષ્મીજ મેળવાય
મારી વળી વિનતિ પ્રીતથી જો સુણાય
જ્ઞાતિ તણી જરૂર ઉન્નતિ તો સધાય—૮

પ્રભાશંકર [illegible] પાઠક

અધિપતિની નોંધ



આ નવિન વર્ષના આરંભમાં પ્રભાકરનો તૃતિય અંક પ્રગટ થાય છે દિવસ પછી રાત્રી અને રાત્રી પછી દિવસ એ ક્રમાનુસાર વર્ષો વ્યતિત થાય છે ગત વર્ષે પ્રભાકરને પુનર્જીવન સિંચન કર્યું હતું અને આ નવિન વર્ષમાં નવિનતા ધારણ કરી પ્રભાકરની પ્રભુતા વિસ્તરો એવી જગન્નિયંતા પ્રત્યે પ્રાર્થના છે જ્ઞાતિ સેવા કરવા પ્રત્યેક વ્યક્તિના હૃદયમાં ઇશ્વર પ્રેરણા કરો-નવિન વર્ષે દરેક બંધુઓના હૃદયમાં "મારે મારી જ્ઞાતિના શ્રેયને માટે કાંઇક કરવું એ મુદ્રાંક દ્રષ્ટિભૂત થાઓ પ્રત્યેક વ્યક્તિનો પ્રયત્ન મહાન પરિણામો નિપજાવે છે શ્રી કૃષ્ણની આજ્ઞાનુસાર 'मा फलेषु कदचन' એ વૃત્તિથી નિષ્કામ જ્ઞાતિ સેવા કરવા તત્પર થાઓ પ્રભાકર દ્વારા નવિન વર્ષમાં કાંઇક જ્ઞાતિ સેવાના પ્રયત્નો થાય અને તેમાં બંધુઓની સેવારૂપ કૃપાની સહાનુભૂતિ મળશે, તો તેનું પુનર્જીવન થયનું કૃત કૃત્ય ગણાશે ગત વર્ષમાં પ્રભાકરને પુનર્જીવન આપવામાં જે બંધુઓ તરફથી કાયિક, વાચીક, માનસીક અને આર્થિક જે કાંઇ મદદ મળી છે, તેમજ જે જે લેખકોએ પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી, લેખોરૂપિ મદદ કરી છે, તે સર્વનો ઉપકાર તંત્રી આ સ્થાને માને છે છેવટમાં પ્રભાકરના સર્વ ગ્રાહકોને તેમજ જ્ઞાતિના સર્વ બંધુઓ, ભગીનિઓને આ નવિન વર્ષ આનંદભર્યું, સર્વ સુખશાંતિભર્યું અને સંપૂર્ણ શ્રેય સાધવાનાજ નિવડો આ નવિન વર્ષમાં આપણા શ્રીમાન કૃપાળુ સમ્રાટ્ પંચમ જ્યોર્જને સર્વત્ર વિજય પ્રાપ્ત થાય અને મિત્ર રાજ્યોને આ ભયંકર યુદ્ધમાં વિજયદેવી વિજય માળ આરોપો એવી પ્રભુ પ્રત્યે યાચના છે-એટલુંજ નહિ પણ અમો સમગ્ર ઔદિચ્ય બંધુઓનું, અરે અખિલ ભારત વર્ષનું અને સકળ જગતનું શ્રેય ઇચ્છીએ છીએ-સર્વ બંધુઓના તેમના ઇચ્છીત મનોરથો પરિપૂર્ણ થઓ. इतिशिवम् !!

સુખ માટે શુભ ગુણોની પ્રાપ્તિ કરવી જોઇએ



(પુજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુરામ શર્મા તરફથી)

પરમાત્મા સર્વ શુભ ગુણોના અવધિરૂપ છે મનુષ્ય પોતાના ઉત્સાહવાળા પ્રયત્નથી તે શુભ ગુણોમાંના જેટલા શુભ ગુણોનો જેટલે અંશે પોતાના અંતઃકરણમાં આવિર્ભાવ કરવા તથા સ્થિર કરવા સમર્થ થાય છે, તેટલે અંશે તે મનુષ્ય પરમાત્માની સમીપ ગયેલો ગણાય છે જો કોઇ પણ મનુષ્ય પોતાની યોગ્યતા વડે અધિકારાદિથી રાજાનું સમીપપણું જેટલે અંશે પ્રાપ્ત કરે છે તેટલે અંશે તે ધનાદિના લાભ વડે સુખી થાય છે એ પ્રસિદ્ધ વાત છે, તો પછી જે મનુષ્ય પોતાના અંતઃકરણની યોગ્યતા વડે જેટલે અંશે પરમાત્માનું સમીપપણું પ્રાપ્ત કરે તેટલે અંશે તે ધર્મ જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય શ્રી ને યશના લાભવડે સુખી થાય એમાં શું આશ્ચર્ય છે? મુમુક્ષુ પુરુષો મોક્ષની

પ્રાપ્તિ માટે ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યની અનિવાર્ય અગત્ય છે અને પોતાનો વ્યવહાર સુખપૂર્વક નિર્વિઘ્નપણે ચલાવવા માટે ઐશ્વર્ય ને શ્રીની (લક્ષ્મીની) પણ તેને અપેક્ષા છે યશ પણ તેની દૃષ્ટિએ અનાદર કરવા યોગ્ય ગણાતો નથી પણ વ્યવહારપક્ષે તે પણ આદર આપવા યોગ્ય ગણાય છે પામર ને વિષયી લોકો ધર્મ જ્ઞાન ને વૈરાગ્યમા ભલે આસક્ત અંતઃકરણવાળા ન હોય પણ ઐશ્વર્ય શ્રી ને યશની પ્રાપ્તિ કરવા તેઓ બહુ આદરયુક્ત અંતઃકરણવાળા હોય છે વસ્તુસ્થિતિ આવી હોવાથી પામર, વિષયી ને મુમુક્ષુ એ સર્વે પુરુષોએ પોતપોતાના અંતઃકરણમા શુભ ગુણોની પ્રાપ્તિ કરવા પોતપોતાના સામર્થ્ય પ્રમાણે ઘણામા ઘણો પ્રયત્ન નિરંતર કરવો જોઈએ અને એમ કરી તેમણે ઘણામા ઘણા પરમાત્માની સમીપમા જવુ જોઈએ

પરમાત્માની સમીપમા જવાથી તે સમીપતાના પ્રમાણમા વ્યવહાર પરમાર્થની મનુષ્યની પ્રતિકૂળતાઓ ન્યૂન થતા જાય ને તે બન્નેની અનુકૂળતાઓ વૃદ્ધિ પામતી જાય એ વાત પરમાત્મા સર્વ પ્રકારની પ્રતિકૂળતાઓથી રહિત ને સર્વ પ્રકારની અનુકૂળતાઓથી ભરેલા હોવાથી સ્વાભાવિક જ છે પ્રતિકૂળતાઓ ઉપજાવવાવાળી મનુષ્યને દુઃખનો અનુભવ કરાવનારી છે ને અનુકૂળતાઓ ઉપજાવવાવાળી મનુષ્યને સુખનો અનુભવ કરાવનારી છે એ વાત સર્વ વિવેકીઓને જ્ઞાત જ છે મનુષ્યને દુઃખ ગમતુ નથી, ને સુખ વહાલુ લાગે છે એ વિનાકહે જ સર્વથી સમજી શકાય એવો વિષય છે આપુરુષોને રાજાને ભૂપતિ નને ને બાળવૃદ્ધને તથા વર્ણહીનને ને ચાર વર્ણવાળાઓને આશ્રમહીનને તથા ચાર આશ્રમવાળાઓને સુખ જોઈએ છીએ દુઃખનો લેશ પણ સંયોગ થાય તે તેમને કોઈને ઇષ્ટ નથી જે તેમને દુઃખરહિત થવુ હોય તો તેમણે વિવેકથી ને આ રીતે દુઃખરહિતને પરમાનંદરૂપ પરમાત્માની સમીપમા જવા શુભગુણોને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ ને અત્યંજ શૂદ્ર વૈશ્ય ને ક્ષત્રિયને પણ દુઃખરહિત સુખની પ્રાપ્તિ માટે શુભગુણોની પ્રાપ્તિ કરવાની આવશ્યકતા છે તો પછી વર્ણોના ગુરુ ગણાતા બ્રાહ્મણો જેઓ યુધિષ્ઠિરના દેવો ગણાય છે તેમને શાસ્ત્રમા કહેના નરશિરોમણિ કરી દેના શુભગુણોની પ્રાપ્તિ કરી એ અગત્યની વાત હોય એમા શુ આશ્ચર્ય ! જો સર્વ બ્રાહ્મણોએ શુભગુણોની પ્રાપ્તિ પોતાના પરમાર્થની તથા વ્યવહારની સિદ્ધિ માટે અવશ્ય કરવી જોઈએ એમ વિવેકની દૃષ્ટિએ આવશ્યક ગણાય છે તો પછી ઉત્તમ બ્રાહ્મણોએ પણ અગત્યના શુભ ગુણો પોતાના વ્યવહારના સુખ માટે પરલોકના હિત માટે તથા જ્ઞાન પ્રાપ્તિ માટે અવશ્ય પ્રાપ્ત કરવા જોઈએ એ સ્પષ્ટ જ છે

દરિદ્ર અનેક પ્રકારના દોષોને ઉત્પન્ન કરવામા હેતુભૂત મનાય છે ભૂખ્યો મનુષ્ય શુ પાપ ન કરે ? એમ લોકોમા કહેવાય છે જો જે ઉત્તમવિપ્રો ધનહીન હોવાથી દુઃખી હોય પોતાની ને પોતાના કુટુંબની આજીવિકા માટ માડ ચલાવી શકતા હોય ને પોતાનાં પુત્રપુત્રીને વિદ્યાનુ શિક્ષણ ન અપાવી શકતા હોય, એ સર્વ ઉત્તમવિપ્રોએ પરમ કૃપાળુ પરમેશ્વરના અસ્તિત્વનો અડગ નિશ્ચય રાખી પોતાના મનમા શ્રદ્ધા ને ઉત્સાહ વધારી નિત્ય સંધ્યાવંદન ને જપ પરમાદરથી કરવા જોઈએ મનને એ મોન રુચતા હોય તોપણ તેને બની શકે તેટલુ સમજાવી તે કર્મોમા જોડવુ જોઈએ આમ

કામનાવાળા ઓછામાં દરેક કુટુંબોમા વાપરવુ જોઈએ

કેટલોક સમય તે ક્રમો ચાલુ રાખવાથી પછી મનને તે ક્રમો રુચવા માંડશે જેથી ચાલુ રહેવાથી મનની યોગ્યતામાં વધારો થતો જશે, ને મનમાં વિચારોના ગુણદોષો મનને સમજાવા લાગશે શાસ્ત્રો ને સજ્જનો જેમને શુભગુણો કહે છે તે મેળવવા તેણે યથાશક્તિ પ્રયત્ન કર્યા કરવો જોઇએ, ને શાસ્ત્રો ને સજ્જનો જેમને દોષો કહે છે તેમનો પરિત્યાગ કરવા પણ તેણે યથાશક્તિ પ્રયત્ન કર્યા કરવો જોઇએ આવો પ્રયત્ન ચાલુ રહેવાથી તે શુભગુણોનો પોતાના મનમાં વધારો કરી શકશે ને પોતાના મનમાં રહેલા દોષોના પરિત્યાગ પણ કરી શકશે આમ પોતાના મનનો સુધારો કરવાથી મનુષ્ય પરમાત્માની સમીપ જતો જશે, ને તેનું દારિદ્રાદિ જે દુઃખ હશે તે દૂર થવા માંડશે આવો પ્રયત્ન સતત ચાલુ રહેવા માટે ઉત્સાહની અગત્ય છે તે ઉત્સાહ શ્રદ્ધાવડે ટકી શકે છે, ને તે શ્રદ્ધા સજ્જનોના સંગવડે ઉપજે છે, તથા વૃદ્ધિ પામે છે, માટે પ્રત્યેક દુઃખી ઉચ્ચાભિલાષી પોતાના દુઃખની નિવૃત્તિ માટે જેમાં પ્રીતિ પ્રકટે તેવા કોઇ સજ્જનનો સમાગમ આદરપૂર્વક રાખવો જોઇએ દુરાચરણ, હદઉપરાતની દ્રવ્યની લઘુતા, ને દુર્વ્યસનને વશ થયેલા ઉચ્ચાભિલાષી સજ્જનોનો સમાગમ કરવા તત્પર થતા નથી, ને તેથી તેમને દુઃખનિવૃત્તિના ઉપાયો પ્રાપ્ત થતા નથી અને શ્રદ્ધાદિને અભાવે તેઓ દુઃખનિવૃત્તિના ઉપાયોનું સેવન પણ કરી શકતા નથી

જેમનું અંતઃકરણ થોડા પુણ્યસંસ્કારવાળું હોય તેઓ જો પોતાના મનમાં રહેલા દોષો તજવા ઇચ્છતા હોય, ને શુભગુણો પ્રાપ્ત કરવાની અગત્ય છે એમ સમજતા હોય તો તેમણે સુખની પ્રાપ્તિ માટે ને દુઃખની નિવૃત્તિ માટે અવશ્ય અનુકૂળબુદ્ધિ રાખી સજ્જનોનો સમાગમ કરવો જોઇએ આમાં તેમને કાંઇ પણ હાની થવાનો લેશ પણ સંભવ નથી, પરંતુ આમ કરવાથી જેટલો થશે તેટલો તેમને લાભજ થશે

જેઓ પોતાના દુઃખી જીવનને સુખી કરવા હૃદયથી ઇચ્છતા નથી, જેમના હૃદયો પશુના જેવા ક્ષુદ્ર સ્વભાવોને વશ રહેનારાં છે ને જેમના ચાળણી જેવા હૃદયમાં સજ્જનોનો ઉપદેશ ટકી શકતો નથી, એવા દુઃખી મનુષ્યો જ્યાં સુધી પોતાના હૃદયને કાંઇ પણ સુધારે નહિ ત્યાં સુધી તે સુખની પ્રાપ્તિના સાધનોનું સેવન કરી શકે નહિ, ને સુખી પણ થઇ શકે નહિ

મનુષ્ય શરીરને વિદ્વાનો કલ્પવૃક્ષની ઉપમા આપે છે તે શરીર વડે યોગ્ય પ્રયત્ન કરવાથી આ લોકનું સુખ, સ્વર્ગાદિનું સુખ, ને મોક્ષસુખ મેળવી શકાય છે આવા ઉત્તમ મનુષ્ય શરીરને પ્રાપ્ત થઇ જેઓ શુભગુણોને પ્રાપ્ત કરવા ઇચ્છતા નથી તેઓ વિવેકી મનુષ્યોની દૃષ્ટિએ દયાના પાત્ર છે

પુણ્યથી પાપ દૂર થાય છે પાપ દુઃખને ઉપજાવવામાં કારણ છે જો દુઃખ ન જોઇતું હોય તો મનુષ્યે પાપથી દૂર રહેવું જોઇએ ને જો સુખ જોઇતું હોય તો તેણે શુભગુણોની પ્રાપ્તિરૂપ પુણ્ય અવશ્ય કર્યા કરવું જોઇએ

દિપોત્સવ !

હરિગીત —

(૧)

આવી દિપોત્સવો નીરખતા શૈશવ અવસ્થા વહી ગઇ
ને આવી યુવાએ દિપોત્સવો નીરખતા ચાલી ગઇ
—જુઓ જશે યુવા અને આવી જરા મ્હડશે ધીરે
તેએ જશે ને જીવનના તત્વો સહુ ઉડી જશે

(૨)

તોયે અનંતયુગો દિપોત્સવો ઉજવતા આવશે
ને દિપમાળાઓ થકી નગરો અનેક દિપાવશો
(પણ) ઉત્કર્ષ માટે આત્મના અંતર્દિપક પ્રકટાવશો
ના બાહ્યદિપકના પ્રકાશે આત્મને અ નવશો

(૩)

ભારત તણો ઉત્કર્ષ આત્મોત્કર્ષ વિણ ક્યાંથી થશે?
ઉદ્યોગ વિણ આ દેશ દિપોત્સવ થકી ડૂબતો જશે !
વિદ્યા કળાની વૃદ્ધિ અર્થ યત્ન પુરા આદરો,
ને હેમના રૂઢીના બંધન ત્વરાથી પરહરો !

(૪)

અબળા સહુ સબળા બને સધર્મ સદ્વિચારમાં,
સબળા બને વ્યાપારમાં, વ્યવહારમાં, સંસારમાં,
સબળા બને નિજ–સંતતિના જીવનના ઉદ્ધારમાં,
સબળા બને શીલ-રક્ષણે ને ભગિનિઓની વ્હારમાં


(૫)

સંમાર્ગમાં એના જીવન–જ્યોતિ–પ્રકાશ કરી શકો
સામર્થ્ય સૌ સહાયમાં ઉત્સાહ ધારી ધરી શકો
ને ભારતીય બંધુઓ પરસ્પર પરને વાળી શકો —
આ દેશને આશિષ એ સૌ અવનતિ સંહરી શકો

મુંબઇ
તા ૨૬-૧-૧૯

કવિ અમાનાલ લજ્જાશંકર આચાર્ય પાટણવાળા

શારદાપીઠાધીશ્વર કૈ૦ શંકરાચાર્ય શ્રીમન્માધવતીર્થ મહારાજનું જીવનવૃત્ત



(લેખક કવિ અંબાલાલ લજ્જાશંકર આચાર્ય)

શ્રી મહાદ્ય શંકરાચાર્ય સ્થાપિત દ્વારકા અંતર્ગત શ્રી શારદાપીઠના આચાર્યશ્રી જગદ્‌ગુરુ પૂ. કૈ૦ સ્વામિ માધવતીર્થ શંકરાચાર્ય મહારાજના કૈલાસપદે પધારવાના શોકપ્રદ સમાચારથી ભાગ્યેજ કોઈ સનાતન સ્માર્તધર્માનુયાયી અજ્ઞાત હશે. એઓશ્રીનું જીવન ઘણુંજ પવિત્ર અને અનુકરણીય હતું અને શારદાપીઠની ગાદી પર આવ્યા પછી એઓશ્રીએ વૈદિક ધર્મ સંરક્ષણાર્થે અને સ્માર્ત પ્રજાના કલ્યાણાર્થે પોતાના સમસ્ત જીવનને એટલું પ્રવૃત્તિશીલ રાખ્યું હતું કે ભાગ્યેજ અન્ય કોઈ આધુનિક આચાર્યોમાં એટલું આત્મભોગ જોવામાં આવ્યું હોય. તેઓ ષડ્દર્શનશાસ્ત્રોના અભ્યાસી, વેદવેદાંગ પારંગત મહાન વિદ્વાન અને પરમ યોગેશ્વર હતા. લગભગ પોતાની પચોતેર વર્ષની વયે તેઓ આચાર્યપદ પર નિયત થયા હતા અને એવી વૃદ્ધાવસ્થાએ પણ તેમણે પૂર્વાચાર્યોના પગલે ચાલીને શાસ્ત્રમતાનુસાર વેદોદ્ધાર અને ધર્મપ્રચાર અર્થે મહાભારત પરિશ્રમ લીધો હતો. તેઓ નિરંતર ભિન્નભિન્ન સ્થળોએ પ્રવાસ કરતા હતા અને વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો નિત્ય કરવાનું તો તેઓને જાણે વ્યસન હોય તેમ થઈ પડ્યું હતું.

૨૦ શ્રીમદાચાર્યશ્રી હમેશાં ફળાહાર ઉપરજ પોતાનો જીવનનિર્વાહ કરતા અને કોઈ પ્રકારનું મિથ્યાડંબર તેઓને પસંદ ન હતું. તેમની વાક્‌ધારા બળવાન, માધુર્યવાળી અને આકર્ષક હતી. એક પણ વખત તેઓની વાણીનો પ્રસાદ ચાખનાર મનુષ્ય જીવનપર્યંત તેમનો ભક્ત બની જતો. કેવલાદ્વૈત સિદ્ધાન્તનો તેમણે આદ્યશંકરાચાર્ય મહારાજની માફક સતત પ્રચાર કર્યો હતો. એટલુંજ નહિ પણ દેશકાળાનુસાર સામાજિક પ્રગતિ તરફ પણ તેમણે દુર્લક્ષ કર્યું નહિ હતું પરંતુ ઉલટા તેઓ તેના સાચા સહાયક થઈ પડ્યા હતા. તેમણે સઘળાં સચ્છાસ્ત્રોનો સતત અભ્યાસ બ્રહ્મચર્યાવસ્થામાં કર્યો હતો અને તેનો સદુપયોગ તેમણે સનાતન ધર્માનુયાયીઓની ઉન્નતિ અર્થે પૂર્ણ રીતે કર્યો હતો.

સઘળા પૂર્વાચાર્યોના જીવનવૃત્તોનો પણ તેમણે અભ્યાસ કર્યો હતો અને પૂર્વાચાર્ય શ્રી મહારાજરાજેશ્વર મહારાજ રચિત શ્રી 'પર્યટનમિમાંસા' ગ્રંથપરથી તેમણે પણ ઘણાં શાસ્ત્રોનું દોહન કરીને પરદેશગમન કરનાર આર્યાવર્તનિવાસી સ્માર્ત ધર્મીઓને પ્રાયશ્ચિત આપી સંપર્ક કરવાના ઘણા શાસ્ત્રીય નિર્ણયો તેમણે આપ્યા હતા અને તેવાઓના પર નાતિઓ કંઈ વિઘ્ન ન નાખે તેને માટે કમરકસીને તૈયાર રહેતા હતા. એ વિષયનો ભાવનગરમાં તેમણે છેલ્લો નિર્ણય ઘણો વિદ્વત્તા ભર્યો આપ્યો હતો અને તેમાં વિરોધ કરનારના કોઈનું શાસ્ત્રાર્થ સામર્થ્ય જણાયું ન હતું. જોકે તે મહાત્માના પવિત્ર મૃત્યુ પછી ગુજરાતના એક પત્રકાર પોતાના હમેશના રિવાજ પ્રમાણે એ સંબંધી ટીકા કરી છે પણ તેમના દેહવિલય પહેલાં શાસ્ત્રાર્થ કરવાની કોઈની હિંમત ચાલી ન

હતી આપણી જ્ઞાતિ પણ આચાર્યશ્રીની મહાન ઋણી છે કેમકે જુદે જુદે સ્થળેથી કેટલાક સાહસિક યુવાનોએ પરદેશગમન કીધુ છે અને છતા તેઓને જ્ઞાતિ વિઘ્નો નડ્યા નથી તે સ્વામિ માધવતીર્થનાજ પુરૂષાર્થનુ પરિણામ છે

તેમના પરદેશગમનના પ્રાયશ્ચિત્તના નિર્ણયો ઘણા મનન કરવા યોગ્ય છે અને તેમના અગાધ શાસ્ત્રીય જ્ઞાનનો તે સારી રીતે ખ્યાલ આપી શકે તેમ છે તેઓ આદ્ય શંકરાચાર્યના દરેકે દરેક સિદ્ધાંતને સપૂર્ણપણે માન આપતા હતા પરંતુ શાસ્ત્રને અબાધક હોય તેવા સુધારાના આગેવાન થવામાં તેઓ કોઈપણ પ્રકારે કર્તવ્યહીનતા સમજતા ન હતા. આ કાળના કેટલાક આચાર્યો તેમના પૂર્વાચાર્યોના જીવનને અનુસરવાનો બાહ્યાડંબર કરે છે પણ તેઓના ઉદ્દેશોને કે શાસ્ત્રોને બરાબર સમજવાનો પૂર્ણ પ્રયત્ન કરતા નથી અને તેથી જ અનુયાયીઓને અધોગતિમાંથી ઉચા લાવી શકતા નથી ખોટા વહેમો અને રૂઢીઓના બંધનને તોડી પાડવાનુ કાર્ય કોઈ પણ વ્યક્તિ કે સમુદાય કરતા ધર્માચાર્યો જ ઉત્તમ રીતે પાર પાડી શકે છે અને કે શ્રીમ માધવતીર્થ સ્વામિનુ જીવન એટલા માટે જ અન્યાચાર્યોને ઘણુ અનુકરણીય છે

લગ્નગ્રન્થની સ્વતંત્રતાનો પણ તેઓ વ્યાખ્યાનોદ્વારા સતત નિષેધ કરતા હતા અને પાટણમા તેમણે એ વિષયના પોતાના એક વ્યાખ્યાનમા ઘણુ અસરકારક વિવેચન કરતા શ્રીમત ગાયકવાડ સરકારને બાળલગ્ન પ્રતિબંધક ધારાની પ્રશંસા કરી તેનો સખ્ત અમલ થવા સુચના કરી હતી

બ્રાહ્મણો અવિદ્વાન અને ભિક્ષુક સ્થિતિમા રહ્યા કરે એ તેમને જરા પણ પસંદ પડતુ ન હતુ તેઓની માન્યતા એવી હતી બ્રાહ્મણોએ જમાનાને ઓળખવા જોઈએ અને સ્વાશ્રય ઉપર જ નિર્વાહ કરતા શિખવુ જોઈએ વિદ્વતા વગર એ સ્થિતિ પ્રાપ્ત થઈ શકે તેમ નથી અને તેથી વિદ્યોપાર્જન કરવા હંમેશા બ્રાહ્મણોએ કમર કસી તયાર રહેવુ જોઈએ વળી તેઓએ ઘણે સ્થળે વૈદિક સંસ્કૃત પાઠશાળાઓ પણ સ્થાપિ હતી અને ધાર્મિક ગ્રંથોના પુસ્તકાલયો સ્થળે સ્થળે સ્થાપવાની પણ તેઓ ભલામણ કરતા હતા

(અપૂર્ણ)

સ્નેહીનો સવાલ

કુશાગ્રબુદ્ધિનો પિતા સાધારણ ભણેલો અને નોકરીઆત વર્ગનો માણસ હતો એને કેળવણીના વખાણ માટે ઉત્તમ લાગણી હતી તે વાક્ય તે સારી રીતે જાણતો હતો કે માતા શત્રુ પિતા વૈરી યેન બાલો ન પાઠીત । પોતાના પુત્રને સારો ભણેલો જોવા તેની અભિલાષા હતી સદ્ભાગ્યે એનો પુત્ર કુશાગ્રબુદ્ધિ પણ સ્વભાવે શાંત નમ્રતાવાળો તથા વિદ્યાભ્યાસ વિલાસી હતો તેનો પિતા ગમે તેમ કરજ કરીને પણ કુશાગ્રબુદ્ધિને વિદ્વાન થયેલો જોવા ખાતે ઉમેદ રાખતો ઇશ્વર કૃપાથી (God help those who help themselves) સુત્રાનુસાર શાસ્ત્રબુદ્ધિને કરી ખોટા માર્ગમા રહેવા માટે જરૂરીઆત અને

ખીજ તેનો વાપરી વાળ માગવા કરતા મીનીયા આઈ વાપરવા કોશીશ કરજો

સેંટનો રાજા **ઓટો મોહિની** (રજીસ્ટર્ડ)

ચબેલાના ફુલોનો બહાર



માત્ર ચારજ ટિપા રૂમાલમા નાખો અને તમારી પાસે ચમેલીના ફુલોના એક તુરો હોય એવી સુગંધ આવ્યા કરશે પણ તેમા ખાસ ધ્યાન ખેંચનારૂ એ જાણે કે જ્યારે ફુલોના તુરો તેની સુગંધ ખોઇ માજ પડતા કરમાઈ જાય છે ત્યારે આ સેંટના માત્ર ચાર ટીપા ચારદીવસ સુધી ચાલુ સુગંધ આપશે તેની આ દીલખુશ અને અત્યંત અગત્યની ખુબીના સબબે, મજબુત હરીફાઇ અને તપાસ છતા તેને કેટલાક પ્રદર્શનોમા સોના અને રૂપાના ચાંદ મળ્યા છે

ઉપર લખવા પ્રમાણે તેની વાસ ટકતી નથી એવુ સાબીત કરનારને રૂ ૧૦ ઇનામ મળશે

અર્ધો આઊંસની કાચના બુચવાલી સીસીના રૂ ૧ | ૧ ડામની સુ ર ટયુબના ૧૨ આના | કપડામા રાખવા લાયક ઓટો મોહીનીના સુગંધી કાર્ડો ૧ દઝનના ૧૨ આના

અત્તરોનો ઝરો એટલે બીજુ કંઇ નહિ પણ જગપ્રસીદ્ધ

રોબીનીયા

હેઅર આઇલ

આ સુગંધી તેલ માથામા નાખવાથી બાલ સુશોભીત, ચળકતા અને લાબા વધે છે માથામા નાખવાથી હજારો ફુલોની મીઠી ખુશબો આપશે તેથી વધારે લખવાના કરતા માત્ર એકજ બાટલી વાપરી ખાત્રી કરો

કી બાટલી ૧ નો રૂ ૧-૦-૦ પોસ્ટેજ જુદુ

એકના માલિકો —ધી ઓરીએન્ટલ ડ્રગ એન્ડ કેમીકલ કંપની

એકલા આડત્યા —**મોહીની એજન્સી,**

જુમા મસ્જીદ મુબંઇ

તંદુરસ્તી અને તાકાત મેળવવાનો અદ્ભુત ઇલાજ

આતંકનિગ્રહ ગોળીઓ

કોઇપણ જાતની ખાગબ સેવથા વેરેરી લીધેલી અગર કોઇ પણ મ વાડને લીધે લાગુ પડતા નમળાઇનો નાશ કરવામા આ એક ફતેહમ ઇલાજ છે તેમજ પાચનશક્તિ તથા શરીરમાના બીજા તમામ ઉપયોગી તત્વોને સુધારવામા આ ગોળીઓએ અપૂર્વ કીર્તિ મેળવી છે

બત્રીસ વરસ થયા તેનો ફેલાવો વધતોજ રહ્યો છે

કીમત—ગોળી ૩૨ ની ડબી ૧ એકનો

રૂપીઆ ૧ એક

વધારે વિગત જાણવા માટે પ્રાઇસ લિસ્ટ મગાવી વાકેફ થાઓ

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

મુંબઇ
— કાલબાદેવી રોડ

સુરત એજન્સી
રા. રા. ઉત્તમરામ ઉમેદરામ
રેશમવાળા કે ઝાંપાબજાર

આતંકનિગ્રહ—ઔષધાલય,
જામનગર, કાઠીયાવાડ.

હવે એ ઉંચા પ્રકારની કેળવણી લેના મુબઇ નિવાસી થનો એનો બાળ સ્નેહી મોભાગ્ર બુદ્ધિ એક સાધારણ સ્થીતીના બ્રાહ્મણનો પુત્ર હતો અને ગામોટાની જાગીર હતી એટલે નાનપણથીજ મોભાગ્રબુદ્ધિને એની મરજી વિરૂદ્ધ આ ધંધામા જોડાવુ પડયુ એટલે એના ઉપર ઉચ્ચ કેળવણી તેમજ સુધરેલા જમાનાની છાપ પડી ન હતી

કુશાગ્રબુદ્ધિ એ મુબઇનાગ્રી હોવાથી ઘણાક ભાષણો વિવિધ વિષયોપર સાભળ્યા હતા સુધરેના જમાનાની (Modern Civilization) કંઇક અસર પણ થઇ હતી અને યુરોપીઅનોની એકનિષ્ઠતા, પ્રમાણીકપણુ ખત અને કામ કરવાની યોજના જોઇ બહુ આશ્ચર્ય થતો, અને એથીજ તેમને માટે એને ઉચ્ચમાન હતુ પણ સુધરેલા જમાનાના બાહ્ય ડોળ રંગવગેરેથી (Matgialism Artificiality and atiquette) તો એ ઘણોજ કંટાળી ગયો હતો વધુ માનં તો એને આપણા વિદ્વાન ઋષી મુનીઓ માટે હતુ એમની વિદ્યા માનપ્રતિભા વગેરે વિષે વેદ પુરાણો વગેરેમાથી એને ઘણુ જાણવાનુ મળ્યુ રોમેશ દત્ત જેવા રાજદ્વારી નેતાની કલમથી લખાયેલા ગ્રથો વાચી દેશની આર્થિક સામાજીક તથા ધાર્મિ સ્થીતિ વિષે ઘણુ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતુ એને દેશની સેવા કેવી રીતે કરવી, જ્ઞાતીનો ઉન્નતિ માર્ગ કયો છે સ્વમાન કેવી રીતે જળવાય વગેરે વગેરે ઉચ્ચ વિચારો વારવાર આવતા એક વખતે નદી કીનારે આવા વિચારોમા નિમગ્ન થયેલા કુશાગ્રબુધ્ધિને એનો મિત્ર મોભાગ્રબુધ્ધિ મળ્યો

મોભાગ્રબુદ્ધિ—ભાઇ મુબઇથી કયારે પધાર્યા? આમ માદા સાજા કેમ દેખાવ છો? સુખરૂપ તો છો?

કુશાગ્રબુદ્ધિ—મોભાગ્રભાઇ દીવાળીની તેમજ ટાઢની રજા પડવાથી, ઘેર હવા ફેર કરવા આવ્યો છુ મુબઇ જેવા નિરતર ઉચાટી, ગરમ હવા પાણીવાળા શહેરમા તબીઅત કેવી રીતે ઠીક રહે! વળી ભણવાનો પરિશ્રમ ખરોને! ઘેર સૌ સુખ પ હશો?

મોભાગ્રબુદ્ધિ—પ્રભુ કૃપાથી ખાઇ પી મોજ કરીએ છીએ પણ કુશાગ્રભાઇ તમારે ભણી ભણીને શુ કરવુ છે? ગેટપીટ કરતા શીખી લોકને લડાવી મારશો અતડા ફરશો, જ્ઞાતિની ધુળધાણી કરશો મે તો સાભળ્યુ છે કે બધા ભણેલા તો વઢી ગયા છે

કુશાગ્રબુદ્ધિ—(જરા નમ્રતાથી) હશે એમ તો એમ કહેવાય એ તો અર્ધદગ્ધ ફેશન ફિશીઆરીમા ફસાએલાજ એવા હોય સપૂર્ણ જ્ઞાન મેળવવાથી તો વિનય વિવેક જ આવે વિદ્યા દદાતિ વિનય વિનયાદ્યાતિ પાત્રતામ્ પાત્રત્વાદ્ધન માપ્નોતિ

મોભાગ્રબુદ્ધિભાઇ તમે જાણો છો, કેળવણીના પ્રભાવને લીધે આપણી શી સ્થીતિ થઇ છે? ખોટા ખોટા રીવાજો દાખલ થઇ ગયા છે અગનદ્વેષ વધ્યો છે મોટી મોટી વાતો કરી કોઇ પણ સ્વ જ્ઞાતીનો ઉદય કરી શકતા નથી, માત્ર એક બીજાનુ કાપવુ કેમ થાય એજ સ્વાર્થનો ધંધો થઇ પડયો છે

મોભાગ્રબુદ્ધિ—જાણ્યુ ભાઇ જાણ્યુ જોઇ તમારી વિદ્વતા શરીર ગેરતાલ ઘાલ્યુ મા બાપનો તિરસ્કાર કરતા શીખ્યા ધર્મને ઠેસ મારી તેને ઘાલ્યુ વાળ હોળ્યા એટલે અમે ભણ્યા મોટા શહેરમા હજારો દુર્ગુણોના ભોગ થઇ પડયા એના કરતા

મામના બોજાથી કંટાળેના મગજને શાંત કરવાની ખુબી મામતીયા આઇનામા છે

અમે હજાર દર જે સુખી છઇએ ખારસને ગુજાર કરી પાચ ઘેર કરી આરી છ રનિવાદ કરો એના જેવી મોજ કઇ ? વળી ચાર પાચ દીવસ અડવાડીઆમા વ ર્તમાન કૃપાથી મિટાન ખણુ મળે ત્યાને બ્હાને મીષ્ટાન્નની લાનથે થીશાકા દરશણ પણ થાય ખગ ધર્મ પણ સચવાય અને આન પણ મળે તમારા જેવી ઉપાધી વગર કંઈ હોગી પૈસી એના જેવી મૂર્ખતા ઈ?

કુશાગ્રદ્ધિ (મનમા) હરી ! હરી !! બ્રાહ્મણ જ્ઞાતીનુ આ તી મ યુ !!! (મોટેથી) મોભામભાઇ ! શુ તમે તમારા સતાનોને કેળવવા નથી માગતા ? અજ્ઞાનુ ગપરા રતા તેમને મત નેવા હુ તો વધાર સાર ગણુ છુ વે વેદાંતના જ્ઞાન વગરના તમારા નિવૃત્તિ માગ કરતા અમા । પ્રવૃત્તિ મા । સારો ગીદાન ખાઈ મો ટમજા મારવી એ વીદ્યાર્થીનુ લક્ષણ છે ? દેવને જમડવાને બ્હાને છનરવામા શુ પાપ નથી ? વિદ્યાર્થિને સુખની શી આશા—सुखार्थीन कुतो विद्या। विद्यार्थिना कुतो सुखम्।। તમે તો બ્રાહ્મણોની પ્રથમ ફરજ વિદ્યા અભ્યાસ તદન ભુલી ગયા પૈસો મિશ્રાને મિગન મ યા એટલે બ્રાહ્મણભાઇ આજીવી પ યા પણ ખુ સારી રીતે જાણુ ને કે બ્રાહ્મણોનુ ગયુ જમે અને ભરવાડનુ ગયુ ભમે કયા છે તમારામા તમારા બાપદાદાની વિદ્યા કે માન નતિભ ? વિશ્વામીત્ર વશિષ્ટના દ્રોણાચાય કે કૃપાચાયના હ તરમા અર્રો પણ તમે આવી શકવાના નથી તેમના જેવા ગોર અને તેમના જેવા યજમાન રામચદ્ર વગેરે આ જમાનામા શોધ્યા જડતા નથી તમારા વડીલોની કીર્તિપર પાણી ફરી વળ્યુ બ્રાહ્મણોનુ નામ બોળ્યુ તમે જાણો છો કે તમારા વ ર્તમાન તમને શુ કહે છે "પૈસો બામણો આ યો ભમ થયુ ભઇ ! નીખના હા ના શીખો ચ વાના નથી ! पराननम् विप्रभोजनम् સુત્રાનુસાર મને તો જે સ્વમ્હેનત ઉપાર્જીત જાર બાજરી મળે એ ખાવા નો કરતા એ સારા (અપૂર્ણ)

બહેનોને બે બોલ

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता।

હાલી બહેનો ! આજ આપની સેવામા મારી ગ પ બુધ્ધિ નમાણે કઇ વિનતી કરવાની આશા લઉ છુ આપણામા ઘણી બહેનો આધુનીક યુગની કેળવણીમા પાછળ છે અને તે દોષ મારામા પણ હતી તો મે જે કઇ મારા વિચાર જણા યા છે તેમા રહેલી ખોડખાપણ માટે ક્ષમા કરી મને આભારી કરશો

* હાલ આપણા આખા દેશમા બધી વર્ણો પોતપોતાની ઉ નતિ માટે મહેનત કરી રહ્યા છે દેશમા રાજદ્વારી ચળવળ પણ ચાલે છે અને આખા દેશના આગેવાનો આ કેળવણી માટે તૈયાર કરી રહ્યા છે ચાલુ સમયે આપણી જ્ઞાતિમા પણ કાંઈ નવુની આવી છે અને જ્ઞાતિબધુઓ ઉન્નતિ માટે મહેનત કરવા લાગ્યા છે તો આપણે પણ તેમને સહાય કરવી એ આપણી ફરજ છે

— પરમેશ્વરે માણસ જાતને વાળી ખુબ સુખીને માટે આપ્યા છે


બહેનો ! પરમાત્માએ સૃષ્ટીને સરળતાથી ચલાવવા આપણુને પુરૂષ અને સ્ત્રીનો અવતાર આપ્યો છે અને સંસારનુ ગાડુ સરળતાથી ગબડે, તે માટે ઉભયને જુદા જુદા કાર્ય કરવાની શક્તિ આપી છે આપણા શાસ્ત્રોમા અને આખા હિંદુ ધર્મમા સ્ત્રીને ' ગૃહરાણી ' ઘરની ગણીની પદ્વી આપવામા આવી છે, અને એ પદને શોભાવવાને આપણુ પવિત્ર ગાર્ગી, મૈત્રેયી અહલ્યા તારા, સીતા, મંદોદરી દ્રૌપદી વગેરેએ કેવા સંકટ સહન કરીને, પતિ પરાયણ રહી સતિપણાનો દાખલો આપણુને શીખવ્યો છે, તે આજે આપણે ભુલી ગયા છીએ, અને તે ભૂલના પરીણામે આપણો ગૃહસ્થાશ્રમ દયા જનક થઈ પડયો છે કેળવણીના અભાવે આપણી સારૂ નરસુ તપાસવાની શક્તિ જતી રહી છે પુરૂષો જ્ઞાતિ સેવા માટે શુ પ્રયત્ન કરે છે, તે આપણે સમજતા નથી, અને તેથી બીચારા પુરૂષોને માથે ગૃહનો પણ બધો ભાર આવી પડયો છે આપણામા ઘણી બહેનો વાતો કરે છે, કે બહેનુ બરાને ભણીને શુ કરવુ છે ? આપણે કયા પુરૂષો પેઠે નોકરી કરવી છે ? આ ભૂલભરેલા વિચારે મોટો અનર્થ ઉત્પન કર્યો છે, અને આપણી ગૃહ સ્ત્રી ઘરની રાણીની પદ્વીને લજાવી છે મારા અનુભવે અને ઘણી બહેનોના સહવાસથી મને એમ જણાય છે કે આપણે ઘણે ભાગે ઘરમા સવાર સાંજ બે વખત રાંધી જમાડીએ છીએ અને આખો દીવસ અડોશણ પડોશણ સાથે નકામી વાતોમા વીતાડીએ છીએ, અને બીજી બહેનોના ભભકાદાર પોષાકો, દરદાગીના વગેરે જોઇ, તેનુ અનુકરણ કરી આપણે પણ તેવુ કરવાની ટેવ પડી ગઇ છે અને એમાજ આપણે આપણા જીવનનુ સાર્થક માન્યુ છે

આપણા સ્ત્રી વર્ગની ફરજ અને કામ માટે જોતા, આગલા વખતમા આખા ભારતમા કેવી સ્ત્રીઓ થઇ ગઇ છે અને શાસ્ત્રકારોએ આપણે કરવાના કામની કેવી ગોઠવણ કરી છે, તે તપાસવી અને તે પ્રમાણે જો આપણે વરતીએ, તો આપણા ગૃહસ્થાશ્રમને આપણે શોભાવી શકીએ

હાલના જમાનામા પુરૂષ અને સ્ત્રીને એકજ પ્રકારની કેળવણી અપાય છે તેને હુ મળતી થતી નથી, પણ મારા વિચાર અને મારો અનુભવ જુદા છે અને હુ મારી બહેનોની સેવામા પ્રભાકરના બીજા અંકમા લખીશ (અપૂર્ણ)

લી૦ સૌ લક્ષ્મી

'ભૂગળ વિનાની ભવાઇ!'



હરિગીત છંદ

હે ! આપ બધુઓ ! તમે જોયા છે તમાસા ઘણા,
નાટક સિનેમા સર્કસો રાખી હશે ના કૈં મણા
ભાળો ભવાઇ પણ હશે, નવુ કૈં નિરખવા આવજો !
ભૂગળ વિનાની આ ભવાઈ ! ભાઇ જોવા આવજો !

ગારી પુજાનુ પદ છે બાગા જુઆ રોળે મળી
જુઠુ પરસ્પર ભાખતી નખરા કરે નિરલજ વળી
ફરતી ગતી અરે! તે સાથ ભા આવજો!—બુગાગ
આરા નની વ ~ તણી અરે અવરણી આ ૮ છ
વા ા વગારી લાને ભેગા કરે કયા લાજ છે ?
નકુને બચાવે નાક પુન ગીત ગાવા આવને—બૂગ૦
આ લગ્નમ પમા તુઆ! વિધી શુ તમે ન ભણાય છે
વર નકુ વયે ખ વરના શુ લગન યોગ્ય ગણાય છે ?
વર તો ઉધ કથા રે જે અનુ કહેવા આવને—બુગાગ
આ જાય વરઘાા જુઓ! બુઢ્ઢા બાણુવ ~ તણો
વર વન પચોનેરના પણ માહ અતરમા ઘણો
કમા વયા દશ વરની ફુલપાન લેવા આવજો—બૂગાગ
આ બારમાની યાત છ ! પુત્રે પિતાનુ રણ મયુ
ઘરબાર સા ગીરો મુકી, પકવાનનુ ભાજન કર્યુ
પ નુ ગયુ પતિ રડે પકવાન જમવા આવજો—બુગાગ
આ દીકરીના દોકડા, લેનાર ઝીાસ છ
કન્યા કુવામા નાખવાનો નીચ વધો ખાસ છે
કથા દલાની પનુ કર તેને ભગવા આવજો—બૂગાગ૦
ભાઈ બનાઇ ભાગતા આજે અસુર થઇ ગયુ
મળ ને ફરી ગાદી હજુ જોનુ ઘણુ બાકી રહ્યુ
ને આખ આખે હોય તો ચરમા ખરીદી લાવજો—બૂગાગ
"પનશાલાકર"

सदाचरण

૧ જે સદા નમ્ર સુશીલ વિદ્વાન અને વૃધ્ધો (જ્ઞાનવૃધ્ધ ઘણી નતના કહેવાય છે) ની સવા કરે છ એનુ આયુષ્ય વિદ્યા કીર્તિ અને બળ એ ચાર સદા વધે છે

૨ જ્યાત્મા ઈંદ્રિયોને વશ થઇ નિશ્ચિત મોટા દોષોને પ્રાપ્ત કરે છે અને જ્યાર ઇન્દ્રિયોને પોતાને વશ કરે છ ત્યારે સિધ્ધિને પ્રાપ્ત કરે છે

૩ જુઠુ બોલવામા સદા પાપ (નુકશાન) અને સત્ય બોલવામા સદા પુણ્ય (લાભ) થાય છે એજ પ્રમાણે બુરા કર્મ કરવામા સદા અનધ્યાય અને સારા કર્મ કરવામા સ્વાધ્યાય થાય છે

૪ જે પ્રતિજ્ઞાથી નિત્ય હૃદય સદા ડરતો રહે છે અને અપમાનની ઇચ્છા અમૃત સમાન કર્યા કરે છે એ જ પરમેશ્વરને જાણે છ

૫ જે મનુષ્યની વાણી અને મન શુધ્ધ તથા સુરક્ષિત રહે છે તેજ ઉત્તમ સિધ્ધાન્ત રૂપ ફળની પ્રાપ્તિ કરે છે

લી દેસા અબેલાલ હરિલસા

ભોળા ભટ્ટનો ભડભડાટ !

નવા વર્ષનો નવો ભડભડાટ ! આ ભટ્ટજીનાપર નવા વર્ષના અભિનન્દન પત્રો સાલ મુબારકના કાર્ડો વગેરે ભાગેરેની પ્રેમ દૃષ્ટિ સ્નેહીજનો તરફથી વર્ષાવવામા આવી છે એ જોઈ ભટ્ટજીના ભેજામા ભગવાનના ભૂતે ભડભડાટ કરી મુક્યો અને કહ્યુ કે મહારાજ ! તમે પણ કાઇ નવા વર્ષના નવા ભડભડાટની પ્રેમ વૃષ્ટી કરો ને તમારા ભડભડાટના કાગળમા નકીનો ઉપકાર માનો



ભાઇ ! આ ભટ્ટજી નવા વર્ષના નવા ભડભડાટમા પ્રભાકર ભગવાનના સર્વ ગ્રાહકોને અને સમગ્ર જ્ઞાતિ બન્ધુઓને આયુષ્યની વૃધ્ધી, સર્વના ઝોળી ને ઝોળીઆમા જૈનમંદિર તથા પુરાણના પોથા થોથામા જ્ઞાનિ ઉન્નતિના મંત્રોના ભંડાર ભરપૂર અને નરમાત્મા પામે એ હાથ ન જોડી મધુ નમ્રતી વિનતી કરે છે કે અમારા મધા ભટ્ટજીઓમા જગતના ગુરૂ થવાની શક્તિ પુન આવો અને સમગ્ર જગતનુ કલ્યાણ કરો



આ પ્રભાકરના ગયા અંકમા કોઇ પાનવાડીમા ઔદિચ્યે પાનવાડા પરિષદ્ માટે ચર્ચાપત્ર લખ્યુ છે તે વાચીને ભટ્ટજી તો અચંબો પામ્યા ! અને સાથે સંતોષ પણ પામ્યા કે, પાનવાડા પરિષદ માટેના ભડભડાટનો ભડકો સળગવા લાગ્યા ખરો ! ભાઇ ! ચર્ચાપત્રી તમારા ચર્ચાપત્રમા પાનવાડામા ચાલતી નગારા એ "નગારાની નવી પધુ વગની ?" એ વાચીને આ ભટ્ટજી પણ તમારા મળતા થાય છે અને તમારા જેવા બીજા વરિષ્ઠીઆ ચર્ચાપત્રીઓ તથા જ્ઞાતિના સદ્દગૃહસ્થોના ભેજામા ભગવાન ભરાય અને જો જ્ઞાતિ સેવાના નિષ્કામ કર્મની પ્રેરણા કરે તો પરિષદ્ માતકી જય થઇ જાય ખરી !



પેની મુબઇની પાનવાડા ઔદિચ્ય બધુ સમાજના કાર્યવાહકોમા ભટ્ટજીના ભડભડાટે રંગ જમાવ્યો છે અને તેમને ગાઢ નિદ્રામાથી જાગૃત કર્યા છે સાભળ્યુ છે કે એ સમાજના કાર્યવાહકો પાછુ સમાજને પુનરુજ્જીવન આપી નવો રંગ જમાવવા તૈયાર થઇ ગયા છે બાપુ એતો એમજ જ્યા પ્રભાકર ભગવાનના કીરણો અને ભટ્ટજીના ભડભડાટનો ઝપાટો પહોચી જાય ત્ય પછી કાઇ બાકી રહે ! આ ભટ્ટજી પણ કોઇ દિવસ સમાજમા પધારશે અને સમાજના દેવતાઓના દર્શન કરી પાવન થશે



બાપુ ! આ ભટ્ટજીએ પ્રભાકરના સપ્ટેમ્બરના અંકમાં ભડભડાટમા કાઇ લખી નાખ્યુ છે કે "તીખા તમતમા, ખારા ખાટા ને મીઠા કટોરા" તે માટે ભટ્ટજીના ભડભડાટનુ બારીકીથી અવલોકન કરનાર કોઇ દીર્ઘદ્રષ્ટી ભાઇ લખે છે કે જ્યારે તીખા તમતમા ખારા ખાટા ને મીઠા કટોરા લખ્યા છે તો કા કડવા કટોરા કોઇને ભાવતા નથી ?



ભાઇ જવાબમા જણાવવાનું કે હાલના સુધરેલા જમાનામા જ્યા બધી જાતનો સ્વાર્થ થયો છે ત્યા ખાનાપીનામા પણ થયો છે લોકોને તીખુ તમતમુ ખારૂ ખાટુ

અને મીઠુ ભોજન બહુ ભાવે છે કોઈ મડદુ પીતા ન્યાત થતા નથી તો પછી કડવો કટોરો કોને આપવો આપણે બધા બ્રાહ્મણો તો મીઠાનના ભૂખ્યા પીવાને કોણ માગે વળી જે કોઇને જ્ઞાતિ સેવાના માગ માટે કઠાણો આવશે અને જેઓ જ્ઞાતિ સેવાના માગમા વિઘ્નકરતા નિવડશે તેમને કોઇ બહુ કડવા કટોરા પણ પાશે તે માટે ચીંતા કરશો નહીં

॥ અહમ્બ્રહ્માસ્મિ ॥

(૧૭૪)

સહમા હુ સહુ મ્હારૂ નથી કંઇ મુજ થકી ન્યારૂ
બને નિરાકાર સાકારી સવમા જ્યોત છે મ્હારી—૧
તુમીને પેન સદીના બુટ્ટાપુ અધ કદીના
વિચારો જ્ઞાનની બારી સવમા જ્યોત છે મ્હારી—૨
લખ્યુ શ્રુતિ વેદ પુરાણે દર્શન બાઇબલ ને કુરાને
વિવેક વાણી વિસ્તારી સવમા જ્યોત છે મ્હારી—૩
કપિલ બુધ્ધ કણાદ ને શકર ઇશુ મોહમદ પયગબર
કરો ઉપદેશ પોકારી સવમા જ્યોત છે મ્હારી—૪
શશી રવિ ઉડગણો સારા ગ્રહો ને ઉપગ્રહો ન્યારા
નક્ષત્રો સ્વસ્તિકાકારી સવમા જ્યોત છે મ્હારી—૫
લેહેરી મહાસાગરની રહ્યા છે નિરમળી મોહી
નદી નાળા અને ખાડી, સવમા જ્યોત છે મ્હારી—૬
આદિ મધ્ય અતને ચાદિસ જગ યા ગુમમા હરનિશ
રહ્યા છુ નિત્ય વિસ્તારી સવમા જ્યોત છે મ્હારી—
અહમ્બ્રહ્માસ્મિ મત્ર જે વ્યાપ સવમા હુ તે
ગીતામા શીખ છે સારી સવમા જ્યોત છે મ્હારી—૮
બ્રહ્માદિક ભેદ ન જાણે શુ જદૂરામ પરમાણે
માયા મળ નળ વિખકારી સવમા જ્યોત છે મ્હારી –

બલેશ્વર–સરદપુર્ણિમા ૧૯૭૨ જ દુ ભટ.

જ્ઞાતિ–વર્તમાન

માનપત્રનો મેળાવડો —

તા ૨૮–૧–૧૬ ને રોજ હીરા બાગમા રા૦ । કલાસનાથ જગન્નાથ પુરોહીત કે જેઓ વીલાયત ગઈ ઇનકોરપોરેટેડ એકાઉ ટટની પરીક્ષા પસાર કરી આવ્યા છે તેઓને અભિનદન આપવા એક મેળાવડો રવામા આવ્યો હતો મેળાવડામા આશરે પોણોસો ગ્રહસ્થો તથા બાનુઓએ હાજરી આપી હતી આરભમા સેક્રેટરી મી૦

મહીપતરામે એકનીત થવાનો ઉદ્દેશ દર્શાવ્યો હતો બાદ પાટણનિવાસિ વકીલ રા૦ રા૦ વિદ્યાશંકરભાઈએ સભાના પ્રમુખ તરીકે વડોદરા રાજ્યના રીટાયર્ડ નાયબ સુબા સાહેબ રા બા૦ મછારામ ભગવાનજીને નિમવા દરખાસ્ત મુકી અને તે દરખાસ્તને રા૦ રા૦ માણેકલાલભાઈ વિગેરેના ટેકો મળતા પ્રમુખે તાળીઓ વચ્ચે પ્રમુખસ્થાન લેતા તેઓને જે માન આપવામા આવ્યુ તે માટે સર્વનો ઉપકાર મા ના હતો

પ્રથમ ઠરાવ- રા૦ માણેકલાલભાઈએ મુકયો કે આપણી નામદાર બ્રીટીશ સરકારને આ મહાન યુદ્ધમા વિજય પ્રાપ્ત થાય આ ઠરાવ તાળીઓના હર્ષનાદ વચ્ચે પસાર થયો હતો તદનતર નવા વર્ષની મુબારકબાદીનુ પદ ગાયુ હતુ અને રા૦ કૈલાસનાથ ભાઈના સબધમા ઘટતુ વિવેચન કરી પોતાનુ સ્થાન લીધુ હતુ

બીજો ઠરાવ રા૦ કૈલાસનાથને અભિનંદન આપવાનો રા૦ મહીપતરામ દોલતરામ દવે તરફથી મુકવામા આવ્યો અને તેને પાટણના વકીલ વિદ્યાશંકરભાઈ તરફથી સમયાનુસાર વિવેચનો સહ ટેકો આપવામા આવતા ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો

ઉપરના ઠરાવના સબધમા રા૦ રા૦ શીવપ્રસાદભાઈ, રા૦ ક યાણજી જયકૃષ્ણ ગીરીશ બાટલીબોઈ રા૦ માણેકલાલભાઈ, રા૦ સી ડી બરફીવાલા, રા૦ ત્રીપુરાશંકર, ત્યા મિસ્ત્રી અબાલાલભાઈ તરફથી ઘટતા વિવેચનો કરવામા આવ્યા હતા, તેમા રા૦ અમૃતલાલભાઈ તરફથી એક સુનાવ્ય પદ્ય પણ ગાવામા આવ્યુ હતુ

ત્યારબાદ પ્રમુખ શ્રીએ સુ દરવના સર્વ ઠરાવોનુ સમયાનુસાર દીગદર્શન કરાવ્યુ હતુ અને તેમો શ્રીને હાથે રા૦ કૈલાસનાથને પુષ્પ હારો અર્પવામા આવ્યા હતા

અતમા રા૦ કૈલાસનાથે સર્વ બધુઓએ દર્શાવેલી લાગણી માટે ઉપકાર મા યો હતો, અને પ્રમુખ શ્રીને હારતોરા સમર્પણ થયા બાદ મેળાવડો હર્ષના વચ્ચે વિસર્જન થયો હતો

શ્રી શારદા મઠાધીશ્વર જગદગુરૂ શ્રી મચ્છંકરાચાર્ય માધવતિર્થ સ્વામીજીના કૈવલ્યપદ પામવા માટે શોક પ્રદર્શિત કરવા મળેલી સભા

શ્રીનળા ચતુર્વિંશ્ય સહસ્ત્ર જ્ઞાતિ હિતવર્ધક મડળ મુબઈ તરફથી તા ૧૫-૧ -૧૯૧૬ ના દીવસે, મુબઈમા વસતા ચોરાશી જ્ઞાતિના બ્રાહ્મણો તથા સનાતન ધર્માનુયાયી સ્માર્ત પ્રજાની એક જાહેર સભા, શેઠ મુળજી જેઠા કાપડ બજાર હાલમા રાવબહાદુર વિશ્વનાથભાઈ ગણુભાઈ જોશીના પ્રમુખપણા નીચે મળી હતી જે વખતે શ્રીયુત ચદ્રશકર નર્મદાશકર પડયા બી એ એલ એલ બી શ્રીયુત ઉદાસી વગેરે વકતાઓએ સ્વામીશ્રીના જીવન અને તેમણે કરેલા અનેક કાર્યોને લગતા ભાષણો આપ્યા હતા અને સ્વામીશ્રીના કૈવલ્ય પદ પામવાથી મહાન ખોટ પડી છે તે માટે શોક પ્રદર્શિત કરનારો ઠરાવ પસાર થયો હતો શ્રી શારદામઠની ગાદીપર જે મહાત્માની ગોઠવણ કરવામા આવે તે સ્વામી શ્રી માધવતિર્થ જેવાજ અને સ્માર્ત પ્રજાનુ કલ્યાણ કરનારા આવે એવો ઠરાવ પસાર થયો હતો

સ્વામીશ્રી જગન્નાથજીના સ્મરણાર્થે મેળાવડો—બુધવાર તા૦ ૧ ૧૧ ૧૯૧૬ ના દીવસે મારાર બાગમા પરમહંસ પરિવ્રાજકાચાર્ય ગોવર્ધન મઠાધીશ્વર સ્વામી શ્રી જગન્નાથજીના સ્વર્ગવાસથી સનાતન ધર્માનુયાયીઓને એક મહાન ખોટ પડી છે તે માટે શોક દર્શાવવા શાસ્ત્રી મંડળ ભેગુ કરવામા આવ્યુ હતું પ્રમુખસ્થાન શ્રીયુત રા નરરામ શાસ્ત્રીને આપવામા આવ્યુ હતુ રા૦ આનંદ તર્કતીર્થે સ્વામીજીના જીવન વિષે વિવેચન કર્યુ હતું ત્યારબાદ રા ૧ તાંત્રિક જોષી ગ દુર્ગાશંકર તેમજ રા_ ઉદવરામ શાસ્ત્રીએ પ્રથમ શ્રી ૧ શંકરાચાર્ય માધવતીર્થ સ્વામીના સ્વર્ગવાસથી પડેલી ખોટ હજી પુરાઇ નથી તેટલામા આ બીજા ૧ જગદ્ગુરુના સ્વર્ગવાસથી મહાન ખોટ પડી છે તે વિષે કેટલુંક વિવેચન કર્યું હતુ બાદ પ્રમુખનાએ સ્વામીજીનું સ્મારક ફંડ ઉભું કરવા ભલામણ કરી સુચના કરી સ્વામીજીની પ્રતિમાને હાર પહેરાવી, રા રમાપતી વગેરે શાસ્ત્રીઓનો ઉપકાર માની સભા વિસર્જન કરી હતી

ચર્ચાપત્ર

શ્રીયુત ' પ્રભાકર ” ના તંત્રી જોગ.

પ્રભાકરના ચાલુ પુસ્તકના અંક ૨ જામા એક પાલવાંગીમાં આદીચ્ય અને સર્વાંગી ચર્ચાપત્ર આપેલું છે તેમા પવિત્ર નહિ મગાવવાના કારણમા ચાલતી તકરાર પ્રથમ પણ ૧૯ વર્ષાળની નથી એ બતાવેલુ છે એ વાતને હું મળતો થાઉં છું. મારી મુદ્દામે એ ન થવામા કારણ પણ હતો તેમા જ પ્રાયે એકત્ર થવાના પૈસામા ૮ દુધમા ને કઢીમા પાણી મુકાતાં જણાવ્યા અને તે પોતાના વિચારથી નહિ પણ અમુક વ્યક્તિની અકૃપા થવાના કારણથી હતુ ત્યા જ્ઞાતિમા ભવિષ્યમા આગળ પડતો ભાગ લેવાના માનતી ઇચ્છા રાખનારા પણ આવું વર્તન કરે છે ત્યા જ્ઞાતિની ઉન્નતિ થતી નથી

હાલનો જમાનો ફરી બનાવવાનો નથી પણ સુધારી બતાવવાનો છે એવી હકીકતમા જન સમુદ્રમા આવી વાટની તકરાર ચાલે નહિ

પંડિતના કહેવાતા અગ્રેસરો પરિષદ્ દ્વારા આ તકરારનું નિવારણ લાવી શકે એમ છે પરંતુ તે માટે સત્યાગ્રહી થઇ આગળ પડી બતાવવું જોઇએ

તા ૧૯—૧ -૧૬ લી દેસાઇ અંબેલાલ હરિપ્રસાદ

મહેરબાન આદિચ્ય પ્રભાકરના તંત્રી

ઠાકુરદ્વારી ગીરગામ મુંબઇ

આપના ઔદીચ્ય પ્રભાકર માસીકમા નીચેનુ લખાણ આપને યોગ્ય લાગે તો ચર્ચાપત્ર કોલમમા પ્રગટ કરવા કૃપા કરો.

સુરત ઔદિચ્ય આશ્રમ ફંડ જે આશ્રમ ચલાવે છે તે શ્રમ સફળ ઉત્તમ કામ કરે છે એ ફંડના કારવાહકો તે સમ. આદિચ્ય જ્ઞાતિને લાભ મળે એવી વ્યવસ્થા કરે અને શહેર નામ કાઢી નાખી ફક્ત આદિચ્ય આશ્રમ ફંડ રાખે તો મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે ઘણું જ ઉત્તમ કહેવાશે કારણ એ ફંડમા બહારના અન્ય જ્ઞાતિના અરજદારો તેમજ આપણા હિંદુ નરથાણ વરીઆવ વિગેરે ગામના આશ્રય આપે છે અને આપશે એવી આશા છે

લી જ્ઞાતિ સેવક

નવનીતરામ નરોતમ શુક્લ

મુ વરીઆવ પોસ્ટ વરીઆવ—સુરત પાસે

કેડે છોકરૂ ને ગામે ગોધ્યુ !!!

ચાનુ તાવ ા બીમારીથી બેજાર બન્યો, ડાક્ટરોના બીન સુકનતા માથાની તાગની મના ધ ગઇ તોગી જેઓને તેરાજ નહીં દીવસે ભુખ કે રાત્રે ઉંઘ અને ટા તો જુની કાની વનગી ને ની તા િ નહીં એ- દીવસ બીછાને પડયો પડયો વીચાર કરૂધ્યુ કે યા ખુ ! શુ આજની સુધાગની દુન્યામાં આની બીમારીના મા ઉપાય ર નથી તમીની વીદ્યા એક નિષ્ફનતાજ છે! એનામા ની વી ગેનકે ઉપર પ્રસન્ન થઇ અને મેનક સ્વપનાના મુલકમા સૈલ કરવા લાગ્યો, મે મને ઉંઘમા જગને જગન ભરકનો જોયો ત્યાગી જાઉ ત્યા ગમ એકજ દેખાત ન રે પડે તે શુ હશે? તે ઝાડોને મથાળે મળેનો એક સોનેરી રસ્તે લખારના તખનો હતો જેની ઉપર નખેના શબ્દો મારા વાચવામા આ યા કે કેડે છોકરૂ અને ગામે ગોધ્યુ! આ સ્વપનાનો મીનીંગ શુ? ડાક્ટરને પુછ્યુ તો કહે જે એ બીમારીનો ઉપાય ન રની સામે છે ને કાઇ વા રૂના પછા ! મારે છ! દવા મધ કર અને ગમે તે મુગો મુગો ખાત પીને ફરી હરીને મજાહ કર, પણ ખાઉ શુ? એનુ પાગ? રૂચી હોય તો ખવાય ને! અને પગમા જોર હોય તો ફરાય કે? એક હાગે ઘરમાની શીશીઓ જોતા મારી નજરે બાટલીવાલા એગ્યુ મીક્ષચર પડયુ, ા મે તે પીવુ તો ય ફાયદો થાય એવુ વીચારી તરતજ એક ડાગ લીધા ક ચોડી વારમા ફાયદો થશે એમ નાગ્યુ એમ ઉપરાસાપરી ભાગો પી એક બાટલી ખાલી ખીધી અને પછી જે ગેના ખુવાસની તાસીર સમ ો મારે જાનો! મારા દાખનો વાચી દુખના વખ તમા બાટલીવાલાના એગ્યુમીક્ષચર ઠ્યા એગ્યુ પી સને ભુનના ના ાહીં તો અજની ાહી ીને તેમને યા તો મરવુ પડો ગોનેરાનો સવથી મગ્મ અને મફત ે નો ઘના મા લીવાગાની ફ્રો ના ગ્લ છે જે ઉપરી નજે સોનાના મનની વા રૂ ૩ ૨૦ ૧ ૧ મા મળે

વિષયાનુક્રમણિકા

ગ્રાહકો તથા લેખકોને સુચના

(૧) પ્રભાકર હવે મુબઈ ખાતેથી પ્રગટ કરવામા આવશે માટે સર્વ પત્ર વ્યવહાર તત્રી ઔદિચ્ય પ્રભાકર–કલ્યાણ બી ડોગ નબર ૨ કાદાવાડી ગીરગામ–મુબઈ એ શીરનામે કરવો

(૨) લેખકોએ પોતાના લેખો સ્પષ્ટ અક્ષરે કાગળની એક જ બાજુએ લખી તત્રીને તા ૧ લીની અદર મળે તેવી રીતે મો નવા લેખો પ્રગટ કરવા યા નહી તે તત્રીની મુનસફીપર રહેશે નાગર ન થયના લેખો પાછા મોકલવા તત્રી બધાયના નથી તેમજ લેખોમા યોગ્ય સુધારો વધારો કરવાની તત્રીને સત્તા છે

(૩) સમસ્ત ઔદિચ્ય જ્ઞાતિના સર્વ સમુદાય તરફથી વાચવા યોગ્ય જ્ઞાતિ વર્તમાન મળેથી તે પ્રગટ કરવામા આવશે કોઈપણ જ્ઞાતિ બધુને સામાજીક ધાર્મિક આર્થિક અને ઔદ્યોગીક વિષયો ઉપર લેખો લખવા અમો સવિનય આમત્રણ કરીએ છીએ રાજકીય વિષયો ચર્ચવા એ આ માસીકનો ઉદ્દેશ નથી

(૪) પ્રભાકર પ્રત્યેક માસની તા ૧૫ મીએ પ્રગટ થશે તો કોઈ ગ્રાહકને તા૦ ૨ ની અદર જો ન મળે તો તત્રીને ખબર આપવાથી યોગ્ય બદોબસ્ત કરવામા આવશે લવાજમ પ્રથમથી લેવાનો રીવાજ હોવાથી સર્વ ગ્રાહક બધુઓને વીનતી કે તેમણે લવાજમનો પોસ્ટેજ સાથેનો રૂ ૧) મોકલી આપવા કૃપા કરવી અને જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય, તેમણે અમોને ચેતાવવા કૃપા કરવી આપણી જ્ઞાતિના સમુહમાથી જે કોઈ ગૃહસ્થ ૧૦ દશ ગ્રાહક મેળવી તેમનુ લવાજમ અમોને મોકલી આપશે તેને આ માસીક મફત મોકલવામા આવશે

તત્રી

॥ कर्मण्ये वाधिकारस्ते माफलेषु कदाचन ॥

ઔદિચ્ય પ્રભાકર.

પુસ્તક ૬ ઠ્ઠું] માર્ગશિર્ષ ૧૯૭૩ [અંક ૪ થો

જ્ઞાતિ સેવા

શિખરિણી

અરે! આ સંસારે સફળ તુજ ફેરો નહિ રહે,
અરે! જોઇ કાળે જનની શ્રમને તું મન લહે
અરે! જો ઇચ્છે તું જવા ઉધરવા કોદિ અહીંથી
લઇ લેને લ્હાવો સ્વજન હિતનો શુદ્ધ મનથી—૧
નથી લક્ષ્મી સ્થાયી, ગરવ શિ ને ફોકટ કરે!
નહીં જો ખર્ચાઇ કદિ જન હિતાર્થે તુજ કરે,
વહી જાશે કાળે ચનિત સઘળું કહું કથી?
લઇ લેને લ્હાવો સ્વજન હિતનો શુદ્ધ મનથી—૨
ચઢી મોટે હોદ્દે અગર જીવડા! ફોકટ ફુલે,
અમનારી કેરૂં ખચિત ખરૂં કર્તવ્ય જ ભુલે!
સહુ છે આ ઘેના સુખદપ નો ગર્વ ભ્રમથી
લઇ લેને લ્હાવો સ્વજન હિતનો શુદ્ધ મનથી—૩
ન જા તું છનકાઇ જનમ લઇને ઉચ્ચ જ કુળે
નથી ઉંચું નીચું કુદરત કને તું કયમ ભુલે?
રહે જો મોટાઇ કર પરહિતે કાર્ય જ મથી
લઇ લેને લ્હાવો સ્વજન હિતનો શુદ્ધ મનથી—૪
થયું શું જો વિદ્યા વિવિધ રીતની તું ભણી ચુકો?
તને જો લોકોએ નૃવર કહીને સુજ્ઞ ગણીઓ?
સુધારી જ્ઞાતિના બહુ શિશુજનો ગ્રુષ્મ નમથી,
લઇ લેને લ્હાવો સ્વજન હિતનો શુદ્ધ મનથી—૫
મહા મોંઘો લ્હાવો ખચિત મળીઓ પૂર્વ બળથી
નહીં શાને લેવો પુરણ ભરીનો જેહ ફળથી?
"સમર્પી આયુ ને તન મન ધનેથી પણ સહુ '
ધરે સેવું એનું પણ' જ શપતેથી જન સહુ—૬

પ્રભાશંકર જયશંકર પાઠક

પરિવર્તન

ઉદય અને અસ્ત ચડતી અને પડતી ઉન્નતિ અને અવનતિ સુખ અને દુઃખ ટાઢ અને તડકો આ પરમાત્માની વિચીત્ર લીલાનો અનુભવ જગતની સર્વ પ્રજાએ અનુભવ્યો છે અનુભવે છે અને અનુભવશે

સૃષ્ટીના આરંભથીજ દેવ અને દાનવો રાક્ષસ અને સુર અને આસુર આ શાનો અનુભવ લીધો છે વેદ, શ્રુતિ, સ્મૃતિ કથાપુરાણ મહાભારત અને રામાયણ જેવા ઇતિહાસો અને આ યુગમાં ઉન્નતિના શિખરપર ધ્વજ ફરકાવતા યૂરોપ અમેરિકા અને જાપાનની પ્રજાઓના ઇતિહાસપરથી એમ જણાય છે કે, દરેક પ્રજાએ આ અનુભવ લીધો છે અને જગતની પ્રજાઓને મહાન શિક્ષણ લેવાના દાખલા આપ્યા છે

વેદ, શ્રુતિ, સ્મૃતિ અને કથાપુરાણોનું શ્રવણ મનન અને નિદીધ્યાસન કરતાં એમ જણાય છે કે અમારા બ્રાહ્મણોના વડીલો પવિત્ર ઋષી મુનીઓની ગણનામાં ગણાતા હતા રામાવતારમાં ભગવાન રામચંદ્રજીને વશીષ્ટ કૃષ્ણાવતારમાં શ્રીકૃષ્ણ ભગવાનને ગર્ગાચાર્ય, કૌરવ પાંડવોને ત્યાં દ્રોણ કૃપાચાર્યાદિઓએ રાજપુત્રો અને પ્રજાને ધર્મ અને નિતિના શિક્ષણ સાથે, યુદ્ધકળા અને રાજ્ય કારભારની અનેક યુક્તિ પ્રયુક્તિવાળી વિદ્યાઓ શીખવી હતી પરમાત્માની આજ્ઞાનુસાર વર્ણાશ્રમ ધર્મની યોજના પ્રમાણે વેદ ભણવા ભણાવવા યજન કરવા કરાવવા અને દાન લેવું દેવું એ ષટ્કર્મોનું સંપૂર્ણ રીતે પરિપાલન કર્યું હતું અને જગતના ગુરૂપદના શ્રેષ્ટ સ્થાનને દીપાવ્યું હતું

કાળના પરિવર્તન સાથે ધીમે ધીમે પડતીની શરૂઆત થઇ અને આજે આપણા બ્રાહ્મણોની સ્થીતિ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવી થઇ છે નથી રહી વેદ વિદ્યા નથી રહ્યા શ્રુતિ સ્મૃતિ અને કથા પુરાણના જ્ઞાન જે બ્રાહ્મણો સૃષ્ટિના આરંભથી વૈભવ વિલાસને તુચ્છ માનતા જગતના કલ્યાણમાં પોતાનું કલ્યાણ સમજતા અને જેમને જગતની પ્રજાએ ગુરૂના મહાન પદે સ્થાપ્યા હતા તે આપણે બ્રાહ્મણો, આજે જગતના દાસ બન્યા છીએ વૈભવ વિલાસ અને લક્ષ્મીના ગુલામ બન્યા છીએ વેદ ભણવા ભણાવવા યજ્ઞ કરવા કરાવવા દાન લેવું દેવું એ ષટ્ કર્મોનો ત્યાગ કરી અસદાચરણી થયા છીએ અને જગતના આત્મા અપડાએલી ઉન્નતિના શિખરે ચડેલી મનાએલી ધર્મ અને નિતિના શિક્ષણ વિનાના શુષ્ક ભાવવાળી પ્રજાનું અનુકરણ કરી ધર્મભ્રષ્ટ થયા છીએ જગતના ગુરૂ ગણાતા જગતની પ્રજાને શિક્ષણ આપનારા જગતની અન્ય પ્રજાઓ પાસે શિક્ષણ લેવાને ભીક્ષુક વૃતીનો ધંધો આદરતા થયા છીએ

ઋષી આશ્રમો પર્ણકુટીઓ વગેરેનો ત્યાગ કરી મોટા મોટા ગગનભેદક મકાનોના માલેક થવાનું પસંદ કરીએ છીએ

આપણા પૂર્વજોની વિદ્યાને ગુમાવી અવિદ્વાન થયા છીએ અવિદ્યાના પ્રતાપે દરિદ્રી થયા છીએ અને હવે તો એવી સ્થિતિ થઇ પડી છે કે બ્રાહ્મણોના ગૃહોમાંથી ધર્મ અને નીતિનો સંધ્યા વંદનાદિ ષટ્ કર્મોનો અગ્નિહોત્રાદિ પવિત્ર ક્રીયાઓનો નાશ થવા લાગ્યો છે

આપણે ઉદરનિર્વાહના પ્રશ્ન મારતા થયા છીએ ભને કેટલાકની આર્થીક સ્થીતિ સારી હશે પરતુ અમાર દીલગીરી સાથે લખવુ પડે છે કે જ્ઞાતિનો મોટો ભાગ દારિદ્રાવસ્થામા રીબાયા કરે છે

અવિદ્યાના પ્રતાપે અનેક જાતના નિચ ધધા કરતા થયા છીએ ખાધે કડછા ચલાવી રસોઈ કરનારા ભટા થયા છીએ પાણી ભરવાનો ધધો કરનારા પાણુકા બન્યા છીએ રાપ વર્ણોની સેવા ચાકરી કરતા થયા છીએ અને એથી પણ આગળ વધીને અમોને કહેવા દો કે મુબઈના ભુલેશ્વર, માધવબાગ, બાબુલનાથ, મુમાદેવી જેવા મદીરોમા દર્શણાર્થે આવતા લોકોના પગરખા સાચવનારા જોડાના રખેવાળ બ યા છીએ

અવિદ્યાના પ્રતાપે યજમાનોની શ્રદ્ધા રહી નથી અને યજમાન વૃત્તીનો ધધો કરનારા પણ યજમાનોથી અતરાની પડે હડે હડે થાય છે

કેટલાકોએ ઉપર જણાવેલી સ્થિતિ જોઈ તેમા કાઈક ફેરફાર કરી આગળ વધવાના માર્ગ તરીકે વ્યાપાર ધધો સ્વીકાર્યો છે, કેટલાકે અગ્રેજી શિક્ષણ લઇ વકીલ બારીસ્ટરો કે ડાક્ટરો થવાનુ પસદ કર્યું છે, કેટલાકોએ નામા ઠામા લખનારા મહેતાજીઓનો ધધો સ્વીકારેલો છે અને ઘણે ભાગે આપણી મા યતા એવીજ થઇ ગઇ છે કે, અગ્રેજી શિક્ષણ આપ્યા વગર આપણા બાળકો ભુખે મરતા થશે કેટલાકોએ ગુજરાતિ નિશાળના મહેતાજીની રૂા ૭-૮ ના પગારની નોકરી સ્વીકારી છે, કેટલાકોએ તલાટી કે કારકુનની માનતીન પુરી સ્વીકારી છે, અને કેટલાકોએ અગ્રેજી નિશાળોના માસ્તર સાહેબો થવાનુ પસદ કર્યું છે

આ સુધરેલા ગણાતા જમાનામા દરેક મોટા શહેરોમા અને, વળી કેટલાક ગામડાઓમા ચાહ પાણીના હાટેલો અને ઉપાહાર ગૃહો નીકળ્યા છે જેમા આપણા બ્રાહ્મણો જેવા પણ દાખલ થાય છે અને ઉતરતી વર્ણના પીધેલા વાસણો પાણીમા ધોઇ હૉટેલવાળાઓ તેમા બ્રાહ્મણોને આપે છે તો તે બ્રાહ્મણો ખુશીથી ગ્રહણ કરે છે

આ શિવાય અવિદ્યાના પ્રતાપે અને દારિદ્રના દુખથી રીબાતા કેટલાક ગુજરાતના બ્રાહ્મણો જેમનુ જીવન વરસના આઠ માસ અ ય ઇલ્લાઓમા રખડી, ભાષા શુદ્ધિ વિનાના ભજન કિર્તનો ગાવાનુ કે નાના ની મોટી ગાગેરા લઇ મહાભારત કે રામાયણની કથા કરવાનુજ થઇ પડેલુ છે તે પણ વણા જ્ઞાતિ બધુઓએ જોયુ હશે


બ્રહ્મચર્ય, ગૃહસ્થ વાનપ્રસ્થ અને સ ન્યાસ આ ચાર આશ્રમ ધર્મનુ પરિપાલન થતુ નથી તેમા આ યુગમા તો એક અવ્યવસ્થીત ગૃહસ્થાશ્રમ શિવાય અ ય ત્રણુ આશ્રમ ધર્મોનો નાશ થએલો દ્રષ્ટી ગોચર થાય છે

અ ય પ્રજાઓનુ અનુકરણ કરી ઉન્નતિ, ઉન્નતિ અને ઉન્નતિ માટે પોકાર કરતા આપણે પણ થયા છીએ અને તે ફક્ત આર્થીક ઉન્નતિને માટેજ મહેનત કરીએ છીએ અમારૂ એમ દૃઢપણે માનવુ છે કે, જ્યા ધર્મ અને નીતિનો વાસ હોય છે ત્યા સર્વ રીતની ઉન્નતિ સધાય છે બાકી બધા ફાફાજ છે

ઉપર લખ્યા પ્રમાણે આપણી સ્થીતિનુ પરિવર્તન થયુ છે અને, જો આપણે બ્રાહ્મણો હજી પણ આળસ સેવી બેદરકાર રહીશુ તો, આપણી હાલત આથી પણ બુરી થવાનો સભવ છે પરમાત્મ અમારા બ્રાહ્મણોને સ ત્યાગ્રણી કરો સદ્બુદ્ધિ આપો અને અમારી ઉપર જણાવેલી સ્થીતિમા શ્રેષ્ટ સુધારો કરવાને સત ને બળ આપો એવી અમારી પ્રભુ પ્રત્યે નમ્રયાચના છે

 ત ગી.

શારદાપીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રીમન્માધવતીર્થ મહારાજનુ જીવનવૃત્ત



(ગયા અંકનું અનુસંધાન)

જીવન્મુક્ત ક્વચિત્ નિશ્ચલમાય । એ આદર્શ શંકરાચાર્યના સૂત્રાનુસાર તેઓ ઉદ્યોગપ્રધાની ખીલવણી કરવાને અને ઉદ્યોગી જીવન ગાળવાને હમેશા ઉપદેશ કરતા એટલુ જ નહિ પણ તેઓએ પોતાનુ આખુ જીવન સતત ઉદ્યોગમા જ ગાળ્યુ હતુ ત્યાર જ્યારે જોઈએ સારે સારે તેઓ કંઇને કંઇ કાર્યમા જ પ્રવૃત્ત જણાતા હતા

સ્ત્રી કેળવણીના પણ તેઓ હીમાયતી હતા અને ઘણે સ્થળે તેમણે વનિતાશ્રમો સ્થપાવ્યાં હતા અને વિદ્વાન ઉપદેશકોને બોલાવીને ઉપદેશ પણ કરાવતા હતા માતાઓ જ્યા સુધી સુસંસ્કારી અને ધાર્મિક જીવન ગાળનારી હોય નહિ ત્યા સુધી પ્રજા જોઈએ તેવી સંસ્કારી કે ધર્મિષ્ઠ બની શકે નહિ એ વાત તેઓએ સારી રીતે સ્માર્ત પ્રજાના હૃદયમા ઠસાવવાને પ્રયત્ન કર્યો હતો

શારદાપીઠ જેવી વૈભવપૂર્ણ અને સમૃદ્ધિશાળી ગાદી પર વિરાજીત છતા તેમણે પોતાના આત્માને કેવળ નિરભિમાન રાખ્યો હતો અને વૃદ્ધાવસ્થામા ગાત્રો જ્યારે શિથિલ અને ઇન્દ્રિયો તિને ધ્રચ્છનારા થઇ જાય એવી સ્થિતિમાં પણ તેમના શબ્દકોશમા આરામ કે પ્રમાદ શબ્દ જ ન પામ્યો ન હતો એ ઓછા આનંદની વાત નથી કેટલાક સત્પુરૂષો પણ વૈભવને પામ્યા પછી કર્તવ્યને ભૂલી જતા જણાય છે અને આચાર્ય થયા પછી અભિમાનને પોતાનો મુખ્ય મંત્રી બનાવી ઇન્દ્રિય સંયમને વિસ્મૃતિના અથવા અનાત્મમાર્ગના કારાગૃહમા પુરાવી દે છે જ્યારે કે સ્વામિજીમા આચાર્ય થયા પછી ઉલટી ચમત્કૃતિ વિશેષરૂપે જણાઇ હતી

એમના વયવૃદ્ધથી ભારતવર્ષને એક મહાન આચાર્યની–મહાન તત્વવેતાની સમર્થ પંડિતની–પરમયોગેશ્વરની અસહ્ય ખોટ પડી છે તેમના યોગબળનુ એક તાજુ દ્રષ્ટાંત તો એ છે કે તેઓને પોતાના દેહવિલયની પણ અગાઉથી ખબર પડી હતી અને મૃત્યુના એક માસ પૂર્વે તેમણે પોતાના પાળેલા શિષ્યોને એક પત્રમા લખ્યુ જણાવ્યુ હતુ કે ' હવે કૈલાસવાસ નજીક આવ્યો છે માટે મારા આ છેલ્લા નારાયણ સ્મરણ વાંચશો " આ પત્ર લખ્યા પછી એક મહીને તેમની ગરદન પરનો એક નાજુક મસો શિરોમુંડન કરાવતી વખતે હજામે ભૂલથી કાપી નાખ્યો અને એજ તેમના મૃત્યુનુ નિમિત્ત થઇ પડ્યુ મસો કપાતા જ તેઓ તેનુ અંતિમ પરિણામ કળી શક્યા હતા એટલુ જ નહિ પણ ઘણા વર્ષો પૂર્વે તેમણે સ્વયં ડાકોરમા કે જ્યાં ઉપમઠ સ્થાપ્યો હતો ત્યા ગોમતી સરોવરના તટ પર પોતાની સમાધીના માટે જમીન ખરીદી રાખી હતી અને ઉત્ક્રાન્તીમાટી ત્વરાકરી તેઓ તેમના સાજ પોતાના પવિત્ર દેહને ડાકોર લઇ આવ્યા હતા કે જ્યા તેઓએ દેહવિલય કર્યો


કામનીયા ઓઇલ દરેક કુટુંબોમા વાપરવુ જોઇએ

તેઓ અવદિકાચાર વેદના નામે થતો જોઇ કે સહન કરી શકતા ન હતા આદ્યશંકરાચાર્યની વિજયયાત્રા અને શાસ્ત્રાર્થ સંગ્રામો જે પવિત્ર ઉદ્દેશ પ અવલંબિત હતા તેજ ઉદ્દેશ પ્રમાણે કે સ્વામિજીએ કેટલાક શાસ્ત્રાર્થ કર્યા હતા આદ્યશંકરાચાર્યના કાળ અને હાલનો સમય એ બેની વચ્ચે મહાન ફરક છે આજે જગતમા સરસ્વતિ જેવી ન્યાય પરાયણા દેવી ન્યાય દૃષ્ટાંગેચર જણાતી નથી પરતુ ઉનગ શ્રીમ માધવતીર્થ સ્વામિને કોર્ટમા સ્હડવાના પ્રસગે ઉભા થયા હતા, વેદ શાસ્ત્ર પારગત વિદ્વાનોની વચ્ચે નહી પણ વારાશાસ્ત્રીઓની વચ્ચે તેમનો ન્યાય લટક્તો હતો અને તેમને ઉતારી પાડવાની આમ અવળે માગે ઘણી કોશીશ થઇ હતી તોપણ તેમની વિદ્વતાને જ ઉપણુ કલંકીત ન થવા દેતા તેઓ કટીબદ્ધ રહ્યા હતા સ્વામિજીને કેટલાક ઝગડાખોર હતા એમ કહેતા હશે પણ ખરી રીતે તેઓ કુસપને કે ઝઘડાને જરા પણ ઇચ્છતા ન હતા પરતુ ફક્ત શુદ્ધ વૈદિકાચાર શુ છે તે જણાવવાને તેઓ જે સત્પ્રયત્ન નીડરપણે કરતા કે જે શારદાપીઠની ગાદીનુ પરમકર્તવ્ય છે તેને જ ઝગડા તરીકે ઓળખાવવામા આવે તો તેમને તે વિશેષણ પણ અપમાન કર્તા ગણી શકાય તેમ નથી તેમના ધાર્મિક સત્યાગ્રહના પરિણામે બીજા સપ્રદાયોમા અને ગાદીઓમા ઘણી જાગૃતિ આવી છે અને તે જળવાઇ રહે તો ઉનગ એમણે કરેલા પુરૂષાર્થ ભારતવર્ષને પરમઉપકારક થઇ રહ્યા વગર રહેશે નહિ

પરમાત્મા શારદાપીઠને માટે પુન એવા જ કર્તવ્યપરાયણ વેદવેદાંગ પારગત પરમહસ પરિવ્રાજકાચાર્ય આપો અને સનાતન ધર્મની ઉન્નતિમા જે કંઇ અપૂર્ણતા હોય તે તેઓના પુરૂષાર્થ દ્વારા દૂર કરો અસ્તુ

મુબાઇ, તા ૩૦-૧૦-૧૫ } કવિ અમ્બાલાલ લજ્યાશંકર આચાર્ય–પાટડીવાળા

પાલવાડાનાર બારે ગામના અરોપને નમ્ર પાર્થના



'દેશકાળ જોઇને તેને અનુસરતુ પોતાનુ વર્તન રાખવુ એમાજ ખરૂ ડહાપણુ છે'

એક તત્વજ્ઞ

મહાશયો'

વિરાટ સ્વરૂપના ઉચ્ચ સ્થાનમાથી જેનો આવિર્ભાવ થયેલો છે એવા ભૂદેવો–પૃથ્વી પરના દેવો–તે આપણેજ છીએ પ્રાચીન વખતનુ આપણુ ગૌરવ આપણી ઉચ્ચતા, આપણ સાત્વિકપણુ બીજી વર્ણોનુ ગુરૂપદ, વિદ્વતા, શોધકવૃત્તિ પરમાત્માનો સાક્ષાત્કાર, એ બધુ આજે માત્ર સ્મૃતિમાજ રહી ગયુ છે ભૂતકાળ તેને ગળી ગયો છે સહૃદયને આ સ્થિતિ થોડી ખેદપ્રદ નથીજ

કર્તવ્યમા ફેરફાર થતા આપણી સાપ્રત સ્થિતિ શોચનીય થઇ પડી છે રાજસ અને તામસ પ્રકૃતિના સહવાસમા આવી વસવાથી આપણે રાજસી અને તામસી પ્રકૃતિના દાસ બની રહયા છીએ અર્થાત્ સાત્વિક પ્રકૃતિના ભોગે આપણે રાજસી અને તામસી

પ્રકૃતિને પોતાની કરી લીધી છે અને એજ વિનય રૂપાતરનું અનિષ્ટ ફળ ભોગવીએ છીએ અને હજુ પણ આપણે અને આપણા અગ્રેસરો કઇપણ પ્રતિકાર નહિ કરે ત્યાં સુધી ભોગવવુ પડશેજ હાલની સ્થિતિ કેવી વિપરિત થઇ પડી છે તેનો ચિતાર આપની આગળ કંઇ અંશે સ્થિત કરૂં તો અસ્થાને નહિજ ગણાય –

જેઓ પૃથ્વીપરના દેવો ગણાતા તેને આજે પૃથ્વી પણ જગ્યા આપતી નથી જે લક્ષ્મીને તુચ્છ ગણતા તેને લક્ષ્મી આજે તુચ્છ ગણી લાતો મારે છે, એજ લક્ષ્મીને પ્રાપ્ત કરવા તેની આગળ રંક બની કાકલુદી કરે છે અસત્યાચરણ આચરે છે નીચ જનોની સેવા સ્વીકારે છે ઘેર ઘેર માગી ખાવાનુ પસંદ કરે છે અન્ય વર્ણોના રસોઇઆ બનતા અચકાતા નથી પટાવાળા બન્યા છે ભટના ભટ બન્યા છે મહારાજને બદલે મરાઠી સંબોધાય છે બ્રાહ્મણના બામણ કે બામણા થઇ ગયા છે ગાળ ખાવી પડે છે અપ શબ્દ સહન કરવા પડે છે જ્યા કથા હરિકીર્તન અને વેદના મંત્રોનો ઘોષ થયા કરતો ત્યા આજે નાટકી ગાયનોના આલાપ થયા કરે છે આવી રીતે દરેક બાબતમા વિષમ સ્થિતિ થઇ પડી છે અને હજુ પણ એ ક્યા અટકશે તે કહી શકાતુ નથી

આવી વિપરિત દશા જ્યારે જ્યારે નજરે પડે છે અને એ સબંધમા વધારે ઉંડા ઉતરી વિચાર કરવામા આવે છે ત્યારે સહૃદય સજ્જનોને તો આંસુજ સારવા પડે છે એ દશામા કંઇ ફેરફાર થાય અને આ બગડતી સ્થિતિ કંઇક અંશે અટકે એ આશયથીજ આ પ્રાર્થના કરવામા આવે છે

આ સ્થિતિનો જવાબદાર કોણ? એવો સહજ પ્રશ્ન ઉદ્ભવે છે સેનાનો જય કે અજય જેમ તેના નાયકની કાર્યદક્ષતા ઉપર આધાર રાખે છે તેમ આ સ્થિતિનો આધાર પણ આપણા મહદ્જનો ઉપર રહેલો છે આ સ્થિતિમા ફેરફાર કરવો અગર તેની વધતી જતી ગતિમા અટકાવ નાખવો એ ગુરુજનોનું મહાન કર્તવ્ય છે એ કર્તવ્ય કરવામા તેઓ જેટલા પાછળ રહેશે તેનો જોખમ તેમને શિર છે જેમ શિષ્યનુ પાપ ગુરૂને, પત્નીનુ પાપ તેના પતિને લાગે છે, તેમ લોક સમુદાય જે અસત્ય આચરણ કરે, અગર અધોગતિના માર્ગમા વહે, તેનુ પાપ તેના અગ્રેસરોને જ લાગુ પડે છે

ઉપર દર્શાવ્યા પ્રમાણે માથે આવી પડેલી જવાબદારીથી અલગ રહેવા અગ્રેસરોએ હવે જાગ્રત થવુ જોઇએ કોઇપણ સ્થિતિ છે બગાડ્યા વગર સુધરતી નથી એમ કેટલાક કર્તવ્યમા પાછળ રહેનારાનુ એ એક બ્હાનુ છે તો હુ હવે કહીશ કે બગડવામા કાંઇ બાકી રહેતુ નથી હવે તો સુધારના સજ્જ થવુ એજ એક માર્ગ રહેલો છે આ સ્થિતિ સુધારવાને માટે આપણે કયો માર્ગ લેવો તેનુ કંઇક દિગ્દર્શન આપને પ્રાર્થના રૂપે કરાવુ છે તો તે ઉપર આપ પુરતુ લક્ષ આપશો

દરેક વિચારયુક્ત માણસની ફરજ છે કે કોઇપણ બાબતમા સુધારો કરવા જેવુ જણાય તો દરેક પ્રસંગે આસપાસના સંજોગો લોકની સ્થિતિ જે માર્ગ વધુ હિતકર લાગે તેની અનુકૂળતા અને પ્રતિકૂળતા આ બધુ જોઇ, તે ઉપર પૂર્ણ વિચાર કરી પગલા ભરવા જોઇએ આ પ્રમાણે નહિ એ કાર્ય નહિ સાધવાથીજ હાલના કહેવાતા સુધારા

વાળાઓ કંઇ કરી શકયા નથી સુધારાવાળાઓએ જો કંઈ કર્યું હોય તો માત્ર અન્ય વસ્થામાંજ વધારો કર્યો છે એમ કહેવું પડે છે તોપણ ચાનતા આવેના રિવાજને વળગી રહેવું અને જમાના તરફ દૃષ્ટિ પણ નહિ ફેરવવી એ હવે કોઈપણ રીતે ઇષ્ટ નથી

ચીનનું મહારાજ્ય વસ્તી અને વિસ્તારમાં સર્વોપરિ છે પણ આજે તેની ગણના થતી નથી એટલુંજ નહિ પણ જાપાન જેવું નાનું રાજ્ય કે જેણે જમાનાને જોયો અને અનુભવ્યો છે તે આજે એ મહારાજ્યને દબાવે છે આ સ્થિતિ શું સૂચવે છે? એટલુંજ કે વસ્તી અને વિસ્તાર એજ ઉન્નતિના કારણરૂપ નથી પણ એજ સાધનનો સદુપયોગ થાય, જમાનાનું અનુસરણ કરે, અને તેને લઇને ઘટતા ફેરફારો કરે તો એજ બધી રીતે હિતકારક થઇ પડે એમ છે

જાપાને જમાનો જોઇ લીધો છે એટલું જ નહિ પણ તેને અનુકૂળ કરી લઇ, આજે મહાન રાજ્યોની પંગતમાં પોતાનો પાટલો મુકાવતું થયું છે નહિ તો જાપાન જેવા એક નાના રાજ્યની ગણના શી? તેજ જાપાન આજે ૫૦ વર્ષ જેટલી ટુંકી મુદતમાં, દુનિયાના મોટા રાજ્યો સાથે હરિફાઇ કરી શકે છે આ ઉપરથી આપ જોઇ શકશો કે એની જમાનો પારખવાની શક્તિ, અને તે અનુસાર ઉપાયો યોજવાની શક્તિ કેટલી પ્રબળ છે જાપાને માત્ર જમાનાનું અનુસરણ કરેલું છે આપણે પણ એજ પ્રણાલિકાથી કામ હાથમાં લઇએ તો એની પેઠે થોડી મુદતમાંજ આગળ પડતા થઇ, થતી દુર્દશા અટકાવી શકીએ એમ છે

કોઇપણ દેશ કે પ્રજાની ઉન્નતિ જ્ઞાન વગર થઇ શકી નથી અને થઇ શકશે નહિ જ્ઞાન જેવું અમૂલ્ય સાધન પ્રાપ્ત કરવા આજ સુધી આપણે કયા કયા પ્રયત્ન કર્યા છે એની શોધ ચલાવીએ તો તે શોધમાં મોટું **આમળા જેવું મીંડું મુકવું પડે છે** આપણા અગ્રેસરોનું એ તરફ ધ્યાન આકર્ષાયુંજ નથી એ આપણું કમભાગ્ય ઓછું નથી **મારો આ પ્રયાસ એ મહદ્જનોનું ધ્યાન ખેંચવા પુરતોજ છે**

જ્ઞાતિના હિતચિંતકો જ્ઞાનની બાબતમાં વિચાર કરશે તો સહજ જણાઇ આવશે કે આપણો મોટો ભાગ ગુજરાતી ધો. ૬ સુધીનો અભ્યાસ કરી તળાટી થઇ પોતાને કૃતકૃત્ય માની લે છે આપણી મહદ્ આશા આજ સુધી તળાટી થવા જેટલી જ હતી અને હજુ પણ છે તળાટી થતા થનાર પોતે અને તેના આપ્તજનો પુરતો સંતોષ માની લે છે અને તેના વડીલો કહે છે કે ચાનાં ભણ્યો પડ્યો આપ વિચાર કરશો તો જણાઇ આવશે કે જેની માસિક પેદાશ રૂ ૧ થી શરૂ થઇ છેવટ રૂ ૨૦ માં અવસાન થાય છે ત્યાં મોંઘવારી ઘણી થઇ પડી છે ત્યાં આ પગારથી શી રીતે નિર્વાહ ચાલી શકે? ગાને ઠેકાણે પડવા જેવું કયાં રહયું?

ઉપરના ચિતારથી વિદિત થશે કે આપણી આશા ઉમેદો બહુ નિર્જીવ થઇ ગઇ છે આપણાં સાધનો નહિ જેવાં હોવાથી આગળ વધી શકાતું નથી જેથી છેવટ હવકી નોકરીને પણ ઉચ્ચ સ્વરૂપ આપી જેમ તેમ ચલાવી લઇએ છીએ આ સ્થિતિને આપ શું કહેશો? અજ્ઞાનનુંજ આ પરિણામ છે આપણી આશાઓ ઉચ્ચ થાય આપણું

જીવન ઉન્નત બને, આપણું ઉચ્ચ વર્ણ તરીકેનું ગૌરવ પાછું પ્રાપ્ત થાય, આપણું આદર્શભૂત જીવન ફરિ આપણને સાંપડે ગીસાઇ ગયેલું ગુરુપદ પાછું આવે અને આપણા ભાઇઓ જે આધાતો મુગે મોઢે હાલ સહન કરે છે તે દૂર થાય આ બધું સરળ કરવાને જે કોઇપણ એ સાધન હોય તો તે માત્ર જ્ઞાનજ છે જ્ઞાન વગરની જીંદગી તુચ્છ અને શરમ ભરેલી છે કોઇપણ ઉચ્ચ આશય વગરનું જીવન વ્યતિત કરવું એ શું પામરતા નથી? આવું ઉચું અને મહાનનું એ જીવનનું લક્ષબિંદુ હોય શકે જ નહિ આપણે જોઇશું તો જે મહાન રજાઓ આપણી નજર આગળ ઝરી ગે છે તે માત્ર જ્ઞાનના પરિણામરૂપ જ છે જ્ઞાન એજ મોગ ભેદુ કારણ થઇ પડે છે

કોઇને આ સ્થળે સહજ શંકા થશે કે જર્મની જેવું મહારાજ્ય જ્ઞાનની ટોચે પહોચેલું છે છતા એજ જ્ઞાન વિદ્યા અને તેમની શોધકવૃત્તિએ હાલ દુનિયામાં મોટો દાવાનળ મચાવી મૂક્યો છે અને લોહીની નદીઓ વહેવરાવી છે આ શંકા બરાબર છે જે જ્ઞાનથી જનસમુહની શાંતિમાં ભંગ થાય તે જ્ઞાન પરિપૂર્ણ નથીજ, એ આજે દુનિયા જોઇ શકી છે અને પ્રાચીન ભારત વર્ષે જે જ્ઞાન મેળવ્યું હતું તે જ્ઞાન જ ખરી રીતે પરિપૂર્ણ હતું એમ સ્વીકારવા તયાર થઇ છે એટલું જ નહિ પણ તે જ્ઞાન મેળવવું જોઇએ એવા પોકારો થવા લાગી છે જ્ઞાન વગરની નિરંકુશ સ્વતંત્રતા જેમ ભયંકર છે તેજ પ્રમાણે ધર્મ અને નીતિના શુદ્ધ રંગની છાયા વિનાનું એકલું જ્ઞાન પણ ભયંકર છે ધર્મ અને નીતિ યુક્ત જ્ઞાન જ પરિપૂર્ણ હોય જનસમુહને શાંતિના સુરમાં આણી શકે છે આપણા પૂર્વજો એવા જ જ્ઞાનમાં ઓતપ્રોત થયેલા હતા અને તેથી જ તેઓ આદર્શરૂપ ગણાયા છે આજે અમેરિકા વગેરે દેશો એજ કારણે તેમની સ્તુતિના સ્તોત્રો ગાય છે મનસ્તાપ તો હાલનો હિંદુ સમાજ છે કે જ્યારે પારકા દેશના લોકો ભારત વર્ષના ઋષિ મુનીઓને વખાણે છે અને તેનું અનુકરણ કરવા તૈયાર થયા છે ત્યારે હાલનો કેટલોક હિંદુ સમાજ તેને વખોડે છે એટલુંજ નહિ પણ હાલની અવદશાનું તેનેજ કારણ માનવા સંકોચાતા નથી કેવું શોચનીય ! !

ઉપર પ્રમાણે ઉંડા ઉતરતા જણાયુ છે કે જ્ઞાન વગર ઉન્નતિની આશા આકાશ કુસુમવત્ છે અર્થાત્ જ્ઞાન વગર કંઇપણ થઇ શકે એમ નથીજ અને તે જ્ઞાન ધર્મ અને નીતિ યુક્ત હોવું જોઇયે આટલું તારતમ્ય કઢયા પછી હવે એ જ્ઞાન આપણે શી રીતે પ્રાપ્ત કરી શકીએ આપણા સાધનો આપણી સ્થિતિને અનુકૂળ છે કે નહિ વગેરેના તપાસ કરી જે ઉપાય જડી આવે તે આપની આગળ યોજના રૂપે ધરી આ વિષય સમાપ્ત કરીશ

હાલ આપણો વર્ગ જે જ્ઞાન મેળવે છે તે રાજ્ય સત્તાએ ઠરાવેલા ધોરણ પ્રમાણે ઘણે ભાગે ગુજરાતી ૭ ધોરણ સુધી મેળવે છે હાલ થોડો સમય થયાં એ જ્ઞાન ઉપરાંત રાજ્ય ભાષા તરીકે અંગ્રેજી ભાષાનું જ્ઞાન મેળવવા કેટલોક વર્ગ ઉત્સુક થયેલો જણાય છે આ કાર્ય જમાનાએ કરેલું કહી શકાય પણ કુદરત જે કામ કરે છે

બીજા તેલ વાપરી વાળ બગાડવા કરતાં કામીનીયા ઓઇલ વાપરવા ભલામણ કરજો

સેટનો રાજા **ઓટો મોહિની** (રજીસ્ટર્ડ)

ચમેલીના ફુલોનો બહાર

માત્ર ચારજ ટિપા રૂમાલમા નાખો અને તમારી પાસે ચમેલીના ફુલોનો એક તુરો હોય એવી કરશે પણ તેમા ખાસ ધ્યાન ખેચનારૂ એ છેકે જ્યારે ફુલોનો તુરો તેની સુગંધ ખોઈ માજ પડતા કરમાઈ જાય છે ત્યારે આ સેટના માત્ર ચાર ટીપા ચાર દિવસ સુધી ચાલુ સુગંધ આપશે તેની આ દીલખુશ અને અત્યંત અગત્યની ખુબીના સબબે, મજબુત હરીફાઇ અને તપાસ છતા તેને કેટલાક મ ર્શનોમા સોના અને રૂપાના ચાંદ મળ્યા છે



ઉપર લખ્યા પ્રમાણે તેની વાસ ટકની નથી એવુ સાબીત કરનારને રૂ ૧૦ ઇનામ મળશે

અર્ધો આઉંસ ની મચના ચુચવાલી સીસીના રૂ ૨ } ખ્યાલમા રાખવા લાયક ઓટો મોહીનીના
૧ ડ્રામની સુંદર દબુના ૧૨ આના } સુગંધી હાડો ૧ ડઝનના ૧૨ આના.

અત્તરોનો ઝરો એટલે બીજુ કઇ નહિ પણ જગમશીદ્ધ

રોબીનીયા

હેઅર આઇલ

આ સુગંધી તેલ માથામા નાખવાથી બાલ સુશોભીત, ચળકતા અને લાબા વધે છે માથામા નાખવાથી હજારો ફુલોની મીઠી ખુશબો આપશે તેથી વધારે લખવાના કરતા માત્ર એકજ બાટલી વાપરી ખાત્રી કરો

કી બાટલી ૧ નો રૂ ૧-૦-૦ પોસ્ટેજ જુદુ

એકલા માલિકો —ધી ઓરીએન્ટલ ડ્રગ એન્ડ કેમીકલ કંપની

એકલા આડતીયા —મોહીની એજન્સી.

જુમા મસ્જીદ મુંબઇ

તેને હમેશા બહુ વિનબ લાગે છે તેને ટેકાની ખાસ જરૂર હોય છે ટેકા વગરની વેલ જમીન ઉપર પથરાતા જોઇએ તેવી ફાલી, ફુલી શકતી નથી પણ જો તેને ઉચે ચડવાનો આધાર આપવામા આવે તો તે ઝટ બહાર આવી પોતાનુ રૂપ પૂર્ણ પણે પ્રકાશી શકે છે

રાજ્ય ભાષા અંગ્રેજી હોવાથી તે ભાષાનુ જ્ઞાન મેળવવુ એ જ્ઞાન તો દરેક હિંદુની ફરજ થઇ પડી છે તે પ્રમાણે આપણે પણ એજ માર્ગે આગળ વધ્યા સિવાય ચાલે એમ નથીજ એ કેળવણી પરિપૂર્ણ નહિ હોવાથી એની વિષમતાના ફળો હિંદુ સમાજે ચાખ્યા છે અને હજુ ચાખશે અંગ્રેજી કેળવણી લેનાર કેટલાક ઘણીવાર ઉતાવળીઆ બની જૂનુ એટલુ બધુ ખરાબ અને અસત્યથી ભરેલુ માની લઇ તેનો ઉચ્છેદ કરવા ધસી જાય છે એટલુજ નહિ પણ પોતાની સાદાઇ અને પવિત્રતા છોડી પોતાની સ્થિતિનુ ભાન રાખ્યા વગર ફક્ત અને ફેશનેબલ થવા તરફ દોરાઇ જાય છે અને પરિણામે અધૂરી કેળવણી લઇ અતો ભ્રષ્ટ અને તતો ભ્રષ્ટ બની બીજા માટે એ કેળવણી લેવાનો માર્ગ બંધ કરે છે આવી સ્થિતિ દરેક અંગ્રેજી કેળવણી લેનારની થાય છે, એમ માનવાનુ નથી કેટલાક સારા અને પવિત્ર હશે, પણ તે સખ્યા બહુ જુજ હોય છે માત્ર જેઓ આગળ વધી શકે છે તેઓજ તે પછી ખરી વસ્તુ સ્થિતિ સમજી આદર્શરૂપ બને છે બાકી અપૂર્ણ કેળવણી લેનાર વર્ગને તો બહુ શોષવુ પડે છે

આપણી આર્થિક સ્થિતિ સારી નહિ હોવાથી આપણા વર્ગમા જે ગ્રેજ્યુએટ થાય તે સદ્ભાગી ગણાય છે આપણી જ્ઞાતિમા એવા સદ્ભાગી મનુષ્ય ગણ્યા ગાંઠ્યા જ છે આપણો ઘણો ભાગ ગરીબ હોવાથી આ મોંઘી કેળવણીથી બેનશીબજ રહે છે સદ્ભાગ્યે કેટલાક કસબાઓમા શરૂઆતના ત્રણ ચાર અંગ્રેજી ધોરણો ઘેર શીખવાનુ મળતુ થયુ છે જેથી ઘણે ભાગે દરેક છોકરા કેળવણીની શરૂઆત કરે છે પરતુ ઘર આગળ કેળવણી પૂરી થતા એમને આગળની કેળવણી માટે સુરત નવસારી કે એવાજ બીજા સ્થળે મોકલવાની એમના વડીલોને ફરજ પડે છે અને એમ કરતાં વાહેરગાનુ માસિક ખર્ચ રૂપિયા ૧૨ થી ૧૫ આવે છે શહેરમાં રહેવાની યોગ્ય સગવડ નહિ હોવાથી ઘણીવાર નિરાશ થવુ પડે છે એટલુજ નહિ પણ શહેરનુ જીવન કુમળી વયના બાળકોને ભયકર હોવાથી નિરકુશપણે પોતાના બાળકોને એમના મોકલતાં અચકાય છે અને ઘણીવાર કેળવણી લેવાનુ મોકુફ રાખવુ પડે છે

ઉપરની સ્થિતિ ધ્યાનમા લઇ કેટલીક જ્ઞાતિના અગ્રેસરોએ પોતાની જ્ઞાતિના વસતિગૃહ એવા શહેરોમા યોગ્ય દેખરેખ નીચે કાઢ્યા છે જેમા જ્ઞાતિના બાળકો પૂર્ણ ઉત્સાહથી કોઇપણ ભય વગર કેળવણી લે છે અને એ રસ્તે જ્ઞાતિની ઉન્નતિ સાધી શકાય છે એવા વસતિગૃહોમાં બીજી કોમના વિદ્યાર્થી દાખલ કરતા નથી જેથી આપણી જ્ઞાતિના ભણતા વિદ્યાર્થીઓનો કોઇ ભાવ પૂછતુ નથી અને જો કોઇ એવે સ્થળે જાય તો તેને તુરત પાછીનુ આપી ગમને પાડે છે આ બાબતનો મને એક વખત અનુભવ થયો છે જે આપની આગળ રજુ કરૂ છુ એ તે ખરી વસ્તુ સ્થિતિ આપ સમજી શકશો

(અપૂર્ણ)

કામના બોજાથી મ્હારો આ મ જને શાન કરવાની ખુશી કામનીયા ઓઇનમા છે

સ્નેહીનો સંવાદ

(ગયા અંકનુ અનુસંધાન)

મોભામબુદ્ધિ— બસ કરો, કુશાગ્રભાઈ શુ અમારો સ્વતન ધણી અમારે મુકી દેવો બ્રાહ્મણોનો તો ભીખ માગવાનો ધંધોજ છે શુ દાનનો શોભિત વગ વિશ્વામિત્રકે વશિષ્ટની સરખામણી કરી શકશે ! નેકટાઇ પહેરી સ્હેલ સટાક કરી એટને અમે ભણ્યા, ફકત નોકરી મેળવવાજ જ્ઞાન વિદ્યા ઉપાર્જન કરવામાં આવે છે હવે ની સુધરેલી બાળા તો જુઓ પોલકા ચોળી પ્હેરી પગીઆ પાડી નાયકણો તથા નાટકની નટીઓ જેવી લાગે છે વળી તમે તો સુધારા કુધારાપર ટાયધા કરો છો બાળલગ્ન કે જેના ઉપર ઉચ્ચ કુળની પ્રભુતાનો આધાર છે તે તમે અટકાવવા માગો છો શુ અમારા નના બાળકોને સાસરે જવાના લ્હાવા અમે ખુચવી લઇશુ ! રડના કુટવાનો બાપ દાદાથી ચાલતો આવેલો ધારો શુ તમો કાઢી નાખવા માગો છો! જ્ઞાતિ ખર્ચ કે જેના ઉપર કુટુંબની મોટાઇનો આધાર છે એ કાઢી નાખવાના તમારા પ્રયત્નો પ્રભુ કોઇ દીવસ પણ પાર ન પાડે મરણ કે લગ્ન વખતે તમારી પાસે પૈસા છે એ શી રીતે જણાય અમને આબરૂ કેવી રીતે મળે એ બધાનો આધાર મ્હોટા મ્હોટા જ્ઞાતિ ખર્ચ ઉપરજ છે તમે બળેના સુધારાની ટાયપર ચડી સાહેબ લોક થઇ જવા માગો છે પરદેશ જઇ વટલવા માગો છો પણ જ્યા સુધી ઘરડા છે અને અમારા જેવા જુના વિચારના દયાલ છીએ ત્યાં સુધી તો એમાંનુ કશુએ વળશે નહી

કુશાગ્રબુદ્ધિ—(વિચાર કરી ધીરે થી) મોભાભાઇ આટલો બધો તિરસ્કાર ભણેલા માટે શુ કરવા જોઇએ જ્યાં સુધી બ્હારના વિચારો તમારા જાણવામાં આવ્યા નથી ત્યા સુધી આ સંકુચીત વિચાર કાયમ રહેશે અંધકાર, ફેશન ફેશનઆગીમાં ફસા એ તાને તમે જ્ઞાની માનો છો ? શિક્ષીત વગ કહો છો ! દુનિઆમાં કોઇપણ વાત ગેરફાયદાની તો નથી છતા પણ શામાં વધુ લાભ સમાએલો છે તે જાણવાની જરૂર છે

જુઓ ડાકટર દાદાભાઇ નવરોઝજી કે મી ગોપાળ કૃષ્ણ ગોખલે કે જેમનુ આખુ જીવન દેશ સેવામા જ નિમગ્ન થયુ હતુ જુઓ સ્વામી વીવેકાનંદ કે શંકરાચાર્ય માધવતીર્થ મહારાજ કે જેમનુ જીવન હીંદુ સનાતન ધર્મ પ્રસારવામાં તલ્લીન હતુ જુઓ સુરેન્દ્રનાથ બેનરજી કે લોકમાન્ય તીલક કે જેમનુ જીવન સ્વદેશી હુન્નરકળા વધારવામાં તથા સ્વદેશી ચીજો વાપરવામાં તલ્લીન છે આવા નર રત્નો દેશમાં દાખલા રૂપ છે મી મોહનલાલ ગાંધી એ સાકારનુ તદ્રુપ ક અને સત્યાગ્રહની લડાઇને માટે પ્રખ્યાત છે એવા નર રત્નોના ઉદ્દેશોનુ અનુકરણ કરી એમને પગલે પગલે ચાલી ઉન્નતિનો ક્રમ માગ શોધી કાઢવાની જરૂર છે જુનું તેટલુ સારૂ માની સડો પામેલા રીવાજો ન સુધારવાથી આખી જ્ઞાતિને ધક્કો લાગશે જ્યાં જ્યાં સુધારાની જરૂર જણાય, ત્યા ત્યા રીતોની સત્તા ... સમનવીને પણ સુધારો સત્વર કરવાની જરૂર છે બાળલગ્નથી જે તમે ધારતા હો કે કુટુંબની પ્રભુતા જળવાય એવી

પરમેશ્વરે મનુષ્ય જાતને વાણી ખુબ કુદરતીને માટે આપી છે

પ્રસુતા નથી જોઇતી આપણી પ્રજા કેવી નીમાલ્ય થઇ ગઇ છે જેના ઉપર ભારત દેવી ભક્તિ સેનાના આધાર રાખે, તે તો ઉધરતી નસમાજ આ દુષ્ટ રીવાજને લીધે મરણ શરણ થઈ ગયા હાન છે હજારો નીરાધાર બાળાને વિધવા જોઇશુ આપણને ઉદ્વેગ નથી થતો બાળલગ્નથી જો તમે તમારા સંતાનોનુ શુભ ઇચ્છતા હો તો હુ ધારૂ છુ કે તમે એવી હદ તા દુશ્મનો થાઓ છો એટલુજ નહી પણ તેમના ધુળમય જીવનને માટે તમેજ જવાબદાર છે આ દુષ્ટ ધારો જ્યા સુધી નષ્ટ ન થાય ત્યાં સુધી દેશની કે જ્ઞાતિની ઉન્નતિ થઇ શકે એમ નથી ખોટા ખરા જ્ઞાતિ ખર્ચ કરવાથી શુ મોટાઇ માનવામા આવે છે? કરજ કરી મોસાળીના વરસમા કુટુબની મોટાઇ જાળવતા પોતાની ફજેતી કરવી શુ અયોગ્ય નથી? મરનારની પાછળ રડવા કુટવાથીજ શુ દીલગીરી જાહેર થાય છે? આવા અનેક કુધારા, એની મેળે જ કેળવણીના પ્રચારથી નષ્ટ થશે અને જ્ઞાતિના ઉદયનુ લક્ષ્યબીંદુ હાથ લાગશે

સોભાગ્યબુદ્ધિ—(ઉપકાર ની દ્રષ્ટીથી) કુશાગ્રબુદ્ધિ એ તો નિર્વિવાદ વાત છે કે આપણી જ્ઞાતિમા સુધારાની તેમજ કેળવણીની ઘણીજ જરૂર છે પણ ભાઇ એ શી રીતે પાર પડે

કુશાગ્રબુદ્ધિ—ખરેખર ભાઇ આધુનિક સમયમા બાહ્ય ડોળ કરનારા ઘણા છે પ્રાગભાગ્ય થઇ તેઓ કઈ કરી શક્યા નથી જ્યા સુધી નિસ્વાર્થબુદ્ધિથી માનની ઇચ્છા વગર ખરા મન કરવામા ન આવે ત્યા સુધી કોઇ પણ રસ્તે ધારેલુ કામ પાર પાડી શકાશે નહી વળી નીસ્વાર્થ સતોષી પણ ઘણા જોવામા આવે છે પરમાર્થ કરનારને માન તો ક્યાથી મળે પણ હરકત વિઘ્ન આવી મળે છે આવા કષ્ટોમાથી સહીસલામત પસાર થતા દ્રઢતા તથા ખતની જરૂર છે સોભાગ્યભાઇ જ્યા જ્યા કેળવણીના ઉત્તેજનાર્થે યોજના કરવામા આવી છે ત્યા આપણે મન સમજાવી લીધા છે જે મન દાનમા પ્રધાન છે તે કરવા વિનતિ કરવાની છે ઝોળીઓ નાખી અપમાનના શબ્દો સાંભળી ભીખ માગતા શરમ લાગે પણ સાર્વજનીક પરોપકારી કામમા લાગેલી ભીખ માગતા જરાએ શરમ લાગતી નથી ગણો પરિષદ પ્રભાકર વગેરે જ્ઞાતિ સસ્થા જ્ઞાતિ સુધારાને માટે છે તો એવી સસ્થાને બાલ્ય અવસ્થામાથી ભર જુવાનીમા આણેલી જોવા સર્વે એ પ્રયત્ન કરવાની જરૂર છે જો આપણે આપણી જ્ઞાતિનો ઉન્નતિ માર્ગ શોધી કાઢીશુ તોજ આપણુ જન્મ્યુ સાર્થક સમજવાનુ છે નહિ તો ધાબાણુ થઇ ધોબીને ગુગડા ધોવા કામ લાગત તો વધુ સારૂ આપણી જ્ઞાતિમાથી નરરત્નો કેમ ન પાકે જો જોઇતા સુધારા કરવામા તથા કેળવણીનો પ્રચાર કરવામા અનતિ મહેનત તનમન ધનથી કરવામા આવે તો જરૂર આપણને જ્ઞાતિનાં ઉદયનુ લક્ષ્ય બીંદુ હાથ લાગશે કિમધિકમ્ કિં બહુના

સોભાગ્યબુદ્ધિ—હુ તથા મ્હારા આત્મીકો તો આવા પરોપકારી કામમા જરૂર જોડાશુ અને કેળવણીમા જ્ઞાતિનો ઉદય એજ આમાં નેમ છે ભાઇ રાત્રીનો વખત થઇ ગયો છે માટે રજા લઇશ જે જે

ઉ મા પાઠ-

स्त्री शिक्षण



૧ સંસારમા ધન નામના ગાળાસ ૧ મ નથી તેથી માણસ માત્રે પોતાની યોગ્યતા માફક સુખ તથા પ્રતિષ્ઠાથી રહેવુ હોય તો થાડુ ઘણુ ધન એકઠ કરવુ જોઇએ
૨ ધન અને ન કરના છ જમી , ધા ય, પણુ ગોનુ રૂ વગેરે થાવર જગમ ધન કે પરતુ ો ધા ા વખત સુધી ર ના અસભનિત છે અને વિદ્યા અક્ષય ધન છ તેથી ા અવસ્ય સ્ત્રી પુરૂષોએ મેળવવુ જોઇએ
ઘરનુ ામ સ્ત્રીનુ છે તેથી ઘાની નાસ્ત્રિયે કહ્યુ છે કે સ્ત્રી ગૃહિણી છ પરતુ તે કેળ સ્ત્રી નતિમા જ મ નેરાની ધેવાની થી પણ ધમ શાસ્ત્ર નિતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર શાકશાસ્ત્ર, ભરત ગૂંથવુ વધુ, િનનાનુ ભરવાનુ ન ગ શીખવાથી કહેવાય છે
૪ સ્ત્રી કુટુ બને સમાજને તથા રાજ્યને મ ર્તાં છે તેથી તેને ' દાસી કહેવી નહિ જોઇએ પણ સ્ત્રી નીચે મુજબ છે

अर्धभार्या मनुष्यस्य भार्या श्रेष्ठतम सखा ।
भार्या मूल त्रिवर्गस्य भार्या मूल तरिष्यति ॥

૫ આ ોએ પુરસદના વખતે સારા સારા પુસ્તકો તથા સીતા સાવિત્રી અરૂ ધતી લોપામુદ્રા દમયતી વગેરે સાધ્વી સ્ત્રીના જીવન ચરિત્ર વાચવા જોઇએ જેથી ભોગ તેમો તથા હાનીકારક રીવાજ દૂર થઈ સમ માગ જવાય

તા ૨૧-૧૧-૧૬ ી ની

શ્રીમતિ મણિના અ બેનાન હરિપ્રસાદ ની પુત્રી

બોધ વચન



૧ ગવ મેહની પરવા કરતા નથી તોપણુ થોડાક ગવની પરવા કરે છે ખરા
૨ ભૂન એ ેક એવી નતનો છોડ છ કે સારી અને નમળી ગમે તેવી જમીનમા ઉગી નીકળે છે
૩ મૂખાઓને ઉધારવા પડતા નથી એની મેળે ર ની બી આવે છે
૪ સ્વભાવ-મિ ન ર અને રત્ન (હીરા) એવા કીમતિ પ િો છે કે તે ખોવા નહી જોઇ ે
૫ અવિશ્વાસ અને શક મિત્રતાના ભોગ શત્રુઓ છે
૬ અયોગ્ય શબ્દો તથા પથરા મનમા આવ સા ફેકવા નહિ
૭ મૂર્ખ કરતા મગધા સારા છે કારણ મગધા ોગ્ય સમય ચોક્કસ શબ્દો બોલે છે પણુ મૂખ તો ામે ત્યારે ગમે તે શબ્દો બોલે છ
૮ તમામ સુખનો પાયો ઉદ્યાગ છે

કામીનીયા ઓઇલ, વનસ્પતીના સત્વનુ બનેલુ છે

૯ માણસમા ઘણા સદ્ગુણ હાય તેને ઢાકવા દુર્ગુણ ગ્રહણ સમ છે

૧૦ આફતથી સતાપ ન કરવો કારણ ઘણા મોટા પુરૂષો આફતના કષ્ટથી ઉચ્ચ સ્થાન પામ્યા છે

૧૧ આપત્તિના વખતે આપણા કરતા વધારે આપત્તિ ભોગવનારાની દશા જોવાથી માણસનુ આપત્તિ જન્ય દુખ ઓછુ થાય છે

૧૨ ખરાબ પુરૂષ વિદ્વાન હોય તો તકરારી હોય, પૈસે ટકે સુખી હોય તો અભિમાની હોય અને શરીરે બળવાન હોય તો બીજાને મારફાડ કરે પણ સદ્ગુણી પુરૂષ વિદ્વાન થાય તો જ્ઞાની બને છે, પૈસે ટકે સુખી હોય તો ગરીબને ઉપકાર કરે છે અને શરીરે બળવાન હોય તો નબળાનુ રક્ષણ કરે છે

૧૩ અમુક સ્વાર્થી અને નિર્દય માતા પોતાના છોકરાને [illegible] જોઈ નણંદના છોકરા નહિ જાણે તેમ ચોરીથી ખાવાનું પાન આપે છે એમ કરી પોતાના છોકરાનો ભવ બગાડે છે અને તે છોકરા સ્વાર્થી અને નિર્દય બને છે જ્યારે બીજી એક ભલી માતા પોતાના છોકરાને કદાચ ખાવાનુ આપે ત્યારે બીજા હાજર કે ગેરહાજર હાય તેના સરખા ભાગ પાડે છે અને એમ કરી પોતાની પ્રજાનુ ભવિષ્ય સુધારી તેને દયાળુ અને ઉદાર બનાવે છે

અભ્યાસી

ચર્ચાપત્ર



મુંબઈ તા ૧-૧૨-૧૬

મહેરબાન ઔદિચ્ય પ્રભાકરના તંત્રી

આપના ઔદિચ્ય પ્રભાકર માસિકના આ ચાલુ અંકમા નીચેનુ લખાણ લેવા કૃપા કરશોજી

જ્ઞાતિબંધુ શ્રી નવનિતલાલ નરોતમ શુક્લ,

મુ [illegible]

આપના તરફથી આ માસિકના ગયા અંકમા હરિ ઔદિચ્ય આશ્રમ ફંડની બાબતમા જે લખાણ કરવામા આવ્યુ હતુ તેના જવાબમા હુ આપને નીચે પ્રમાણે લખુ છુ જે ઉપર [illegible] આપવા આપને આગ્રહ કરૂ છુ

હરિ ઔદિચ્ય આશ્રમ ફંડ જ્ઞાતિ ઉત્તમ [illegible] કરે છે અને તેટલા માટે તેમના [illegible] ધન્યવાદ ઘટે છે

[illegible] બાબતમા લખવાનુ કે [illegible] આપણી [illegible] જ્ઞાતિના (૧૧ ચોરાના) [illegible] વિદ્યાર્થીઓને તેમાંથી [illegible] મદદ [illegible] પણ [illegible] [illegible]

[illegible] આ ફંડની સ્થાપના થયાથી [illegible] ફંડને હરિ ઔદિચ્ય આશ્રમ ફંડ નામ આપવાના આવ્યુ છે હરિ [illegible] તેમ [illegible] આપણી

આર્થિક [illegible] છે અને તેની [illegible] કરવા માટે

જ્ઞાતિના અંકલેશ્વર, વરીઆવ, દીહેણા, નરથાણુ વીગેરેના ઉ ૧૨ ગૃહસ્થો યથાશક્તિ કંઈપણ ભિન્નભાવ રાખ્યા શિવાય ફકને રાંદેરના થાન નામથી જ આશ્રય આપે છે તો પછી રાંદેર નામ કાઢી નાંખવાની આવશ્યકતા શી રહી? આપને પોતાને જે નામ કાઢી નાખવાની સુચના કેમ કરી પડી? આવી રીતની સુચનાઓ કરી જ્ઞાતિમા ભિન્નભાવ ઉત્પન્ન કરવા કરતાં રાંદેરના તેમજ વરીઆવ વિગેરેના સ્વજ્ઞાતિના ચાનુ જડોને યથાશક્તિ તન, મન અને ધનથી સહાય કરી રેમ જ્ઞાતિબંધુને તે પ્રમાણે કરવા ઉપદેશ કરી જ્ઞાતિના ઉધરતા બાળવિદ્યાર્થીઓને ઉચ્ચ કેળવણી લેવામા નડતી અડચણો આવા અનેક ફડ તથા મંડળો ઉભા કરી તે દ્વારા દુર કરી જ્ઞાતિ ઉન્નતીના પમાથ મથવામા મચ્યા રહેશો તો સમગ્ર જ્ઞાતિનુ (એટલે આપનુ પોતાનુ પણ) કલ્યાણ થશે અને તેથી આ લખનારને પણ વિશેષ આનંદ થશે

લી એક જ્ઞાતિબંધુ

મુંબઈ તા ૨૭-૧૧-૧૧

રા રાજેશ્રી ઔદિચ્ય પ્રભાકરના અધિપતી જોગ,

આપના ઔદિચ્ય પ્રભાકર માસીકમાં નીચેનું લખાણુ યથોચિત સ્થાનમમા પ્રગટ કરવા કૃપા કરશો

સુરત પાસે આવેલા ગામ વરીઆવમા શ્રી દત્તાત્રેય સંસ્કૃત પાઠશાળા ચાલતી હતી પણ હાલમાં બે ત્રણ વર્ષ થયા તે બંધ થઇ છે એ પાઠશાળાને ઘણા ગામો તરફથી સારી મદદ મળી હતી છતા શા કારણથી તે બંધ થઇ છે તે સમજ પડતી નથી પાઠશાળાની મોટી સીલક હજુ સેક્રેટરીના હાથમા છે સેક્રેટરીએ હજુ સુધી કોઈ રીતનો હિસાબ બહાર પાડ્યો નથી અને સીલક બાકી છે તેની શુ વ્યવસ્થા કરવામા આવી છે તે મેમ્બરોની જાણ માટે પાઠશાળાના સેક્રેટરી પોતાનો ખુલાશો બહાર પાડશે એવી પુર્ણ આશા છે

લી પાઠશાળાનો મેમ્બર

શોકજનક મૃત્યુ—નરેશ્વર નિવાસી ભ જદુરામ દુર્લભરામ તા ૧૬-૧૧-૧૯૧૧ મીતિ કાર્તિક વદ ૭ ને ગુરવારે એકાએક મૃત્યુ પામ્યા છે સ્વર્ગસ્થ જ્ઞાતિ પ્રીતિ પ્રાચીન અને અર્વાચીન મતને મળતા થઇ નિષ્પક્ષપાતપણે કાર્યો કરનાર હતા પાનવાડા ઔદિચ્ય જ્ઞાતિની અનેશ્વરમા એકત્ર થએલી પરિષ ના સન્માનકારીણી સભાના પ્રમુખ તરફથી તેમણે પાનવાડા ઔદિચ્ય જ્ઞાતિના ઇતિહાસને લગતું એક ભાષણ આપ્યુ હતુ અને છેલ્લા છેલ્લા તેમના મૃત્યુની આગ આ વર્ષના આ માસીકના નવેમ્બર માસના અંકમા ગદ્દબ્રહ્માસ્તનુ કાવ્ય લખ્યુ હતુ જે તેમણે જાણે અગ્નબ્રહ્માસ્તિત્વ પામવા માટેજ લખ્યુ હોય એવુ સ્મરણ કરાવે છે પાનવાડા પરિષદ એક આગેવાન પ્રવાહક ગુમાવ્યા છે એમના કુટુંબે એક દુખથી ઘણાઓના વડીલ ગુમાવ્યા છે અને અમારા માસીકે એક સહાયક ગુમાવ્યા છે પરમાત્મા એમના આત્માને ચિર શાંતિ આપો એવી અમારી નમ્ર યાચના છે

ત ન્રી

કામનીયા આઇશ મળવાનુ ઠેકાણુ

પુસ્ત- પરિચય

આભાર સ્વીકાર—'સત્સંગ' માસીકના શ્રીયુત તંત્રી તરફથી અવલોકનાર્થે અમોને મોકલવામા આવ્યુ છે ઉક્ત માસીક સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મોપદેશો, શિક્ષાઓ વિગેરેનુ મારી, બુદ્ધ અને શરણ ના રામા સ્ફોગ્ન કે છે, અને 'યથા નામ તથા ગુણા' પ્રમાણે એમા લેખો વિગે મન । કરવા યોગ્ય આવે છે અમો આશા રાખીએ છીએ કે ઉક્ત સંપ્રદાયના તેમજ અન્ય તદ્દનો તરફથી તેને પુરતિ સાહાય મળશે-તો જન સમુહને આ માસીક વિશેષ લાભ ાયિ થઇ પડશે

ભામિનિ વિનાસ પુસ્તક કર્ત્તા—રા ગ પુરુષોત્તમ જો ીભાઇ ભટ્ટ તરફથી અમોને અવલોકનાર્થે મળ્યુ છે

બ્રહ્મતત્વ માર્તા અને સધ્યા િપ્રક્રમો—લેખક રા રા. જોશી હંસરાજ વિ ણુરામ ઉક્ત પુસ્તક પણ અવલોકનાર્થ મળ્યુ છે

સ્થળ સંકોચને લીધે ઉપ ોક્ત પુસ્તકોના અવલોકન અત્ર આપી શક્યા નથી તે હવે પછીના અંકમા આપીશુ

તંત્રી

ઔદિચ્ય પ્રભાકર આશ્રય ફંડ

અમોને ઘણા ગ્રાહક બંધુઓ તરફથી લખવામા આવે છે કે, માસીકનુ કદ કાંઇક મોટુ કરો થોડા પાના વધારો વગેરે માગણી આવે છે આજકાલ લડાઇને લીધે મોંઘ વારી વધી ગએલી છે અને કાગળો તેમજ છપામણી ખર્ચ વધુ આવે છે છતા અમોએ વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે । ૧) એક જ રાખ્યુ છે અમારો ઉદ્દેશ માસીક દ્વારા દ્રવ્ય પ્રાપ્તી કરવાનો નથી પરંતુ જ્ઞાતિ સેવા છે અને માસીક જેમ બને તેમ આપણી જ્ઞાતિમા વધુ ફેલાવો પામે અને જ્ઞાતિ બંધુઓ કાંઇક જાગૃત થાય એવા ઉદ્દેશથીજ માસીક મુંબઇ ખાતેથી નિયમીત રીતે પ્રગટ કરવાનુ સાહસ ઉપાડ્યુ છે ઘણી રીતે વિચાર કરી આ ફંડ ખોલ્યુ છે અને એમા જે કોઇ જ્ઞાતિ બંધુઓ સહાય કરવા ઇચ્છતા હોય તેમણે અમોને મુંબઇના શિરનામે જ મોકલી આપવા કૃપા કરવી અમારી પાસે ખર્ચને પહોંચી વળવા જેટલી રકમ થવાથી માસીકના કદમા વૃદ્ધી કરવામા આવશે

પહોંચ

૮-૦-૦ પુજ્યપાદ મહાત્મા શ્રીમત્પુરુષ ચામા તરફથી આશ્રય ફંડમા.

૫-૦-૦ શ્રીયુત મનીશંકર મંછારામ ભટ્ટ મુંબઇ

૧-૦-૦ મેસર્સ દમયંતીના ભામની કુ૦ શીન સ્ટોર સપ્લાયન-ફોર્ટ મસ્જીદ ઓફ કોમ-મુંબઇ

૫-૦-૦ મેસર્સ રતનલાલ ગોન્ડ કું૦ મોત સ્ટોર સપ્લાયર્સ-ટો મન ઓફ મ -મુંબઇ

ધી એજન્સી ઇંડીયન ડ્રગ એન્ડ કેમીકલ્સ કું મુમ્બા મસ્જીદ-મુંબઇ

લવાજમની પહોચ



રૂા
૧ રા રા આર એન જોશી આમનેદા
૧ , ભાગચ ન ગીશ ર ભટ અ ણુદ
૧ , પુ પોતમ નેગીભઇ ભટ સુરત
૧ કેશવરામ ફકીરભાઇજોશી કન તા
૧ , ભટ કા ીરામ જયશ ર જુના ।
૧ , વૈદ્ય દયાશંકર ફકીરભાઇ પનસાણા
૧ નાભશંકર શામળભાઇ ત્રીવેદી
ડી એ મામલતદાર બારડોલી
૧ , અધ્યારૂ નરભેરામ ન ારામ
૧ દેશાઇ ગ। મેલાનન્દીપ્રસાદ વડાદરા
૧ પા ઠ જગ નાથ મ ખારામ ,
૧ દેશાઇ રણછોડલાલ અમૃતલાલ
૧ અધ્વર્યુ ગજા । દ આ બારામ
બોરીવલી
૧ યાસ ન ભેરામ જીવણરામ વલસાડ
૧ , યાસ માધવરામ કલ્યાણજી સુરત
૧ વ નભરામ આત્મારામ
૧ રાવસાહેબ ગણ ાતરામ અનુપરામ
નવાડી
૧ રા રા સુરજરામ રા નરામ ઠાકર
૧ પ્રાણનાથ અભેરામ પાનેરીઆ
૧ , ગણપતરામ નાભશંકર ાસ
૧ ભટ માણીશંકર મ છારામ મુબઈ
૧ , રાવ મ ાનલાલ ભાણજી
૧ , ગીરજાશંકર દયાશ ર વદ્ય ,
૧ મહીપતરામ દેલતરામ દવે
૧ ગુનાબરાય કેશવરામ ભટ
૧ , ઈ છારામ બાળકરામ પાઠક
૧ કણભાઈ નરભરામ
ત્રીપુરાશંકર ૮ટાશંકર વ્યાસ
૧ ૧ દરાય શ કર દેશાઇ
૧ કરૂણાશંકર વ ગીશંકર ત્રીવેદી
૧ શીવનપ્રસાદ બાળપ્રસાદ
ઉપાધ્યાય
૧ અમીઅતરામ કેશવરામ પાઠક ,
૧ વણીશંકર નરભરામ ભટ
૧ , મગનલાલ નરભેરામ પા ક ,
૧ ,, કલ્યાણજી જયકૃષ્ણ ભટ
૧ , ત્રવાડી મણીશંકર જેઠાશંકર સુરત

રૂા
૧ રા ગ કાશીનાથ ઉત્તમરામ પાઠક મુંબઈ
૧ , વૈદ્ય ગણપતરામ દનપતરામ
ઠાકરપોરીઆ ,,
૧ ડા૦ નાથાલાલ કેશવરામ
૧ ,, ભ ધીરજરામ ચંદ્રશંકર
૧ , ૧૦ નાથુભાઈ લક્ષ્મીરામ
ઘરબાપોરીઆ ,,
૧ ભટ જગનાથ મહાદેવ ,
૧ રવીશંકર નભાશંકર વ્યાસ ,
૧ ભ ગજારામ ન મીરામ
૧ , વ્યાસ નગીનદાસ મોરારજી ,
૧ ભ નારૂશંકર વણરામ ,,
૧ શાસ્ત્રી રાજારામ રામશંકર ,,
૧ , રણછોડજી રામશંકર ભટ ,
૧ , કીરતરામ ત્રી માસ્તર ,
૧ હરગોવિંદ હરીનારાયણ વ્યાસ
દીવાન સાહેબ રાધનપુર
૧ દવશંકર નનુરામ પ ખા મુબઈ
૧ , ગુનામઅલીઅમીમહમદની કું
૧ વદ્ય હરગોવિંદ હરીદત્ત ઠાકર ,
૧ , ઇચ્છારામ દયાળજી પાઠક સુરત
૧ , મણીશંકર દયાળજી પાઠક મુંબઈ
૧ ધીરજલાલ જેઠાભાઇ ાસ પીઆ ,
૧ , ડા ભગવાનજી ગીરજાશંકર
વ્યાસ બારડોલી
૧ , દનપતરામ દવશંકર અધ્વર્યુ મુંબઈ
૧ ઝીણાભાઇ નારણજી દેશાઇ ,
૧ મેસર્સ જે મોની એ ડ કું ,
૧ રા રા હરગોવનભાઇ ભવાનીશંકર ભટ
૧ મેસર્સ મથારાકર ઠાકરની કું
૧ રા રા રામશંકર મોહનલાલ પાઠક
૧ ડા ધીરજરામ હરીરામ
જોશી ઘરબાપોરીઆ
૧ પા ક ઉત્તમરામ હરીરામ ,
૧ , કેશવરામ નરભેરામ ભટ સુરત
૧ ત્રીવેદી અમીયતરામ ન ભરામ
૧ , કૃષ્ણરામ અનુપરામ નવાડી ,
૧ , જીવણરામ ગીરજાશંકર ત્રીવેદી
મુંબઈ



કેડે છોકરૂ ને ગામે શોધ્યુ !

આનુ તાવની બીમારીથી બેજાર બન્યો, ડાકટરોના બીલ ચુકવતા થાકયા પણ તાવની ઘસા ઘટી નહી તેથી જીવો તેજાજ થયો ચીનસ ખુબ ખાને ઉંઘ ગને ટાઢ તો જુની ગની વનગી તે નીકળતા નહીં એક દીવસ બીછાને પડયો પડયો વીચાર કર્યો કે યા ખુદા ! શુ આ દુનીઆ સુધારાની દુન્યામા આવી બીમારીના કાંઇ ઉપાયજ નથી તમીગી નીધા એક નિ ફનતાજ છો એવામા નીંદરની સેવક ઉપર મસન થઇ ગને ગનક સ્વપનાના મુલકમા સેલ કરવા લાગ્યો, મે મને ઉધમા જગને જગત ભટકતો જોયો, જયા ની જાઉ ત્યા ગમ એ જ દેખાવ નજરે પડે તે શુ હશે ? તે ઝાડોનો મથાળે મળેલો એક સોનેરી દરખતે લટકાવેલો તખતો હતો કે જેની ઉપર લખેલા શબ્દો મારા વાચવામા આવયા કે "કેડે છોકરૂ ગને ગામે શોધ્યુ ! આ સ્વપનાનો મતલબ શુ ? ડાકટરને પુછયુ તો કહ્યુ જે એ બીમારીનો ઉપાય નજરની સામે છે ને થાઇ દવા ફના પછાડા મારે છે ! ના બધ કર અને ગમે તે મુગો મુગો ખાઇ પીને ફરી હરીને મજાહ કર, પણ ખાઉ શુ ? એનુ સ્વાદ ? રૂચી હોય તો ખવાય કે ! અને પગમા જોર હોય તો ફરાય કે ? એક દહાડા ધરમાની વીશીઓ જોતા મારી નજરે બાટલીવાળાનુ એગ્યુ મીક્ષ્ચર પડયુ, હા એ જો લીધુ તો કદાચ ફાયદો થાય એવુ વીચારી તરતજ એક બાટલી લીધી કે થોડી વારમા ફાયદો થશે એમ લાગ્યુ એમ ઉપરાસાઉપરી ભાગે પી એક બાટલી ખાલી કરી અને પછી જે પેલા ખુલ્લાની તાસીર સુમજ્યો મારે ભાગ્યો ! મારો દાખલો લઇ દુખી થવા કરતા બાટલીવાળાના એગ્યુમીક્ષ્ચર તથા એગ્યુ પીલ્સને ભુલતા ના નહીં તો આ રોગી કાઢી કુઢી તેમને ના ના કરવુ પડશે કોનેરાનો સરખી સરમ અને ફક્ત એમના ઇનામ ખાર લીવાળાની કુઇ લોકરન છે ને ઉપની ત્રણે ગોળાના મુનાની દવા એક ટેગણે રૂા ૧ મા મળશે

એકના બનાનાર—

ડાક્ટર હોરમસજી બાટલીવાળા,

વરલી બાજુ—મુબઇ

મીવીલ મરજ્યન

તથા એમ ડી ની ડીગ્રી ધરાવનારા મોટા ડાક્ટરો રાજા મહારાજાઓ, નવાબો, નામદાર સરકારના ધારા સભાના ઓનરેબલ મેમ્બરો શેર સ જને પોલીટીકલ એજન્ટ સરકારી સીવીલીયન ઓફીસર, અને દેશી તથા યુરો પીયન અમલદારો અને ગૃહ થીમા બાદશાહી ચાકુતી નામની વિશ્વવિખ્યાત દવા દિવસે દિવસે બહુ વપરાય છે એજ તેની ઉત્તમ ગુણકારી ફતેહમની અને ઉપયોગીતાની ખાત્રી છે ગવર્નમેંટ લેબોરેટરીમા આ રાજવાડી દવા એનાલાઇઝ થએલ છે અને તે બાબતનુ સરટીફીકેટ પણ મળેલ છે

બાદશાહી ચાકુતી


ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતન કાયમ રાખે છે આ રાજવરી ચાકુતી વીર્ય વીકારના તમામ વાધી મટાડે છે અને વીર્ય ઘટ બનાવી ખરૂ પુરૂ પાતન આપે છે ખરી ભૂખ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ નાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે આ દવા વાપરવામા કોઇ પણ જાતની પરેજીની જરૂર નથી ૪૦ ગોળીની ડબી એકના રૂા ૩ ફક્ત

બાદશાહી યુનાની લેપ

ઉમદા દવાઓમાથી આ લેપ બનાવેલ છે ખરૂ પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમદ નીવડેલ છે આઉન્સ એકની ડબીના રૂા આઠ

ડાકટર કાળીદાસ મોતીરામ

રાજકોટ—કાઠીયાવાડ



બીજા બધા બાલામૃતો આની નકલો

સંભાળજો, ૩૫ વર્ષ અનુભવેલુ, સર્વોત્તમ ઠરેલુ અસલ અને પહેલુજ

ડૉ. ગોખલે,

એમ૦ એ૦ એમ૦ ડી૦ નુ

બાલામૃત

કીમત ૦-૧૨-૦ ટપાલ ખરચ ૦-૪-૦

આ અસલ બાલામૃત જેવુ બીજુ એકે પણ ખાત્રી લાયક નથી. ઉત્તમ ગુણ આવવાને ૩ બાટલીઓની ટપાલ ખરચ સાથે કીમત રૂા ૨-૯-૦

સાર્સાપરિલા

સ્વદેશી દવાઓનો આરો ૧૪ ક જબરદસ્ત રક્તશુદ્ધિકારક અને શક્તિવર્ધક, ઉપ શ વિગેરે બધા દુષિત રક્તવાળા રોગો ઉપર ખાત્રી લાયક પનાજ થોડા પૈસામાં કેટલો બધો લાભ કીમત રૂા૦ ૧, ટપાલ ખરચ ૪ આના ઉત્તમ ગુણ આવવાને કોઇપણ દવાઓની ૪ ા શીશી મગાવનારને ટપાલ ખરચ માફ

હેલ્થોડાઇન

(અમૃતશા જીવની ચમત્કારિક માત્રા)

[જુના ગ્રંથોનુ સંશોધન કરી બનાવેલી ઉત્તમ માત્રા]


આમાં ધાતુ ભસ્મ ઇત્યાદિ રસાયન નથી પણ શુદ્ધ વનસ્પતિની છે આ માત્રા ફક્ત શક્તિ વીર્ય અને ઉત્સાહને વધારી અન્ન પાચન કરી લોહીને સાફ કરી વધુ ફાયદો કરે છે નીચેના દરદો એથી સારા થાય છે—અપચો અરૂચી, માથુ દુખવુ પેટમા થતો ગડગડાટ પિત્ત છારા ઓડકાર નળાબંધવાયુ ગાળ તથા કલેજાનો સોજો જીર્ણજ્વર (ધગી દમ ક્ષય ઉધરસ સુકી ખાંસી ફેફસાનો સમાડ પક્ષાઘાત સ્ત્રી અથવા પુરૂષને કોઇ પણ જાતની જતી ધાત અથવા સ્ત્રાવ અનિયમીત દુખીને થતો કે વધતો અટકાવ નપુંસકતા ધાતનુ પાતળાપણુ જનન ૯ ગીનો નબળાઇ, હસ્તક્રિયા (હાથરસ) ગુપ્તરોગ, શરીરમા લાંબા વખતની ગરમી, રાત્રીએ જતી ધાત, આધાશીશી, વિસ્મૃતિ સુવાવડનો તાવ પાંડુરોગ (ન્હાની ફીકાશ) આ માત્રાનો અનુભવ બધાએ લેવા ૧ માત્રા ૧ મહિનો ચાલશે

કિંમત ટપાલ ખર્ચ સાથે રૂ ૧ાા

પત્તો—હીંદુ ફેમિલી મેડિકલ હોલ,

૧૦૮ ઠાકુરદ્વાર રોડ, મુંબઇ નં૦ ૨

Register No. B 924



ઔદિચ્ય પ્રભાકર

પુસ્તક ૬ ઠું] ૧૫ મી જાનેવારી ૧૯૧૭ [અંક ૫ મો

વિષયાનુક્રમણિકા

ગ્રાહકો તથા લેખકોને સુચના

(૧) પ્રભાકર હવે મુંબઈ ખાતેથી પ્રગટ કરવામાં આવશે માટે સર્વ પત્ર વહેવાર તંત્રી ઔદિચ્ય પ્રભાકર–કટરાણું બીલ્ડીંગ નંબર ૨ કાંદાવાડી ગીરગામ મુંબઈ એ શીરનામે કરવો.

(૨) લેખકોએ પોતાના લેખો સ્પષ્ટ અક્ષરે કાગળની એક જ બાજુએ લખી તંત્રીને તા. ૧ લીની અંદર મળે તેવી રીતે મોકલવા. તેઓ પ્રગટ કરવા યા નહીં તે તંત્રીની મુનસફીપર રહેશે. પ્રગટ ન થયેલા લેખો પાછા મોકલવા તંત્રી બંધાયેલા નથી તેમજ લેખોમાં યોગ્ય સુધારો વધારો કરવાની તંત્રીને સત્તા છે.

(૩) સમસ્ત ઔદિચ્ય જ્ઞાતિના સર્વ સંસ્થાઓ તરફથી જાણવા યોગ્ય જ્ઞાતિ વર્તમાન મળેથી તે પ્રગટ કરવામાં આવશે. કોઈપણ નાતિ બંધુને સંસારીક, ધાર્મીક, આર્થીક અને ઔદ્યોગીક વિષયો ઉપર લેખો લખવા અમો સવિનય આમંત્રણ કરીએ છીએ. રાજકીય વિષયો ચર્ચવા એ આ માસીકનો ઉદ્દેશ નથી.

(૪) આ માસીક દર માસની તા૦ ૧૫ મીએ પ્રગટ થશે તો કોઈ ગ્રાહકને તા૦ ૧ અંદર જો ન મળે તો તંત્રીને ખબર આપવાથી યોગ્ય બંદોબસ્ત કરવામાં [illegible] લેવાનો રીવાજ હોવાથી સર્વ ગ્રાહક બંધુઓને [illegible] પોસ્ટેજ સાથેના રૂ ૧) મોકલી આપવા કૃપા [illegible] ની ઇચ્છા ન હોય તેમણે અમોને ચેતાવવા [illegible] માંથી જે કોઈ ગ્રહસ્થ ૧૦ દશ ગ્રાહક [illegible] મોકલી આપશે તેને આ માસીક મફત [illegible] તંત્રી

ધી ઍંગ્લો ઇંડીયન

॥ कर्मण्ये वाधिकारस्ते माफलेषु कदाचन ॥

ઔદિચ્ય પ્રભાકર.

પુસ્તક ૬ ઠું] પોષ ૧૯૭૩ [અંક ૫ મો

અમારૂ લક્ષબિંદુ


હરિગીત

સંસારની પટ ચાળને જે દિવ્ય શક્તિ ફેરવે,
જળ સ્થાં બનાવે સ્થળ વળી જે તૃણનો મેરૂ કરે,
દિવસ પછી જે રાત્રિ, ને રાત્રિ પછી દિન જે કરે
તે દિવ્ય શક્તિ સંગ્રહ મમ જ્ઞાતિ તણો ઉદ્ધાર કરે
બહુ વર્ષ ગાળ્યા દુઃખમાં, સુખ સંપથી અળગું કર્યું,
પશુવત પુરૂં આયુષ્ય કરતાં પેટ ભાળીને ભર્યું
વ્યાસંગ ના વિદ્યા તણો કે ઉન્નતિ પંથનો કર્યો,
પરિતાપ તેનો ટાળવા સહુ વિનતી આ ઉર ધરે,
કારણ બધાં અવનત દશાના ઘરનથી અટકાવવા
પરિણામ અવળા માર્ગના નજરે કરી તે ટાળવા
સહુ જ્ઞાતિ જનના ચિત્તને બહુ સ્નેહથી સંભાળવા
માસિક રૂપે છે જ આ ઉદ્યમ શા દર્શાવવા.
કોઇ કહે શો લાભ અમને દેશથી એ દૂર છે
કોઈ કહે 'જય ખાગ્વા આરંભમાં એ શૂર છે'
કોઇ કહે 'નહીં આવશે, કયાં કોઇનામાં નૂર છે
પ્રભુ ટેક રાખે સર્વની તો [illegible] મનાનો ધૂળ છે
"થાય છે હજુ વાર છે ઘો જામવા' પછી જોઈશું'
'રહેતા મળે મોટા પછી છોટા અમે પણ આવશું'

"ભ્રાન્તિ અમુક આવી મળે તો અમે આ યા ગોળશું"
'છે લાભ જેમાં શું અમો?' ચાલ તેજ નમાણશું!
'મારો મને (ના) કરો? પૂછી મને કાં વાતના?'
'પૈસા રીને એકઠા મિષ્ટાન્ન હેજ ઉરાડવા
વળી ફંડમાંથી ... થાશે સ્વજન જેવું કહે
બહુ રંગી અપવાદો મળે પણ ખરા સારનું છે તુમ્હે
નથી આશ યશની લેશ, કે નથી સ્વાર્થ માટે આ થતું,
નથી પક્ષ કે પરપક્ષ, વળી ના કોઈનું મન દુભાતું
નથી પાડતા તડ નવીન, પણ છે ટાળવું કુમ રૂપનું
બીજ બાળીને જ કુસંપનું, છે રોપવું બીજ ઐક્યનું
તિમિર આળસ પરહરી, આશય મહા હૃદયે ધરી,
મતભેદ ટાળી ધર્મ ધારી, ઉન્નતિ કરવા ખરી
આવી મળો સહુ સામટા, હ્યો સ્હાય આ યોગ્ય બની,
સહુએ મળીને સાધવી છે ઉન્નતિ જ્ઞાતિ તણી
આભાસ તૃષ્ણા ધારજો હૃદયે અભાગ ઉભરા
આળસ ઉરાડી આવજો સહુ સાથમાં સ્નેહે ભર્યાં
વળી મચાવો શૂર ... ઘુમ ગઇ છે જે પડી
રહેશો કરીને માર્ગ ઉદયનો કહું શું હર ઘડી?

પ્રભાશંકર જયશંકર પાઠક

બ્રહ્મસમાજની સુષુપ્તિ



અખીલ ભારત વરના ઔદિચ્યોનું શ્રેય સાધનાર જ્ઞાતિને ઉન્નતિ માટે જાગૃત કરનાર જ્ઞાતિના હીત અહીતનો વિચાર કરનાર આ મંડળ આજ લગભગ બે વર્ષ થયાં સુષુપ્તિ અવસ્થાને પ્રાપ્ત થયું છે મંડળના કાર્યવાહકો પણ જાણે નિરાશ થઇ મૌન ધારણ કરી બેઠા છે અને આ પત્રો જ્યારે નિયમીત રીતે પોતાના પરિષદો વગેરે પ્રતિ વર્ષ મેળવે છે ત્યારે આપણી જ્ઞાતિના હીતઅહીતનો વિચાર કરનાર મંડળ અને તેના કાર્યવાહકો મંદ ગતીના થઇ માન વ્રત સેવતા થયા છે એ ખરેખર શોચનિય છે કારણ કે જ્ઞાતિના ઉદયનો આધાર તેના નેતાઓના પર રહે છે રાજદ્વારી ચળવળનું દૃષ્ટાંત લઇશું તો જણાશે કે સમગ્ર દેશના હીત માટે યત્ન કરનાર રાષ્ટ્રીય પરિષદ (National Congress) આજ ૩૧ વરસથી નિયમીત રીતે મળે છે, અનેક વિઘ્નો આવવા છતા પણ તેના ખંતીલા કાર્યવાહકોએ અનેક તનના ભોગ આપી રાષ્ટ્રીય પરિષદને કાયમ રાખી છે અને આજે આપણે જોઇ શકીએ છીએ કે ઉદામ અને વિનીત કેટલા જૈન પક્ષો પરસ્પર હતા તે પણ પાછા સંધાઇ ગયા છે હિંદુ અને મુસલમાનો ભ્રાતૃભાવના પ્રેમની દૃઢ ગાંઠથી બંધાવા તત્પર થયા છે, અને પ્રજાના હકનું રક્ષણ કરવા તત્પર થયા છે


ઉપર લખેના દ્રષ્ટાંતથી આપણા બ્રહ્મસમાજના કાર્યવાહકો કંઇક જાગૃત થશે ખરા કે? શું મડળ આમ સુષુપ્તિમા પડી રહે તે જ્ઞાતિના હીતચીંતકોને માનનીય છે?

જ્યારે સમગ્ર દેશની પ્રજામા ઔદ્યોગીક ધાર્મિક, સસાર્ગીક અને રાજદ્વારી ઉનતિ માટે ભગીરથ પ્રયત્ન થાય છે ત્યારે આપણા બ્રાહ્મણો જેમનાપર અજ્ઞાનતા માટે અનેક જાતના આક્ષેપો પ્રજા તરફથી મુકાય છે અને જેમનુ કર્તવ્ય જ્ઞાતિ સિવાય અન્ય વર્ણોને જ્ઞાન આપવાનુ છે, તે અન્ય વર્ણોને જ્ઞાન આપવાનુ તો બાજુએ રહ્યું પરતુ પોતાની જ્ઞાતિના હીત માટે બેદરકારી સેવે એ કેટનુ શોચનિય છે! મડળના કાર્યવાહકોએ નિરાશાનો ત્યાગ કરી જ્ઞાતિની ભવિષ્યની સ્થિતીનો વિચાર કરવો ઘટે છે જ્ઞાતિ હિતના માર્ગોમા વિઘ્નો કેમ આવે છે તેની તપાસ કરવી ઘટે છે અને જ્ઞાતિ બધુઓ મડળમા વિશેષ ભાગ લેતા થાય તે માટે નિષ્કામપણે ભોગ આપવો ઘટે છે

પ્રાતઃસ્મરણીય દાદાભાઇએ પોતાનુ સમગ્ર જીવન દેશ હીતાર્થેજ વ્યતિત કર્યું છે અને વૃદ્ધાવસ્થાના છેલ્લા વર્ષો જેમા સપૂર્ણ આરામની આવશ્યકતા છે તેવી સ્થિતીમા પણ ઉત્સાહ ભગ નથતા હજુ દેશ સેવાના પ્રયત્નોમા રચ્યા પચ્યા રહે છે એ તેમની કાર્યદક્ષતા અને સ્વદેશ પ્રેમ બતાવે છે સ્વર્ગસ્થ દેશભક્ત શ્રીયુત ગોખલે, રાષ્ટ્રીય પરિષદ્ (National Congress) ના પીતા સ્વર્ગસ્થ મી॰ એ ઓ હ્યુમ, સ્વર્ગસ્થ સર હેનરી કોટન આદિઓએ હિંદ માટે પ્રાણાર્પણ કર્યા છે તેમ જ્યારે આપણે શાંતપણે વિચાર કરીયે છીએ ત્યારે એમ જણાય છે કે, આપણે બ્રાહ્મણોએ આપણી પોતાની જ્ઞાતિ માટે કાંઇજ કર્યું નથી અમો અખીલ ભારતવર્ષીય બ્રહ્મસમાજના શ્રીમાન પ્રમુખ સેક્રેટરી, કાર્યવાહક મડળ અને સર્વ જ્ઞાતિ બધુઓને નમ્રતાપૂર્વક વિજ્ઞપ્તિ કરીએ છીએ કે, હવે આપણે આળસ અને બેદરકારીનો ત્યાગ કરવો જોઇએ જ્ઞાતિ હીતના કાર્ય માટે તન મન અને ધનનો ભોગ આપવો જોઇએ જ્ઞાતિ હીત માટે નાણા પણ કરનારા સેવકો તૈયાર કરવા જોઇએ અને જગતની પ્રજા આપણી પાસે શુ માગણી કરે છે તેની જવાબદારીનો વિચાર કરવો ઘટે છે આશા છે કે બ્રહ્મસમાજના શ્રીમાન પ્રમુખ સેક્રેટરી અને કાર્યવાહક મડળ હવે સુષુપ્તિ અવસ્થામાંથી જાગૃત થશે અને અલ્પ સમયમા મડળને કોઇપણ રસ્તે ઐક્ય કરવાનો પ્રયત્ન શરૂ કરશે અમારૂ કર્તવ્ય માસીકદ્વારા જ્ઞાતિ હીત સાધવાનુ છે, અને જો અમોને બ્રહ્મસમાજના નેતાઓ તરફથી કાંઇપણ સૂચના થશે અથવા મડળ મેળવવા વિષે લેખો વગેરે મળશે તો અમો અમારી ફરજ સમજી તે કાર્ય પ્રથમ હાથપર લઇશુ

તંત્રી

ઉદીચ્યોની શીઘ્ર ઉન્નતિના ઉપાયો



(પૂજ્યપાદ મહાત્મા શ્રીમ ત્યુરામ શર્મા તરફથી)

સર્વ ઉદીચ્ય બધુઓએ તેમા પણ સર્વ સમજુ ને શિક્ષિત ઉદીચ્ય બધુઓએ પોતાની જ્ઞાતિની સ્થિતિ સુધારવા માટે પોતપોતાના સામર્થ્ય પ્રમાણે અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ 'પચની લકડી ને એકનો બોજ' એ કહેવત પ્રમાણે જો પ્રત્યેક ઉદીચ્ય

બધુ સ્વજ્ઞાતિની ઉન્નતિ માટે થોડો થોડો પણ પ્રયત્ન કરે, વા થોડુ થોડુ પણ સાહાય્ય કરે, તો તે સર્વનો સરવાળો ઘણો મોટો ને સ્વજ્ઞાતિને ઉપકારક થાય એમાં શંકા નથી સ્વજ્ઞાતિની ઉન્નતિ કરવાની તીવ્ર ઇચ્છા જે સમજુ જ્ઞાતિ બંધુઓમાં હોય તેમણે સ્વજ્ઞાતિની તીવ્ર ઉન્નતિ કરવાના ઉપાયોનો પૂરતો વિચાર શાંત ચિત્તે કરવો જોઇએ અને તે ઉપાયો કેવી રીતે વેગસર આચારમાં મૂકી શકાય ને તેમના ફળો કેવી રીતે વેગાસર ઉત્પન્ન કરી શકાય એના સંબંધમાં પણ તેમણે પૂરતો વિચાર કરવો જોઇએ ઉદીચ્યોની તીવ્ર ઉન્નતિ કરવાના જે જે ઉપાયો વર્તમાનમાં સ્ફુરે છે તે અહિં સંક્ષેપમાં જણાવાય છે તેના સંબંધમાં વાચનાર બંધુઓ શાંત ચિત્તે વિચાર કરશે ને તે ઉપાયોના સંબંધમાં પોતાનુ જે કર્તવ્ય પ્રતીત થાય તે તે કરવા લાગશે તો અવશ્ય આપણી જ્ઞાતિની સંતતિને તેનો લાભ મળ્યા વિના રહેશે નહિ

વ્યક્તિની કે સમષ્ટિની ઉન્નતિ કેવળ દૃષ્ટ સામગ્રીથી વા કેવળ અદૃષ્ટ સામગ્રીથી થઇ શકતી નથી એ બંને સામગ્રીનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો જ વ્યક્તિની વા સમષ્ટિની શીઘ્ર ઉન્નતિ થઇ શકે છે આપણી જ્ઞાતિની ઉન્નતિ કરવામાં પણ આ બંને પ્રકારની સામગ્રીનો ઉપયોગ કરવાની સંપૂર્ણ આવશ્યકતા છે હવે કઇ કઇ અદૃષ્ટ ને દૃષ્ટ સામગ્રીની આપણી જ્ઞાતિની ઉન્નતિ કરવામાં આવશ્ય છે તેનો ક્રમમાં વિચાર કરાય છે

જે જે ઉદીચ્ય બ્રાહ્મણોને યજ્ઞોપવીત થયુ હોય તે તે ઉદીચ્ય બ્રાહ્મણોએ યુવાનોએ ને વૃદ્ધાવસ્થાવાળાઓએ નિત્યપ્રતિ સવાર બપોરની સંધ્યા સવારે ને સાયંકાળની સંધ્યા સાંજે અવશ્ય કરવી જોઇએ અને તેમણે નિત્યપ્રતિ ગાયત્રી મંત્રની એક માળા પણ અવશ્ય કરવી જોઇએ સંધ્યાવંદન ને ગાયત્રી મંત્રનો જપ પરમાત્મામાં ને તે તે ક્રિયામાં શ્રદ્ધા તથા પ્રીતિ રાખીને સાવધાનતાથી કરવા જોઇએ ધર્મબળ, નીતિબળ, તત્ત્વજ્ઞાન, આરોગ્ય ને ધનધાન્યાદિનો લાભ મનુષ્યને પ્રેરણા આપનાર પરમાત્માથી થાય છે, માટે સંધ્યાવંદનવડે ને ગાયત્રી મંત્રના જપવડે તે પરમાત્માનું સ્મરણ ધ્યાન ઉદીચ્ય બ્રાહ્મણોએ કરવુ જોઇએ ને તેમની કૃપા સંપાદન કરવી જોઇએ ઉદીચ્ય બંધુઓનો ઘણો ભાગ આ અગત્યના કર્તવ્યમાં હમણાં પ્રમાદી રહે છે તે યોગ્ય થતું નથી હૃદયની સાચી લાગણી વિના મનુષ્યથી ધર્મનું પરિપાલન થઇ શકતું નથી માટે પ્રત્યેક ઉદીચ્ય બંધુએ હૃદયની સાચી લાગણીથી ધર્મનું પરિપાલન કરવું જોઇએ આળસ, પ્રમાદ, અશ્રદ્ધા ને અનુત્સાહને ત્યજી પ્રત્યેક બંધુએ અવશ્ય સ્વધર્મ પાલન કરવુ જોઇએ

પ્રત્યેક ઉદીચ્ય બંધુએ બની શકે તેટલા સદ્ગુણી વા સદાચરણી રહેવા ઘણામાં ઘણી સાવધાનતા રાખવી જોઇએ સદ્ગુણના સેવનવડે મનુષ્ય પરમાત્માની સમીપ જતો જાય છે ને એવી રીતે પ્રાપ્ત કરેલા પરમાત્માના સામીપ્યવડે તે પોતાના અંતઃકરણના શુભ સામર્થ્યને તથા પ્રકારના ઉપયોગી પદાર્થોને મેળવવા ભાગ્યશાળી થાય છે નીતિ વિનાનો માણસ તે માણસ ગણાતો નથી ત્યારે તે બ્રાહ્મણ તો કયાથીજ ગણાય ? કર્તવ્યનિષ્ઠા ઉદ્યોગ પ્રામાણિકતા નમ્રતા, બ્રાહ્મણપણાનું શુદ્ધ અભિમાન, દયા સત્ય ને વ્યસન રહિતતા ઇત્યાદિ શુભ ગુણોની પ્રાપ્તિવડે પ્રત્યેક બ્રાહ્મણ પોતાનું ને પરનું હિત સાધી

શકે છે માટે તે ઉત્તમ ગુણોમાં આદર રાખી તે ઉત્તમ ગુણોને પોતાના અંતઃકરણમાં સ્થિર કરવા પ્રયત્ન કરવો એ પ્રત્યેક ઉદીચ્ય બ્રાહ્મણનું અગત્યનું કર્તવ્ય છે

પ્રત્યેક ઉદીચ્ય બંધુએ પોતાના અંતઃકરણની યોગ્યતા વધારવા માટે તથા ઉત્તમ પ્રકારે પોતાની આજીવિકા ચલાવવા માટે ઉપયોગી વિદ્યાનું અધ્યયન કરવું જોઈએ શુદ્ધ ધર્મનું, ઉપાસનાનાં, ને બ્રહ્મજ્ઞાનનું રહસ્ય સમજાવનારા શાસ્ત્રોનું તથા પોતપોતાના ધંધામાં ઉપયોગી થઈ પડે એવી લૌકિક વિદ્યાનું તેમણે પ્રીતિપૂર્વક અધ્યયન કરવું જોઈએ બ્રાહ્મણનું બ્રાહ્મણપણું વિદ્યાથી શોભે છે, ને વિદ્યાની પ્રાપ્તિવડે મનુષ્ય પોતાનો આ લોક ને પરલોક સુધારી શકે છે માટે તેણે વિદ્યાની પ્રાપ્તિ કરવામાં લેશ પણ આળસ કે પ્રમાદ રાખવા યોગ્ય નથી

પ્રત્યેક ઉદીચ્ય બ્રાહ્મણે ભલે તે દુર્બલ-નિર્ધન હોય તોપણ તેણે પોતાની આજીવિકા કોઈપણ યોગ્ય ધંધાવડે ચલાવવી જોઈએ બ્રાહ્મણ શરીરને ન શોભે એવો કોઈપણ ધંધો તેણે ત્યજ કરવો જોઈએ તેણે અપેયનું પાણી ભરવાનું, અથવા વાસણો માંજવા આદિનું હલકું ને પગારદારીનું કામ બનતા સુધી ત્યજ કરવું જોઈએ ઘરઘેર ભટકીને ભિક્ષા માગીને નિર્વાહ ચલાવવો એ પણ અધમ છે યોગ્ય વિદ્યાભ્યાસ કરીને તેમણે જે ધંધામાં પોતાની પ્રતિષ્ઠા જળવાય એમ હોય, ને આગળ જતાં પોતાને ઉચ્ચ સંબંધી સત્તા થવાનો સંભવ હોય, એવી કોઈ નોકરીમાં જોડાવું જોઈએ વા વ્યાપાર કે ખેતી કરવી જોઈએ જો સદાચરણપૂર્વક ઉદ્યોગી રીતે પ્રમાણિકપણે વર્તવામાં આવે તો પરમાત્માની કૃપાથી કોઈપણ મનુષ્ય પોતાની આજીવિકા સુખપૂર્વક ચલાવવા સમર્થ થાય છે તો પછી કોઈ પણ બ્રાહ્મણ તેવી રીતે વર્તી પોતાની આજીવિકા સુખકારક ચલાવી શકે એમાં શું આશ્ચર્ય છે? જોશીનો પુરાણીનો વૈદ્યનો ને ગોરપદાનો ધંધો પણ વિવેકપૂર્વક કરવામાં આવે તો તેમાં કાંઈ હાનિ જેવું જણાતું નથી પોતાનું યોગ્ય માન જળવાય ને હીનતા વસ્તુનો અયોગ્ય તિરસ્કાર સહન ન કરવો પડે તેનો વિચાર રાખી કોઈપણ ધંધો આજીવિકા ચલાવવા માટે કરવો

'જેવો આહાર તેવો ઓડકાર' એ કહેવત પ્રમાણે અયોગ્ય માર્ગથી આજીવિકા સંપાદન કરાતી હોય તો તેવી આજીવિકાવડે બુદ્ધિની જોઈએ તેવી યોગ્યતા રહેતી નથી, ને તેથી ક્રમપૂર્વક તેના વિચાર અને આચાર એ બંને બગડી તે બ્રાહ્મણ પતન પામે જ બ્રાહ્મણમાં જે યોગ્ય સદ્ગુણ ટકી શકતો નથી જેઓ યોગ્ય ધંધાવડે પોતાની આજીવિકા ચલાવે તેમને માટે તો કાંઈ કહેવાનું નથી

ઉદીચ્ય બ્રાહ્મણોમાં વિદ્યાની વૃદ્ધિ કરવાનો તેમનામાં ધાર્મિકતા, નિષ્ઠા અને પારસ્પરિક સ્વાવલંબન ને કર્તવ્યનિષ્ઠા વધારવાનો, અનાથ બાળકોનું ને અનાથ વિધવાઓનું રક્ષણ કરવાનો, કન્યાવિક્રય દૂર કરવાનો, બળલગ્ન દૂર કરવાનો અને ઉત્તરક્રિયામાં વધારે પડતો અયોગ્ય ખર્ચ કરવાનો વ્યવહાર દૂર કરવાનો યત્ન કરવા સૌ ઉદીચ્ય બ્રાહ્મણોએ શુદ્ધ ભાવથી યત્ન યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ માત્ર તેવી વાતો કરીને જ બેસી ન રહેતાં પ્રત્યેક ઉદીચ્ય બંધુએ પોતાના સામર્થ્ય પ્રમાણે તે કામમાં પ્રયત્નશીલ થવું જોઈએ

બધુ સ્વજ્ઞાતિની ઉન્નતિ માટે થોડો યોગ પણ પ્રયત્ન કરે, ના થોડુ થોડુ પણ સાહાય્ય કરે, તો તે સત્કાર્યો સરવાળે ઘણો ભાગે ને સ્વજ્ઞાતિને ઉપકારક થાય એમા શંકા નથી સ્વજ્ઞાતિની [illegible] ઉન્નતિ કરવાની તીવ્ર ઇચ્છા જે સમજુ ન્યાતિ બધુઓમા હોય તેમણે સ્વજ્ઞાતિની શીઘ્ર ઉન્નતિ કરવાના ઉપાયોનો પૂરતો વિચાર શાંત ચિત્તે કરવો જોઇએ અને તે ઉપાયો કેવી રીતે વેગસર આચારમા મૂકી શકાય ને તેમના કયા કેવી રીતે વેગાસર અમલ કરી શકાય એના સબંધમા પણ તેમણે પૂરતો વિચાર કરવો જોઇએ ઉદીચ્યોની શીઘ્ર ઉન્નતિ કરવાના જે જે ઉપાયો વર્તમાનમા સ્ફુરે છે તે અહિ સક્ષેપમા જણાવાય છે તેના સબધમા વાચનાર બધુઓ શાંત ચિત્તે વિચાર કરશે ને તે ઉપાયોના સબધમા પોતાનુ જે તત્ત્વ નક્કી થાય તે તરફ લક્ષ આપવા લાગશે તો અવશ્ય આપણી જ્ઞાતિની સન્તતિને તેનો લાભ મળ્યા વિના રહેશે નહિ

વ્યક્તિના કે સમષ્ટિની ઉન્નતિ કેવળ દૃષ્ટ સામગ્રીથી વા કેવળ અદૃષ્ટ સામગ્રીથી થઇ શકતી નથી એ બને સામગ્રીનો યોગ્ય ઉપયોગ કરવામા આવે તો જ વ્યક્તિની વા સમષ્ટિની શીઘ્ર ઉન્નતિ થઇ શકે છે આપણી જ્ઞાતિની ઉન્નતિ કરવામા પણ આ બને પ્રકારની સામગ્રીનો ઉપયોગ કરવાની સપૂર્ણ આવશ્યક્તા છે હવે કઇ કઇ અદૃષ્ટ ને દૃષ્ટ સામગ્રી આપણી ન્યાતિની ઉન્નતિ કરવામા અગત્ય છે તેનો ક્રમવાર વિચાર કરાય છે

જે જે ઉદીચ્ય બાળકોને જનોઇ થયુ હોય તે તે ઉદીચ્ય બાળકો યુવાનોએ ને ગૃહસ્થાશ્રમવાળાઓએ નિત્યપ્રતિ સવાર બપોરની સધ્યા સવારે ને સાયંની સધ્યા સાંજે અવશ્ય કરવી જોઇએ અને તેમણે પ્રતિ ગાયત્રી મત્રની ત્રણ માળા પણ અવશ્ય કરવી જોઇએ સધ્યાવદન ને ગાયત્રી મત્રના જપ પરમાત્મામા ને તે તે ક્રિયામા શ્રદ્ધા તથા પ્રીતિ રાખીને સાવધાનતાથી કરવા જોઇએ ધર્મ જ્ઞાન, નીતિ જ્ઞાન, તત્ત્વ જ્ઞાન આરોગ્ય ને ધનધાન્યાદિનો લાભ મનુષ્યને એ સર્વના આપનાર પરમાત્માની થાય છે, માટે સધ્યાવદન ને ગાયત્રી મત્રના જપવડે તે પરમાત્માનુ સ્મરણ ધ્યાન ઉદીચ્ય બ્રાહ્મણોએ કરવુ જોઇએ ને તેમની કૃપા સપાદન કરવી જોઇએ ઉદીચ્ય બધુઓનો ઘણો ભાગ આ આચના કર્તવ્યમા હમણા પ્રમાદી રહે છે તે યોગ્ય થતુ નથી હૃદયની સાચી લાગણી વિના મનુષ્યથી ધર્મનુ પરિપાલન થઇ શકતુ નથી માટે પ્રત્યેક ઉદીચ્ય બધુએ હૃદયની સાચી લાગણીથી ધર્મનુ પરિપાલન કરવુ જોઇએ આળસ, પ્રમાદ, અનાસ્થા ને અનુત્સાહને ત્યજી પ્રત્યેક બધુએ અવશ્ય સ્વધર્મ પાલન કરવુ જોઇએ

પ્રત્યેક ઉદીચ્ય બધુએ બની શકે તેટલા સદ્ગુણી વા સદાચરણી રહેવા ઘણામા ઘણી સાવધાનતા રાખવી જોઇએ સદ્ગુણના સેવનવડે મનુષ્ય પરમાત્માની સમીપ જતો જાય છે ને એવી રીતે પ્રાપ્ત કરેલા પરમાત્માના સામીપ્યવડે તે પોતાના અંતઃકરણના શુભ સામર્થ્યને તથા બહારના ઉપયોગી પદાર્થોને મેળવવા ભાગ્યશાળી થાય છે નીતિ વિનાનો માણસ તે માણસ ગણાતો નથી ત્યારે તે બ્રાહ્મણ તો કયાથીજ ગણાય? કર્તવ્ય નિષ્ઠા ઉદ્યોગ પ્રામાણિક્તા નમ્રતા બ્રહ્મણત્વનુ શુદ્ધ અભિમાન દયા, સપ ને વ્યસન રહિતતા ઇત્યાદિ શુભ ગુણોની પ્રાપ્તિવડે પ્રત્યેક બ્રાહ્મણ પોતાનુ ને પરનુ હિત સાધી

શકે છે માટે તે ઉત્તમ ગુણોમા આદર રાખી તે ઉત્તમ ગુણોને પોતાના અંત કરણમાં સ્થિર કરવા પ્રયત્ન કરવો એ પ્રત્યેક ઉદીચ્ય બ્રાહ્મણનું અગત્યનું કર્તવ્ય છે

પ્રત્યેક ઉદીચ્ય બંધુએ પોતાના અંત કરણની યોગ્યતા વધારવા માટે તથા ઉત્તમ પ્રકારે પોતાની આજીવિકા ચલાવવા માટે ઉપયોગી વિદ્યાનું અધ્યયન કરવું જોઇએ એ ધર્મોનું, ઉપાસનાનું, ને બ્રહ્મજ્ઞાનનું સ્વરૂપ સમજાવનારા શાસ્ત્રોનું તથા પોતપોતાના ધંધામાં ઉપયોગી થઇ પડે એવી લૌકિક વિદ્યાનું તેમણે પ્રીતિપૂર્વક અધ્યયન કરવું જોઇએ બ્રાહ્મણનું બ્રાહ્મણપણું વિદ્યાથી શોભે છે, ને વિદ્યાની પ્રાપ્તિવડે મનુષ્ય પોતાનો આ લોક ને પરલોક સુધારી શકે છે, માટે તેણે વિદ્યાની પ્રાપ્તિ કરવામા લેશ પણ આળસ કે પ્રમાદ રાખવા યોગ્ય નથી

પ્રત્યેક ઉદીચ્ય બ્રાહ્મણે ભલે તે દુર્બલ-નિર્ધન-હોય તોપણ તેણે પોતાની આજીવિકા કોઇપણ યોગ્ય ધંધાવડે ચલાવવી જોઇએ બ્રાહ્મણ શરીરને ન શોભે એવો કોઇપણ ધંધો તેણે નજ કરવો જોઇએ તેણે અન્યનું પાણી ભરવાનું, અન્યના વાસણો માંજવા આદિનું કામ તેમ ને પગનાળાનું કામ બનતા સુધી નજ કરવું જોઇએ ઘેર ઘેર ભટકીને ભિક્ષા માગીને નિર્વાહ ચલાવવો એ પણ અધમ છે થોગ્ય વિદ્યાભ્યાસ કરીને તેમણે જે ધંધામા પોતાની પ્રતિષ્ઠા જળવાય એમ હોય, ને આગળ જતા પોતાને દ્રવ્ય સબંધી લાભ થવાનો સંભવ હોય, એવી કોઇ નોકરીમા જોડાવું જોઇએ વા વ્યાપાર કે ખેતી કરવી જોઇએ જો સદાગ્રહપૂર્વક ઉદ્યોગી રહી પ્રમાદરહિતપણે વર્તવામા આવે તો પરમાત્માની કૃપાથી કોઇપણ મનુષ્ય પોતાની આજીવિકા સુખપૂર્વક ચલાવવા સમર્થ થય છે તો પછી કોઇ પણ બ્રાહ્મણ તેવી રીતે વર્તી પોતાની આજીવિકા સુખપૂર્વક ચલાવી શકે એમા શુ આશ્ચર્ય છે ? જોશીનો, પુરાણીનો વૈદ્યનો ને ગોરપનો ધંધો પણ વિવેકપૂર્વક કરવામા આવે તો તેમા કાંઇ હાનિ જેવું જણાતુ નથી પોતાનું યોગ્ય માન જળવાય ને ઊતરતા વર્ણનો અયોગ્ય તિરસ્કાર સહન ન કરવો પડે તેનો વિચાર રાખી કોઇપણ ધંધો આજીવિકા ચલાવવા માટે કરવો

'જેવો આહાર તેવો ઓડકાર' એ કહેવત પ્રમાણે અયોગ્ય માર્ગવડે આજીવિકા સંપાદન કરાતી હોય તો તેવી આજીવિકાવડે બુદ્ધિની જોઇએ તેવી યોગ્યતા રહેતી નથી, ને તેથી ક્રમપૂર્વક તેના વિચાર અને આચાર એ બંને બગડી તે બ્રાહ્મણ કથન માત્રજ બ્રાહ્મણ રહે છે યોગ્ય બ્રાહ્મણ રહી શક્તો નથી જેઓ યોગ્ય ધંધાવડે પોતાની આજીવિકા ચલાવે છે તેમને માટે તો કાંઇ કહેવાનું નથી

ઉદીચ્ય બાળકોમા વિદ્યાની વૃદ્ધિ કરવાનો તેમનામાં ધાર્મિકપણ, નૈતિકપણ સદાચારપણ સ્વાશ્રયબલ ને કર્તવ્યનિષ્ઠા વધારવાનો, અનાથ બાળકોનું ને અનાથ વિધવાઓનુ રક્ષણ કરવાનો, કન્યાવિક્રય દૂર કરવાનો, બાળલગ્ન દૂર કરવાનો અને ઉત્તર ક્રિયામા વધારે પડતો અશાસ્ત્રીય વ્યય કરવાનો વ્યવહાર દૂર કરવાનો પ્રયત્ન કરવા સૌ ઉદીચ્ય બ્રાહ્મણોએ શુદ્ધ ભાવથી સતત યથાશક્તિ પ્રયત્ન કરવો જોઇએ માત્ર તેની વાતો કરીનેજ નહિ બેસી રહેતા પ્રત્યેક ઉદીચ્ય બંધુએ પોતાના સામર્થ્ય પ્રમાણે તે કામમા પ્રયત્નશીલ રહેવું જોઇએ

આપણા ઉદીચ્ય બંધુઓની ઉન્નતિ કરવા માટે શ્રી ભારત વર્ષીય ઔદીચ્ય બ્રહ્મ સમાજ પોતાનાથી થઇ શકે તેટલો પ્રયત્ન કરે છે તે સમાજના તે પ્રયત્નમાં સાહાય્ય કરવા માટે નીચેના કામ માટે સ્વયંસેવકોના તથા ઉપદેશકોની બહુ અગત્ય છે, માટે તે કામ કરવા માટે જે ઉદીચ્ય બંધુઓ પ્રસન્ન હોય તેમણે પોતાની પ્રસન્નતા દર્શાવનારાં પત્રો પોતાના નામો, સ્થાન ને ધંધાની સાથે જણાવવા શ્રમ લેવો

તે સ્વયંસેવકોએ બળેવ, બેસતુ વર્ષ, મકર સંક્રાંતિ ને મહાશિવરાત્રિ એ ચાર દિવસોએ વા તે ચારમાંના બની શકે તેટલા દિવસોએ પોતપોતાના ગામમાં ને નગરમાં શ્રી ભારત વર્ષીય ઔદીચ્ય બ્રહ્મસમાજના વિદ્યાવૃદ્ધિ વિભાગના ભંડોળ માટે પ્રત્યેક બ્રાહ્મણની પાસેથી ને વિશેષે પ્રત્યેક ઉદીચ્ય બ્રાહ્મણની પાસેથી દ્રવ્યની માગણી કરવી તેઓ પોતપોતાની ઇચ્છાથી જે દ્રવ્ય આપે તે તેમણે સ્વીકારવુ ને તે દ્રવ્ય ને તેનો હિસાબ તે તે વેળા મોકલવા તે દ્રવ્યની રીત સરની પહોંચ વેળાસર તેમના તરફ મોકલવાની દેવાશે આવા કામમાં સ્વયંસેવકોને કાગળ તથા ડાક આદિનુ જે ખર્ચ થશે તે સર્વ ખર્ચ સમાજ તરફથી તેમને મુજરે આપવામાં આવશે આવા સ્વયંસેવકો ઉદીચ્ય બ્રાહ્મણોની વસતીવાળા ભરતખંડના સર્વ ગામોમાં ને સર્વ નગરોમાં જોઇએ છીએ નગરોમાં ને મોટા ગામોમાં તે તે નગરોની ને ગામોની ઉદીચ્ય બ્રાહ્મણોની વસતિના પ્રમાણમાં વધારે સ્વયંસેવકોની અગત્ય છે જ્ઞાતિહિતમાં પ્રીતિવાળા ને ઉત્સાહી સ્વયંસેવકો જો પોતપોતાનુ કર્તવ્ય યથાયોગ્ય કરવા પ્રયત્ન સેવશે તો તેથી આપણી જ્ઞાતિનાં બાળકોનુ ઘણુ હિત સધાવાનો સંભવ છે આરંભમાં જેઓ સ્વયંસેવકનુ કામ કરવા લાગે તેમણે પોતાના ઓળખીતાઓમાંથી તથા મિત્રોમાંથી જેઓ સ્વયંસેવકનુ કામ કરી શકે એવા હોય તેમને સ્વયંસેવકનુ કામ કરવાની પ્રેરણા કરવી જોઇએ, ને બનતે પ્રયત્ને તેમને તે કામમાં જોડવા જોઇએ બ્રહ્મદેશમાં ને આફ્રિકા આદિમાં પણ આપણી જ્ઞાતિના સ્વયંસેવકોની અગત્ય છે તેવા સ્વયંસેવકોએ ત્યાં પણ પોતાનાથી બની શકે તેટલી જ્ઞાતિની સેવા ભંડોળ એકઠુ કરીને કરવી જોઇએ. સ્વયંસેવકોના નામોને તેમણે કરેલી સેવાની વિગત આપણી જ્ઞાતિના માસિકોમાં તથા સમાજના વાર્ષિક વૃત્તાંતમાં પ્રકટ કરાવવામાં આવશે, ને જેમણે બહુ સારુ કામ કરી બતાવ્યુ હશે તેમની આ બ્રહ્મસમાજ તરફથી યોગ્ય કદર પણ કરવામાં આવશે (અપૂર્ણ)

બહેનોને બે બોલ



यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता।

(નવેમ્બરના અંકનુ અનુસંધાન)

બહેનો,

પ્રભાકરના નવેમ્બરના અંકમાં મેં કંઇ મારી શક્તિ અનુસાર લખ્યુ છે અને આ અંકમાં મારા વિચાર આપની સેવામાં મુકુ છુ

હાલના જમાનામાં પુરુષ અને સ્ત્રીઓને એક પ્રકારનુ શિક્ષણ અપાય છે

તેમા જે શિક્ષણ શરૂઆતમા અપાય છે તે તો બરાબર છે પરતુ આગળના ભણતરમા ઘણો ફેરફાર થવાની જરૂર છે આપણુ આય સંસારનુ બધારણ આપણો ધર્મ અને આપણા દરરોજના વ્યવહારીક માર્ગો વગેરે જેના ગુજરાતી સારૂ લખતા વાચતા આવડે વાચેનુ બરાબર સમજી શકીએ અને તે પ્રમાણે આપણે વરતીએ એવી કાઈક ગોઠવણ થવી જોઇએ છે

હુ ગુજરાતી છઠ્ઠા ધોરણ સુધી ભણેલી છુ, અને મા મા જો કાઇ સસ્કાર ઉપજ્યા હોય તો તે મારા પવિત્ર માતા પીતાને આભારી છે ગુજરાતી છઠ્ઠા ધોરણ સુધીના મારા અભ્યાસમા, મારા માતા પીતાએ મારી જે કાળજી રાખી છે તેવી હાલના કોઇકજ માબાપો રાખતા હશે એવો મારો અનુભવ છે આપણે સ્ત્રીઓએ આ જમાનામાં ઉચી કેળવણી નઇ કાઇ નોકરી કરવા જવાનુ નથી, તેમા વળી આપણી બ્રાહ્મણ જ્ઞાતિની બાળાઓ તો ભણી શકે એમ છે જ નહીં જોકે કેટલીક બાળવિધવા બહેનો કે પાઠશાળાઓમા ભણે થાય છે તોપણ બીજી વર્ણોની સાથે સરખામણી કરતા ઘણી ઓછી હોય છે

ત્યારે એમ તો જણાય છે કે આપણે ભણતર તો ભણવુ જોઇએ પરતુ તે ભણતર એવુ હોવુ જોઇએ કે, આપણામા ધર્મ અને નિતિનુ જ્ઞાન આવે આપણા સસારને સરળતાથી ચલાવવાની શક્તિ આવે, આપણા પુરૂષોના કામમા આપણે સહભાગી થઇ શકીએ અને આપણા ગૃહકાર્યને સારી ગોઠવણથી ચલાવી શકીએ

મારા અનુભવે મે જોયુ છે કે હાલ ગામે ગામ અને મોટા શહેરોમા કન્યાશાળાઓ નીકળી છે અને તેમા આગળના કરતા બાળાઓ વધારે કેળવણી લે છે શિવણ ભરત વગેરે પણ શીખવાય છે તે પણ સારૂ છે, પરતુ મારા જાણવા પ્રમાણે આપણી ઉચી વર્ણો જેવી કે વાણીઆ બ્રાહ્મણની કન્યાઓ ગુજરાતી ચોથા પાચમા ધોરણ સુધી ભણી શકે છે અને ઉમ્મરના પ્રમાણમા તેમને આગળ ભણાવવાનુ માબાપોથી બની શકતુ નથી

મારા અનુભવ પ્રમાણે હુ એમ માનુ છુ કે આપણને જો ખરૂ શિક્ષણ મળવુ હોય તો તે આપણા ઘરોમા જ મળે છે અને મા બાપો જેવા શિક્ષાગુરૂ બીજા કોઈ જ નથી એમ હુ માનુ છુ

મારા પવિત્ર માતા પીતાએ મને ભણાવતા સાથે ગૃહકાર્ય, પતિસેવા વાસણો અનાજ વગેરેની કાળજી ઘરના કામની ગોઠવણ વગેરે જે ઉપદેશ આપ્યો છે તે તેમજ ભામીનીભુષણ ૫ ભાગ સતી મડળ ચદ્રકાત, ચરીત્ર ચદ્રીકા અને મૈત્રેયી વગેરેના પુસ્તકો વાચીને મને જે અનુભવ મળ્યો છે તેથી હુ મારો ગૃહસ્થાશ્રમ સરળતાથી ચલાવી શકુ છુ અને પરમાત્મા પાસે માગુ છુ કે અમારી જ્ઞાતિમા મારી બહેનો સારૂ વાચતા લખતા શિખે શીખેલુ સમજી શકે સારા સારા પુસ્તકો વાચે વાચીને તે પ્રમાણે વર્તે અને પોતાના સસ્સારને સરળતાથી ચલાવી સુખી રહે અને ઉપર જે શ્લોક લખ્યો છે તે પ્રમાણે સસારમા માન સચવાય, અને આપણા બ્રાહ્મણોના ઘરોમા દેવતાઓનો નિરતર વાસ થાય એવી શક્તિ સર્વને આપો

લી સૌ. લક્ષ્મી

આર્ય લલનાઓના આંગણે

વસંતની શોભાનો સાક્ષાત્કાર!

(એક સાસુનો પત્ર)

'ઉદીચ્ય પ્રભાકર' માટે

પ્રેમ-લક્ષીના! હારો પત્ર મળ્યો. વહુઓ બધી જો 'લક્ષીના' થાય તો સાસુઓ સાસુ મટીને જરૂર માતા થયા વગર રહે નહિ. હારા વિચારો મ્હને બહુ જ ગમ્યા છે, અને બીજી હારી બ્હેનોને 'વહુ' મટી પુત્રી થતાં તું જરૂર શિખવજે.

વાત ખરી છે કે, દરેક માતાઓ પોતાના પુત્રને પરણાવીને ઘરમાં વહુ લાવી લ્હાવો લેવાની ઉતાવળી થાય છે. પરંતુ કોઈક સ્થળે ના દાન થયું કે મનમાં ફુલાઈ જઈને ખુશ ખુશ થઈ જાય છે અને વગર પરણી વહુના અતિશયોક્તિ ભરેલાં વખાણ કરવા લાગે છે. શરૂઆતમાં તો જાણે એક કુશળ વિજ્ઞાનીએ કંઈ નવીન શોધમાં વિજય મેળવ્યો હોય અને તે વાત તે તેના મિત્રોને કહેવાને જેટલો આતુર બને તેટલી આતુરતા તે વહુના સદ્ગુણો શોધીને અડોશી પડોશી અને સગાંઓ પાસે વખાણવાની તક મેળવવામાં રાખે છે. વહુ જો થોડું બોલતી હોય તો તેના શરમાળપણાને અને વધારે બોલકણી હોય તો તેના ચાતુર્યને, વહુ જો ઉતાવળીયા સ્વભાવની હોય તો તેની ચપળતાને અને ધીમા સ્વભાવની હોય તો તેની દીર્ઘદ્રષ્ટિને, તેમજ વહુ જો થોડું ખાનારી હોય તો તેની નાજુકાઈને અને વધારે ખાનારી હોય તો તેની સુદૃઢ શરીર સંપત્તિને સારી રીતે વખાણે છે. એ વખતે વહુ એક જાણે તેનું સર્વસ્વ હોય તેમ તેની પૂજક બને છે, પરંતુ લગ્ન થયા પછી જ્યારે તે ગૃહદેવી બનીને આવે છે ત્યારે એજ સાસુ પોતાની સાસુનો ઇતિહાસ સંભારે છે અને વહુનાં છિદ્રો શોધવાનો ઉદ્યમ લેઈ બેસે છે.

પોતે જેવી વર્તણુક વહુ સાથે ચલાવે તેવી જ વર્તણુક જો પોતાની પુત્રીના સાસરીયા તેના તરફ ચલાવતા હોય તો તેની ઝાંખી કરવામાં કંઈ કચાશ રાખે નહિ, આમ છતાં પારકી પુત્રીના તરફ પોતાની વર્તણુક કેવી જોઈએ તેનો વિચાર તે કરતી નથી. આ સઘળું અજ્ઞાનનું જ પરિણામ છે.

વહુઓ પણ ઘણીક તો સાસુથી સવાઈ હોય છે. સાસુની દરેક યુક્તિઓ જાણે માનથી અગમચેતીની અટકળો લઈ તેનો તેવો જ પ્રત્યુત્તર વાળવાના ચાતુર્યમાં તેઓ ચુક પડવા દેતી નથી. સાસુની બેધારી તલવારથી બચવાને તે તેની તેવીજ સહચરીઓના અનુભવની વાતોનું બખ્તર પીયરથી જ પહેરીને સાસરે આવે છે. આમ એક બીજાની કુશળતા બતાવવાનું દ્વંદ્વયુદ્ધ ખેલવાને સાસુ પોતાના પુત્રને અને વહુ પોતાના પતિને રણસ્થળ બનાવે છે અને તેની આગળ ઉભય પોતપોતાના બચાવના દાવો ખેલે છે.

પેલો રણસ્થળ-પુરુષ નથી થઈ શકતો પ્રેમપરાયણ પુત્ર કે નથી થઈ શકતો સ્નેહનિપુણ સ્વામિ! આ શાસ્ત્રકારોની શરણાઈઓ આ સાસુજીની વીરહાકો આગળ

કયા સભળાય ? લગ્નનો આશય ધર્માધિકારીઓ ભલે ગમે તે કહે પણ અહીં તેનું સ માન કરવાનો અવકાશ જ કયાં હોય !

આવી પરિસ્થિતિને લીધે આપણી પ્રજા સંસાર-સુખનો સત્યાનુભવ નહિ કરી શકવાથી નિરાશ અનુભવે છે અને વસતિગણત્રીના આંકડાઓમાં સંસારત્યાગી સાધુઓની સંખ્યા વધારેઓની બતાવવામાં આવે છે તે સાધુઓમાંનો મોટો ભાગ તો આ સાસુવહુના ધર્મોપદેશને જ આભારી છે

જ્યાં જુઓ ત્યાં આ અનૌદાર્યના કટકો સાસુવહુના જીવનપ્રથમાં વેરાયેલા છે પુરુષો બીચારા ક્યાં સુધી તે વીણ્યા કરે ! આ માર્ગ નિષ્કંટક કરવાના યત્નમાં પુરુષોના આખા જીવનની આહુતિઓ અપાય છે ત્યારે બીજી તરફથી દેશમાંથી ઉદ્યોગોનો અસ્ત થતો જાય છે બધા પુરુષો શતાવધાની ક્યાંથી હોય કે સાસુવહુનું સમાધાન કરવામાં નિરંતર રોકાયેલા રહેવા છતાં ઉદ્યોગમાં અને કળાવિકાસના ક્ષેત્રમાં બુદ્ધિનું હળ એક સરખું હાંક્યા કરે ? આમ ગૃહસંસારના ભોંયરામાં ભરાયેલા કુસંપ બખ્યા અને અસહિષ્ણુતાના વિષધર-સર્પો દેશની નિવિધકળાઓ અને ઉદ્યોગોને શદ દઇ રામશરણ કરવા લાગ્યા છે સમાજ ઉપર સ્ત્રીજીવનની ઉંડી અસર આ પ્રકારે થાય છે અને દેશની પડતીના પ્રધાન કારણ તરીકે પુરુષો સ્ત્રીઓને આ બાજુ માટે આગળ ધરે તો અસત્ય શું છે?


ત્યારે 'કરવું શું ?' એ પ્રશ્ન સ્ત્રી સમાજ આગળ આવી ખડો થાય છે સ્ત્રીઓના વ્યાધીઓના ઔષધો સ્ત્રીઓજ રહેલાહથી ગોની શક્શે પહેલા સાસુઓએ જ સહનશીલતાનો સદ્‌ગુણ ધારણ કરવાની આવશ્યકતા છે સાસુઓ ઉદાર અને સહનશીલ થશે એટલે વહુઓ તતજ વિવેકભ્રષ્ટ થતા અટકી સાસુને રાજી રાખવાને મથશે વહનું માથું દુખ્યે સાસુ એક જ વાર પ્રેમપૂર્વક તેના કપાળે હાથ ફેરવશે તો વહુ જીવનપર્યંત સાસુના પગ દાબવામાં કૃતાર્થતા સમજશે વહુના હાથે ફુટેલા એક જ પરપ્યાલાના ટુકડાઓ વીણવવામાં સાસુ સહનશીલતા અને ઉદારતા દાખવશે તો વહુ જીવનપર્યંત સાવચેતીથી પાણીના ભર્યા બ્હેડા ઉતારશે સાસુ એકજ વખત વહુના ફાટેલા સાલ્લાને સાંધતા શિખવશે તો વહુ જીવનપર્યંત ગાદના ગોદડા સુરક્ષિત રાખવાને સોયદોરાની સેવા કર્યા કરશે આમ થશે એટલે સાસુ 'માતા' અને વહુ 'પુત્રી' બનતા વાર લાગશે નહિ અને એના પરિણામે પુરુષ માતૃભક્ત પુત્ર અને 'સ્નેહપૂર્ણ સ્વામિ' બની શકશે અને ત્યાર જ પતિપત્નિના વાગ્વિનોદ રૂપ આમ્રવૃક્ષ ઉપર 'સમાજ સેવા'ની ચર્ચા રૂપ નવિન કુંપળો ફુટશે અને ધર્મ-વિચારનો મોર આવી તેનો સુગંધ જીવનમાં પ્રસરી સુવૃત્તિરૂપ કોકિલાઓ ડાળીએ ડાળીએ કુજન કરશે અને આર્યાવર્તની આર્યલલનાઓના આંગણે વસંતની શોભાનો સાક્ષાત્કાર થશે

બેટા ! તું પણ એક એવી સુજ્ઞ સાસુ થઇ આવો વારસો આપણા વંશમાં પરંપરાએ ઉતરે એ વિવેક જાળવજે

લી વ્હાલી (સાસુ) માતા

કામના બોજાથી કંટાળેલા મગજને શાંત કરવાની ખુબી કામનીયા આશ્રમમાં છે

પાલવા ... બારે ગામના અરોપને નમ્ર પ્રાર્થના



(ગયા અંકનુ અનુસંધાન)

મારે એક બાળકને સુરતમા કોઇપણ ઠેકાણે રાખીને મૂકવાનો હતો સુરતમા આ માસિકના માનનીય તંત્રીએ આપણી કોમના બાળકો માટે એક વસતિગૃહ ઉઘાડેલુ છે એવી ખબર હોવાથી નરમ ત્યાં ગયો. ત્યાંની પરિસ્થિતિ જોતા મને ઠીક લાગ્યુ નહિ કારણકે વગર સાધને સાવધાનતા શી રીતે રાખી શકાય ? છતા બે ચાર વિદ્યાર્થીઓ એનો આશ્રય લેતા મને જણાયા હતા મને ખાત્રી થઈ કે પુરતું સાધન મળે તો રા૦ મણીશંકર એ સંસ્થાને આદર્શરૂપ બનાવી શકે પણ એ સંસ્થા તરફ જ્ઞાતિના કોઇ આગેસરે કે હિતચિંતકે નજર સરખી પણ કરવી નહિ જેથી તે સંસ્થા હાલ તો સમાધિ દશા ભોગવે છે

તે પછી હુ મનાનિન બોર્ડિંગની ખબર મળતા તે તરફ ગયો અને તેના માનનીય અને કાર્યદક્ષ સુપરિટેંડેંટ સાહેબને મળ્યો મારી હકીકત નિવેદન કરી કહ્યુ કે આ બાળકને આપની બોર્ડિંગમાં જગ્યા આપશો તો હુ આપનો પરમ આભારી થઇશ તેમણે દીલગીરી સાથે જણાવ્યુ કે બીજી કોમના બાળકને દાખલ કરવાનો પ્રતિબંધ હોવાથી આપની વિનતિ સ્વીકારી શકતો નથી તે પછી હુ નિરાશ થઇ સુરતમા આવેલી પટેલ બોર્ડિંગમાં ગયો હતો ત્યા પણ એજ ઉત્તર મળતા મારી નિરાશા વધી પડી હતી અને મનમા વિચાર આવ્યો કે બધાએ પોત પોતાનુ કરી લીધુ છે માત્ર કોઇપણ ઉચ્ચ કોમ રખડતી સ્થિતિમા હોય તો તે આપણી જ છે આ સ્થિતિના સંબંધમા આપને શુ વિચાર આવે છે ?

આ ઉપરથી જણાય છે કે સૌ કોઇ પોતપોતાના પગ ઉપર ઉભા રહેવાનુ પસંદ કરે છે માત્ર ઉચ્ચ ગણાતી આપણી કોમજ એ મહત્વના વિષયમાં ... નથી છે અને તેનુ પરિણામ આપણે ભોગવીએ છીએ બેદરકારપણુ મેલ્લાનના જમાનાનુ વિષ છે અને વિષનુ પરિણામ વિનાશ વગર બીજુ શુ હોઇ શકે ? આ બેદરકારીનુ વિષ દૂર કરવા સૌ કોઇને વિનતિ કરવામા આવે છે આપ ધારો તો એ વિષને સ્થાને અમૃતનો વરસાદ વરસાવી શકો એમ છો આપનુ દૃષ્ટિ ... શુન કરે તો એ વિષ દૂર કરવાના ઘણા ઉપાયો છે અને તેમાંનો એક જે સરળ અને સુલભ અને ... થવા જેવો છે તે આપને સૂચવી આ પ્રાર્થના પૂરી કરીશ

આપણી આર્થિક સ્થિતિ બહુ નબળી હોવાથી બીજી રીતે આપણે રકમ ભેગી કરી બોર્ડિંગ જેવી સંસ્થા ચલાવી શકીએ એમ નથી તેમજ આપણી કોમના બે ચાર સારા ધનિક ગૃહસ્થો પોતાની લક્ષ્મી બીજાને માટે અર્પણ કરે એમ માની શકાતુ નથી આવી સ્થિતિમા જ્ઞાતિના દરેક ભાઇ બહેનોને વિનતિ કરૂ છુ કે વરસમા જે બેચાર દિવસના સારા નરસા રોટલા તેમના બચે છે તે રોટલાનો ખર્ચ પોતે વહી લઇ તેવી થતી બચાવ આ જ્ઞાન મેળવવાના સદ્ઉપયોગમા વપરાય તો એ એક મહાન અને નિઃસ્વાર્થ માર્ગ છે

પરમેશ્વરે માણસ જાતને વાણી ખુબ સુરતીને માટે આપેલી છે

આપ સમજી શકયા હશો કે આપણામા મરણ પાછળ જે દહાડો કરવામા આવે છે અને જેને હાલના સુધારકો મરણની મીજમાનીનુ-અભિધાન આપી પાછળ હસે છે તે મીજમાની બધ કરવા મારી અને બધા સમજુ માણસોની માગણી છે એટલે હુ એમ કહેવા નથી માગતો કે મરણ પાછળ જે ધર્મની ક્રિયા થાય છે તે પણ બધ કરવી સુધારકો એ સબધમા વગર સમજે ફાવે તેમ બોલે તેની આપણે દરકાર કરવાની નથી. દરેક ધાર્મિક ક્રિયા પૂર્ણ શ્રદ્ધાથી કરવાની છે માત્ર દ્વાદશા અને ત્રયોદશાને દિવસે અનુક્રમે બાર, તેર સત્પાત્ર બ્રાહ્મણોને જમાડી સંતોષ માનવાનો છે આપણુ શાસ્ત્ર જ્ઞાતિ ભોજન કરાવવાનો આગ્રહ કરતુ નથી એટલે એ સબધમા ધર્મનો બાધ આવવાનો નથી માત્ર આપણે તો લોક રૂઢીજ બદલવાની છે દક્ષિણી લોકો જે આપણા કરતા ધર્મની બાબતમા હજુ આગળ પડતા છે તેઓ પણ આવો ખર્ચ કરવાની વિરુદ્ધ છે તેમને તો આવા પ્રસગે જ્ઞાતિ ભોજન જેવી ફરજ હોતીજ નથી

આપ જાણો છો કે આ રૂઢિ સેંકડો વર્ષથી ચાલી આવેલી છે તે સમય અને હાલના સમયમા આસમાન જમીનનો અતરાય પડી ગયો છે જે વખતે રૂઢી પ્રચારમા આવી તે વખતે અનાજ વગેરેના જે ભાવો હતા તે ભાવમા અને આજના ભાવમા મહદ્ અતર પડી ગયુ છે ઘણી ચીજોના ભાવો નહિ ધારી શકાય એ પ્રમાણે વધી ગયા છે આની સ્થિતિમા ઘણા ગરીબ માણસોને બીજાની સાથે સારે ઘસડાવુ પડે છે દેવુ કરીને પણ હાડો કરવો પડે છે એ કરજ ફેડતા એમની જીદગી પૂરી થાય છે, એટલુજ નહિ પણ ઘણીવાર તેમના વારસોને વારસામા દોલત આપવાને બદલે કરજ આપી જાય છે જે તેની જીદગીને પણ બરબાદ કરે છે આ પ્રમાણે ઉત્તરોત્તર ખરાબીનુ મૂળ રોપાય છે અને ગરીબાઈ આખી કોમથી દૂર થતી નથી

કેટલાક નબળ સ્વાદેન્દ્રિયોવાળા કહેશે કે હમારુ મિષ્ટાન્ન જાય એવી વાત હમે શી રીતે કબુલ કરીએ? બેશક જ્ઞાતિભોજન સમયે બધા એકત્ર થઈ જમતા આનદ થાય છે પરતુ એ આનદ બહુજ અલ્પ વખતનો હોય બીજા ઘણાની બરબાદી કરનાર છે એ વાત ભૂલી જવી જોઈએ નહિ

એક રાજા એક નગરના બાળકોને કેળવણી આપવા પાછળ દર વર્ષે દશ હજાર રૂપિયા ખર્ચે છે તેને બદલે તે કોમના બધા માણસોને એક દિવસ મીજમાની આપી એ દશ હજાર રૂપિયા ખર્ચી નાખે તો તમને આ બેમા કયુ મહત્વનુ લાગે છે? જ્યા સુધી જ્ઞાન નહિ હોય ત્યા સુધીજ ઉતરતા પ્રકારનો આનદ ઠીક લાગે છે અને તે છોડતાં કમકમાટી ઉપજે છે પણ જ્ઞાતિના સમજુ મનુષ્યોનો ધર્મ છે કે જે સત્ય અને સારૂ હોય તે તરફ જ જનસમુહને દોરવવા જોઈયે

જ્ઞાતિના બાળકોને આ રસ્તે કેળવણી મળી શકે એમ છે અને તેમ થતા ઉત્તરોત્તર તેમનુ અને જ્ઞાતિનુ હિત સધાતુ જશે એ આનદ અને આશીર્વા સૌ મૃતનુ કલ્યાણ કરવા પાછળ પડશે નહિ વળી, જેમના મરણ નિમિત્તે આ રકમ આપવાની છે તેની સદ્ગતિ થવામા આ આનંદ અને આશીર્વા અનેક રૂપે મરનારનુ હિત સાધી

તો તેને સારા ચળકતા અને સુવાળા કરવા સારૂ કામીનીયા ઓઇલ વાપરો

સેટનો રાજા **ઓટો મોહિની** (રજીસ્ટર્ડ)

ચમેલીના ફુલોનો બહાર



માત્ર ચારજ ટિપા રૂમાલમા નાખો અને તમારી પાસે ચમેલીના ફુલોનો એક તુરો હોય એવી કરશે પણ તેમા ખાસ ધ્યાન ખેચનારૂ એ જોગો કે જ્યારે ફુલોનો તુરો તેની સુગધ ખોઇ સાજ પડતા કરમાઈ જાય છે ત્યારે આ સેટના માત્ર ચાર ટીપા ચારદીવસ સુધી ચાલુ સુગધ આપશે તેની આ દીલખુશ અને અત્યત અગત્યની ખુબીના સબબે, મજબુત હરીફાઇ અને તપાસ છતા તેને કેટલાક પ્રદર્શનોમા સોના અને રૂપાના ચાદ મળ્યા છે

ઉપર લખ્યા પ્રમાણે તેની વાસ ટકતી નથી એવુ સાબીત કરનારને રૂ ૧૦ ઇનામ મળશે

અર્ધા આઉસની કાચના બુચવાળી સીસીના રૂ ૨ } કપડામા રાખવા લાયક ઓટો મોહીનીના
૧ ડ્રામની સુદર ટયુબના ૧૨ આના } સુગધી કાર્ડો ૧ ડઝનના ૧૨ આના

અત્તરોનો ઝરો એટલે બીજુ કઇ નહિ પણ જગપ્રસીદ્ધ

શેબીનીયા

હેઅર આઇલ

આ સુગધી તેલ માથામા નાખવાથી બાલ સુશોભીત, ચળકતા અને લાબા વધે છે માથામા નાખવાથી હજારો ફુલોની મીઠી ખુશબો આપશે તેથી વધારે લખવાના કરતા માત્ર એકજ બાટલી વાપરી ખાત્રી કરો

કીં બાટલી ૧ નો રૂ ૧-૦-૦ પોસ્ટેજ જુદુ

એકલા માલિકો — ધી ઓરીએન્ટલ ડ્રગ એન્ડ કેમીકલ કંપની

એકલા આડત્યા — **મોહીની એજન્સી.**

જુમા મસ્જીદ મુબઇ

દત્તાત્રય કૃષ્ણ સાડુ બ્રધર્સ

આર્યૌષધી કારખાનુ પોસ્ટ ચેંબુર જી ઠાણા, ટેલીફોન નં૦ ૪૨૨૪

દુકાન અને દવાખાનુ ઠાકુરદ્વાર મુંબઈ પો નં૦ ૨—ટેલીફોન નં૦ ૨૫૭૮

અમારા કારખાનામા બગડે નહીં એવા તૈયાર કાઢાઓ (ક્વાથો) રસ, આસવો અને અરિષ્ટો, ચુર્ણો ગુટિકાઓ ભસ્મો માત્રાઓ રસાયણો પાક, અવલેહો, મુરબ્બા, તેલો ઘૃતો, મલમો, લેપો, ક્ષારો સરબતો અર્કો વગેરે શાસ્ત્રોક્ત, ઔષધો તૈયાર છે

બહારગામના લોકોયે દવાઓ મગાવવી તે અને તબીયતની હકીગત માટે "ચેંબુર" ને સરનામે લખવુ

થોડાક દવાઓની યાદી

સુવાવડી ક્વાથ (કાઢો) (દસ દહાડામા આપવા લાયક)

સુવાવડ ક્વાથ (કાઢો) (દસ દહાડા પછી આપવા માટે)

સુવાવડી ક્વાથ (કાઢો) નં૦ ૧ બા ૧ ના ૦-૧૨-૦

સુવાવડી ક્વાથ નં૦ ૨ બા ૧ ના ૦-૧૨-૦

બાળકડુ—નાના બચ્ચાઓને, બા ૧ ના -૩-૦

મેદુના વિકાર-માથુ દુખવા ઉપર

બ્રામ્હી તેલ —

ઉજાગરા કરનારાઓને તેમજ માનસીક કામ કરનાર વિદ્યાર્થી વકીલ, વૈદ્ય, ડાક્ટરોને, તથા અપસ્માર ફેફરુ, આંકડી, ઉપર અકસીર બા ૧ ના ૧-૦-

વાસુદેવ કૃષ્ણ સાડુ માલેક



ગાય છાપ ગાય છાપ

જી એ ચાહવાળાનો દરાજનો મલમ

ગમે તેવી જુની લાલ યા કાળી રાજ કી-, ખુજલીનો અકસીર ઇલાજ આ મલમ ખુશીથી ૨ હોઇ અક્સીર છે એક વાર વાપર્યા પછી ફરી તે જગાએ દરાજ થતી નથી ઘેર લાક વિદ્વાન ડાકટરોની સલાહથી આ મલમ શોધિ કાઢ્યો છે એકવાર વાપર્યાથી ખાત્રી થશે બીજી દવા વાપર્યાં પહેલા આ દવા વાપરવા ભલામણ કરીએ છીએ દરાજ ન જાય તો પૈસા પાછા શીશી ૧ ના આના ૪

વાપરવાની રીત-દવા ખુબ ઘસી તે પર શેક કરવો

બનાવનાર તથા વેચનાર } ચોગ ગુલામઅલી અલીમહમદની કંપની ચાહવાળા, ભડારકોટ-ભાજીપાલા લેન નં૦ ૧૨-મુબઈ

શુ માથાના દરદ માટે તમો ઘોડા છાપનો ઇલેકટ્રીક બામ વાપરો છો ? નહી વાપર્યો હોય તો વાપરી ખાત્રી કરો



ગમે તેવી શરદી યા ગરમીથી થતો માથાનો દુખાવો, અધાસીસી સાંધાનો દુખાવો કળતર વિગેરે ઉપર ઇલેકટ્રીક બામ વિજળીના જેવી સચોટ અસર કરે છે દરદિ તુરત આરામ થાય છે આ બામ એકવાર વાપરવા દરેકને ભલામણ કરીએ છીએ એ સીવાય દરેક જાતના સેંટ સાબુ, પેટંટ દવાઓ ચાહ વિગેરે જથાબંધ તથા છુટક ફાયદાવંત ભાવે મળશે બહારગામના આરડરનો માલ વિ પિ થી મોકલવામા આવશે

ગુલામઅલી અલીમહમદની કંપની
જનરલ મરચંટસ
ભાજીપાલા લેન નં૦ ૧૨-મુબઈ

શકે એમ છે જ્ઞાતિ ખર્ચમા તો ખાઇને ખવરાવવાનુ છે, એટલે એમા પુણ્ય થાય છે એવુ કયો વિવેકી મનુષ્ય માની શકશે ? કદાચ થાય છે એવુ માનીએ તોપણ જ્ઞાન દાન જેવુ બીજુ કયું પુણ્ય છે ? જ્ઞાન એ આ જન્મને સુધારે છે એટલુજ નહિ પણ એ પછીના અનેક જન્મોને ઉચ્ચ કક્ષામા મૂકી આત્મા અને પરમાત્માનો અભેદ કરાવી શકે છે અર્થાત્ મનુષ્યનુ છેવટનુ કર્તવ્ય સિદ્ધ કરાવનાર એ જ્ઞાન જ છે એ પ્રમાણે જ્ઞાનથી જ માણસ આદર્શભૂત જીવન પ્રાપ્ત કરી, બીજા અનુકરણ કરનારા સેકડો મનુષ્યોને દિપતાનુ રૂપ આપી શકે છે


બાગે ગામના એશીપોના અગ્રેસરોને મારી ખાસ વિનતિ છે કે ઉપરની એકદર હકીકતથી આપ ખરી વસ્તુ સ્થિતિ સમજી શકયા હશોજ તો મારી આ પ્રાર્થના તરફ આપનુ લક્ષ ખેચી આ બાબતમા આગળ પગલુ સત્વર ભરશો એવી ઉમેદ છે

દરેકોઇ અગત્યનો સુધારો રાજ્યસત્તા તુરત કરી શકે છે તેજ પ્રમાણે હાલની જ્ઞાતિનુ બધારણ જોતા જ્ઞાતિના અગ્રેસરો પણ કરી શકે તેમ છે સત્તાનો સદુપયોગ થાય તો ઘણુ કરી શકાય એમ છે

ધારો કે—બાગે ગામમા મળી દર વર્ષે લગભગ ૫૦ મરણ ધારીએ અને હાલની મોઘવારી ધ્યાનમા લઇ તે દરેક પ્રસગનો અનુમાનથી રૂ ૨૦૦ સુધીનો સરાસરી ખર્ચ ગણીએ તો વર્ષ દહાડે રૂપિઆ ૧૦૦૦૦ ની રકમ થાય છે આ રકમ દર વર્ષ આપણા ઘરમાથી સાજના ગેટનાના બચાવને બદલે વપરાય છે અને એને બદલે એ રકમનો કેળવણી પાછળ સદુપયોગ થાય તો જ્ઞાતિનુ દરેક રસ્તે તે હ્યાણ સાધી શકે એમ છે

આપણે દરેક મરણ પાછળ સરાસરી રૂ ૨૦૦ ગણ્યા છે તેમા કરવાની ધાર્મિક ક્રિયા અને થવાનો બ્રહ્મભોજન ખર્ચ રૂ ૫૦મા સમેટી લઇએ તો રૂપિયા ૧૫૦ નો બચાવ થાય છે તેમાથી એ ન્યાતના કુલ ખર્ચનો ૧/૩ એટલે રૂપિયા ૫૦ કેળવણી ફડમા આપવાનુ નક્કી કરીએ તો એકદર રૂપિયા ૧૦૦ નો ખર્ચ થતા ઘરધણીને રૂ ૧૦૦ નો બચાવ થશે આ પ્રમાણે થતા કોઇપણ પ્રકારનો અનર્થ થવાનો છે જ નહિ પણ અનેક લાભો થવાના છે (અપૂર્ણ)

કર્મયોગ



कर्मण्येवाधिकारस्ते माफलेषुकदाचन ।
माकर्मफलहेतुर्भू र्मातेसगोऽस्त्वकर्मणि ॥

પ્રિય બધુઓ ! શ્રીકૃષ્ણ ભગવાનના ઉત્કૃષ્ટ રહસ્યમય કથનના વિસ્મરણથીજ આપણી પૂર્વ સ્થિતિની અયોગ્યતા આપણને સ્વીકારવી પડી છે મનુષ્ય જ્યારથી જન્મે છે ત્યારથીજ ગમ કરવાને બધાયલો છે એટલે કે જ્યારથી આ પાચ ભાતિક દેહ ધારણ કરી ત્યારથીજ દેહને તથા કર્મને અત્યત ગાઢ સબધ હોવાને સબબે કર્મ

કામીનીના ઓઇલ, વનસ્પતીના સત્વનુ બનેલુ છે

કરવાની ઉત્પત્તિ થઈ ચુકી છે અને જ્યારે વસ્તુ સ્થિતિજ એવી છે ત્યારે મનુષ્ય દેહ ધારણ કરી નિયત કર્મનો દેહ સ્ફુરણથી અથવા તો આનસ્યથી લોપ કરવો એ મનુષ્ય બુદ્ધિ લક્ષણથી વિલક્ષણ છે

કર્મની ઉત્પત્તિની સાથેજ ત્રણ પરિણામોની ઉત્પત્તિ છે અનિષ્ટ ઈષ્ટ અને મિશ્ર આ ત્રણે પરિણામો પ્રથમ તો કાર્યમાં સૂક્ષ્મરૂપે અંતર લીન હોય છે, અને જ્યારે વૃક્ષવત્ વસ્તુ પ્રાપ્ત થાય છે ત્યારેજ બહાર પડે છે માટે એ ફળોના વિચારમાત્ર કર્મનો ત્યાગ કરવો એ મહત્ પુરૂષનું લક્ષણ નથી કારણકે કર્મ કરવું એ દેહનો ધર્મ છે એટલે તે પણ અનિવાર્ય છે અને તેમાં રહેલાં પરિણામ પણ એવીજ રીતે અનિવાર્ય છે, ત્યારે પ્રવૃત્તિ નિયમથી ઉલટા વર્તી અપરાધી થવું તેના કરતાં નિયતકર્મ કરતાજ રહેવું અત્યુત્તમ છે

પરાપૂર્વથીજ આપણે વર્ણત્રયમાં ઉચ્ચતાનું ગૌરવ ધરાવતા આવ્યા છીએ અને હજુ પણ કેટલેક અંશે તે ટકાવવાનું છે તો તેને પૂર્વની સ્થિતિએ પહોંચાડવું એ આપણો પ્રથમ ઉદ્દેશ હોવો જોઈએ, એ ઉદ્દેશના પરિપાલણાર્થે શારીરિક સમયે પ્રસાર કરવાને શ્રીમાન નૃપવર ભર્તૃહરિ મહારાજના । मनस्वी कार्यार्थी गणयति न दुःखं न च सुखम् । આ કથન લીન કરી દૃઢ કરવું જોઈએ કારણકે જ્યાં પ્રવૃત્તિ છે ત્યાંજ ભય છે અને ભય છે ત્યાં ભય છે એટલે કે કર્મનો સંબંધ ધરાવનાર ભય પણ અનેક કાર્યમાં સમાયલોજ છે, અને તે ભયની ફરી ફરીને બચી ઉત્તમ પુરૂષ થવાજ પ્રયત્ન કરવો જોઈએ અને તે પ્રયત્નમાં સુખદુઃખ રૂપી દંદ દરાન દેતાંપણ મનસ્વી કાર્યાર્થી થઇ કાર્યાન્ત લાવવો એજ ઉત્તમ છે

આવા સુખદુઃખના દંદ શોકમાંથી બચવાને શ્રીકૃષ્ણ ભગવાને પોતાના પ્રિયસખા અર્જુન પ્રતિ કહ્યું છે કે —

अनिष्टमिष्टं मिश्रंच त्रिविधंकर्मणः फलम् ।
भवत्यत्यागिनांप्रेत्य नतु सन्यासिनांक्वचित् ॥

અનિષ્ટ ઇષ્ટ અને મિશ્ર એમ ત્રણ પ્રકારનાં કર્મનાં ફળો, કર્મ ફળનો નહિ ત્યાગ કરનારનેજ છે સંન્યાસીને નહી સન્યાસી એટલે આધુનિક કહેવાય વસ્ત્રવાળા નહિ પરંતુ કાર્ય કર્મનો ત્યાગ કરવાવાળાઓજ સન્યાસી કહેવાય છે (એજ વાત શ્રીકૃષ્ણ ભગવાને નિચેના શ્લોકમાં સિદ્ધ કરી છે)

(कार्यमित्येवयत्कर्म नियतंक्रियतेऽर्जुन ।
सङ्गंत्यक्त्वाफलंचैव सत्यागः सात्विकोमतः ॥)

તેઓનેજ કર્મફળો બાધ કરતાં નથી આવી રીતે નિષ્કામ કર્મ કરવાથીજ શ્રીકૃષ્ણ ભગવાન ભગવાનપણાને પામ્યા તેમજ એ એ વીર રત્નો આપણી ભારત ભૂમિપર અદ્યાવધિ પર્યંત થઈ માતૃભૂમિને કૃતાર્થ કરી ગયા છે તેઓ સર્વે આજ સિદ્ધાન્તના અનુકરણી હતા એમ સ્પષ્ટ જણાય આ પ્રભાવને લીધે શ્રીકૃષ્ણના ચારિત્રમાં એક અદ્ભૂત કીર્તન આપણને મળી આવે છે તે એ કે એક સમયે પાંડે અગસ્ત્ય મુનિને માટે

ઓગણોનો શણગાર બાજ છે અને તેની માગણી કરવા માટે

શ્રીકૃષ્ણ ભગવાને જમનાજીની બીજી બાજુએ ભોજન સામગ્રી લઇ જવા ગોપીઓને કહ્યુ ત્યારે જમનાજી ભરપુર હોવાને લીધે બીજી બાજુએ જઇ શકાય એમ ન હતુ તેવા પ્રસગે ગોપીઓને આજ મત્ર કહ્યો હતો કે "જો શ્રીકૃષ્ણ બાળ બ્રહ્મચારી હોય તો જમનાજી માર્ગ આપો અને એજ પ્રમાણે જ્યારે અગસ્ત્ય મુનિ ભોજન કરી રહ્યા ત્યારે માર્ગને માટે એમણે પણ એવાજ પ્રકારનો મંત્ર આપ્યો કે 'જો અગસ્ત્ય મુનિ સદા ભૂખ્યા હોય તો જમનાજી માર્ગ આપો" આમ કહેવાથી જમનાજીએ માર્ગ આપ્યો હતો આ ઉદાહરણ એકાતમા મનન કરવાથી નિષ્કામ કર્મની પ્રતિભા ધ્યાનમા આવશે

આવી રીતે જ્યારે કર્મમા પ્રવૃત્તિ થાય છે ત્યારે કર્માંગ દેવો પણ આપોઆપ યોગ્ય વખતે પોતપોતાના વિષયની ગુપ્ત વાત કહે છે જે નીચેના દૃષ્ટાંતોથી જણાશે

જબાલા નામના ઋષિ પત્નીને સત્યકામ નામનો પુત્ર હતો ઋષિએ પુત્રની બાલ્યાવસ્થામાજ ઉર્ધ્વગમન કર્યું હતુ જ્યારે સત્યકામ આઠ વર્ષની ઉમ્મરનો થયો ત્યારે ગુરુને ત્યા બ્રહ્મચારી રહેવાને પોતાની માતાને પોતાના ગોત્ર વિષે પુછ્યુ પરતુ જબાલા પોતાના સ્વામીની હયાતીમા આતિથ્ય સત્કારમાજ હમેશા ગુથાયલી રહેતી હોવાથી તથા તેણીની યૌવનાવસ્થામાજ સ્વામીનુ અનિષ્ટ થવુ સભવેલુ હોવાથી ગોત્ર જાણી શકી નહીં જેથી તેણીએ પુત્રને કહ્યું કે ગુરુને મારૂ નામ તથા તારૂ નામ અને ઉપલી હકીકત કહીશ તો ગુરૂ તને દીક્ષા આપશે એ પ્રમાણે પુત્રે ગૌતમ ઋષિના આશ્રમે જઇ સઘળી હકીકત કહી સભળાવી આથી ઋષિએ જાણ્યુ કે બ્રાહ્મણ સિવાય આવી સત્ય વાત કોઇ કહી શકે નહિ એમ ધારી સત્યકામને તેમણે દીક્ષા આપી અને પોતાની ગાયોમાથી તદ્દન નબળી એવી ચારસો ગાયો આપી કહેવા લાગ્યા કે જ્યારે એક હજાર થાય ત્યારે અહિ આવજે ત્યાસુધી બ્રહ્મચર્ય પાળી ગાયનુ સેવન કરજે આવાને શિરાવદ્ય ગણી અન્ન જળ વિનાના અરણ્યમા પોતે એકલો ચાલતો હતો જ્યારે એક હજારની સખ્યા થઇ ત્યારે તેમાથી વાયુદેવના આવેશવાળો એક બળદ બોલ્યો હે! સત્યકામ! હવે અમે એક હજારને પ્રાપ્ત થયા છીએ માટે અમને ઋષિ આશ્રમપ્રતિ લઇ જાઓ, અને હુ તને બ્રહ્માના ચોથા પાદનો ઉપદેશ કરૂ છુ સત્યકામ તેને સન્માનપૂર્વક સાભળતો હતો "પૂર્વ દિશા કલા પશ્ચિમ દિશા કલા ઉત્તર દિશા કલા, અને દક્ષિણ દિશા કલા છે એવા ચાર અવયવવાળો બ્રહ્મનો પાદ છે અગ્નિ તને અન્ય પાદનો ઉપદેશ કરશે" એમ કહી તે બળદ વિરામતો હવો, સત્યકામે હવે ઋષિ આશ્રમ પ્રતિ જવુ શરૂ કર્યુ

બીજે દિવસે જ્યારે સાયકાળનો સમય થયો ત્યારે ગાયો એકત્ર થઈ અને સત્યકામ સમિધ લઇ આવી અગ્નિની ડાબી બાજુએ પૂર્વાભિ મુખે સ્તુતિ કરતો બેઠો અગ્નિ દેવ પ્રસન્ન થઇ બોલ્યા કે, હે સૌમ્ય! હુ તને બ્રહ્મનો એક પાદ કહુ છુ તે સાભળ

પૃથ્વી કલા અતરિક્ષ કલા સ્વર્ગ કલા સમુદ્ર કલા, એવી ચાર કલાવાળો બ્રહ્મનો અનતવાન નામનો પાદ છે હસ રૂપે સૂર્ય તને એક પાદ કહેશે' એમ કહી અગ્નિ વિરામ્યા

આ ૫ દિવસે સાયંકાળે ઉપરોક્ત પ્રમાણે કરી સત્યકામ અગ્નિની ડાબી બાજુએ પૂર્વાભિમુખે સ્મરણ કરતો બેઠો હંસ ઉડી તેની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે બ્રહ્મનો એક પાદ કહું છું તે સાંભળ અગ્નિ કલા ચંદ્ર કલા સૂર્ય કલા અને વિદ્યુત કલા છે હું ! પ્રિય દર્શન આજ બ્રહ્મનો ચાર ભાગવાળો જ્યોતિષ્માન્ નામનો પાદ છે મદ્ગુ તને એક પા કહેશે એમ કહી હંસ વિરામ્યો

અન્ય દિવસે સાયંકાળે અગ્નિનું ઉપસમાધાન કર્યું અને સમિધ ધારણ કરી અગ્નિની ડાબી બાજુએ પૂર્વાભિમુખે અગ્નિનું ચિંતન કરતો બેઠો એટલે જળકુકડી ઉડીને પાસે આવી અને કહેવા લાગી કે બ્રહ્મનો એક પાદ મારી પાસેથી સાંભળ " પ્રાણકલા ચક્ષુકલા, શ્રોત્રકલા અને મનકલા આ ચાર કળાવાળો બ્રહ્મનો આયતનવાન્ નામનો પા છે

આવી રીતે । स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः । પોતાના કર્મમાં યથાવિધિ મંડયા રહ્યાથી માણસને સિદ્ધિની પ્રાપ્ત થાય છે આવા વિષયમાં પ્રાચિન મહર્ષિઓની ખ્યાતિ ગાવાથી કીર્તિનું લાભ થાય છે એક તેમના ગુણમાંથી મુક્ત થવાય છે તે તથા બીજું તેમની સિદ્ધિને જાણી શકાય છે માટે આજ વિષયની પુસ્તીમાં એક વિશે છાંદોગ્ય ઉપનિષદ્નો કથા ભાગ ટાંકુ છું — (અપૂર્ણ)

સ્વર્ગવાસી વડીલ બંધુમતી વિયોગીના શોકોદ્‌ગાર

(લલિત)

અરર બંધવા આમ શું કર્યું, સ્વર્ગ સીધાવતા દીલ ના રહ્યું
કોમળ કાળજું કઠણ કાં કીધું, કુટુંબ ભુલીને રઝળતું કીધું—૧
નજરથી તુને ભાળી ના શકું, ભેટી જરા તુને ન મેળવી શકું
અમુલ્ય ભાગીઓ શું ૪ માહેરો, રખડતો કીધો બાળ તાહેરો—૨
રતન રમકડું મુજ રંકનું ધુળ મળી ગયું ભાવી અંકનું
અમોઘ હીરલો હાથથી ગયો, પેટ ચોળીને રોતો હું રહ્યો—૩
દયા નિધી મહી દવ લાગીઓ, વીવેક વારીમાં વાયુ ચાલીઓ
ઓચીંતો આવીઓ કાળ કારમો ભક્ષ કરી ગયો ક્ષણીક વારમો—૪
અભાગી પાપી હું વિદેશમાં વસ્યો અવસાન વેળાએ આવીના શક્યો
માહાન રૂણી હું તાહેરો રહ્યો કરી સેવા ભાઇ મુક્ત ના થયો—૫
કરગરી પ્રભુ માગું મુખથી સ્વર્ગમાં રહો ભાઇ સુખથી
સ્વર્ગમાં વસી નજર નાખજો આશિષ અનુજને આપ આપજો—૬
જરૂર ...ગ તો ચીરાઇ જાય છે, કેશવ કાળજું કોરાઇ જાય છે
પણ પ્રભુ સમીપ હતાશ હું થયો હાર માનીને હુકમ શિર ધર્યો—૭

લી॰ તારો વિયોગી કેશવ

॥ ॐ ॥

કન્યા કેળવણી વિષે ગરબો

શાંતિ સ્વરૂપ મન મંદિરીયામાં, સરસ્વતિ પધરાવો રે
શુદ્ધ હૃદયથી તનધન અર્પી, ગુણ ગુણીયનના ગાવો રે—શાંતિ
ભલા નંદમા ડોલતિ, ત્રિલોકમાં શુભમાત
આર્ય જનોનિ સંતતિ વિશ્વ વિષે પ્રખ્યાત
દુઃખ દરિયામાં ડુબી ગઇ છે, વીરના વ્હારે આવો રે—શાંતિ
ક્યાં છે સીતા સાવત્રી, અનસુયા શુભ માત્
ક્યાં છે વિદુષી ગારગી, શ્રુતિ વિષે વિખ્યાત
જ્ઞાન શૌર્ય સૌ રહી ગઈ, કોઇ ભારતને ઉધ્ધારો રે—શાન્તિ
નંદન વન સમ શોભતિ, ઝગઝગતી ચોપાસ
વીર પ્રસુતા જે હતિ થઇ દીનનો વાસ
માતૃ ભૂમિનો ઉધ્ધાર કરવા પ્રેમ શૂર સૌ થાવો રે—શાંતિ
ધર્મ કર્મ રસ કસ ગયા, ગયો સત્વનોવાસ
ઇર્ષ્યાં સ્વારથ દંભનું, વિષ પ્રસર્યું ચોપાસ
વિદ્યામૃત સિંચન કરીને મોહ મૂર્છના ટાળોરે
ધર્મ નીતિથી કેળવી કન્યા, આર્યભૂમિને ઉજાળોરે—શાંતિ

વાસદા-રાજ્ય } લી રાજ્ય પુરોહિત ગણપતિશંકર ભ. નાનજી તથા
તા૦ ૩-૧૨-૧૬ } કિ. ચ. મજમુદાર (વાસદાકર)

ચર્ચાપત્રો



પાલવાડા ઔદિચ્ય પરિષદના કાર્યવાહકોની બેદરકારી

પ્રભાકરના બે ત્રણ અંકોથી પાલવાડા પરિષદ વિષે ચર્ચાપત્રો પ્રગટ થાય છે, અને ચર્ચાપત્રીઓએ જ્ઞાતિમાં ચાલતી તકરાર એ 'વટની છે પણ વટાળની નથી' એમ ખુલ્લી રીતે બતાવ્યું છે જ્ઞાતિ બન્ધુઓ અને પરિષદના કાર્યવાહકો તરફથી કોઇ પણ રીતના ખુલાસા પ્રગટ થતા નથી એટલે એમ માનવાને કારણ મળે છે કે, પાલવાડામાં ચાલતી તકરાર એ ચર્ચાપત્રીઓના લખવા મુજબ **"વટનીજ છે અને વટાળની નથી"** પરિષદ મંડળના કાર્યવાહકોએ પરિષદની બેત્રણ બેઠકોમાં જે ઉત્સાહ બતાવ્યો હતો તે ઉત્સાહ હાલ તેમનામાં દેખાતો નથી, અથવા તો તેમનામાં કાર્ય કરવાની ખામી છે કે તેમનામાં જાહેર હીંમત નથી એ તો એક સર્વમાન્ય સિદ્ધાંત છે કે, સારા વખતમાં સર્વ કોઇ કામ કરવા તૈયાર થાય છે, પરંતુ કસોટીના કટોકટીના પ્રસંગે કાર્યકુશળતા વાપરી જ્ઞાતિજનોના કાર્યને સરળતાથી આગળ વધારવું એમાંજ ખરી કાર્યકુશળતાની પરિક્ષા થાય છે પાલવાડામાં જ્ઞાતિના મરદારો અને જ્ઞાતિ બન્ધુઓએ એકડા

સાન મથિત તક ઉચિત અન છાશ જે દહીં ચા ાશ સાધજ પાણીના મિશ્રણ વિના વલાવવામા આવે તેને ઘોલ કહુ છ ઉપ થી મલાઈ કાઢી લઈ પાણી વિનાની છાશ મથિત કા વાય છ ચોથા ભાગ પાણી મીલીત છાશ ના અડધા અ ધ પાણીવાળા ઉ ા રત્ત અને પુષ્કળ પાણીવાળી સા ફીન છાશ ધાશી ાના નામથી એ ળ ખાય છે ઘોલ નામની છાશનુ સાકર સહીત મનન કરવાથી વાત તથા પીત્તનો નાશ થાય છે આમ આપે છ અને એના વિરસ ગુણો શ્રીખડને મળતા આવે છે મથીત વાય પીત તથા કફને હર છ તક સાય ખાટી રસ તથા પાકમા મધુર વાદી હળવી દીપન ઉષ્ણ વિય, બળ તથા વિયની વૃધ્ધિ કરનાર તૃપ્તિ આપનાર અને વાતહર છ ઉદશ્વિત કફહર બળવધ્ધી અને શ્રમને મટાડનાર છે ખટીક રિતે હળવી વાતહર પીતહર કફહર તથા શ્રમને મટાડનાર અને લવણના રોગની દીપન છ ા ાસી માડી ધાન સુધી ક્રમ

કાળીનીયા ઓઢવ વાળે સામા મળાવવા સાની શ્રા નીર ુ છ

ચાર ઉતરોત્તર છાશ ગુરૂત્વને પામે છે, માટે મંદ, મધ્ય અને તિવ્ર અગ્નિવાળાએ અનુકુળ આવતી છાશનો ઉપયોગ કરવો

शीत काले ऽग्निमान्द्ये च तथा वातामयेषु च ।
अरुचौ स्रोतसां रोधे तक्रं स्यादमृतोपमम् ॥

શીતકાળમાં, મંદાગ્નિમાં, વાયુના રોગોમાં, અરૂચીમાં અને નાડીઓના રોગમાં છાશ અમૃત સમાન ફળ આપે છે

વાતરોગમાં સુંઠ તથા સીંધવયુક્ત છાશ હીત કરે છે પીત્ત પ્રકોપમાં સાકર નાખીને લેવી ઉત્તમ છે કફના રોગો ઉપર સુંઠ, મરી પીપર, સીંધવ હીંગ નાખીને લેવી લાગે છે જુદા જુદા અનુપાનોથી જુદા જુદા અનેક રોગોપર છાશ ઉપયોગી થઈ પડે છે, જેમાં ખાસ કરીને જેર ઉતરી નાગ ઝરી વીસમ જ્વર પાંડુ, મેદ ગૃહીણી અર્શ, મુત્ર નિગ્રહ, ભગંદર પ્રમેહ ગુલ્મ અતિસાર શૂળ પ્લીહા ઉદર પેઢાની અંદરના વ્યાધિઓ કોઢ, સોજા, કૃમિ તૃષા રોગોનો નાશ કરે છે વીતમ શ્વાસ અને ખાસીના દરદીને કાચી છાશ નુકસાન કરે છે, માટે પકાવી હીંગ જીરૂ સુંઠ, મરી પીપેર, ફુદીનો વીગેરેથી સંસ્કારીને આપવી કારણ કે કાચી છાશ પેઢાના કફને તોડે છે અને કંઠમાં કફ ઉત્પન્ન કરે છે

(તક્ર નિષેધ) ક્ષતવાળાને ઉષ્ણકાળમાં દુર્બળ મનુષ્યને મુર્છા ભ્રમ દાહ અને રક્ત પીત્તના દરદીને છાશ આપવી નહીં

सानाजा नवग रक्त बब कालपु सस्नत

સાકરખાર યુક્ત છાશનું સેવન અવસ્થામાં પથ્ય છે તેમજ લવણ નાખ્યા વિના પણ છાશનું સેવન કરવું નહીં ઠંડીના સમયમાં રીતસર ઠંડા દેશોની ઉષ્ણ ઋતુમાં પણ નુકશાન કરતી નથી એવું કેટલાએક વિદ્વાનોનું માનવું છે જેમાંથી મધ્યમ ઘી કાઢી લીધેલું હોય તેવી તાજી છાશ ઘણીજ ફાયદાવાળી છે

મધુરો રસના સંયોગને લીધે છાશનું વર્ણન સંક્ષિપ્તમાં કરવામાં આવ્યું છે છાશ બનાવવાનું પાત્ર તથા બનાવનાર મનુષ્યની અને તેના અંગની સ્થિતી પ્રમાણે જુદા જુદા અનુપાનોથી સેવન જુદી જુદી જાતના જાનવરોના દુધની છાશ તથા તેના ગુણ અવગુણ વિષે ઘણું લખાય છે અને તે આ લેખક કોઇક વખતે આ માસીક દ્વારા લખવા ઉત્કંઠા ધરાવે છે વળી જમાનાના પ્રભાવે ગુણ અવગુણનો વીચાર નહીં કરનારા ચાહ દેવીના ભક્તો પ્રત્યે અમારી વિનતી છે કે ઓછા ખર્ચે અને ઓછા પ્રયાસે પ્રાપ્ત થતી તથા આયુબળ અને અગ્નિમાં વૃધ્ધિ કરનાર કેટલીએક આવી હિતકર વસ્તુઓનું સેવન કરી અને નિરોગી બની સ્નેહી સંબંધીઓને રોગ મુક્ત કરવા પ્રયાસ કરો પણ ત્યાગી પ્રવૃત્તીની ખરી ઝેરી જંતુ વહોરી ઝેરી સબંધી અને સુકોમળ બાળકોના સુંદર શરીરમાં ઝેરી ચહાનું સેવન કરી શરીર વિષમય બનાવવું એ ખરેખર શોચનિય છે તથાસ્તુ

લી. વૈદ્ય જમીયતરામ કેશવરામ પાઠક,
બારડોલીકર

સમજાવ્યો તે મહાન રચેલા પ્રમુખ સાહેબે સહી કરી હતી બાદ પ્રમુખશ્રીએ આપણી
જ્ઞાતિનુ વસ્તિપત્રક તૈયાર કરવુ એમ આજની સભા ઠરાવ કરે છે એવી રીતનો ઠરાવ
મુ રા હતો ઉપરો ત ઠરાવને રાવબહાદુર વિશ્વનાથભાઇ રણછોડજી જોશી તથા શ્રીયુત
જ એ વળાકર ગોવિંદના રમણુ વિવેચનથી ટેકો મળતા ઠરાવ સર્વાનુમતે પસાર થયો
હતો બાદ પ્રમુખ સાહેબે મજકુર કમીટીના રૂડમા ૩ ૩૦ અંકે ફીસ આપ્યા હતા
આ નીજ સભામા ગોરના આદિત્ય મહેશ્વ જ્ઞાતિ હિતવર્ધક મંડળ મુંબઇના સભ્યોએ
સારો બંદોબસ્ત જાળવી રાખ્યા હતો બાદ પ્રમુખ તથા હાજર રહેલા ગૃહસ્થોનો આભાર
માની હાર તોરા આપી સભા મોડી રાત્રે વિસર્જન થઇ હતી

શ્રી સુરત અઠ્ઠાવીશી ઔદિચ્ય મહુ સમાજ મુંબઇ

જણાવ્યુ કે સારડોનીમા મળનારા પાનનાકા પરિષદ્‌ના, ચતુર્થાધિવેશનના સ્વાગત મડળ તરફથી આમત્રણપત્રો આવ્યાં છે, અને ત્યા મોકલનાના પ્રતિનિધીઓની ચુટણી કરવાને આજની સમાજ બોલાવવામા આવી છે આજની સભાનુ પ્રમુખસ્થાન શ્રીયત જીવણરામ દુર્લભરામ ભટ્ટ બનેશ્વરકરને આપવુ એવી દરખાસ્ત શ્રીયુત ગુર્જરામ મછારામ ભટ્ટે મુકી અને તેને અન્ય ગૃહસ્થો તરફથી ટેકો મળતા શ્રીયુત જીવણરામ દુર્લભરામ ભટ્ટે પ્રમુખસ્થાન લીધુ બાદ પરિષદ્‌મા મોકલવાને સમાજમા ૧૩ તેર પ્રતિનિધીઓને ચુટવામા આવ્યા આ સમાજની આજની સભામા શ્રીયુત જીવણરામ દુર્લભરામ ભ તથા મણીશકર દયાશકર પારેક સભ્ય થવાની ઇચ્છા જણાવી અને તેમને સર્વાનુમતે દાખલ કરવામા આવ્યા બાદ આવતી સભા શ્રીયુત જમીયતરામ કૃપારામ પારેકને ત્યા મેળવવાનો ઠરાવ કરી પ્રમુખ તથા શ્રીયુત ઇચ્છારામ બાળકરામ પારેકનો ઉપકાર માની સભા વિસરજન થઇ હતી

શ્રી રાદેર ઔદિચ્ય આશ્રય ફડના સભ્યોનુ નવમુ સમેલન મુબઇ—

ઉપરોક્ત સસ્થાનુ નવમુ સમેલન તા૦ ૨૯—૪—૧૮ ના રોજ સાજના ૫ વાગે ભાનબાદેવીપર શ્રીયુત નાથુભાઈ લક્ષ્મીરામ ઇચ્છાપોરીઆના મકાનમા મળ્યુ હતુ પ્રમુખ સ્થાન શેઠ પેરાજભાઇ હરીરામને આપવામા આવ્યુ હતુ મડળના સેક્રેટરીએ ઓડીટરે પાસ કરેલો સવત ૧૯૭૨—૭૩ નો રીપોર્ટ વાચી સભળાવ્યો અને જણાવ્યુ કે ચાલુ વર્ષમા કોલેજમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બોરડીંગ તથા લોજીંગની સગવડ કરાવી આપવામા ર૦ પરશુરામ તુળજારામ ભટ્ટે તથા શ્રીયુત કલ્યાણજી જયકૃષ્ણ ભ ઘણો શ્રમ લીધો છે તે માટે મડળ એમનો મહાન ઉપકાર માને છે બાદ જણાવ્યુ કે ચાલુ વર્ષમા રૂ ૬૫૭—૧૦—૦ સદગૃહસ્થો તરફથી ભેટ, રૂ ૨૭૫—૪—૦ ફીના, રૂ ૧૫૦— — એકમાથી ઉપાડ્યા રૂ ૮૧—૬—૧ વ્યાજ તથા પુસ્તકોની આવકના રૂ ૧૮૬— —૦ ગયા વર્ષની સીલક બાકીના મળી કુલે રૂ ૧૬૫૦—૪—૧ જમે થયા હતા અને રૂ ૮૧૮—૮—૦ વિદ્યાર્થીઓને કોલેજ સ્કુલ ફી અને બોરડીંગ લોજીંગના રૂ ૩૮૧—૦—૧ પેટી તથા બેકમા જમા રૂ ૭૯—૪— રીપોર્ટ વિગેરે છપામણીના રૂ ૭૨—૮—૦ વિદ્યાર્થી તથા કન્યાઓને ઇનામના રૂ ૬૭—૯—૬ માનપત્રના ખર્ચના રૂ ૮૧—૩—૦ ફરનીચર તથા પોસ્ટ વગેરેના અને રૂ ૧૩૧—૩—૦ સેક્રેટરીના હાથ ઉપર અનામત સીલક છે બાદ પ્રમુખશ્રીએ આ સસ્થાનુ કાર્ય જોઇ સતોષ પામી રૂ ૨૫ ભેટ આપ્યા હતા અને શ્રીયુત કલ્યાણજીભાઇએ પ્રમુખશ્રીને હારતોરા આપ્યા બાદ પ્રમુખનો આભાર માની મેળાવડો વિસર્જન થયો હતો

રાદેર

શ્રી રાદેર ઔદિચ્ય આશ્રય ફડ તરફથી બહાર પડેલા નિયમોનો મેળાવડો તા ૨૭ મી મે ૧૯૧૭ ના દિવસે રાદેર મુકામે ફડની સ્કોલરશીપ ઇનામ કમીટી હસ્તક કરવામા આવશે તે પ્રસગે જ્ઞાતિબધુઓને પધારવા વિજ્ઞપ્તી કરવામા આવે છે

અલોપરત્ન



બંગાળી નેરશ શ્રીમત રણજીતસિંહના "The lost Jewel" ના પ્લોટપરથી એક અત્યુત્તમ સંગીત નાટક કર્તા રામચંદ્ર અ ત્રવેદી પ્રાઈવેટ સેક્રેટરી ટુહીઝ હાઈનેસ મહારાજાં સાહેબ વાંસદા થોડી નકલ બાકી છે જલદી મંગાવો કીમત માત્ર રૂા ૧) એક વધુ વીગત માટે લખો


એ ૮ ૮

કીશોર સી મજમુદાર

વાંસદા બી રે—સુરત

તા૦ ક૦—કોઈ નાટક કંપનીને ભજવવા માટે હક રાખવો હોય તો આપવામાં આવશે કીમત માટે લખો એ ૮ટને

Register No. B 924.



ઔદિચ્ય પ્રભાકર.

પુસ્તક ૬ ઠું] ૧૫ મી જુન ૧૯૧૭. [અંક ૧૧ મો

१

વિષયાનુક્રમણિકા

ગ્રાહકો તથા લેખકોને સુચના.



(૧) પ્રભાકર હવે મુબઇ ખાતેથી પ્રગટ કરવામા આવશે માટે સર્વ પત્ર વ્યવહાર તંત્રી ઔદિચ્ય પ્રભાકર—કલ્યાણ બીલ્ડીગ નબર ૨, કાદાવાડી ગીરગામ મુબઈ ને શીરનામે કરવો

(૨) લેખકોએ પોતાના લેખો સ્પષ્ટ અક્ષરે કાગળની એક જ બાજુએ લખી તંત્રીને તા ૧ લીની અંદર મળે તેવી રીતે મોકલવા લેખો પ્રગટ કરવા ન કરવા તે તંત્રીની મુનસફીપર રહેશે પ્રગટ ન થએલા લેખો પાછા મોકલવા તંત્રી બંધાયલા નથી તેમજ લેખોમાં યોગ્ય સુધારો વધારો કરવાની તંત્રીને સત્તા છે

(૩) સમગ્ર આદિચ્ય જ્ઞાતિના સર્વ સમુદાય તરફથી જાણવા યોગ્ય જ્ઞાતિ વર્તમાન મળેથી તે પ્રગટ કરવામા આવશે કોઇપણ જ્ઞાતિ બંધુને સસારી ધાર્મિક, આર્થિક અને ઔદ્યોગીક વિષયો ઉપર લેખો લખવા અમો સવિનય આમત્રણ કરીએ છીએ રાજકીય વિષયો ચર્ચવા એ આ માસીકનો ઉદ્દેશ નથી

(૪) પ્રભાકર પ્રત્યેક માસની તા ૧૫ મીએ બહાર થશે તો કોઇ ગ્રાહકને તા૦ ૨ ની અંદર જો ન મળે તો તંત્રીને ખબર આપવાથી યોગ્ય બદોબસ્ત કરવામાં આવશે લવાજમ પ્રથમથી લેવાનો રીવાજ હોવાથી સર્વ ગ્રાહક બંધુઓને વીનતી કે તેમણે લવાજમનો પોસ્ટેજ સાથેનો રૂ ૧) મોકલી આપવા કૃપા કરવી અને જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય, તેમણે અમોને ચેતવવા કૃપા કરવી આપણી જ્ઞાતિના સમુહમાથી જે કોઇ ગૃહસ્થ ૧૦ દશ ગ્રાહક મેળવી તેમનુ લવાજમ અમોને મોકલી આપશે તેને આ માસીક મફત મોકલવામા આવશે

તંત્રી

॥ कर्मण्येवाधिकारस्ते माफलेषु कदाचन ॥

ઔદિચ્ય પ્રભાકર.

પુસ્તક ૬ ઠું] અષાઢ ૧૯૭૩ [અંક ૧૧ મો

"નહિ એ ઠામ વસવાનુ"

ઉસપે સ્થાન કીધુ જ્યા હળાહળ વિષ નાગી ના,
રેશે પ્રાણી તે સ્થાને નહી એ ઠામ વસવાનુ
તજાયાં કર્મ ધર્મો જ્યા ગણાયા શાસ્ત્ર જ્યા પોથા,
મનાયા વેદના થોથાં નહી એ ઠામ વસવાનુ
છવાયે ઘન તીમિરે છાયા, જગત માયા દગે ભાળે
ખીલાવી સ્વાર્થ જાળી જ્યા નહી એ ઠામ વસવાનુ
મધુ જ્યા વાણીમા ભાસે, હૃદયમા શસ્ત્રધારી જ્યાં
નહીં પરમાર્થ બુદ્ધિ જ્યા નહી એ ઠામ વસવાનુ
દીએ ઇ સાદ કો કોને નહીં જ્યા પાપની દ્રષ્ટિ
પ્રપંચે પૂર્ણ આ સૃષ્ટિ નહીં એ ઠામ વસવાનુ
નિહાળ્યા જ મહાતા જ્યા અરે ! સતાનના શત્રુ
દીઠીના આત્મવત્ વૃત્તી, નહી એ ઠામ વસવાન
વહે જ્યા નિર્મળા ઝરણા, સદોદિત ભ્રાતૃતા' કેરા
નિહાળ્યા સપ શાંતિ સામ્યતા તે સ્થાન વસવાનુ

"નરહર"

સમાજ સુધારણા

યુરોપીય બનના મહાન બનાવોએ માનવ જાતિના મનપર મોટી અસર કરી છે આચાર અને વિચારમા મોટુ પરિવર્તન થયુ છે પૂર્વ અને પશ્ચિમની પ્રજાઓ અન્યો અન્યના સહવાસમા આવી અને અન્યોન્યના આચાર વિચારના વ્યાપારે ઉભય

પ્રજામાં કાંઇ નવીન જાગૃતી ઉત્પન્ન કરી છે શીખીગ રા પ અમલના ૧ધારો શિક્ષણ પદ્ધતિના પ્રતાપે અને સ્વતંત્ર વાતાવરણે ભારતની પ્રજામાં ચૈતન્ય ઉત્પન્ન થયુ છે, અને પ્રજા વર્ગ ઉદય અને ઉન્નતિ સાધવા આતુરતાથી પ્રયત્ન આદરે છે એમ જ્યાં ત્યાં દૃષ્ટીગોચર થાય છે દેશકાલના આ પ્રયત્નોએ આપણા બ્રાહ્મણોમા પણ જાગૃતી ઉત્પન્ન કરી છે અને આપણી આધુનીક સ્થિતિમા કાંઇ ફેરફાર કરવાને આપણે પણ પ્રયત્નો આદરતા થયા છીએ આપણી પ્રાચીન અને અર્વાચીન સ્થિતિની સરખામણી કરતાં ઉન્નતિ સાધવાના પ્રથમ પ્રયત્નમા આપણે આપણી સામાજીક સુધારણા વિષે અવિરાત શ્રમ લેવાની આવશ્યકતા છે આપણા બ્રાહ્મણોનુ સામાજીક બંધારણ સિથીલ થઈ ગયુ છે પૂર્વ કાળના આપણા આચાર વિચારમા આ યુગના નવા આચાર વિચારનુ મિશ્રણ થયુ છે આ સંયોગમા આપણા સામાજીક બંધારણમા યોગ્ય ફેરફાર થવાની આવશ્યકતા છે આધુનીક વાતાવરણમાં પ્રજા વર્ગનો મોટો ભાગ આર્થીક સ્થીતિ સુધારવા, હુન્નર કળાદિમા વૃદ્ધિ કરવા વ્યાપાર ક્ષેત્રને વિસ્તીર્ણ કરવા અને એ ઉપરાંત જણાવેલા સુધારા માટે સમાનતાની પ્રાપ્તી માટે પ્રયત્ન આદરે છે પરંતુ એક મહત્વના કાર્ય તરફ જોઇએ તેટલુ લક્ષ અપાતું નથી એ આશ્ચર્યકારક મનુષ્ય નહી એ મહત્વનુ કાર્ય તે આપણુ ધાર્મીક બંધારણ શિથીલ થયુ છે તે છે કોઇ પણ પ્રજાની ઉન્નતિ ધાર્મીક ઉન્નતિ વિના થઇ શકતી નથી આપણા બ્રાહ્મણ વર્ગમે પણ ધર્મની લાગુપતામા સર્પ ઈચ્છા રાખી પરંતુ શિક્ષણ પ્રજાને આપવા તરફ લક્ષ રાખ્યું છે બાળકોને ધાર્મીક શીક્ષણ ધર્મ અને નીતિનુ મળવુ જોઇએ આપણા એક કવીએ ગાયુ છે કે વધુ વૃક્ષ વાતુ નમે જેમ વાળો' બાળકોના મનપર ધાર્મીક ધર્મ નિતિની ઉંડી છાપ પાડવી જોઈએ આ પ્રયત્નના અભાવે મોટી વયે આપણા યુવાનો સ્વચ્છંદી થાય છે ધર્મ પર અચળ શ્રદ્ધા ન હોય અને તેમા પાશ્ચાત્ય સ્વતંત્રતાનુ મીશ્રણ થાય અને તેના પરિણામે ઉન્નતિ કાંઇ સાધી શકાતુ નથી

આપણા ઔદિચ્ય બંધુઓમા ત્રીકાળ સંધ્યા તો શુ પણ પ્રાતઃ સંધ્યાનો પણ મોટા ભાગે લોપ થતા લાગે છે તો પ્રતિ દીવસ કરવાના દસ કર્મ તો ક્યાંથીજ થાય પ્રાચીન સંસ્કૃત વિદ્યા નષ્ટપ્રાય થઇ છે શુદ્ધ કર્મકાંડ જાણનાર શોધ્યા જ જડતા રહ્યા નથી સંસ્કૃતગીરામા વાદવિવાદ કરી શકે ધર્મના આચાર્ય થઇ શકે એવા પ્રખર વિદ્વાનો રહ્યા નથી અને આપણે તેવા વિદ્વાનો ઉત્પન્ન કરવાને પ્રયત્ન પણ આદરતા નથી એ શોકજનક છે અમોને શરમ છે કે આપણી પ્રજાનો મોટો ભાગ હવે પોતાના ગોત્ર પ્રવર અને શાખાપણ જાણતો નથી આપણા પવિત્ર પ્રાચીન આચાર વિચારોમા પણ મહાન પરિવર્તન થયુ છે અને એમ થવાની જોખમદારી પણ આપણા મધ્યકાલીન પુરૂષોને શિરજ છે

શુભાશુભ પ્રસંગના ખર્ચ વરા અને રીત રીવાજો જે જે સમયને અવલંબી કરવામા આવ્યા હતા તે તેમના તેમજ રહ્યા છે પણ ચાલુ સમયને અવલંબી તેમા ફેરફાર થતો નથી

ચાર આશ્રમ ધર્મોનું પરીપાલન થતુ નથી બ્રહ્મચર્ય જેવા મહત્વના આશ્રમ ધર્મનો લોપ થયો છે ગૃહસ્થાશ્રમ અવ્યવસ્થિત ચાલે છે અને વાનપ્રસ્થ તથા સંન્યસ્થ આશ્રમો શાસ્ત્રીય પુસ્તકો અને સ્મૃતિના પાનાપર ચીતરાયા રહ્યા છે ઋતુવયના

સુરૂપ નો દાવો કરનાર આપણા બ્રાહ્મણોની આવી સ્થિતિ છે તો પછી વાડુનયમાં પુજ્ય વાની આશા આપણે કયાથી રાખી શકીએ ? ઉપરોકત સ્થિતિ માટે હવે આપણે ગંભીર અને શાંતપણે વિચાર કરવાની જરૂર છે જો આપણા આગેવાનો આ તરફ આખાડા કરશે તો પરિણામ વિપરીત આવશે એમ અમારે ગીનગીરી સાથ સમજવુ પડે છે સમગ્ર ગામમાં નિવસતા જ્ઞાતિ બધુઓએ એકત્ર થઇ બ્રહ્મ સમાજ જેના મંડળને પ્રાતીક બનાવવુ જોઇએ બ્રહ્મ સમાજના બધારણમા તેના નિયમોમા કે વ્યવસ્થામા ખામી હોય તો તે દરેકે સુધારવા પ્રયત્ન કરવો જોઇએ પ્રત્યેક ઔદિચ્ય બધુએ બ્રહ્મસમાજમા જોડાઇ તેના કાયને સુગમ બનાવવુ જોઇએ અને બ્રહ્મસમાજ દ્વારા આપણી પ્રાચીન અને અર્વાચીન સ્થીતિના બધારણમા યોગ્ય ફેરફાર કરી આ ચાલુ યુગમા આગળ વધવાના માર્ગનુ સંશોધન કરવુ જોઇએ આપણી આધુનીક સ્થિતિ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવી થઇ છે પ્રાચીન વિદ્યા આપણે ગુમાવી છે યોગવિદ્યા, બ્રહ્મવિદ્યા વગેરેનો નાશ થયો છે અર્વાચીન સુવારા અને મોજ શોખના સાધનો જોઈ આપણે મોહ પામ્યા છીએ, વૈભવ વિલાસના સાધનો સંપાદન કરવામા રચ્યા પચ્યા રહીએ છીએ અને ધર્મને આપણે માથે મુકેલી મહાન જવાબદારી તિરસ્કાર કરીએ છીએ, પવિત્ર રૂષી મુનીઓ વશીષ્ઠ, વિશ્વામિત્ર દ્રોણ પરશુરામ, યાજ્ઞવલ્ક્ય ભારદ્વાજ, ગૌતમ વિગેરે રૂષીના કુળમા ઉત્પન્ન થવાનુ અભીમાન પણ આપણામાથી નષ્ટ થયુ છે અને વ્ય પ્રાચીના શિક્ષણમા છીએ તેનો નાશ કરીએ છીએ આથી વધુ શોકજનક સ્થિતિ કયી કહેવાય ? આપણી આ થયેલી દુર્દશા માટે સમગ્ર ઔદિચ્ય બધુઓએ ગભીરપણે વિચાર કરવો ઘટે છે અને હવે ભુલ્યા ત્યાથી ફરી ગણો પ્રમાણે આપણી સામાજીક સુધારણા માટે કાંઈ પ્રાચીન અને અર્વાચીન યુગના સાધનો દ્વારા નવુ બધારણ રચવાનો સમય પ્રાપ્ત થયો છે તેને વ્યર્થ ન જવા દેતા આપણા નેતાઓ હવે કાંઇક જાગૃત થઇ જ્ઞાતિ કલ્યાણના કાર્યોની યોજના ઘડશે એવી અમો આશા રાખીએ છીએ તંત્રી

બારડોલીમા મળેલા શ્રી દ્વાદશ ગ્રામ્યાતરીત ઔદિચ્ય પરિષદ્ ચતુર્થાધિવેશનનો હેવાલ



(અનુસધાન ગતાકના પૃષ્ટ ૮ થી)

પરિષદ્મા પસાર થએલા ઠરાવોના અનુમોદનમા તેમજ જ્ઞાતિ હીતાર્થ જ્ઞાતિની સાંપ્રત સ્થીતિ વિગેરે વિદ્યા વૃધ્ધિ, સ્ત્રી કેળવણી, કન્યાવિક્રય, ઐક્ય, પડદા વિગેરે વિષયો પર રા૦ રા જયશંકર ગણપતરામ વ્યાસ બી એ રા૦ ગ૦ છોગાલાલ ગણપતરામ દેસાઇ બી એ, રા૦ રા૦ ઉમેદરામ માણશંકર પાઠક બી એ રા૦ રા૦ રામચન્દ્ર ત્ર્યબકરામ અધ્વર્યુ રા૦ રા૦ તુળજારામ ભાઇશંકર વ્યાસ, ગ૦ રા૦ નરભેરામ જીવણરામ અધ્વર્યુ, રા૦ રા૦ વૈદરાજ નરભેરામ કરૂણાશંકર, ગ રા૦ ભીકરામ કૃષ્ણારામ અધ્વર્યુ, રા૦ રા૦ દેશાઇ અબેલાલ હરીપ્રસાદ રા રા૦ દેશાઇ દલપતરામ નગીનદાસ, રા૦ રા૦ હરીલાલ મુળશંકર ભટ અને બહેન ભાનુમતી અબેલાલ દેશાઇએ ઘણા અસરકારક ભાષણો

આપ્યાં તેનો આ ઉપરાંત કાઠીઆવાડના અમરેલી જેવા દુર સ્થળેથી પરિષદમાં ભાગ લેવા પધારેલા રા રા શ્રીયુત મહામહોપદેશક કૃપાશંકર ઓઘાભાઇ પંડયા તરફથી પરિષદના પ્રત્યેક વિષે સમયાનુસાર જુદા જુદા વિવેચનો ભાષણો કરવામા આવ્યા હતા એક દિવસ મંડપમા ખાસ સ્ત્રીઓ માટે સમેલન ભરી સ્ત્રી વર્ગમા અસર કારક ભાષણ આપી રા રા૦ કૃપાશંકરભાઇએ પાનવાડા આદિત્ય પરિષદને મહાન સહાય્ય કરી હતી તે અતિ પ્રશંસાને પાત્ર છે

પરિષદની બેઠકના દિવસથી તે પુર્ણાહુતીના દિવસ પર્યંત નિચે જણાવેલા જ્ઞાતિ મંડળો તથા ગૃહસ્થો તરફથી પરિષદના કાર્યને ફતેહ ઇચ્છનારા તારો અને પત્રો મળ્યા હતા—

તારો—

૧ રા રા શ્રીયુત હરીશંકર મકનજી મુંબઇ તરફથી ૨ રા રા શ્રીયુત મહારાજ શ્રી પ્રેમરામજી સુરતથી ૩ સુરત અનાવીલ ઔદિચ્ય બન્ધુ સમાજ મુંબઇના શ્રી સેક્રેટરી તરફથી

ફતેહ ઇચ્છનારા પત્રો.

૧ રા રા શ્રી પાસજી હરગોવિંદભાઇ હરીનારાયણ દિવાન સાહેબ પાલનપુર, ૨ રા રા શ્રી રામચંદ્ર માધવરામ ભટ્ટ મુંબઇ ૩ રા રા શ્રી અમૃતરામ કેશવરામ ભટ્ટ વડોદરે ૪ રા રા શ્રી બાળકૃષ્ણ બાપુજી વકીલ બડનગર માળવા ૫ શ્રી વસા આદિત્ય જ્ઞાતિ હિતવર્ધક મંડળ મુંબઇ, ૬ રા રા શ્રી ભાઇશંકર કરૂણાશંકર ઉપધ્યાય વલસાડ, ૭ રા રા શ્રી માણેકલાલ સુરજરામ વ્યાસ મુંબઇ ૮ રા રા શ્રી જમીયત રામ કેશવરામ પાઠક મુબઇ ૯ રા રા શ્રી છગનરામ દુર્લભરામ ભટ્ટ મુબઇ ૧૦ રા રા શ્રી શીવશંકર ૪ ત્રિવેદી સુરત ૧૧ રા રા શ્રી પાઠક જગન્નાથ મંછારામ પાટણ

ઉપર મુજબ ગૃહસ્થો તરફથી મળેલા તાર તથા પત્રો પ્રમુખશ્રીની આજ્ઞાથી પરિષદના સામાન્ય મંત્રીએ પરિષદના સમેલનમા વાચી સભળાવ્યા હતા

તા ૧૮-૫-૧૮ ના દિવસે રાત્રે પરિષદ મંડપમા પાનવાડામા ચાલતા જ્ઞાતિકલહનું નિરાકરણ કરવા બારગામના ભૂદેવો એકત્ર થયા હતા, તેમા બારડોલીના મહેરબાન મામલતદાર સાહેબ રા રા શ્રીયુત લાભશંકરભાઇ શામળભાઇ ત્રીવેદી બી એ એ ઘણી યોગ્ય સલાહ આપી હાજર રહેલા ભુદેવોને અસરકારક રીતે સમજાવી જ્ઞાતિના કલહને દુર કરવા સમયોચીત ભાષણ કર્યું હતુ, અને પાનવાડાના ઔદિચ્ય પરિષદ તથા જ્ઞાતિ ઉપર મહાન ઉપકાર કર્યો હતો તા૦-૧૮-૫-૧૭ ની રાત્રે પાનવાડામા ચાલતા જ્ઞાતિ કલહનુ બહુજ ઉત્તમ રીતે સલાહ શાંતિથી નિરાકરણ અને સમાધાન થયુ હતુ સમાધાનની સંપૂર્ણ શાંતિ સૂચક એવુ પરિષદ તથા સમસ્ત જ્ઞાતિ પ્રતિનિધિઓનુ બારગામની જ્ઞાતિ સમસ્ત સાથ સહભોજન થયુ હતું તા૦ ૧૯-૫-૧૭ના દિવસે પરિષદ સમાપ્ત થવા પૂર્વે સીલેક્ટ કમીટીના ઠરાવો સબંધી ખુલાસો કરવામા આવ્યો હતો અને વ્યવસ્થાપક મંડળ નિમવામા આવ્યુ જેમા આગલા વ્યવસ્થાપક મંડળને કાયમ રાખી બીજા વધારાના ગૃહસ્થોને નીમવામા આવ્યા અને નિચે મુજબ ગૃહસ્થોનુ વ્યવસ્થાપક મંડળ નિમાયુ હતુ

૧ રા૦ રા શ્રીયુત નરોતમભાઇ હરીનારાયણ પાઠક પ્રમુખ બારડોલી
૨ „ મંગળશંકર રણછોડજી વ્યાસ સામાન્ય મંત્રી મારોલી
૩ „ તુળજારામ દયાશંકર વૈદ્ય મંત્રી પનસાળુ.

ગમેતો આપણે દરેક કુટુંબમા વાપરવું જોઇએ

૪ રા૦ રા૦ શ્રીયુત મુરજરામ મ છારામ ભટ મની માડવી
૫ , મણીશ ર મ છારામ ભ. માડવી
૬ ,, છોગનાલ હરીનારાયણ વ્યાસ ઉશાધ્યક્ષ ધારા
૭ , , ,, જીવણરામ દુલભરામ ભ બલેશ્વર
૮ ,, ,, , મુળશકર પુરૂષોતમ ભ. પનસાણા
૯ , ,, ,, ધારાકર ભિશ ર જોષી પનસાણા
૧૦ ,, ,, , મ છારામ તુળજારામ વ્યાસ બારોલી
૧૧ , , જયશકર ગણપતરામ વ્યાસ વાસદા
૧૨ ,, ,, મણીશકર ઉશરામ પાઠક નાનોડ
૧૩ ,, ,, , ઇચ્છારામ તુળજારામ દેશાઇ બનેશ્વર
૧૪ , ,, ,, લક્ષ્મીશકર પ્રાણશકર ભટ નારા
૧૫ , ,, ,, નરહરીશકર જીવશકર ત્રીવેદી વાનોડ
૧૬ ,, ,, લપતરામ નરોતમ દેશાઇ વાલોા
૧૭ ,, ,, દલપતરામ ઇચ્છારામ પુરોહીત વાસ।
૧૮ ,, ઉમે રામ પ્રાણશકર પાઠક બારડોલી
૧૯ , હરગોવિંદ આણ રામ વ્યાસ કરોદ
૨૦ , , મયાશકર શ કરજી પાઠક કડો
૨૧ ,, , દેસાઇ અમેનાલ હરીનસા ધરમપુર
૨૨ , , કેશવરામ રૂપનાથજી વ્યાસ વાનો

ઑડીટરો (હીસાબ તપાસનારા)

૧ રા રા ઇચ્છારામ બાળકરામ પાઠક પનસાણા
૨ ,, ,, ઇચ્છારામ તુળજારામ દેશાઇ બનેશ્વર

ઉપર મુજબ વ્યવસ્થાપક મડળ નિર્ણીત થયુ હતુ ગીનેકર મીગીએ જણાવેના જ્ઞાતિ સુધારાના નિયમો (ઠરાવ ના ૧૪) વિષે રા૦ રા શ્રીયુત વ્યાસજી માધવરામભાઇ હરીનારાયણે સક્ષીપ્તમા જણા યુ કે પરિષદે કામ ઘણુ સારુ કર્યુ છે ઉદ્દેશો સારા છે જ્ઞાતિએ એક પગલુ ભરવુ જોઇએ તે એ કે જ્ઞાતિની જુદી જુદી કમીટી નીમવી, જ્ઞાતિનુ (Repre entative) પ્રતિનિધિ મડળ નીમવુ જાઈએ

બા રા રા૦ તુળજારામ દયાશકર વૈદ્ય જ્ઞાતિના માસીક ઔદિચ્ય પ્રકાશ માટે વિવેચન કરી વધુ ગ્રાહકો પાનવા કમા થાય એવી વિજ્ઞપ્તી કરી હતી તેના જવાબમા ઘણા ગૃહસ્થોએ ગ્રાહક તરીકે નામો નોધા યા હના

ઉપસહાર

પ્રમુખશ્રીએ પોતાના ઉપસહારમા જણા યુ કે જ્ઞાતિ બધુઓ પરિષદે જે કાર્ય કર્યુ છે, તે ઘણ સારૂ કર્યુ છે ભવિષ્યમા પરિષદ્, મડળે ન્યાય વિવેક અને નિરપેક્ષ બુદ્ધિથી કામ કરવાથી પરિષદ્ ફતેહ થશે તમો બધા બધુઓ તરફથી મને જે સહાય મળી છે તે માટે તમારો સર્વનો આભાર માનુ છુ તમોએ જે ડહાપણ બતા યુ છે

તેવુ હમેશા રાખને મારા તરફ તમો જે સાચી લાગણી બતાવી છે તે માટે પણ તમારો આભાર માનુ છુ મે મારી માન ફરજ બની શકે તેવી બજાવી છે તેમા ભૂલ થઇ હોય તે ક્ષતવ્ય ગણુના ઉદારતા વાપરશો જ્ઞાતિ સેવાનુ મહાન કાર્ય ઉપાડી લઇ મંડળ પગ ભર થયુ છે પરિષદ મંડળે બારેગામમાં પેટા કમીટીઓ નીમવી જોઇએ કે જેથી પરિષદના હેતુઓ પાર પડી શકશે આ સ્થળે પરિષદ મંડળને એકત્રીત કરવામા રા રા પાઠક નરોતમભાઇએ જે આત્મભોગ આપ્યો છે તેમજ શ્રમ ઉપાડ્યો છે તેનો બદલો વાળી શકીએ એમ નથી પણ કઇક અંશે શબ્દોથી વાળી શકાશે પરિષદના કાર્ય તરફ બારેગામના ભૂદેવોએ સમભાવ બતાવ્યો છે તેઓનો તથા પ્રતિનિધિઓ પ્રેક્ષકો અને સ્વયં સેવકો સર્વનો આભાર માનુ છુ અને ભવિષ્યના સંમેલનો સંપૂર્ણ યશસ્વી થાય એવું પ્રભુ પાસે યાચી આ પરિષદનુ કાર્ય સમાપ્ત થયેલું જાહેર કરૂ છુ હર હર મહાદેવ–પરિષદ માતકી જય ।

ત્યાર બાદ આવતે વર્ષ પરિષદ પનસાણામા મેળવવાની માગણી ત્યાંના જ્ઞાતિ બંધુઓ તરફથી થઇ હતી અને તેને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામા આવી હતી ત્યારબાદ રા રા નરોતમભાઇ હરીનારાયણ પાઠકે જે નિસ્વાર્થ બુદ્ધીથી પરિષદને આમંત્રણ આપી એકત્ર કર્યું હતું તેના આભાર ચિન્હ તરીકે પરિષદ મંડળ તરફથી પ્રમુખશ્રીની સહી સાથેનુ માનપત્ર સુખના કુવરે કાસ્કેટમા મુકી પ્રમુખશ્રીના હસ્તે શ્રીયુત નરોતમભાઇને તાળીઓના ગડગડાટ અને પરિષદ માતકી જય ધ્વની વચ્ચે અર્પણ કરવામા આવ્યુ હતું તેઓ શ્રી તરફથી વળતા ઉપકારમા રા રા શ્રીયુત બાળકરામ હરીનારાયણ પાઠકે જણાવ્યુ કે અમે અમારી જ્ઞાતિમા ઉત્પન્ન થઇ તેના ઉન્નતિના કાર્યમા વ્યક્તિ તરીકેની ફરજ બજાવી છે તેમા અમે કાઇ વિશેષ કર્યું નથી અમારા આમંત્રણને માન આપી પાનવાડા નિવાસી જ્ઞાતિ બંધુઓ પરિષદમાં પધાર્યા તે બદલ અમે સર્વનો આભાર માનીએ છીએ ત્યારબાદ પરિષદના સામાન્ય મંત્રી રા રા મણીશંકર શુકલ જીએ પણ સર્વનો આભાર માન્યો હતો સ્વાગત મંડળ તરફથી રા રા રામચંદ્ર નરભેરામ અધ્વર્યુએ પરિષદમા પધારેલા પ્રતિનિધિઓ, પ્રેક્ષકો સ્વયંસેવકો વિગેરેનો તેમજ બોરડાગનુ મકાન પ્રતિનિધિઓના ઉતારા માટે આપવા બદલ મહારાજશ્રી પ્રેમદાસજીનો ઉપકાર માન્યો હતો તેમજ પ્રમુખશ્રીનો પણ યોગ્ય શબ્દોમા આભાર માન્યો હતો છેવટમા જણાવ્યુ કે સ્વાગતમા જો કાંઇ ખામી જણાઇ હોય તો ક્ષતવ્ય ગણવા ઉદાર વૃત્તિ રાખશો પરિષદનુ કાર્ય સંપૂર્ણ થતાં પ્રમુખશ્રી તરફથી પાઠકજી દુલ્લભરામભાઇ તેમજ શ્રીયુત વ્યાસજી માધવરામભાઇની અને હાજર રહેલા બારેગામના ભૂદેવોની ત્રણવાર જય બોલાવી હતી છેવટમાં પરિષદ માતકી જય અને હર હર મહાદેવની ગર્જના તેમજ જય ગર્જના વચ્ચે પરિષદનુ કાર્ય સમાપ્ત થયુ હતુ

શ્રી પાનવાડા પરિષદ મહામંડળમા સભ્યો થએલા

ગૃહસ્થોની નામાવલી

બહુમાન્ય મુરબ્બી

રા

૨૫૧) રા રા શ્રીયુત મગનલાલભાઇ ભગવાનજી ભટ્ટ માંડવી

૨૫૧) રા રા શ્રીયુત વૈદ્ય શાસ્ત્રી કેશવરામ પુરૂષોતમ બારડોલી

રૂા આશ્રયદાતા

૧૦૧) રા રા શ્રીયુત પાઠક પ્રાણશંકર પારાશર બારડોની
૧ ૧) રા રા શ્રીયુત પાઠક નરોતમભાઇ હરીનારાયણ બારડોની

જીંદગી પર્યંતના સભ્યો

૫૧) રા રા શ્રીયુત લક્ષ્મીશંકર જદુરામ ભ કડો
૫૧) રા રા શ્રીયુત હરગોવિંદ આણુ રામ વ્યાસ કડોદ
૫૧) રા રા શ્રીયુત દયાશંકર ફકીરભાઇ ત્રીવેદી પનસાણા

વાર્ષિક પહેલો વર્ગ

૫) રા રા શ્રીયુત પ્રેમશંકર કૃષ્ણુરામ ત્રીવેદી, પનસાણા
૫) રા રા શ્રીયુત પ્રાણશંકર ગણપતરામ પાઠક બનેશ્વર
૫) રા રા શ્રીયુત નરભેરામ જીવણરામ જોશી બનેશ્વર

વર્ગ ત્રીજો

૧) રા રા શ્રીયુત બાળકરામ હરીનારાયણ પાઠક વરમપુર
૧) રા રા શ્રીયુત હરીનારાયણ હરગોવિંદ વૈદ્ય, વ્યારા
૧) રા રા શ્રીયુત દયાશંકર નથુરામ પંડ્યા વ્યારા

માસિક અવલોકન

— ૦ —

'શ્રી ના મા ઓ પરિષદ સમાધિસ્થ થયુ છે કહેવાતા નકી ઈચ્છાના ગોર કનહના કારણે પરિષ ઘોર નીંદ્રામા પડયુ છે પરિ હવે જાગૃત થઇ શકે એમ નથી પરિષદ મરી ગયુ છે' આવા, અને એ ભાવના ઉદ્દગારો અનેક વ્યકિતઓ તરફથી કાઢવામા આવતા હતા પરંતુ સમાધિ અવસ્થા અથવા નીંદ્રાવસ્થા એ વાસ્તવિક રીતે મૃત્યુ ગણાતા નથી પણ એથી વિરૂદ્ધ એ અવસ્થામા નવજીવન આશ્ચર્યકારક ઐકય, અપૂર્વ શક્તિ સંચય અને જ્યોતિના જ્યોતિનો સાક્ષાત્કાર થાય છે આ આશ્ચર્યકારક જીવન ઐકય શક્તિએ કેવો ચમત્કાર કેવુ દીવ્યરૂપ પ્રકટાવ્યુ છે એ હવે શિક્ષિત સજ્જનોથી અજાણ્યુ રહ્યુ નથી જય જ્યોતિના જ્યોતિ !! જય સંઘશક્તિ !!!

તા૦ ૧૮ મી મે ૧૯૧૭ ને દિવસે ઘણા તપ, ભોગ અને ધર્યની કસોટી પછી એકત્ર થયલી વિરાટ સભામા આ સંઘશક્તિએ પણ વિરાટ સ્વરૂપજ ધારણ કર્યું હતુ અનેક આંખો છેવટના નિર્ણયપર ઠરી રહી હતી એક બાજુ શાંતિ શાંતિનો મંત્રોપચાર ચાલતો હતો તો બીજી બાજુએ ભ્રાંતિમૂલક ઝુનની દુષ્ટને ભસ્મીભૂત વાની વ્યૂહ રચના ચાલી રહી હતી ક્ષણમા એવો ભાસ થતો હતો કે આ સંઘશક્તિ સૌમ્ય સ્વરૂપ તજી રણચંડીનુ ઉગ્રસ્વરૂપ ધારણ કરશે કે શુ? પણ ધન્ય છે આ સંઘશક્તિના પરમ ઉપાસકો—નાયક—અને ભકતોને કે સામોપચારની દીવ્ય અંજલિવડે પાવવાડાના સુખ સામર્થ્ય—ઐકયના શ્રેય પ્રેયને સહજ સાધ્ય કરાવી આપ્યુ છે સર્વત્ર દુઃખ ને કલેશને સ્થાને સુખ શાંતિ અને આનંદ આનંદ આપી રહ્યા છે

આ શ્રેય ધ્યેયની પરમ સાધનામાં નાદોદનિવાસી જ્ઞાતિ રત્ન શ્રીયુત લાભશંકર ભાઇ સામળભાઇ દ્વિવેદીએ જે અમુલ્ય સહાય કરી છે તે કદીપણ ભુલાય એમ નથી





શીક્ષણ અપાય છે તેમા ખામી જણાય છે અને તેથી તેનાથી જોઈતા ફાયદા થતા નથી પણ ઉલટી એ રૂઢી આડે માર્ગે સ્ત્રીઓને દોરવે છે

લોકોમા પશ્ચિમ ની કેળવણીથી એવા વિચાર પેસી ગયા છે ' કે પુરૂષ જેમ સ્વતત્ર છે અને સુખપણ ભોગવે છે તેમ સ્ત્રીઓને શા માટે ન હોવુ જોઇએ દરેક જણાને સરખા હક છે પછી તે પુરૂષ હોય કે સ્ત્રી

સ્ત્રીઓએ શા માટે ધરમાજ બેસી રહેવુ જોઇએ ને ઘરના કામકાજમા બધો વખત ગાળવો જોઈએ ?

શુ સ્ત્રી પુરૂષ કરતા કોઈ પણ કામમા પછાત પડે એમ છે ? આતો એક અન્યાય છે ને બીચારી સ્ત્રીઓની સ્થિતિ જુના વિચારના મનુષ્યોએ અધમ બનાવી છે વળી તેમ કરવામા પુરૂષો સ્વાર્થી છે ' વીગેરે અનેક પ્રકારના તર્ક વાર્તા કરે છે અને તેની અસરથી હતી તેના કરતા પણ નબળી સ્થીતિએ આપણે પુગ્યા છીએ

બારીકાઇથી તપાસતા આમ થવાનુ કારણ આપણને માલમ પડશે કે જે શીક્ષણ અત્રે અપાય છે તે આપણી રૂઢીને અનુસરીને અપાતુ નથી અને તેથીજ આપણે આવી મોટી અડચણો ભોગવીએ છીએ એટલુ તો સ્પષ્ટ છે કે સ્ત્રીઓને ભણાવવાથી પુરૂષો સસારની કેટલીક ઉપાધીઓમાથી મુક્ત થાય છે તે પોતાનુ કામ ઘણી સારી રીતે ચલાવી શકે છે

સ્ત્રી શીક્ષણ મોટી મોટી ચોપડીઓ અને ન્યુસ પેપર વાંચવામા, તેમજ બુટ, સ્ટૉકીંગ ને અમુક ફેશનના કપડાં પહેરી અમુક રીતે હરવા ફરવામા નથી પણ સદ્બોધની ચોપડીઓ વાચી તેમાંથી પોતાને તેમજ પોતાના પતિને છોકરાઓને સુખ થાય એવી બોધની વાતો ગ્રહણ કરી વર્તન કરવામા છે

દરેક કેળવાયલી સ્ત્રીની પ્રથમ ફરજ પોતાના પતિની સેવા ચાકરી કરવાની ને તેના સુખમા ઉમેરો થાય તેમ કરવાની છે

પતિ તરફ હમેશા માન ની લાગણીથી જોવુ જોઇએ ને તેમને મદદ આપવા તત્પર રહેવુ જોઇએ તેમ તેમના સુખે સુખી ને દુખે દુખી એમ વારતુ જોઇએ જે સ્ત્રીઓને સારી કેળવણી મળી છે તેના ધર સસાર તરફ જરા નજર કરીશુ તો આપણને સ્પષ્ટ દેખાશે કે તેમના ધરમાં હમેશા આનદ હોય છે કકાસ, કજીઓ કદી સભળાતા નથી પતિનો સ્વભાવ ગમે તેવો હોય છતાં સુશીક્ષણવાળી સ્ત્રી તેને ગમે છે, ને ગમે તે પ્રકારે સુખ ઉત્પન કરે છે, જે ધરમા સદા આવો આનદ હોય ત્યા પછી છોકરાંઓ પણ તેવુજ શીખે ને બધા સુખમા દિવસો ગાળે એમાં સદેહ શુ ?

આજ કાલની કહેવાની સુધરેલ સ્ત્રીઓમાં આવા ગુણો જવલેજ જોવામા આવે છે તેઓ પતિને મદદરૂપ તો નહી પણ ઉલટી ઉપાધી રૂપ થઇ પડે છે ને સસાર સુધારવાને બદલે બગાડે છે

હાલના શીક્ષણથી તો પુરૂષ પોતાને કાંઇ થોડુ ઘણુ સુખ જે મળતુ હતુ તે પણ ગુમાવે છે

ધરમા પેસતા પ્રથમ પતિની ખબર ન પુછતા તેનાપર બુમાબુમ કરશે કે ' તમારા ધરમા રસોઇઓ નથી ચાકર નથી ફતાણ નથી અમારાથી આમ રધાય નહી, અમારે

કામના બોજાથી કટાળેલા મગજને શાત કરવાની ખુબી કામનીયા ઓષધમાં છે

અમુક જાતના રૂપા નેઈએ ને શણગાર કરવાને ગાડી જોઈએ ને જ્યારે તે આપવા સમર્થ નહોતા તો અભાગણી હાય શામાટે આ તો વીગેરે વચનોની વૃષ્ટિમાં બીજાળીને પતિને નિરૂત્સાહી બનાવે છે અને બીચારો ગરીબ પતિ આખા દિવસની નોકરીથી થાકેલો જ્યારે આવે છે તો વધુ ઉપાધીમાં પડે છે અને આમ નિતદિન થવાથી સુખ તો એક સ્વપ્ન રૂપ થાય છે દુઃખમાં ને દુઃખમાં કકળાવી ઢગલી બનાવે છે.

આને બદલે જો શિક્ષિત સ્ત્રી હોય તો ઉલટુ જ બને છે અને પોતાના પતિને આનંદી તથા ઉત્સાહી બનાવવા અહોનિશ પ્રયત્ન કરે છે

વળી પતિ અને સંતતી પણ ઘરમાં બીજાં બધાં માણસ પ્રત્યે પ્રેમાળ લાગણી દેખાડે છે ને બધાની સેવા ઉઠાવે છે હાલના શીક્ષણથી તો બીચારા પોતાના જ ભોજન કરવાના વાંધા તો પછી સાસુ સસરા દીયર ને નણંદની તો વાતોજ શું આપણે વારંવાર સાંભળીએ છીએ કે જે ઘરમાં મોટેરા સ્ત્રી કેળવાયેલી નથી તે ઘરનો વહેવાર કેળવાયેલી વગરની સ્ત્રીઓના ઘર કરતા સારો હોતો નથી

જે સ્ત્રી વડીલો તરફ માનથી ને માતાગુરૂપણે અને સાસુ સસરાનો યોગ્ય સત્કાર કરી તેમની સેવા કરે જેઠ જેઠાણીને વડીલનું માન આપે ને નણંદને પોતાની બહેનના જેવી ગણી તેનો સત્કાર કરે તેજ ખરૂં શીક્ષણ લીધેલું કહેવાય

જુના વખતથી ચાલી આવતી મર્યાદાને તો આજ કાલની અર્ધી સુધરેલી સ્ત્રીઓ સાત સલામ કરે છે ને ને તેનો પતિ ને તેના છોકરા એ સીવાય દુનીયામાં કશા સાથે તેમને સબંધ નથી એમ વરતવામાં મોટાઈ માને છે આમ કરવુ એ તદ્દન ખોટું છે એટલુંજ નહી પણ ઉલટી ભુલ છે તે શીક્ષણને કલંક લગાડનાર છે

માટે હું પ્રિય વાચકો તમારી સ્થિતિને તથા દેશને અનુકુળ પડતી રીતભાતો પકડો ને તેમાં ભણતરનો વખત સુધારો કરી જનસમુહને સુખ થાય તેમ કરો ને તેમ કરીને આ સંસારમાં ઉત્તમ સુખો ભોગવો

લી. પ્રભાશંકર કાસીરામ પાઠક-મુંબઈ

पुरषोत्तम मास अने दान प्रणालि

પુરૂષોત્તમ માસના મહાત્મ્યની શાસ્ત્રીયતા કે અશાસ્ત્રીયતા તથા દાનમાંતે અને દાનાદિકની વાસ્તવિકતા અવાસ્તવિકતાનું અત્યારે વીવેચન કરવા માગતા નથી પણ અધિ પુરૂષોત્તમ માસને બહાને લોકો જે અનેક પ્રકારે દાન કરતા જોવામાં આવે છે એ ઉપરથી દાનની સુવ્યવસ્થા અર્થાત દાન શા માટે કોને કેવી રીતે અને કેવી દ્રષ્ટિથી અને ક્યાં આપવું એનું ટુંકમાં વિવેચન કરવાની આવશ્યકતા જણાય છે

આપણા પુર્વજોની એક પ્રકારની દીર્ઘદ્રષ્ટિથી લોકો ઉપર ધર્મને બહાને એવાં કેટલાંક બંધનો નાખવામાં આવેલા છે કે જેથી અજ્ઞાનતા કે કોઈ એવા બીજા કારણે કોઈ પણ સિધ્ધાંત યા રિવાજ નષ્ટ ન થઈ જાય! વ્રતઉપવાસ તિર્થસ્નાન બ્રહ્મભોજન તથા તે દ્વારા થતા દાન એ તેમની દીર્ઘદ્રષ્ટિના સાક્ષી ભૂત છે

પરમેશ્વરે માણસ જાતને વાળ ખુબસુરતીને માટે આપ્યા છે

આ બધનો તેમણે ગમે તે સારા હેતુથી બાંધ્યા હોય પણ જ્ઞાનના અભાવે એથી આપણને ઘણી હાની થઈ છે, કે જે હાનીઓ અજ્ઞાનતાના અધકારમા આપણે જોઈ શકતા નથી પણ આજે જ્ઞાનના ઉદય કાળે તો તે જોઈ શકીએ છીએ, અને ઈશ્વર કૃપાએ થોડા વખતમા જ્ઞાન રૂપી સુર્યના પ્રતાપથી તે સર્વ હાનીઓ દુર કરીશુ

અધીક માસને આપણા લોકો અનેક રીતે ઉજવે છે અને ઉજવશે તેમા મુખ્યત્વે કરીને લોકો દાન ઉપવાસ તિર્થસ્નાન યાત્રા બ્રહ્મભોજન વિગેરેમાં ધર્મના બહાને વધારે ખર્ચ કરતા જણાય છે ભલે લોકો પોતપોતાની શ્રધ્ધા પ્રમાણે ધર્મ વિગેરે કરે પણ તેમા વિવેક મર્યાદા તો અવશ્ય હોવાજ જોઇએ

હાલ કેટલાક વર્ષો થયા લોકો મોંઘવારીને લીધે ભયકર જમાનામાંથી પસાર થાય છે તેમા આપણે દ્રવ્ય લોભી બ્રાહ્મણો અને ધર્મ ઘેલાંઓ પુરૂષોને અધિક માસનો ભાર જણાતો નથી એવા કષ્ટમાથી મુકત થઇ લોકોને ઉપકાર કરી બંધનમાથી મોકળા કરીએ તો તે પણ આ સમયમા અયોગ્ય ગણાશે નહી આપણને કર્મકાંડના બદલામા અવશ્ય યજમાનો યથાશકિત દક્ષિણા આપે અને એ રીતે આપના પૈસા કઇ દાન ગણી શકાય નહી પણ તે વેતન કહેવાય, અને એજ મા યતાથી આપણી બ્રાહ્મણોની પ્રતિષ્ઠામા વૃધ્ધિ થશે

પરોપકાર વા દાન એ આપણામા ધર્મનુ એક મોટુ અંગ છે પ્રત્યેક સ્થળે પ્રત્યેક જનના ઉપર એ ફરજ નાખવામા આવેલી છે વળી જેવા કામ તેવા ફળ એ ઉત્તમ સિદ્ધાંત પણ આપણા મગજમા સારી રીતે ઠસેલો છે તો સહેજ એવો ખ્યાલ આવે છે કે, 'જ્યારે ઇશ્વર ન્યાયિ હોઇ દરેક પ્રાણિને પોતાના કાર્ય પ્રમાણે ફળ આપે છે, તો જેઓ ગરીબ છે, જેઓ ખરાબ સ્થિતિમા જન્મેલા છે, અગર પોતાના કર્માનુસાર ફળ ભોગવે છે, તેને મદદ કરવાની આપણને શી જરૂર? આ દલીલ આપણને જરા ગુચવણમા નાખે છે ખરી તેમજ ધનવાન કે કંજુસને લાભકારક થઇ પડે એવી છે પણ જરા ઉંડા ઉતરીને જોઇશુ તો ખરેખર માલુમ પડશે કે દીન મનુષ્યોને સહાય કરી કૃતાર્થ થવુ એ દરેક મનુષ્યોની પવિત્ર ધાર્મીક ફરજ છે

'મનુષ્ય પ્રતિ બંધુભાવ અને પરમેશ્વર પ્રતિ પિતૃભાવ' ની લાગણી ઉત્પન્ન થયા વિના વિશ્વનુ ચક્ર ચાલી શકતુ નથી વળી ઇશ્વરે તેમના શુભ કર્મ પ્રમાણે નીચ સ્થિતિમા લાવી મુકયા છે એજ બસ છે પેટને માટે બે હાથ લાંબા કરવા તેના કરતા બે હાથ પહોળા કરી પ્રભુને માટે ગરદન આપવી એ વધારે સારૂ છે એ કયો સુશિક્ષિત મનુષ્ય સમજી શકે એમ નથી? પણ જો દરેક મનુષ્ય આમ મરવાને તૈયાર થાય અગર શ્રીમંતો પોતાના ઉદાર હાથ લંબાવે નહી તો પછી વિશ્વનુ ચક્ર ચાલવુજ અસંભવિત છે અને ઉદાર ઇશ્વરનુ પણ કાર્ય સિદ્ધ થાય નહી વળી આપણા હૃદયમા રહેલા દયાના ઝરાને શુ વહેતો ન કરશો? અને એ ઝરણો હમેશા ઉંચેથીજ નીચે વહે છે આથી શ્રીમંતોએ ગરીબોનેજ દાન દેવુ એ પરમ કર્તવ્ય કરી એ ધ્યાનમા રાખવુ જોઇએ, જ્ઞાતિના દીન બંધુઓને યોગ્ય રીતે સહાય કરવી, એ ઇશ્વરની સહાય કર્યા બરાબર છે

તો તેને સારા સગવડતા અને ઉજવણી કરવા સારૂ કામો લિયા જોઇએ વાપ।

કહ્યું છે કે સર્વ દાનોમાં અન્નદાન શ્રેષ્ટ છે પણ વિદ્યાદાન તો તેથી પણ શ્રેષ્ટોત્તમ છે જેને જેની જરૂર તેને તે પુરૂં પાડવું જેને ખાવાનાજ વાખા છે તેને ભણાવતા કેમ ફાવે! કીંતુ જેઓ રોટલે સુખી છે પણ જ્ઞાન મેળવવાને અશક્ત છે તેમને વિદ્યાદાન અવશ્ય આપવું જોઇએ આવો વર્ગ આપણામાં ઘણો મોટો છે દાન કરતી વેળાએ પાત્ર અપાત્રતાનો વિશેષ વિચાર કરવો જોઇએ આપણા લોકોમાં દાનની રકમ બીજા વર્ગો કરતાં ઘણી વધી જાય છે પણ તેની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી તે નજરમાં આવતી નથી

આપણા લોકોએ મોટી મોટી ધર્મ શાળાઓ, દેવાલયો વિગેરે બાંધી ઘણો ખર્ચ કરી જનસમુહને પરોપકાર કરેલાનું સ્થળે સ્થળે દ્રષ્ટિએ પડે છે પણ તે આજે કેટલે સ્થળે જમીનદોસ્ત થઇ જવા આવ્યાં છે તે જોતાં ઘણીજ દીલગીરી ઉત્પન્ન થાય છે જો તે વખતે દાન અને પરોપકારના મહ-કાર્યો કરતી વખતે સુવ્યવસ્થા અને દેખરેખ રાખવા બીજો કોઇ પણ નિયમ અગર અનામત રકમ રાખવામાં આવી હોત તો તેના સાધનોની શોચનિય સ્થિતિ આજે આવત નહી મતલબ દાનમાં અને પરોપકારમાં વ્યય બીજા લોકો કરતા વધારે કરવામાં આવે છે પણ યોગ્ય દેખરેખ અને સુવ્યવસ્થા બાબત કંઇ પણ નિયમ નહી રખાયાથી એમ બનવા પામ્યું છે પ્રભુ અમોને સદ્બુદ્ધિ આપી એમનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય આપો! અપૂર્ણ

(શ્રી પર્વ શીળી સાતેમ)

(લે૰ જમીયતરામ કૃપારામ પાઠક બારડોલીકર)

મધુઓ દીન પ્રતિદીન શીળી સાતેમનું પર્વ નજીક આવતું દેખાય છે અને એ પર્વને માટે સ્ત્રીઓનો ઉત્સાહ કંઇક વિચીત્ર દેખાવ આપે છે હંમેશ ઉકળતું સીંચન કરનાર સ્ત્રી સીતોદક સ્નાન કરવા તત્પર રહે છે તવી ઉપરથી ઉતરતી ગરમાગરમ રોટલી અને ઉભે બળતી દાળ ખાનાર સ્ત્રીઓ આગલા દીવસની વસી અને સુકી પુરીઓ હોંશથી ખાય છે અહા દેવીથી વીરક્ત રહી તેનો પણ ચમકો સહન કરી લે છે

કેટલાએક બંધુઓ એને માટે વિવિધ તરંગો બનાવે છે કોઇ કહે કે કોઇ નવરી સ્ત્રીએ ઉપસ્થીત કરેલી આધમાલ છે કેટલાક કહે છે કે સ્ત્રીઓએ એક દીવસ એશ આરામ લેવા ઠંડુ ખાવાનું કાઢવું રચ્યું છે કેટલા કહે કે મીષ્ટાન્ન ભક્ષણ કરી ગપાટા મારવા માટે આ દીવસ શોધ્યો છે વીગેરે વીગેરે શબ્દબાણની વૃષ્ટી સ્ત્રીઓ ઉપર તુટી પડે છે, જેથી આ લેખ આપણા પ્રાચીન આરોગ્ય શાસ્ત્રનો આધાર લઇ સ્ત્રીઓનો પક્ષ લેવા ઇચ્છે છે

બ્હેનો તમો આટલા મીઠેલા સંકટો સહન કરી કંઇક આરોગ્ય શાસ્ત્રના રીવાજો તેને જાળવી રહ્યા છો જેને માટે ધન્યવાદ ઘટે છે

રાત્રુ ભગવા કપડાં પહેરે સાધુ થવાતું નથી તેમ એકલી શીળી સાતેમ ઉજવવાથી શ્રેય થતો નથી આનો શાપ ગયા અને લીમોટા રહ્યા તેથી ભિન્નાર્થ છે માટે શિક્ષણની

સ્ત્રીઓનો શણગાર લાજ છે અને તેની માવજત કરવા સારૂ

બીના ધ્યાનમા લઇ જો યોગ્ય લાગે તો એથી પણ અગાડી વધવુ એજ હમારો આ લેખ લખવાનો હેતુ છે

શિતળા દેવીનો સંક્ષિપ્ત ઇતિહાસ

જ્યારે બ્રહ્માજીએ સૃષ્ટી સંપુર્ણ રચી અને એકમ વીસ્તાર વધવા લાગ્યો ત્યા બ્રહ્માજીને ફીકર થવા લાગી કે અત્યાર પછી જેમ જેમ પૃથ્વી ઉપ ભાર વધનો જશે તેમ તેમ પૃથ્વી પીડીત થઇ વખતે બેસી તો ન જાય અને તેમ થાય તો મારી મહેનત નીશ્ફળ જાય એમ ધારી બ્રહ્માજી શીવજી પાસે આવ્યા અને પોતાની શંકા જણાવી તે સાભળી શીવજીએ કાળ નામના પુરૂષને ઉત્પન કરો અને તેને આજ્ઞા કરી જેથી તેણે પૃથ્વી ઉપર જઇ અનેક પ્રકારના ભયંકર રોગો ઉપજ કરી સૃષ્ટીનો લય કરવા માડયો બા તે કાળને અભિમાન થયો અને શીવજીનીજ ત્રાસ કરવા સનમુખ દોડયો શીવજીએ કાળને આવતો જોઇ શીતળા માતાને ઉત્પન્ન કર્યા એ શીતળા દેવીના પ્રભાવથી કાળની હીમત મુકાઇ ગઇ તથા શરીરમા અસહ્ય વેદના થવા લાગી ત્યાર કાળ પોતાનો અભિમાન મુકી સીતળા દેવીને પ્રણામ કરી સ્તુતી કરવા લાગ્યો જેથી દેવીએ કાળની વેદના મટાડી સ્તુતી

काल उवाच

मृणालतंतु सदृशीं नाभिहृन्मध्य संस्थिताम् ॥ १
यस्त्वा संचिंतये न्देवि तस्य मृत्युर्न जायते ॥

કમળની નાળની બરાબર નરમી અને હૃદયની વચમા બિરાજમાન એવા શોભાયમાન તમારા સ્વરૂપનુ જે કોઈ ચીંતન કરે હે દેવી તેનુ મૃત્યુ કદી થશે નહીં

सात लोवाच

साह्यदय ते कार स्यामि हरिष्यामि इमा प्रजा ॥
उपादकी तुगा खादे न्मादाबुष्णतत पाम् ॥
त गर्भ भक्षयि ष्यामि सापिचन्न दुष्ट मुगमवन् ॥
सतुष्टा शात नाहं सततात्मेव करस्थ ॥

હુ તને દરેક પ્રકારે સહાય કરીશ અને એવી પ્રજાને હરીશ કે જે રજસ્વલા સ્ત્રી ગરમ ખોરાક ખાય તથા દુસ્ટ ભાજન કરે અને તેને ગર્ભ રહે તે ગર્ભનુ ભક્ષણ હુ કરીશ હુ સીતળ વસ્તુથી અત્યંત પ્રસન છુ અને તેનુ સેવન કરનાર ઉપર અત્યંત પ્રસન રહુ છુ

માટે બ્હેનો તમો વરસમા એકજ વખત ઠંડે પાણીએ નાહી ઠંડો ખોરાક ખાઇ શીતળા દેવીનુ પુજા અર્ચન કરી નમન રાખવા ઇચ્છો છો તેના કરતા પણ દેવીના વચનને અનુસરીને રજસ્વળા સ્ત્રીઓ વર્તન કરે તો બાળકોને સીતળા વિસ્ફોટક સુ રોગ રકત દોષ વિગેરે ભયંકર રોગોથી મુકત કરવાને શક્તીવાન થશો

કેટલીએક સ્ત્રીઓ તો (સીતળા જયતી) ભીણી આતેમને દીવસે પણ મરીમસાલેદાર ભજ્યા પાતરા વડા મુઠીના રાયતા અને ચટણી અથાણાનો લિજ્જતદાર ચસકો બાજુ ઉપર મુકી સાત્વીક આહારની સાત્વીકતામા મોહીત થશે તોજ તમારૂ ઐહીક કલ્યાણ થશે

---

*ભમીનીયા એોઇલ, વનસ્પતીના સત્વનુ બનેલુ છે

રીપોર્ટવાળા વર્ષ દરમિયાન ગત ૧૨ નો વાર્ષિક ઉત્સવ ઉજવવા એક ભવ્ય મેળાવડો ગોઠ મુળજી જેઠા ૧૫૬ જનર હૉલમાં શ્રીયુત દને દામોદર ગમપ્રસાદ ગોવિંદજીના પ્રમુખપણા નિચે કરવામાં આવ્યો હતો તથા તેજ હૉલમા જગદ્‌ગુરૂ શ્રી મચ્છંકરાચાર્ય શ્રીમત માધવતિર્થ સ્વામીજીના કનાસ નવીણુ માટે રો ી ના ી વ્યવસ્થિત ક્રમાને એક જગી જાહેર સભા રાવ ાદુર વિશ્વનાથ રણછોડજી મેશીના પ્રમુખપણા નિચે બોલાવ વામા આવી હતી મજકુર બ ને સભાઓમા ઉપરોક્ત બ ને સ ગૃહસ્થોએ આ મડળના આમનણને માન આપી પ્રમુખસ્થાન શોભા વા હતાં તેને માટે તેમનો આભાર માનીએ છીએ

વળાના શુ ન ભાશાંકર કેશવજીને પોતાની પુત્રીઓના ક યા ન દેવા માટે આ મડળ તરફથી ખાસ રૂ. ઉત્તરાતી આશરે ૩ ર) જેટલી રકમની મ દ કરવામા આવી હતી મજકુર શુ ને વળામાં આવતી સસ્કૃત પાઠશાળાને આજદિન સુધી ઓનરરી કામ કરી સારા સ્વરૂપમા મહેનત કરી છે તેને માટે મડળ આભારી છે ઉપરાત વળા ગૌરક્ષણ કમીટીને ઘણુ સારી રકમ આ મડળ તરફથી ઉત્તરાતી આપવામા આવી હતી

દિલગીરીના ઠરાવો —ધી ઓ નર રા સર ચિનુભાઇ માધવલાલ સી આઇ ઇ ના પિ દુ ગ્રેઇનેસના અ ા મ યુ માટે આ મડળે દિલગીરીનો ઠરાવ કરી નોંધ લીધી હતી તથા એક દિલાસાપત્ર તેમના પુત્ર ચી૦ ગિરિજાપ્રસાદ ઉપર મોકલવામા આવ્યો હતો પૂજ્યપાદ જગદ્‌ગુરૂ શ્રી ૧ ૦૮ શ્રી મચ્છંકરાચાર્ય શ્રીમન્ માધવતિર્થ સ્વામીજીના દેવ યપ માટે આ મડળે મુબઇની જાહેર પ્રજાની એક જગી જાહેર સભા ભરી ખાસ દિલગીરીના ઠરાવો કરી તેની નોંધ લીધી હતી અને સ્વામીજીના પુણ્યાર્થે વળાની સસ્કૃત પાઠશાળાના વીદ્યાર્થીઓને એક દિવસ ભોજન આપવામા આ યુ હતુ તથા એક દિલાસાપત્ર થયેલા ઠરાવની નકલ સાથે ગુરૂસ્થાન તરફ મો લવામા આ યો હતો. રીપોર્ટવાળા વરમા આ મ ડે મી શિવશંકર નાનજી વ્યાસ તથા મી નરભેરામ નારણજી બધેકા (આ મ ડળના માજી સેક્રેટરીઓ) જેવા આગેવાન નાગરિકોને ગુમાવ્યા છે જેની નોંધ લેતા આ મડળ વારંવાર દીલગીર બને છે ઉપરો ત ભાઇ શિવશંકર માટે આ મડળે ખાસ દિલગીરીનો ઠરાવ કરી એક મીટીંગ મધ સામી હતી તથા એક દિલાસાપત્ર તેમના પિતા શ્રીયુત નાનજી દીરજી વ્યાસ ઉપર મોકલવામા આ યો હતો તથા મી નરભેરામ માટે દિલગીરીનો ઠરાવ કરી એક દિલાસા પત્ર તે ભાઇના કુટુમ્બીઓ ઉપર મોકલવામા આ યો હતો

આભાર દર્શન

રીપોર્ટવાળા વર્ષ દરમિયાન નિચેના ગૃહસ્થો તરફથી નિરાધાર નાણાની મ દ ખીમતી સલાહો તથા થયેલા મેળાવડામા હા રી અને પ્રમુખસ્થાને પધારી તથા ભાષણો આપવાની ઉત્તમ પ્રકારની મ મળતી રહી હતી તેથી કરીને તે તે ગૃહસ્થોનો ખાસ આભાર માનવાની હમો ફરજ સમજીએ છીએ

શ્રીયુત જટાશંકર મયાશંકર ત્રિવેદીએ પોતાના વખતે રૂ ૧૦૧) એકસો એક આ મડળ તરફથી ચાલતા વિધવાને ૪૬ ફડમા આપી પોતાનુ નામ મુરબ્બી મડળમા દાખલ કરા યુ હતુ શ્રીયુત ગોવરધનલાલ હરજીવન ત્રિવેદીએ આ મડળ તરફથી ચાલતા સસ્કૃત પાઠશાળાને માસીક રૂ ૧) દશની ઓ ત્રવાડી બધેકા પારે તાગીમાથી આપવા મજુર

કરાની આપી હતી શ્રીયુત શેઠ વલ્લભજી હેમચંદ રૂ ૨) દર વિાળીએ જાણીના આપે છે રાવ બહાદુર વિશ્વનાથ રઘુનાથજી જોશીએ જગદ્ગુરૂ શ્રીમન શંકરાચાર્ય માધવતિથ સ્વામીજીના કૈલાસ પ્રયાણ માટે શોક દર્શાવનારી સભાનું પ્રમુખ સ્થાન સ્વિકાર્યું હતું શ્રીયુત દામોદર રામપ્રસાદ ગોવિંદજી વૈદે વાર્ષિક મેળાવડાનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું તથા રૂ ૫) આ મંડળ તરફથી માગવામાં આવેલા નિબંધમાં પહેલે નંબરે આવનારને ઇનામ આપવા માટે આપ્યા હતા, શ્રીયુત પ્રભાશંકર અજરામર પંડયા તથા મી પ્રાણ શંકર ગૌરીશંકર ભટ્ટે મેળાવડામાં સંવાદો કરી બતાવ્યા હતા શ્રીયુત ચંદ્રશંકર નર્મદા શંકર પંડયા બી એ એલ એલ બી શ્રીયુત વૈદ્ય કવી દુર્લભદાસ શામજી સુત, રા રા "ઉદાસી રા રા પ્રભુદાસ લાધાભાઇ મોદી રા હંસરાજ વિષ્ણુરામ જોશી, રા ઇચ્છારામ શાસ્ત્રી રા વનમાળીદાસ ઓધવજી ગાંધી રા રા તુલજારામ વિગેરે ગૃહસ્થોએ મેળાવડામાં ભાષણો આપી આ મંડળને વધારે ઉત્તેજીત કર્યું હતું શ્રીયુત હરિરામ ગંગારામ જાની, શ્રીયુત મણીશંકર ગૌરીશંકર ત્રિવેદી શ્રીયુત મણીશંકર શાસ્ત્રી તથા શ્રીયુત નાનજી હિરજી વ્યારો દરેક મેળાવડામાં હાજરી આપી હતી રા લક્ષ્મીરામ કાળીદાસ જાનીએ રૂ ૫) વિદ્યોત્તેજક ફંડમાં ભેટ આપ્યા હતા

દાતાર સખી ગૃહસ્થો—મહાર પડેલા સ્વયંસેવકોને તથા સીધી રીતે આ મંડળને જે જે સદ્ગૃહસ્થો તરફથી ઉદાર વૃત્તી બતાવવામાં આવી છે તેને માટે તે તે સગૃહસ્થોનો ઉપકાર માનીએ છીએ

સભાસદો—આ મંડળના દરેક વર્ગના સભાસદોએ દરેક સભામાં હાજરી આપી દરેક સભાને સ્વયંસેવક તરીકે કામ કરી સારી શોભાવી હતી તથા બંદોબસ્ત જાળવી રાખ્યો હતો તેને માટે તેમનો ખાસ આભાર માનીએ છીએ

વર્તમાનપત્રો—એ તો સ્વભાવિક છે કે કોઇપણ વસ્તુને જાહેરમાં લાવવી હોય તો તેવા સાધનોની જરૂર હોય છે તેવી રીતે આવી સંસ્થાઓને જાહેરમાં લાવવાને આ પ્રસ્તુત જમાનામાં કોઇપણ સાધન હોય તો તે વર્તમાનપત્રોજ છે વર્તમાનપત્રો આ જમાનામાં જે દેશ સેવા કરી રહ્યા છે, તેવી સેવા હમો નથી ધારતા કે કોઇપણ સાધ નથી થઇ શકતી હોય તેવીજ રીતે આ સંસ્થાને માટે જેવા કે "મુંબઇ સમાચાર "સાંજ વર્તમાન "જામે જમશેદ "ગુજરાતી "હિન્દુસ્થાન "પ્રજામિત્ર વિગેરે વર્તમાનપત્રોના અધીપતી સાહેબોએ આ મંડળની દરેક સભામાં તથા મેળાવડાઓમાં થએલા કામકાજનો રીપોર્ટ વારંવાર પોતાના પત્રોમાં છાપી મહેરબાની કરી છે તેને માટે હમો આ વખતે તેઓ સાહેબોનો ખાસ આભાર માનવાની રજા લઇએ છીએ અને ઇચ્છીએ છીએ કે ભવિષ્યમાં આ મંડળને સહાયભુત થઇ પોતાની નેક સલાહ આપતા રહેશે

આ મંડળને પ્રસંગોપાત મેળાવડા કરવાને શેઠ મુળજી જેઠા કાપડ મારકેટ હોલ શુભ લવાજમ લઇ તેના માલેક ધી મુંબઇ પીસ ગુડ્ઝ મરચંટ કુંપની લીમીટેડના મેનેજીંગ ડીરેક્ટર સાહેબો શેઠ કરશનદાસ ધરમશી સુંદરદાસ તથા શેઠ ત્રીકમદાસ દામોદર ઠાકરસી તથા મુંબઇના કાપડના દેશી વેપારીઓની મંડળીના સેક્રેટરી સાહેબો તરફથી વાપરવા આપવામાં આવ્યો છે તેને માટે તેઓ સાહેબોનો ખાસ આભાર માનીએ છીએ

૨૬ રીપોર્ટ

આ રીપોર્ટ પુર્ણ કરતા પહેલા મ ગની ક઼ુ હજી ન જણાવવામા આવે તો તે અ થાને ગણાશે નહી રીપોર્ટ વાળા વ ર્ દ મિયાન વડીલ વર્ગના સભાસદોની સંખ્યા ૧૧ ની તથા સાધારણ વર્ગના સભાસદોની સંખ્યા ૨૩ ની તથા દ્વિતેષુ વડીલ વર્ગના સભાસદોની સંખ્યા ૧ ની તથા દ્વિતેષુ સાધારણ વર્ગના સભાસદોની સંખ્યા ૬ ની મળી કુલે સંખ્યા ૪૧ ની હતી

રિપોર્ટ વાળા વર્ષમા શ્રી વળા ઉદીચ્ય વિદ્યોતે ૪ ફંડ ખાતે રૂ ૨૬) ૬ તથા શ્રી વળા ઉદીચ્ય અનાથાલય ફંડ ખાતે રૂ ૧૪૮॥ ॥ તથા લવાજમ ખાતે ૩ ૫॥ ॥ થયા હતા જ્યારે ૪૬ ॥ ॥ ધર્માદાર બાકી કા ગામા આ પા છે તથા ૮૪॥ ॥ ખરચ થતા બાકી ૨૧૧) ની રીતીક હાથ મંડળ પાસે છે

આખરમા હમો આ મંડળ તરફથી સર્વનો સાથે ઉપકાર માનતા આ રનો રીપોર્ટ ખતમ કરીએ છીએ તથા પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ કે આવી સંસ્થાઓને સહાયતા થવાની દરેક વ્યક્તિને પ્રભુ સદ્બુધ્ધિ આપો અસ્તુ !

જ૦ મ૦ નર્મદાકર ત્રિવેદી,
જટાશં ર પુરૂષોત્તમ રાવળ
ઑનરરી જોઈન્ટ સેક્રેટરીઓ



શ્રી પાલનાથ પરિષદ્ના અતર્થાધિવેશનમા શ્રીયુત નરોતમભાઇ હરીનારાયણ પાઠકને અર્પણ થએલુ માનપત્ર

—∞—

રૂષિકુલોત્પન્ન પાલવાડા ઔદિચ્ય જ્ઞાતિ દ્વિતેષુ શ્રીયુત નરોતમભાઇ હરિનારાયણ પાઠક

મુ બારેજી

દ્વાદશ ગામ ઔદિચ્ય પરિષદના વ્યવસ્થાપક મંડળના પ્રમુખસ્થાનને ચાર વર્ષના મ યનકાળમા ઉત્તમ રીતે શોભાવી શ્રી દ્વાદશ ગ્રામ આદિચ્ય પરિષદનુ ચતુર્થ અધિવેશન શ્રી બારેજી મુકામે મેળવી તન મ ધનથી અસ્ખલિત આહુતીઓ આપી યજ્ઞકાર્ય પુર્ણ કર્યુ છે, તેથી આ પનાપર યજ્ઞનારાયણ પ્રસન્ન થઇ આ ક આશીર્વાદ વર્ષાવે છે

આ યજ્ઞનારાયણની પ્રસન્નતાથી આપની જ્ઞાતી જ્ઞતિના તેજસ બળથી નિ કામ ક્રમબાવનાથી પાતના ભમા ઉત્પન્ન થયેલો કલહ સદાને માટે નિમૂલ થશે છે ઉક્ત કલહ નિમૂલ કરવાના આપ કારણ રૂપ આપ છો તેથી આપને અમે અનેક અભિનંદનોથી વધાવીએ છીએ

આપના અપ્રતિમ આત્મ વિવેચનથી જ્ઞાતિના ઉત્થાના, એકયતા, સ્નેહના, સ્વતંત્રતાના પરસ્પર પ્રેમ ભાવનાના અને પવિત્ર માતની સઘ શક્તિના મૂળો પાનના ડાની ભૂમિગતમા ઠ થયા છે એ જાણી કોનું હૃદય આન આનંદથી ઉલ્લાસિત નહી થતુ હોય?

સ્વલ્પમા જ્ઞાતિ સમના ઉત્તમ કાર્યો સ્નાથી આપનો યશ દીગતમા ફેલાય એવી પરમાત્મા પ્રતિ પ્રાર્થના છે

મછારામ ભગવાનજી ભટ

પ્રમુખ શ્રી ઔ. બ્રાહ્મ. પરિષદ,

ચતુર્થાધિવેશન બારડાની તથા પરિષદના સભ્ય સભ્યો

સુરતમા ઔદિચ્ય પ્રગતિ



યુનિવર્સિટિની પરીક્ષાઓના પરિણામ

બી એ (સેકડ કલાસ આનર્સ) પાસ—રા રતિલાલ ગૌરીશંકર જાની

ઈ ટર મિજિએટ કલાસમા પાસ—રા હરિકૃષ્ણ ઘેનાભાઈ ત્રિવેદી.

પ્રિવિયસ કલાસમા પાસ—રા૦ ધીરજલાલ નીલકંઠ ભ

એલ સી પી એ ડ એસ (ફ્રેટ II) માં પાસ ડૉ હરિલાલ રિનસ..ર રાવગ સમ આસિસ્ટ ટ સરજન

ડૉ હરિલાલ અત્રેની મ્યુનીસિપાલીટીમા ડૉક્ટરની જગ્યાનુ રાજીનામુ આપીને બી બી. એ ડ સી આઈ રેલ્વેના બાન્દ્રા સ્ટેશન ઉપરના દવાખાનાના વે ડૉકટર નીમાવાથી તા૦ ૨ ગી એ પોતાની નવી જગ્યાનો ચાર્જ લેવા ઉપડી ગયા છે

અમે ઉક્ત વિદ્યાર્થીઓને અભિનંદન આપીએ છીએ અને ભવિષ્યમા જ્ઞાતિહીતના કાર્યોમા રસપૂર્વક ભાગ લઈ ભાવિ મગજને આ રા બનાવવા મનાઉત થવા સુચન કરીએ છીએ

રા૦ રતિલાલ જાનીને અભિનંદન આપવાનો મેળાવડો

અમ વાડી ઔદીચ્ય જ્ઞાતિના યુવક તરફથી સ્વજ્ઞાતિના પહેલા ગ્રેજ્યુએટને અભિનંદન આપવાનો એક મેળાવડો જ ભાડીમા ગોયાંદી જ્ઞાતિની પચની વાડીમા તા ૨૦ જૂન ૧૯૧૮ શનિવાર ર્યો હતો સભામા જ્ઞાતિના યુવકો ઉપરાંત પરજ્ઞાતિના કેળવણીના હિતેચ્છુઓએ પણ ભાગ લીધો હતો ગ પ્રાણલાલ અમ્રત વકીલની દરખાસ્ત અને ગ જગન્નાથ-વિ ત્રિવેદીના અનુમોદન સાથે નભાનુ પ્રમુખસ્થાન જ્ઞાતિના અગ્રણી વકીલ મગન શ્રી ગ સા પ્રભુરામ અનુપરામ ત્રવાડીએ સ્વીકાર્યું હતુ સભામા પ્રાણલાલ અ વકીલ ના જગન્નાથ વિ૦ ત્રિવેદી રા. નાથાભાઈ લલ્લુભાઈ વકીલના રા

શિવશંકર ઈ ત્રિવેદી રા જમીઅતરામ નરભેરામ વગેરે અને બીજા યુવકો તરફથી રસ દાર ભાષામા વ્યાખ્યાનો થયા બાદ પ્રમુખશ્રીએ આજના સુંદર પ્રસંગે મા મુકીને જરીથી મઢેલુ સાટીન ઉપર છાપેલુ માનપત્ર રા૦ રતિલાલ જાનીને કેટલાક ગોધના શબ્દો કહીને આપ્યુ હતુ ત્યાર પછી આ વર્ષ યુનિવર્સિટીની પરીક્ષાઓમા પાસ થએલ જુદા જુદા વિદ્યાર્થીઓ પ્રતિ અભિનંદન અને પ્રોત્સાહન પત્ર પ્રમુખશ્રીની સહી સાથે મોકલી આપવાનો ઠરાવ સર્વાનુમતે પસાર થયા પછી રા રતિલાલ જાનીએ પોતાને આ માન આપવા બદલ પ્રમુખશ્રીનો, યુવાન બધુઓનો જ્ઞાતિનો અને હાજર ગૃહસ્થોનો ઉપકાર માનતા રીતે પ્રમુખશ્રીના અનુભવ યુક્ત સુન્દર બોધ પ્રમાણે વર્તવા સાથે જ્ઞાતિના પ્રત્યેક હીલ ચાલ કામોમા અગ્ર ભાગ લેવા જણાવ્યુ હતુ ત્યાર પછી પ્રમુખશ્રીનો તથા સભાનો અને યુવાન મડળનો આભાર મનાયા પછી સર્વે ચાહપાન કરી તથા પાનસુપારી લઈને છુટા પડયા હતા

અમદાવાદી ઉદીચ્ય યુવક મડળની પુનઃસ્થાપના

ઉક્ત સભામા યુવાનોના ઉત્સાહથી પુનઃ સમાધી દશામાથી યુવક મડળને જાગૃત કરવા સબધી રા બાબરા રે ઘ ઝવેરીએ આગ્રહ પુર્વક યુવકોને અપીલ કરી હતી તેની અસર યુવકોમા સારી પડતા ગ સા ગણપતરામ અનુપરામ ત્રવાડીના પ્રમુખપદ નીચે યુવકો વીચાર કરવા ભેગા થયા હતા પ્રમુખશ્રીની હમેશના જેવી મીઠી અને મોહક વાણીના વિદ્વત્તા યુક્ત સચોટ વાક્યોથી તરતજ મડળની પુનઃ સ્થાપના થઈ હતી અને એ સબધી કામકાજ કરવા બીજી મીટીંગ તા ૧ જુલાઈ રવિવારે સાંજે સાડાસાત કલાકે એજ વાડીમા ભરવામા આવી હતી આ સમયે પણ નાનિમાં ૭-સાત વર્ષથી તકરાર હોવા છતા બન્ને પક્ષના યુવાનો પ્રેમ સાથે સભામા આવ્યા હતા સભાનુ પ્રમુખસ્થાન રા શિવશંકરની દરખાસ્ત અને રા ચપકલાલ ર ત્રિવેદીના અનુમોદનથી શાસ્ત્રી શ્રી ચદ્રશંકર રામશંકર જાનીને આપ્યુ હતુ આ વખતની સભામા પણ જ્ઞાતિની એકતા અને કેળવણીની આવશ્યકતાઓ વિષયો ઉપર યુવાનોના જુસ્સાભર્યા ભાષણો થયા બાદ છેવટે સભાનો ઉદ્દેશ નીયમ વીગેરે તૈયાર કરવાને સાત ગૃહસ્થોની કમીટીનીમાયા પછી આવતી પૂર્ણિમાનો ઉત્સવ કરવાનો ઠરાવ કરી સભા વિસર્જન થઈ હતી


આષાઢિ પૂર્ણિમાએ સાંજે સાડા સાત વાગે રા સા ગણપતરામ અનુપરામ ત્રવાડી લાયબ્રેરીમા ઉક્ત મડળની પ્રથમ સભા ભરાઈ હતી પ્રથમ આદ્યશંકરાચાર્ય સ્વામીનુ પૂજન રા સા ના હસ્તે થયા પછી આજનુ પ્રમુખસ્થાન રા રા ને લીધાવવાની દરખાસ્ત રા શિવશંકર ત્રિવેદીએ મુકી હતી તેને શાસ્ત્રી ચદ્રશંકરે અનુમોદન આપ્યુ હતુ ત્યાર પછી રા સા પ્રમુખપદેથી ઉત્સાહ, આગ્રહ પૂર્વક મડળને પ્રગતિમા મૂકવાને બોધ આપ્યા પછી મડળના મત્રી તરીકે રા શિવશંકર ઈ ત્રિવેદી રા અમૃતશંકર ઈ ભટ્ટની નીમણુક થઈ હતી ત્યાર પછી જુદી જુદી કમિટી તથા પુસ્તકાધ્યક્ષ ખજાનચી તથા ઓડિટરોની નિમણુક થઈ પછી દુધપાન કરી સર્વે છુટા પડયા હતા

ઔદીચ્ય ગૃહસ્થ તરફથી સુરતમાં સ્થપાએલી વેપારી કેળવણીની નિશાળ—— નવસમાજના જાતીના અગ્રણી વકીલ મી જમીઅતરામ નરભેરામના ચિ૦ ગ ચપક

ભાન ત્રિવેદીએ ભાગાતગામ મોહનરોડ વદરાજ ડાહ્યાભાઇ બિલ્ડીંગમાં આ સ્કૂલની સ્થાપના કરી છે એ સ્કૂલમાં બુકકિપિંગ, શોર્ટહેન્ડ, ટાઇપ રાઇટીંગ વગેરે શીખવાય છે વળી એમણે આપણા ઔદીચ્ય વિદ્યાર્થીઓને માટે તેમજ બહારગામના વિદ્યાર્થીઓ માટે ખાસ સગવડ રાખી છે હાલમાં ૧૨ વિદ્યાર્થીઓ દાખલ થયા છે હમે આપણા ઔદીચ્યો તરફથી થતા સ્તુત્ય પ્રયાસોને પ્રત્યેક દીશામાંથી ઉત્તેજન મળે એવી શુભ ભાવના પૂર્વક એમનો વિજય ઇચ્છીએ છીએ

ઉદીચ્ય

ચર્ચાપત્રો



રા૦ રા૦ આદિત્ય પ્રભાકર માસિકના તંત્રીજી, જત નીચે મુજબની હમારી શંકા આપના માસીકમાં પ્રગટ કરી ઉપકૃત કરશો ચાલુ સાલના માર્ચ અને એપ્રીલ માસના આદિત્ય પ્રભાકરના અંકમાં જમાનાનો પ્રભાવના નામે લેખમાં વદરાજ જગજીવનરામ કેસવરામ પાઠક બોરડોલીકરના તરફથી છાશનું વર્ણન કરવામાં આવ્યું છે જેમાં નીચે મુજબ હમારી શંકા છે

૧ લેખક જણાવે છે કે હમારા હીંદુસ્થાનમાં એવા ઝગો થાય છે કે અડધા કલાકમાં દુધ જામી જાય છે જેથી રેનેટ વીગેરેની જરૂર રહેતી નથી પણ તે ઝગનું નામનીસાન આપ્યું નથી માટે એ વાત અંધારામાં રહી છે તે પ્રકાસીત થશે

૨ જ્યારે છાસને અમૃત સાથે સરખાવવામાં આવી છે તો છાસના ગુણો સાથે કેવો મળતા છે કે કેમ અને મળતા હોય તો અમૃત પણ કેવા ગુણવાળુ હશે

૩ જ્યારે તમો છાસને ઉષ્ણવિર્ય ગણો છો ત્યારે દુનીઆમાં સાધારણ પણ કહેવાય છે પેચ આવે છે સરદી થાય છે હાડકા કળે છે વિગેરે સખ્યાબંધ ચિન્હો જણાય છે તેનું કેમ માટે આ શંકાઓનું સમાધાન લેખક તરફથી યાતો કોઇ પણ વ્યક્તિ તરફથી યોગ્ય રીતે કરવામાં આવશે તો વાચકો ઉપર એ બાબતમાં વીશેષ અજવાળું પડવા સંભવ છે

લી૦ એક શંકાસીલ ડાકટર

એપ્રીલના અંકમાં પંચમહાલ પ્રથમ પરિષદ્ વિષે વાંચી હું અત્યાનંદ પામ્યો છું તથા મારા અંતઃકરણપૂર્વક જો તે યોગ્યરૂપમાં થઇ હો તો અભિનંદન આપું છું પરંતુ તેની હકીકત વાંચનાર મારા પંચમહાલશી બંધુને મારો એક પ્રશ્ન પુછવાનો છે ને તે એજ કે તેઓ કૃપા કરી પંચમહાલશી ગામોના નામો જણાવશે તથા જેમ તેમણે પ્રસિદ્ધ કરવામાં ઘણો શ્રમ વેઠ્યો સમજાય છે તેમ તે દરેક ગામોમાં પરિષદ ભરવા પ્રયત્ન કર્યો છે કે?

જો ન કર્યો હોય તો કૃપા કરી હવેથી તે ક્રિયામાં અમલ કરશો અને ખોટા નામ લાવવા મેહનત કરો તેના કરતા ખરેખર સ્વાત્માર્પણ કરતા શીખશો એવી મારી નમ્ર વિનંતી છે

લી૦ જ્ઞાતિસેવક

લવાજમની નહોંધ

ર
૧ રૂા૦ ૧ વઘ નરભેરામ કલ્યાણજી ગડત
૧ ભટ મણીશંકર હરીશંકર ,
૧ ભટ માણીશંકર વિશ્વનાથ
૧ ભટ સુખાનંદ વિનાયક
૧ , પાઠક સુખાન ગણપતરામ
ચીખલી.
૧ ,, વઘરાજ રણછોડજી નાથુશંકર
બારડોલી
૧ ભટ પરશુરામ ગોપાળજી
૧ , જોશી મણીશંકર અંબારામ ,
૧ , વ્યાસ ઘેનાભાઈ હરીકૃષ્ણ ,
૧ ,, વઘશાસ્ત્રી કેશવરામ પુરૂષોત્તમ
૧ નારણ ગણનંદ ત્ર્યંબકરામ
૧ પાઠક પરશુરામ દયાશંકર
૧ ,, ભ જમીયતરામ મગનરામ ,
૧ , આચાર્ય ઉત્તમરામ દુર્લભરામ
૧ જોશી કલ્યાણજી હરીશંકર ,
૧ , ભટ માધવરામ હરીવલ્લભ ,
૧ અધ્યારૂ દયાશંકર નથુરામ ,
૧ ,, વ્યાસ કલ્યાણાનંદ ગજાનંદ
ધરમપુર
૧ , દયારામ હીરાભાઈ કરાચી
૧ વૈદ્ય રવીશંકર શીવશંકર
તગારચોરા

રૂા
૧ રા રા ભટ નરભેરામ કેશવરામ સુરત
૧ ,, દેસાઈ ઝીણાભાઈ તુળજારામ
ધરમપુર
૧ , નવાડી કેશવરામ અંબારામ ગણદેવી
રાવડ શીસોદરા
૧ , ગણપતીશંકર ભાનુશંકર શાસ્ત્રી
મુંબઈ
૧ શુકલ પદમાકર મંછારામ ,
૧ જાદવજી વ્રજરાજ
૧ , દુર્ગાશંકર વાલજી
૧ આચાર્ય ભાઈશંકર વાઘજી
૧ , જાની લક્ષ્મીશંકર ચીમનલાલ
૧ , મહેતા જીવરામ હરજીવન ઘાટકોપર
૧ , જોશી વજેરામ નરોત્તમ મુંબઈ
૧ ,, જોશી રામશંકર મયાશંકર ,
૧ , પ્રભાશંકર કાશીરામ પાંડ્યા
૧ , જોશી હરગોવિંદ આનંદરામ
૧ , હરગોવિંદાસ અંબાશંકર જાની
મુંબઈ
૧ ગંગારામ કીરપારામ શુકલ ,
૧ , મંછારામ મયાશંકર બારગામી
૧ , પંડ્યા દયાશંકર નથુરામ વ્યારા
૧ જટાશંકર પ્રાણજીવન અમદાવાદ
૧ ભાનુશંકર કૃષ્ણદત્તની કું વનસાડ

R[illegible] No B_924

[illegible] પ્રભાકર

[પુસ્તક ૬, ૬] ૧૫ મી ઓગસ્ટ ૧૯૩૭ [અંક ૧૨ મો.

વિષયાનુક્રમણિકા



ગ્રાહકો તથા લેખકોને સુચના

(૧) પ્રભાકર હવે મુંબઇ ખાતેથી પ્રગટ કરવામાં આવશે માટે સર્વ પત્ર વ્યવહાર તંત્રી ઓફિસ પ્રભાકર-ક-લાણ બીલ્ડીંગ નબર ૨ કાંદાવાડી ગીરગામ-મુંબઇ એ શીરનામે કરવો

(૨) લેખકોએ પોતાના લેખો સ્પષ્ટ અક્ષરે કાગળની એક જ બાજુએ લખી તંત્રીને તા ૧ લીની અંદર મળે તેવી રીતે મોકલવા લેખો પ્રગટ કરવા યા નહી તે તંત્રીની મુનસરીપર રહેશે પ્રગટ ન થએલા લેખો પાછા મોકલવા તંત્રી બંધાયેલા નથી તેમજ લેખોમાં યોગ્ય સુધારો વધારો કરવાની તંત્રીને સત્તા છે

(૩) સમગ્ર ઔદિચ્ય જ્ઞાતિના સર્વ સમુદાય તરફથી જાણવા યોગ્ય જ્ઞાતિ વર્તમાન મળેથી તે પ્રગટ કરવામાં આવશે કોઇપણ જ્ઞાતિ બંધુને સંસારી ધાર્મીક, આર્થીક અને આધ્યાત્મીક વિષયો ઉપર લેખો લખવા અમો વિનંતિ કરીએ છીએ. રાજકીય વિષયો ચર્ચવા એ આ માસીકનો ઉદ્દેશ નથી

(૪) પ્રભાકર પ્રત્યેક માસની તા૦ ૧૫ મીએ પ્રગટ થશે તો કોઇ ગ્રાહકને તા૦ ૨૦ ની અંદર એ ન મળે તો તંત્રીને ખબર આપવાથી યોગ્ય બંદોબસ્ત કરવામાં આવશે લવાજમ પ્રથમથી લેવાનો રીવાજ હોવાથી સર્વ ગ્રાહક બંધુઓને વીનતી કે તેમણે લવાજમના પેટે જ સાથેનો રૂ ૧) મોકલી આપવા કૃપા કરવી અને જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય, તેમણે અમોને ચેતાવવા કૃપા કરવી આપણી જ્ઞાતિના સમુદાયમાંથી જે કોઇ ગૃહસ્થ ૧૦ દશ ગ્રાહક મેળવી તેમનુ લવાજમ અમોને મોકલી આપશે તેને આ માસીક મફત આપવામાં આવશે

તંત્રી

॥ कर्मण्येवाधिकारस्ते माफलेषु कदाचन ॥

યૌધેય પ્રભાકર.


પુસ્તક ૬ ઠું] શ્રાવણ ૧૯૭૩ [અંક ૧૨ મો

" જીવન સાફલ્ય "

પ્રભુ પૂર્ણ કૃપાની પ્રસાદી વડે જગમા શુભ માનવ દેહ મળે,
જ[illegible]ભી ઇશ [illegible] થતી ન લહે ખરપેર ભુમી તન ભાર રહે ૧
જનુની ઉ[illegible] [illegible] માસ રહે વિધ વિધ દુઃખો તવકાજ સહે
નવ માત તણી શુભ સેવ કર, જનુની જઠરે તન ભાર વહે ૨
તવ તાત ઉછંગ તુ શૈશવમા, અણુરે રમતા વિધ લાડ લડે
ગૃહભાર જરા મહીં તાત વડે, જનમ્યો જગમા મહ સ્મ ખરે ૩
શુભ [illegible] શુભ નીતિ, મહી જનશ્રેય સ્વધર્મ, સ્વકર્મ તજી
નિચરે તુ અનીતિ, સ્વચ્છંદ મહીં વસુધા મહીં વ્યથ છે જનમી ૪

" નરહર "

બ્રહ્મસમાજના નેતાઓની બેદરકારી



[illegible]ના કીર્તનના પવિત્ર વાતાવરણથી જ્ઞાતિ [illegible]યાણુના પ્રેમના અદ્વિતિય આદોલનોથી જ્ઞાતિ બધુ[illegible]ના [illegible]નમા પ્રેમ ભક્તિ ઉત્પન્ન થઇ છે જ્યા ત્યા દેશ કલ્યાણુ, જ્ઞાતિ [illegible]યાણુ [illegible] સેવા માટે ભારતની પ્રજાના મનમા તનમનાટ શરૂ થયો છે અને તેની અસર આપણી [illegible] જાતિમા પણ વધારેતર થઇ છે જાતિ બધુઓના મોટા ભાગ[illegible] [illegible] અને [illegible] માટે જાગૃતી ઉત્પ[illegible] થઇ છે એ જાગૃતીએ સ્થળે સ્થળે [illegible] મૌન મડળો સ્થાપ્યા છે, અને આપણા બ્રાહ્મણોની દેવ કીર્તનના કાયમા ધામીક [illegible] છે તેવુ [illegible] જ્ઞાતિ બધુઓને થતુ છે આ સમયમા અખીલ ભારત વર્ષિય બ્રહ્મસમાજ [illegible] નાર ચકડોળે ચઢ્યુ છે, અને તેના વિદ્વાન, [illegible]કુશળ તથા

અનુભવી નેતાઓ માનરોવા નહો કંઈ જાણુતાજ નથી એમ ભેશી રહ્યા છે એ ખરેખર તેમના નાતિ તરફના ફરજ તરફ બેદરકારી બતાવે છે બ્રહ્મસમાજ બે વરસથી મરણતુ બધ પડ્યુ છે તે બેદરકારીની સાબીતી છે સન શાસ્ત્ર સપન મહાત્મા શ્રી મતથુરામ શર્મા જેવા વિદ્વાન વયોવૃદ્ધ અને અનુભવી પ્રમુખ જેમના જ્ઞાન અને વિદ્વતા માટે ઔદિચ્ય નાતિ મગરૂર છે, તેવા વિદ્વાન પ્રમુખથી શુ નહિ કંટાળી ગયા હોય અથવા નાતિ બંધુઓમા એક્ય કરાવવા તથા જ્ઞાતિનુ કલ્યાણ કરવાને અશક્ત કે અસમર્થ હોય એમ કંટીગોચર થાય છે શ્રીયુત અમબાલાલ કેવળરામ વકીલ જેઓ નો કુશળ વકીલ તરીક સિદ્ધપુર જેવા આપણી જ્ઞાતિના મોટા સ્થાન શહેરમાં ધંધ કરે છે, તેઓ નીપજ્યા જાણે ગાની ધારણ કરી સમયનુ નિરીક્ષણ કર્યા કરતા હોય એમ જણાય છે શ્રીયુત વિદ્યાશંકર કરૂણાશંકર વકીલ જેઓ ગુજરાતના પાટનગર પાટણ જેવા શહેરમા અને ગાયકવાડી રાજ્યમાં એક સારા વકીલ તરીક ઓળખાય છે તે, તથા શ્રીયુત ગણપતરામ અનુપરામ નવાગી જેમણે જૈન ગ્રંથ ખાતામા પોતાની વયનો મોટો ભાગ વ્યતિત કર્યો છે, અને સમાજમા અગ્રગણ્ય ભાગ લે છે તે તેમજ શ્રીયુત મંછારામભાઈ ભગવાનજી ભટ્ટ જેમણે ગાયકવાડી રાજ્યમા નાયબ સુબા જેવી જગ્યા સપાદન કરી ઘણા ઉજ્વળ કાર્યો કર્યા છે તથા સિદ્ધપુરમા મળેલા બ્રહ્મ સમાજ સમયે સાના જ્ઞાતિ બંધુઓમા ચાલતા કુસંપને નિમૂળ કર્યો હતો, તથા સુરતમા મળેલા બ્રહ્મસમાજ સમયે સુરતના જ્ઞાતિ બંધુઓમા ૨૫ પચીસ વરસથી પડેલા તડોને એકત્ર કર્યાં હતા તેઓ અને વ્યવસ્થાપક મંડળના અન્ય વિદ્વાન સભ્યો બધા જાણે નિરાશ થયા હોય એમ જણાય છે ઉપરોક્ત જણાવેલા પ્રમુખ સેક્રેટરી અને વ્યવસ્થાપક મંડળના સર્વ સભ્યો જેઓ ઇચ્છે તો આખી જ્ઞાતિને ઉત્તમ માર્ગે ચલાવી-ઉન્નતીવાન બનાવી શકે એવા છે તેઓ નિરાશ થઇ બ્રહ્મસમાજને એકત્ર થતુ અટકાવે એ અમારી જ્ઞાતિના અધઃપતનની નિશાની છે

ગત મે માસમા બ્રહ્મસમાજ લીંબડી મુકામે એકત્ર થનાર હતુ પરંતુ ત્યાના જ્ઞાતિ બંધુઓના શા કારણથી ત્યા સમેલન નહી મળ્યુ તે જણાતુ નથી અને વાત અંધારામાં દટાઇ ગઇ છે હવે ડીસેમ્બર માસમા કરાચીમા સમાજ એકત્ર થશે એવી ખબર મળી છે પરંતુ તે ખબર કોઇ જોખમદાર વ્યક્તિ તરફથી અથવા કરાચીમા વસતા જ્ઞાતિ બંધુઓ તરફથી મળી નથી અમોને શક છે કે ડીસેમ્બરમા કરાચીમા બ્રહ્મસમાજ મળવાનુ અસંભવીત છે ડીસેમ્બર નજીક આવતો જાય છે અને એટલા સમયમા સ્વાગત મંડળ સમાજના પ્રમુખ વિગેરેની ચુંટણી માટે ચળવળ શરૂ થતી જોવામા આવતી નથી ત્યા સુધી સમાજનુ મળવુ અસંભવીતજ ગણાય અમો સમાજના વિદ્વાન વયોવૃદ્ધ અને અનુભવી પ્રમુખશ્રી તથા સેક્રેટરી અને વ્યવસ્થાપક મંડળના સર્વ સભ્યોને વિનંતી કરીએ છીએ કે હવે આમ નિદ્રા લીધેલુ મૌન ન કરતા અમારી જ્ઞાતિનુ કલ્યાણ કરવાની હિંમત ધરી ધર્યુ કરો અને પક્ષપાતને તિલાંજલી આપો અને જ્ઞાતિના મોટા સમુહે આપના પર જે વિશ્વાસ મુકેલો છે તેને વિશ્વાસઘાત ન કરતા કોઇ કારણ વગરના આપની સર્વ શક્તિના વ્યય કરી સમાજની અભિવૃદ્ધિ ગણાતી વ્યક્તિઓમાં ઇર્ષા, દ્વેષ કે રાગ ઉત્પન્ન થયો હો,

વિચારમા અને ભાવ અને કાય કુશળતામા ન્યુનતા હશે તો, આ રીતે વિઘ્ન, ક્ષમા સહન શીલતા નિર્ગ્રહના પવિત્ર આદર્શોને દ્વારા સમાધાન કરી અને અમારા પ્રશ્નોના ગૌરવમા વૃદ્ધિ કરી જ્યા સુધી સમાજના નેતાઓ જ્ઞાતિ પ્રત્યેની નિષ્કામ ભક્તિ, અચળ શ્રદ્ધા અને ગમે તેવા વિઘ્નો આવે તો પણ અથ સાધયામિ કિંવા દેહ પાતયામિ । ના સુત્રને અમલમા મુકશે નહી ત્યા સુધી અમારા પ્રાર્થનાશી ઉન્નતિની આશા આકાશ કુસુમવત્ છે અમા ગંભીર છીએ કે સમાજના વિદ્વાન કાયકુશળ અને પૂજ્ય નેતાઓમાજ જે ભાવ ઉત્પન્ન થશે છે અને લોક કલ્યાણનુ કામ અધવચ સ્થિતિમા મુકાયુ છે

અપીલ ભારત વર્ષમા વિસ્મતા જ્ઞાતિ બંધુઓને અમો વિજ્ઞપ્તી કરીયે છીએ કે જો બ્રહ્મસમાજના નેતાઓ હવે જાગૃત ન થાય અને સમાજ મેળવી ન શકે તો, સર્વ ઐશ્વર્ય બધુઓ જેમના પવિત્ર હૃદયમા જ્ઞાતિ કલ્યાણની લાગણી ઉભરાતી હોય તેમણે અને જ્યા જ્યા નાના મોટા મંડળો હોય તેમણે, સમાજના નેતાઓ તરફ દીલ ગીરીના ઠરાવો પસાર કરવા, અને અવશ્ય ભાગે સમાજને અમલ કરવાની હીલચાલ શરૂ કરવી, તથા જ્ઞાતિ કલ્યાણના માર્ગને પડી ભાગતુ અટકાવવા પુરા બળવત્તર સ્થિતિમા મુકવુ જ્ઞાતિ કલ્યાણના માર્ગમા પ્રત્યેક વ્યક્તિ માત્રને કામ કરવાનો હક છે અને તેનાથી ફરજથી પરાઙ્મુખ રહેનાર ધર્મ ભ્રષ્ટ થાય છે એ હવે આપણે સર્વે જાણવું જોઇએ

અમો આશા રાખીએ છીએ કે બ્રહ્મસમાજના નેતાઓ હવે અવશ્ય રીતે ડીસેમ્બર માસમા સમાજ કોઇપણ સ્થળે એકત્ર કરવાનો નિર્ણય કરશે, અને અમારી જ્ઞાતિના કલ્યાણના માર્ગને સરળ કરી સર્વ ઐશ્વર્ય બધુઓના હૃદયના આશીર્વાદ મેળવશે પ્રભુ અમારા નેતાઓ અને સર્વ જ્ઞાતિ બધુઓમાં જ્ઞાતિ કલ્યાણના પવિત્ર આદર્શોનો પ્રસરાવો અને સમાજ એકત્ર કરવાને સર્વમા શક્તિ આપો

તંત્રી

પુરષોત્તમ માસ અને દાન પ્રણાલિ

(અનુસંધાન ગતાંક થી)

વળી બાનવાડામા આપણી જ્ઞાતિમા વિદ્યા વૃદ્ધિ નામનુ ફંડ આજ લગભગ ૨૦-૨૫ વર્ષ ઉપરાતથી શુભાશુભ પ્રસંગે દરેક પ્રસંગને લાધી લેવામા આવે છે અને તે રકમ રેગ્યુલર રીતે ભેગી થાય છે આ રકમ એની પાસે ના ગામે ટકી રહી તેની શુભ વરસા કરી કાંઇપણ ઉપયોગ કરવા કાંઇપણ વ્યવસ્થા આજસુધીમા કાંઇપણ કરી બતાવવામા આવેલુ નથી એ ફંડ ન્યાતમા શરૂ કરવામા આવેલુ તેનુ આજે કાંઇ પણ સારુ થતુ નથી મનરાજ દોલતરામ રસો રકમ બાકી રહી રકમ જોયા કરી એમનો ઉદ્દેશ હોવાજ નહી પણ ન્યાતના ગરીબ અને સુશિક્ષીત બાળકોને ભણાવવામા મદદ કરી ન્યાતની ઉન્નતિ થાય એજ હેતુથી એ ફંડ દાખલ કરવામા આવેલુ ધાર એમ માનવામા આવે છે

હવે અધિક પુરૂષોત્તમ માસ નજીક આવે છે કે જે કાળે ઘણા ઉપવાસ નિયમ સ્નાન વિગેરે ધર્મના ઘણા કામો મનુષ્યો આચરે છે અને તે તે માસ પુરો થનાર છે તેને પુણ્યની ખાતર આપણી જ્ઞાતિના તમામ ગામના અદેખા પાન પૈસાના ગામે ઉપરથી રકમ ભરી થાય તેથી પુન દાન થાય તેથી તે એક દર ગામે અધિક માસ પહેલા ફંડ થાય એક મંડળ નીમી તે મંડળ પોતાના ગામના ગરીબ અને ભણેલ એવા સુશિક્ષિત છોકરીઓને એક દર ની રકમમાંથી યોગ્ય વિદ્યા વેતન આપવા અધિક માસથી આપવાનું શરૂ કરે તો તેપણ જ્ઞાતિએ આ સર્વોત્તમ દાન કર્યું ગણાશે અને તે પણ સ્તુતિ પાત્ર કર્યું ગણાશે હવે જમાનો દિવસે દિવસે વધતાનો વધારે કેળવણી મેળવવા કેળવણીમાં ઉચ્ચ શિખર ચડવાની મહત્વાકાંક્ષાએ બીજી જ્ઞાતિઓ વધતી થઈ છે બીજી જ્ઞાતિમાં ગ્રેજ્યુએટો વકીલો સોલીસીટરો બેરિસ્ટરો શાસ્ત્રીઓ જજો અને મહાજનો વિગેરે વિદ્વાનોની સંખ્યા વધારે જણાય છે ત્યારે આપણી ઉચ્ચ જ્ઞાતિમાં જ્ઞાતિવાડામાં ગણ્યા ગાંઠ્યા ૨ થી ૩ ગ્રેજ્યુએટો કે ડાક્ટરો વિગેરે ભાગ્યે જ નથી જેવા વિદ્વાનો માલુમ પડે છે એ આપણી જ્ઞાતિ માટે શું ઓછું શોચનીય છે આ સ્થિતિ ક્યાં સુધી ચાલુ રાખવી અને ઈશ્વર ક્યાં સુધી ચાલુ રાખશે તે કહી શકાતું નથી પણ જ્ઞાતિના શ્રીમાન વકીલ અને આગળ પડતા વર્ગ ઉપર તેનો આધાર છે તે ઉપર ધ્યાન લઈ આવા ઉદારતામાં પણ જ્ઞાતિની યોગ્ય વ્યવસ્થા જાતે કરવા ધારે તો તેમાંથી કાઇપણ વિદ્યાના સંબંધમાં વૃદ્ધિ થાય જ્ઞાતિની ઉન્નતિ થશે અને તેનું માન તેઓનેજ ઘટશે અને એ ફંડ ઉઘરાવવાનો સ્તુત્ય હેતુ પાર પડેલો જોશું

આપણી સખાવતોની આવી દશા થાય છે ત્યારે બીજી કોમો જેવા કે પારસી લોકોની સખાવત થોડી છે પણ તેની સુવ્યવસ્થા અને યોગ્ય દેખરેખ હોવાથી તેનો બરાબર ઉપયોગ થાય છે અને તેનાથી ઘણાને દેખીતો લાભ વધારે મળે છે એ લોકોની સખાવત દાનની મળેલી ખરેખર વખાણવા પાત્ર છે। તેઓમાં ભાગ્યે જ કોઈ મરતું કે ભીખ માગતું નજરે દેખાશે નહીં તેનું કારણ માત્ર એ જ છે કે તેમની જ્ઞાતિની સુવ્યવસ્થા અર્થાત્ જેમને અન્નની જરૂર છે તેને અન્ન આપે છે જેને નોકરીની જરૂર હોય છે તેને નોકરી શોધી આપે છે જેને રહેવાનું સાધન નથી તેને રહેઠાણ પાછું રહેવાનું સાધન શોધી આપે છે (મુંબઈ વિગેરે શહેરોમાં પારસી વસ્તી માટે મકાનો બાંધી ચાલીઓ શ્રીમાન લોકોએ ઘણી બાંધી છે) રોગીઓને માટે ઔષધાલય તથા જ્ઞાન વિજ્ઞાન માટે શાળા હાઈસ્કુલ વિગેરે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવેલું જોવામાં આવે છે ત્યારે આપણી વર્તમાન સમાજો ગુરૂમાં તેથી ઉલટું જોવામાં આવી ફંડ ફાળા ફંડની રકમોની અને સીવ વાપરનારની દુર્દશા જોવામાં આવે છે એ ઘણું શોચનીય કયા સુશિક્ષિત મનુષ્યને નહીં લાગે?

હવે આપણા લોકો જે કાંઈ દાન કરે છે તે કેટલુંક બ્રાહ્મણના હાથને (જેમકે કાશી વિગેરે યાત્રા જઈ આપવા કે પ્રભુ પૂજન મહોત્સવ, વિગેરે વિગેરે કરવા) પણ તેમની લાગણી એ શરૂ કર્યું જ એમ ધારી ચાલતી નથી વળી ઘણાખરા તો અમુક નીમિત્તેજ તથા કોઈ વારેતહેવારે પોતાના અને જશ ખાટવા ખાતર એ પણ ઠીક છે તથાપિ હમેશા દાન નિષ્કામ વૃત્તિથી થતું જોઈએ શું છે કે

ભેનીઆ જોઈએ દૈક ઠેકાણામાં વાપરવું જોઈએ!

दातव्यमितियद्दान दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दान सात्विक स्मृतम् ॥

भ गी अ १७ श्लोक २०

દાન કરવાને મુહુર્તની જરૂર નથી જ્યારે પૈસા મળે અને દાનને પાત્ર સ્થાન યા મનુષ્ય હોય ત્યારે તે કરી દેવુંજ જોઇએ તરત દાનને મહા પુણ્ય વ્રત યાગ, ઉપવાસાદિ કારણો લોકો એટલા બધા ઉત્સાહમાં આવી જાય છે કે નહિ પોતાની સ્થિતિ જુએ કે નહી સામાની પાત્રતા જુએ, પણ હાથ લંબાવતાજ જાય છે જેથી કરીને દાનની સુવ્યવસ્થા બગડી ગઇ છે અને તેનો લાભ દાંભિક અને આળસુજનો લઇને દેશને ભારરૂપ લોકોના કલ્યાણનો ભોગ થઇ પડયા છે દાન કોઇ પણ ચોક્કસ વખતેજ કરવું જોઇએ એવો કંઇ નિયમ નથી ગમે તે સમયે મનમાં લાગણી થઇ યથા શક્તિ આપવું પણ "ઘરના છોકરા ઘંટી ચાટે ને પરાયાને આટો" એવું નહી થવું જોઇએ આપણી સારી સ્થિતીમાંજ યોગ્ય દાન આપવું પણ અશક્ત સ્થિતિમાં કોઇ લાભની ઇચ્છા રાખી બીજાનું જોઇને, પોતાના ભવિષ્યનો વિચાર નહી કરતા દાન કરવું એ લાભકારક નથી પણ સારી સ્થિતિમાં દીનબંધુઓને આશરો આપવો અને આપણા સુખના ભાગી બનાવવા એ અત્યુત્તમ અને શ્રેયસ્કર છે

જ્યારે શ્રીમંતો વિગેરે પોતાનો ઉદાર હાથ વિદ્યા વિગેરે દાન તરફ યોગ્ય જનો તરફ તપાસ કરી લંબાવશે અને પોતાના દાનનો સદ્‌ઉપયોગ થતો જોવાની કાળજી રાખશે, અને દાન લેનારાઓ પણ જગતને તેનો બદલો આપવા ચુકશે નહી ત્યારેજ સુખી થવાના ચિન્હ જણાવવા લાગશે

ભટ્ટ તુળજારામ જદુરામ પનરશાળાકર

'અમારી ઉન્નતિ'



અમારી ઉન્નતિ આ બાબતનો તંત્ર કોઈ એક માર્ગમાંજ વાગતો હતો લાગે છે અને તેનો ખેદ કંઇજ જોવામાં આવતું નથી પરન્તુ દ્રષ્ટિ અને મનુષ્યના સંબંધથીજ જાણતા વા અજાણતા શક્તિ હોતા ન હોતા વત્તા ઓછા પ્રમાણમાં ઉન્નતિના સાધનો અનેક માર્ગમાં વપરાતાજ આવ્યા લાગે છે આ સૂત્રના સમર્થનમાં જ્યારે આપણે આપણા મહાન ભારતીય સૃષ્ટિની ઉન્નતિનો હાલના ઉપલબ્ધ સાધનો પરથી વિચાર કરીએ છીએ ત્યારે સ્પષ્ટ જણાય છે કે આપણેજ ઉત્તરોત્તર વૃદ્ધિ પામી પૂર્ણ શશિની માફક એક સમયે ઉન્નત શાની પરમાણે ઉન્નતિ પ્રસરી ગઇ છે ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થશે કે જ્યારે એક વખત આપણે ઉન્નતિના ઉચ્ચ શિખરપર હતું ત્યારે આપણા ભાઇઓએ તેને સારી પેઠે રાખવાને યોજના કેમ સ્થાપી કરી નહી? પરંતુ સૃષ્ટિનો દરેક સંબંધ ક્રમ અને ભ્રમણ ઉપર આધાર રાખે છે અને કર્મ માર્ગ એવો જ છે કે ક્રમ કરનાર અવશ્ય ભૂપને પણ ધાપ ... ચાકી ... જેમ ... મેડીના હાદરપરની ... જોવાનું ...

સાગરીયા સોટ, બાપને ચાકર લાગ્યા અને સુવાળા રેશમ જેવા બન્યા છે

તેમ નીચની ભૂમીકામાં ફેંકી દે છે એટલે એક એકથી ઉણતાનુ રહે છે આવી ક્રમ માર્ગની અને સંજોગની ગહન ઘટનાથી તથા ચક્રવત્ પરિવર્તનનો નિયમ હેવાથી સદાને માટે કોઇપણ પુરૂષાર્થથી રાખી શકાય નહી અને જ્યારે આવી દશા આવી પડે છે ત્યારે મનુષ્યને માટે અનુસરણ યથાપૂર્વ આ સૂત્રનો આધાર લઇ ઉનતિ માર્ગમા પુરૂષાર્થ કરવાનુ બાકી રહેતુ જાય છે એટલા માટેજ આપણી ઉનતિ અર્થે આપણે આપણા ઋષિ મુનિ નિર્મિત પ્રણાલિકાથીજ પ્રયત્નશીલ થવુ જોઇએ કારણ કે આવા પ્રભાવશાળી ઋષિઓ જેવા નેતા વિનાના તથા દેશ કાળ પરિવર્તનથી સર્વ પ્રકારી ભિન્નતા કરતાં સાંપ્રતકાળમા જે ઉનતિ પ્રણાલિકા મહર્ષિઓએ યોજી છે તેજ આપણને અનુકરણીય છે

કહેવાને એક વાતે હર્ષ થાય છે કે આ પુસ્તકાલયના સમયમા આપણા નામ થયના પ્રાચીન ઇતિહાસો વાંચવાનો મહાન લાભ મળતો હેવાથી આપણી ગૌરવશાળી માતૃભૂમીના ઉત્કૃષ્ટ ગૌરવથી જનસમૂહ અજાણ્યો નથી એટલે તે વિષયમા વિશેષ વિવેચન ન કરતાં વિષય પુરતુંજ લખશુ

ઉનતિ બે પ્રકારની થઇ શકે આધિ ભૌતિક તથા આધિ દૈવિક કે આધ્યાત્મિક પ્રાચીન સમયમા આપણી આધિ ભૌતિક ઉનતિમા આપણો વ્યવહાર ધર્મ મૂલક હોવાથી સર્વ સંપત્તિ વિપુલ હતી અને તે વિપુલ આયુષ્યને યોગે બહુ આનંદ પૂર્વ ભોગવાતી પણ હતી પરંતુ ત્યારના આપણા પ્રાચીન પુરૂષોનુ આદર્શ વાક્ય (Motto) એ હતુ કે न जातु काम कामानामुप भोगेन शाम्यति । ભોગનો ઉપભોગ કરવાથી કામનાનો કામ શાંત થતો નથી એટલે કે વૃત્તિ શાંત કરવાને ભોગ ભોગવવા નહી પરંતુ વૃત્તિનો નિરોધ કરવો કારણ કે ભોગથી વૃત્તિ તીવ્ર થાય છે એ માટે એક સ્વાનુભૂત દ્રષ્ટાંત યાદ આવે છે

અમે એક દિવસ અમારા એક મિત્રને ત્યાં મળવા ગયા અમને મળવા આવેલા જાણી અમારો સત્કાર કરવાના હેતુથી તેમણે ચાર પીચ સમારી અમારી આગળ મૂક્યા અને કહ્યું કે આનો કંઇ અવનવો સ્વાદ છે અમને પણ જરા ખટ મધુરા લાગવાથી ઠીક લાગ્યા ત્યાર પછી પણ બે ત્રણ વાર પ્રસંગોપાત્ત અમે તેમને ત્યાં ગયા ત્યારે પીચની (ડીશ) અમારા મ્હો આગળ મુકવામા આવી હતી, આમ થતાં કંઇક વિશેષ સ્વાદિષ્ટ લાગવા લાગ્યા અને તેથી અમે તેનુ નામ પુછી લીધુ આ વાતને વરસેક દિવસ વીતી ગયો અને તે દરમ્યાન અમારૂ તેમને ત્યાં કંઇ જવાનું પણ થયુ નહી પરંતુ એક દિવસ રવિવાર હતો અને બપોરે શાંતીથી બેઠા હતા તેવામા પીચ યાદ આવ્યુ મન થાય તે મિત્રને ત્યાં જવાનું થાત પરંતુ સાથે સાથે યાદ આવ્યુ કે તે મિત્ર તો તેમને ગામ ગયા છે એટલે બજાર જઇશુ ત્યારે જોઇશુ એમ મનને સમજાવ્યુ ત્રીજે પ્હોરે જ્યારે બહાર નીકળ્યા અને ફરતા ફરતા બજારમાંથી જતા હતા તેવામા એક પીચવાળો જોવામાં આવ્યો અને અમારા અંતરના પીચ રૂચે પણ આવી સલામ ભરી કહ્યું કે સાહેબ આવે (પ્રોમીસ) આવ્યુ છે પીચ ખરીદવા ભાવ પુછ્યો ત્યારે વેપારીએ જણાવ્યુ કે શેઠ પુષ્કળ ભાવ આવે અરે ભાઇ ભાવ તો કહે? જવાબ મળ્યો કે એકરૂપીઆના ચાર આપણા નામેન’ સાંભળી મનમા થયુ કે એ પીચના ચાર

આ ! જવા દો કોણ લે છે પરંતુ 'પીચે' જરા મીઠાશથી કહ્યુ કે લો લો—એકવાર મન જરા ડગ્યું અને ખીસામા હાથ નાખ્યો ખબર પડી કે ચાર આના થશે નહી, વેપારીને ફરીથી પૂછ્યુ કે નક્કી શું લઇશ બગાડર કહી દે પીચવાળાએ તરતજ ગુસ્સે થઇ કહ્યું 'જા જા પીચ ખાનાર આવ ઘેનાર તુ આગનુ તિરસ્કાર ભર્યું સાંભળવા છતા પણ પીચતો અમને એમજ કહેતા લાગ્યુ કે જે બેમે તે આટલી વખત તો લો પરંતુ પૈસા ઓછા તેનુ શુ કરવુ એટલામા અમારો એક મિત્ર મળી આવ્યો મનમાં થયુ કે એમની પાસે માગુ કે નહી ? પરંતુ પીચનો ક્ષણેક્ષણે સતત ઉપદેશ હોવાથી આખરે તેમની પાસેથી ઉછીના પૈસા લેવા પડ્યા અને જ્યારે પીચ ખરીદી ખાધુ ત્યારે માત્ર તેટલીજ ક્ષણ માટે તે ઇચ્છા શાંત થઇ ત્યાર પછી ઋતુ આવ્યે સોંઘા થયા ત્યારે ઘણીવાર પીચ ખાધા પરંતુ એ ઇચ્છા શાંત થઇ નષ્ટ થવાને બદલે ઉલટી તીવ્ર થતી ગઇ તાત્પર્ય એ કે પીચ જેવી નજીવી વસ્તુ શુ ? અને તેને માટે કેટલી નાફટાઇ ? પરંતુ તે સંસ્કારજ એવા પડી ગયેલા હોય છે કે તેને માટે ગમે તે ભોગ આપવો પડે તો પણ જ્ઞાનાભાવાણો ન ભય ન લજ્જા આવો નિયમ હોવાથી તે વખતે કંઇજ અયોગ્ય લાગતુ નથી સુહૃદો ? આવી લજ્જા સ્પષ્ટ સ્થિતિ કોઇ પણ ભોગને માટે નહિ થઇ જાય એટલા માટેજ આપણા મહાન ત્રિકાળ દર્શી પુરુષો ધ્યાનમા રાખતા કે હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિ વર્ધતે । જેમ કૃષ્ણ માગથી આહુત દ્રવ્યો ફરીથી સદ્દિપર આવે છે ને દ્વીગુણ ભાવને પામે છે તેમ આ ઇન્દ્રિય સમુદાય રૂપી યજ્ઞ કુંડના તૃષ્ણારૂપી અગ્નિમા ભોગ રૂપી આહુતિ આપવાથી તૃષ્ણાગ્નિ શાંત થતો નથી પરંતુ વિશેષ પ્રદીપ્ત થાય છે આનદ્રથ તેમના દરેક કાર્યમા હતુ જેવી આધિ ભૌતિક કોઇપણ પ્રકારનુ સુખ તેઓ નશ્વર સમજતા અર્થાત્ તેમનો મહાન પ્રયત્ન આત્મિક ઉન્નતિ કેમ થાય તેનાપરજ હતો જે કઠોપનિષદમાના નચિકેતાયમ સંવાદમા નચિકેતાના ખાસ કરી તૃતીય વરદાનની માગણી પરથી સ્પષ્ટ વ્યક્ત થાય છે

જો કે વિસ્તાર વિશેષ થાય છે છતા પણ મહાત્મા નચિકેતા તથા યમાચાર્યનો સંવાદ ટુંકમા અત્ર અવતરણ કરવો આવશ્યક લાગે છે

વાજશ્રવસ ઋષિએ પ્રાચીન રીત્યાનુસાર વિશ્વજીતિયજ્ઞ સર્વ દક્ષિણયજ્ઞ કર્યો ત્યારે પોતાની સર્વ વસ્તુઓ આપતા આપતા છેવટે બાકી રહેલી મરણ અવસ્થાને પામના આવેલી ગાય પણ આપવા માંડી તે વખતે તેના પુત્ર નચિકેતાએ જોયુ કે આવી ગાય આપવાથી જ્યા સુખ પ્રાપ્તી નથી એવા અનિષ્ટ લોકને પામશે એથી પોતે કટાગી જઇ પિતાને પૂછ્યુ કે પિતાજી ! ત્યારે મને કોને આપશો આમ બે ત્રણ વાર પુછ વાથી પિતાએ ગુસ્સે થઇ કહ્યુ કે 'તને મૃત્યુને આપીશ' પછી જ્યારે રોષ ઉતર્યો ત્યારે પિતાને ઘણો પસ્તાવો થવા લાગ્યો ત્યારે નચિકેતા પિતાને કહે છે કે એમાં શુ થયુ મસ્ત્યમિવ મર્ત્ય પચ્યતે સસ્યમિવાજાયતે પુન સસ્ય જેમ પક્વ થઇ ક્ષિત થઇ પડી જઇ ઉત્પન્ન થઇ જાય છે અને ફરીથી પાછુ ઉગે છે તેમ મર્ત્યને મોત પકાવી રહ્યુ છે માટે આપ જરા પણ પશ્ચાત્તાપ કરશો નહી અને ખુશીથી મને યમાચાર્યને ત્યાં મોકલો નહિ પણ વાસ્તવતા જતા કે સતિ વચન ફરે નહી અને તેથી યમાચાર્યને પુન સ્વાધિન

કરવામાં આવ્યો, (મહાન પુરુષોને હાથે થતું અનિષ્ટ પણ ઋષીઓના શ્રેયનું કારણ થાય છે, કેમકે જે નચિકેતાને યમાચાર્યને ત્યાં મોકલવામાં ન આવ્યો હોત તો આપણને આ આશ્ચર્યજનક બોધ ઉપલબ્ધ થાત નહી) પુત્ર ત્યાં ગયો પરંતુ યમાચાર્ય બહારગામ જવાથી નચિકેતા ત્રણ દિવસ સુધી યમાચાર્યને સ્થાનકે ભૂખે બેસી રહ્યો યમાચાર્ય આવી જોયું તો વિદ્વાન બ્રાહ્મણ અતિથિ આવ્યો છે અને તેનો સત્કાર થયો નથી એ મહાન ખોટું થયું (અહિ એટલું કહેવું આવશ્યક છે કે કર્મ પ્રમાણે શાસન કરનાર દંડ દેતા પણ આતિથ્ય સત્કાર ન થયો તેથી કેટલો પશ્ચાતાપ કરે છે) અને કહે છે કે આ મારું યમ્યપદ પણ આતિથ્ય સત્કારને લીધેજ છે અને તે હું આ સમયમાં ભૂલ કરું તો—

જે અલ્પ મતિવાળા પુરુષને ઘેર બ્રાહ્મણ અતિથિ ભૂખે રહે તેની મનાદિની આશા, ઈષ્ટનાસિ ઇત્યાદિની માગ નતિટા દેવોને નમસ્કાર કરવાથી મળતું ફળ યજ્ઞયાગાદિ ઉપકાર થી મળતું ફળ તથા પુત્રો પશુઓ વિગેરે આ બધા નાશ પામે છે

આવી તેને શાંત કરવા આતિથ્ય સત્કાર કર્યો અને આ પ્રાયશ્ચિત નિમિત્ત ત્રણ રાત્રિ સુધી રહ્યા માટે ત્રણ વરદાન માગવા કહ્યું, નચિકેતાની વરદાન માગવાની ચતુરાઇ જોવાની છે)

(૧) પહેલું વરદાન માગ્યું કે મારા પિતા આપના વરદાનથી મને જોઈ સારે સંકલ્પ વિકલ્પ રહિત તથા ક્રોધ વિનના થાય યમાચાર્યે તથાસ્તુ કહ્યું અને બીજું વરદાન માગવા કહ્યું

(૨) બીજું વરદાન માગતા સ્વર્ગનું વર્ણન કરી કહે છે કે સ્વર્ગ લોકમાં કંઇ પણ ભય હોતો નથી, ત્યાં આપ મૃત્યુ દેવ પણ નહી વૃદ્ધપણાનો ડર પણ નહીં તથા ભૂખ તરસ બન્ને દુઃખોથી તે લોકો મુક્ત છે અને હમેશ આનંદિત રહે છે માટે જે અગ્નિ વિદ્યાથી આવું સુખવાળું સ્વર્ગ મળે છે તે અગ્નિ વિદ્યા આપ જાણો છો માટે મને તે વિદ્યા આપો યમરાજાએ તથાસ્તુ કરી વરદાન માગવાની ચતુરાઈથી પ્રસન્ન થઇ કહ્યું કે આ અગ્નિ વિદ્યા નાચિકેત અગ્નિ વિદ્યાના નામથી પ્રસિદ્ધ થશે તથા આ મારી અનેક રૂપવાળી માળા કે જે યમાચાર્ય સિવાય કોઇ પણ ધારણ કરી શકે નહી તે પણ તને આપી દઉં છું અને હવે તારું ત્રીજું વરદાન માગ

(૩) નચિકેતા નીચેનું વરદાન માગે છે અને યમાચાર્ય તેને આધિભૌતિક વસ્તુ માટે બહુ બહુ લોભાવે છે

મરણ પછી એક પક્ષ કહે છે કે આ આત્મા છે અને એક પક્ષ કહે છે કે આ આત્મા નથી આ જે સંશયાત્મક દશા મનુષ્ય લોકમાં ચાલી રહી છે તેનો નિર્ણયક વિદ્યા આપ જાણો છો માટે તે મને શીખવો એ મારું ત્રીજું વરદાન છે

આ વરદાન સાંભળી યમાચાર્ય પરિક્ષાને માટે નચિકેતાને ઘણું પ્રલોભન કર્યું કારણ કે તે યોગ્ય પુરુષનેજ શીખવી શકાતી હોવાથી પાત્ર અપાત્ર જોઇને જુની રીત અનુસાર આ અને બીજી બધી વિદ્યા અપાતી હતી કારણ કે

બીજા તેઓ વાપરી નાખે બગાડવા કરતાં કામીનીઓ ઓછા વાપરવા કોશીશ કરજો

ઓટો મોહિની

રૂવો જમાનો

એક સારી અને નરસી
ચીજની કદર કરી જાણે છે

સેથાજા મનહર ટકાવ-ફુલોની
ખુશબોથી ભરપુર તમામ માનીતુ
પરફ્યુમ સેંટ અને અત્તરોનો
શહેનશાહ

આજકાલ લોકો છુટથી
વાપરે છે

-: કારણકે :-

ઓટો મોહીની એક વખત રૂમા
લમા નાખવાથી ચાર દીવસ સુધી
તેની મોહીની રૂપ મનહર ખુશબો
ટકે છે તમો પણ એક વખત
જરૂર અજમાવો અને તેની કદર
ડી કરનાર બનો -

કીમત રૂ ૨, આના ૧૨
તથા આના આઠ

સોલ એજંટસ



મોહીની એજન્સી.

જુમા મસ્જીદ મુંબઇ

કેડે છોકરુ ને ગામે શોધ્યુ !!

આનુ તાવ ની બીમારીથી ... ગયો, ડાક્ટરોના મીથ્યુ ... તા ... તાણ ઘસા ઈ ગઈ તોમી જેોને તેરોજ ન ... દીવસે જુખ ... રાત્રે ... ને ... તો જુની જાની ... ની ... નહીં એ દીવસ ... ને ... વીચાર ... કે ... ખુદા ... ઉધાગ ... યામાં આવી બીમારીના ... ઉપાર ... નથી ... સેમા ... દેવી ... અને ... ને ઉધમા ... જેો ... ... ત્યા ... ... પડે તે ... તે ... સવારે ... એ ... તે ... તો જેવી ઉપર લખેલા ... વાંચવામા આવ્યા કે "કેડે છોકરુ અને ગામે શોધ્યુ!" આ કહેવતનો મીનીંગ ... ડાક્ટરને પુછ્યુ તો ... કે એ બીમારીનો ઉપાય ... સામે છે ને ... દારુના ... મારે ... ... કર અને ... મુ ... મુ ... ... ફરી ... ખાડી ... કમાત ... અને ... એ ... ધરમાની ... ભાણી નજરે ... પીવુ તો ... ફાયદા થાય ... વીચારી ... થોડી ... ઉમેશ ... ... જે ... ખુશ ... માટે ... ... તમા ... પી અને ... નહીં ... ... તમને ... સરસ અને ... ... સોનાના ... ... રાખશે

... બનાવનાર—

ડાક્ટર હો ... લી ... ભા ... ... વડલી, ...

સાવીલ સરજ્યન

તથા એમ ડી ... ડીગ્રી ધરાવના ... મોટા ... મહારાજાઓ નવાબો, નામદાર સરકારના ... ... મેમ્બરો ... ... પોલીટીકલ એ ... ... રીઝ્ઝીડન્ટ ... અને ... પીયન ... અને ... બાદશાહી યાકુતી નામ ... વિશ્વવિખ્યાત ... તેની ... અને ઉપયો ... ... લેબોરેટરીમા ... ... થાય છે અને તે બાબતનુ સરટીફીકેટ ... મળેલ છે

બાદશાહી યાકુતી

... તે ... થી ... તાકાત પછી લાવે છે પુરુષાતન ... લાવે છે આ રાજવારી યાકુતી વીર્ય ... તમામ ... મગજ છે અને વીર્ય ... બનાવી ... પુરુ ... આપે છે ખરી મરદાઈ આપનાર અને ... માણસને પણ ... તાનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ... ... જરૂર ... દરા

બાદશાહી યુનાની લેપ

... દવાઓમાથી આ લેપ બનાવવામા ... ખાઈ પુરુષાતન ... માટે આ લેપ ... ... આ ...

... લી શ ... મોતીરામ

... —વડીવાવા

ધી પાયોનીયર ... ... ચરનીરાડ ... ગામ—મુબઈ

... ... સોડા ... ... વિદ્યાર્થી ... ... તથા ... ...

સાયન્સ અને ... માસીક દર ... પ્રગટ થાય છે ... તેમા ... ... તેમજ ... ...

અધિપતિ—... ... ... (... — ... ...) ... ગીરગામ—મુબઈ

દત્તાત્રય કૃષ્ણ સાકૂ પ્રધર્સ

આર્યૌષધી કારખાનુ પોસ્ટ ગેબુર છી ડાપા, ટેલીફોન ન૦ ૮૧ ૪

દુકાન અને દવાખાનુ ઠાકરદ્વાર મુબઈ પો ન૦ ૨—ટેલી ા ન ન ૨૭૮

અમારા કારખાનામા બગડે નહી એવા તૈયાર કાઢાઓ (ક્વાથા) રસ, ગ્ચાઓ અને ચરિષ્ટો, સુજો શુદ્ધિ ા મો ભસ્મો માનાઓ ગ ારણો પા અન લેહો મર મા, તેનો રનો મનમો ાો, ક્ષારા મજ્જનો ઓ ાર ાનાઓ ઔષધો તૈયાર છ

હાગ્ગામના ચોકાન દવાઓ મગાવવી તે અને તપીયનની હકીગત માટે ગેબુર ને સરનામે લખવુ

થોડીક દવાઓની યાદી

સુવાર ા ત્રય (કાગે) (મ દદ ામા આપવા લાય)

સુવાવડ વાર (ાગે) (મ દના ા પડી આપવા માટે)

સુવાવડી ક્વાથ (કાગે) ન ૧

બા ૧ ના — ૧—

સુવાવડી વાવન મા ના —૧ —

બાળક —નાના મસ્યાઓને

બા ૧ ના —૩—

મેદુના વિકાર માનુ દુખવા ઉપ

પ્રામ્હી તેલ —

ઉજાગર નાગઓને નેમ ૮ માનવાન ઠામ રનાર વિદ્યાર્થી વગેર વગ, ા ૮ ને તથા અપ ાર ૬૨, બાકડી ઉપર ગ સી ા ૧ ના ૧— —

નારુદેવ કૃષ્ણ સાકુ માલીક




છી એ ચાહવાળાનો ૬ ાજનો મનમ

ગ ો તેવી જુની ઘાન મા ાળી ગ ૮ કી ખુજલીનો અકશીર વનાજ આ મનમ ખુશો ૨ હો ગ મીગ કે ે ચાર વાપયા પછી ફરી તે જ્યાય ૬ ા ૮ થની નથી દૈટ લા વિદ્વાન ા ટરો િસનાદથી આ મનમ શોધિ કાઢ્યા છે એકવાર વાપરાથી ખાની થશે બીજી દવા વાપર્યા પહેલા આ દવા વાપરવા ભલામણ કરીએ છીએ દમ ૮ ન નર તા પૈસા પાછા લીશી ૧ ના આના ૪

વાપરવાની રીત દવા ખુન ઘમી તે પર ગ્રેક કરવો

બનાવનાર તથા વેચનાર — ચોગ ગુનામઅલી અલીમહ મ ની કા ચ્યા વાળા, બહારકોટ—ભાઝપાલા લેન ન ૧૨—મુબઈ

ા માથાનાં દરે માટે તમો ઘા ા ગા નો મને ગ્રી ગામ વાપરો છો ? નહી વાપર્યો હોય તો વાપરી ખાની કરો



ગ ો તરી શરદી યા ગરમીથી થતો મા થાનો દુખાવો આધાશીશી સાથા ા દુખાવો ફગતર વિ ઉપર ટનકી માગ વિ મીના જેવી અથોટ અસર ક દઈને તુરત આરામ થાય ા આ બામ એકવાર વાપરવા નેમ ામણ ગી રે ગીએ ે શીતાબ ે વતના મદ બાકુ, ૨૧૮ ચા મો ચાક વિ જ્યાબંધ ત ા છ કીમ્હરન બાચે મળશે બહારગામના ઓગરનો માવ િ પિ થી મા વવામા ારશે

ગુનામઅલી અલીમ મદની કું૦
જનરલ મરચન્ટસ
ભાઝપાલા લેન ન ૧૨—મુબઈ

'સૌ વરસના (સંપૂર્ણ આયુષ્યના) પુત્રો તથા પૌત્રો માગ, ઘણા પશુઓ હાથી, ઘોડા તથા ધન તથા ઘણી જમીનનું સ્વામિત્વ માગ અને (તે સર્વ ભોગવવાને) તું પોતે જ્યાં સુધી ઇચ્છે ત્યાં સુધી જીવે એવું માગ (વધુ કહે છે)

'એના જેવું વરદાન જો તને સારૂં લાગતું હોય તો તે માગ નહીં તો (ફરીથી હું કહું છું કે) ઘણી સંપત્તિ, ચિરંજીવપણું કે મહાન ભૂમિનો તું માલિક થાય એવું માગ હે નચિકેતા (તું જો કહે તો) તું જે કામના કરે તે પૂર્ણ થાય એવો કરૂં (પરંતુ આની વાત ન કર એનાથી પણ જે આ દુનિયાને વિશેષ આશ્ચર્ય પમાડે છે તે આપવા કહે છે)

'જે જે ભોગો મૃત્યુ લોકમાં દુર્લભ હોય તે સર્વ જેમ મરજીમાં આવે તેમ માગી લે આ અપ્સરાઓ રથ અને વાદ્ય સહિત લઇ જા કારણ કે આના જેવી કોઇ પણ મનુષ્યને પ્રાપ્ત થાય નહીં આવું કઇ માગ પરંતુ હે! નચિકેતા મરણની વાત નહી પૂછ

અપૂર્ણ

ખંતથી મચ્યા રહો

જ્ઞાતિને સુધારવા, સુસંપને વધારવા
કુસંપને ઘટાડવાને ખંતથી મચ્યા રહો —૧
બાળ લગ્ન બાળવાને પ્રેત જમણ ટાળવાને,
બ્રહ્મચર્ય પાળવાને, ખંતથી મચ્યા રહો —૨
સ્ત્રી કેળવણી આપવાને, વ્હેમ મૂળ કાપવાને,
અખાડાઓ સ્થાપવાને, ખંતથી મચ્યા રહો —૩
ફેલાવો જ્ઞાનનો થવા, અનીતિના મૂળો જવા
ઉચ્ચ પદ પામવાને, ખંતથી મચ્યા રહો —૪
વધારવાને જ્ઞાતિમાન, ગણાવવાને ધનવાન
મેળવવાને ધર્મ જ્ઞાન, ખંતથી મચ્યા રહો —૫
કળા વ્યાપાર શીખવાને સત્ય વસ્તુ શોધવાને
સુખશાંતિ સદા માણવાને ખંતથી મચ્યા રહો —૬

'રમાકાન્ત'

"વાવે તેવું લણે ને કરે તેવું પામે"

"વાવે તેવું લણે ને કરે તેવું પામે એ આપણી પ્રાચિન કહેતી પ્રમાણે માતાપિતા જો બાલ્યાવસ્થાની અંદર કુમળા બાળકો ઉપર પુરતી રીતે સંભાળ લઇને તેમને કેળવે તોજ તેમણે તેમની તરફથી વૃદ્ધાવસ્થામાં સુખની આશા રાખવી તે યોગ્ય છે

કામના બોજાની કંટાળેલા મગજને શાંત કરવાની ખુબી રમણીય આઇનમાં છે

ઉપર જે લખવામાં આવ્યુ છે, તે ઉપરથી સહુના જાણવામા આવ્યુ હશે, કે કેળવણી બાળકોની બાળઅવસ્થામા શરૂ કરવાની કેટલી જરૂરની છે? જેમકે કુમળા ઝાડને જેમ વાળીએ તેમ વળે છે તેવીજ રીતે બાળકોને બાળપણમાં જેવી કેળવણી આપીએ તેવી લે છે ઝાડ પાકું થયા પછી વળતુ નથી ને વાળવા માટે જો ખાલી કોશેશ કરીએ તો તે મરડાઇ જાય છે તેમજ બાળ અવસ્થામાથી જુવાનીમા આવ્યા પછી શીખવી શકાતુ નથી ને બાળકના વડીલો નિસાસા નાંખે છે

માટે દરેક વડીલોએ પોતાની ફરજ સમજી પોતાના બાળકોના હૃદય-કમળ ખીલવવા માટે તેમની બાલ્યાવસ્થામાંથી કેળવણી શરૂ કરવી યોગ્ય છે 'ઘર નરને બનાવે છે,' એ કહેવત દરેક નરનારીએ યાદ રાખવી ઘટે છે કારણ કે પ્રત્યેક માણસની રીતભાત સારી યા નઠારી હોય તે કેળવણી ઘરમાંથી શરૂ થાય છે માટે ઘરમાંથી તેમના બુદ્ધિના અંકુર સારા ફૂટે તો તેના પરિણામ હમેશાં સારાં રહે છે સારી ટેવો એ એક મુક્તાફળનો હાર છે, ને તે ગુંથવાની પહેલી જગા ઘર છે

આપણામાંના કેટલાક લોકો કેળવણીનો અર્થ એવો સમજે છે કે બાળકોને નિશાળમા મૂક્યા પછી જ કેળવણી શરૂ થાય છે તે તેમની ગેરસમજ છે કારણકે ખરી કેળવણી તો ઉપર જણાવ્યા પ્રમાણે ઘરમાંજ શરૂ થાય છે નિશાળમાં મોકલવાથી બાળકોની ભાષા શુદ્ધિ થશે પણ નીતિમા કે ટેવોમા ફેરફાર તો ભાગ્યેજ થવા સંભવ છે કારણ કે બાળકો માબાપ પાસે નિશાળ કરતા ઘણો વખત રહે છે ને ઘરની છાપ પડેલી તેમના પરથી સહેજ ભૂંસાતી નથી એ નિર્વિવાદ છે માટે ધાર્મિક તેમજ નૈતિક ને સ્વદેશ પ્રીતિની કેળવણી ઉપર ઘરમા પુરેપુરૂ ધ્યાન આપવુ તે યોગ્ય છે ધાર્મિક કેળવણી ઘરમા જે આપવામા આવતી નથી તો નાસ્તિક તેમજ યુરોપિયનોના સુધારાને ઝટ લઇ અનુકરણ કરનાર વર્ગ ઉત્પન્ન થશે આવુ પરિણામ આખરે આવવા ન પામે તે માટે તેઓ સર્વ શક્તિમાન પ્રભુ ઉપર શ્રદ્ધા રાખી સારા કામમાં ઉત્સાહથી ભાગ લે ને તેનુ પરિણામ ઈશ્વરની મરજી ઉપર નાખે તેમ કરતા શીખવવુ તે યોગ્ય છે

ઉપર જણાવ્યા પ્રમાણે બંધુઓ! બાળકોની કેળવણીનો મુખ્ય આધાર સ્ત્રીઓ ઉપર રહેલો છે તેટલા સારૂ સ્ત્રીઓને જો કેળવણી આપવામા આવતી નથી તો આખો સંસાર બગડે છે જેમ હીરાથી ભરેલી શિલાના અથવા રત્નોની ખાણો નકામી છે તેમ સ્ત્રીઓ પણ સુશીક્ષિત હોતી નથી તો સંસાર રણ જેવો છે કારણ કે ખરે ખરા રત્નોની ખાણો તો સ્ત્રીઓ છે સ્ત્રીઓ જ રત્નો ઉપજાવે છે સ્ત્રીઓ જો અજ્ઞાન રહી તો બાળકો બુદ્ધિહીન કેવળ અજ્ઞાન અસભ્ય કુસંસ્કાર સમ્પન્ન, નિરર્થક ભાર રૂપ નિવડશે

આ ઉપરથી પ્રત્યેક માણસે પોતાની જ્ઞાતિના બાળક-બાળકીઓને કેળવણી અપાવવા માટે જ્ઞાતિ ફંડ ઉભા કરાવવામા મદદ કરવી એ એક ઉત્તમ કાર્ય સમજી પોતાની ફરજ અદા કરવા ઉત્સાહી થવુ જોઇએ કેળવણી માટે દાન કરવું તે શ્રેષ્ઠ દાન છે કારણ કે માણસને મરણ પછી આ સંસારમાં કમાઇને મૂકી ગયેલા પૈસા અથવા

પરમેશ્વરે માણસ જાતને વાળ ખુબસુરતીને માટે આપ્યા છે

સઘુ નહાતુ કાઇ સાથમા આવતુ નથી, પણ સારા નરસા હાથે કરેલા કાર્યો સાથે આવે છ આપણુ શરીર છે તે પરોપકાર કરવાને માટે છે બીજાને હાની કરવાને નથી માટે બધુઓ ! વિદ્યાનું દાન કરવાથી જ્ઞાતિ બધુઓની જીદગી સુધરે છે બીજાની સુધારે છે,-ને અગ્રેસરોને આશિષ આપે છે તેથી તેઓના નામો આ દુનિઆપર અમર થાય છે

ખરેખર ! જો જ્ઞાત બધુઓ ઉપર બતાવ્યા પ્રમાણે ઉચુ વર્તન રાખશે તો જરૂર જ્ઞાતિનું તેમજ દેશનુ દળદળ ફિટશે, કારણ કે બાળકોપરજ દેશના ભવિષ્યનો સઘળો આધાર છે ને તેઓ નીતિમાન સદ્ગુણી, લોકપ્રિય પરોપકારી ઉદાર વૃતિવાળા, ધાર્મિક, સ્વદેશ ભકત, ને જ્ઞાતિ તેમજ કુટુબ તરફ પ્રેમ નિવડશે હુ પરમ વાળુ નમ્રુ પામે નમ્રતા પૂર્વક માગુ છુ કે તેના પુરૂષો ઘણા ઉત્પન્ન કરો, અને અમારી આબાદી દિનપર દિન વૃદ્ધિ પામતી જાઓ !

લી જ્ઞાતિ સેવક,
ગગારામ કીરપારામ શુકલ

બ્રહ્મસુત્ર



સવૈયા

ઉદીચ્યોનો પરમ પવિત્ર તહેવાર શ્રાવણીનો છે,
વર્ષ આખરે પાપ છુટવા, તણો ઉત્તમ દિવસ આ છે
હમે બધુ તૈયાર થાઓને, જનોઇ નવુ ધારવાને માટ,
બ્રહ્મસુત્રએ વાટ બતાવે, બ્રહ્મતણી તમનેરે આજ —૧

કે મુખ બની બ્રહ્મસુત્રને કુચી બાધી ચડાવે કાટ
કક માળાની પે પહેરે, કક કર્ણએ બાધે છે આજ
નાન ગયુ અજ્ઞાન વધ્યુ રે, બ્રહ્મસુત્રનુ રહ્યુ ન ભાન
બ્રહ્મસુત્રએ વાટ બતાવે બ્રહ્મ તણી તમનેર આજ —૨

એ સુત્ર છે પરમ પવિત્ર તતુ તતુ બેઠા દેવ
એ સુત્ર ધારણ કરવાથી, જગત આખુ કરે છે સેવ
એ સુત્ર છે બહુ કીમતી અ મ વર્ણું લાગે છે પાય
બ્રહ્મસુત્રએ વાટ બતાવે બ્રહ્મતણી તમનેરે આજ —૩

મણીશકર ઠાકર જોડી વિનતી કરે છે બ્રહ્મપુત્રો
બ્રહ્મસુત્રના નિયમ કેરો ભગ કરો નહિ બ્રહ્મપુત્રો
બ્રહ્મસુત્રથી કુચી છોડો છોડો કર્ણએથી આકાળ
બ્રહ્મસુત્રએ વાટ બતાવે, બ્રહ્મતણી તમનેરે આજ —૪

ઉન્નતિ



(પ્રભાશંકર કાશીરામ પાંડ્યા)

હાલમાં જ્યાંત્યાં દેશની જ્ઞાતિની ઉન્નતિ કરવાના પડઘા પડતા સંભળાય છે અને તે પ્રત્યે ઘણીકથી બનતું કરવાના લાંબા લાંબા ભાષણો અપાય છે હાલની રૂઢી પ્રમાણે દેશકાર્ય માટે વારંવાર મોટી સભાઓ ભરાય છે ને અમુક કાર્ય વહેવારનું પગલું ભરવાથી દેશ અગર જ્ઞાતિને ફાયદો થશે એવા ઠરાવો કરવામાં આવે છે

ઘણી જ્ઞાતિઓ જે પછાત પડી હતી તેમાં પણ કોનફરન્સ અને પરિષદો ભરાવા માંડી છે અને વરસમાં ત્રણ ચાર દિવસ જ્ઞાતિની ઉન્નતિ કરવાના કામમાં ગાળી આનંદ ભોગવાય છે આવો ઉન્નતિ કરવાનો આનંદ જેવો ત્રણચાર દિવસ રહે છે તેવો હમેશાં રહેતો નથી અને તેમ થવાથી આપણે ધારેલી ઉન્નતિ કરી શકતા નથી

આ તો માન ગૃહસ્થો જ્યારે બીજી અડચણો દૂર કરવાના પ્રયત્નમાં મચી રહ્યા હોય છે ત્યારે અન્ય ગૃહસ્થોએ પણ દિનપ્રતિદિન તેમના ગૃહસંસારમાં વધુ સુખ મળે અને દેશ અને જ્ઞાતિની ઉન્નતિ થાય તેમ કરવાના ફાળા ભરવા જોઈએ ભાષણ સાંભળી બેસી રહેવાથી અને તેનાપર મીથ્યા વાદવિવાદ કરવાથી કશો લાભ થતો નથી પણ જે યોગ્ય વિચારો પરિષદ અગર કોનફરન્સ અગર જાહેર મેળાવડામાં પ્રમુખ અગર બીજા સદ્‌ગૃહસ્થોએ દેશકાળના હિત માટે ઉચ્ચાર્યાં હોય તેનું મનન કરી, તે પ્રમાણે અને તેટલું કરી દરેક જણ ચાલવા પ્રયત્ન કરે તો નક્કી લાભ જલદીથી થશે એ નિશ્ચય છે

ઘણાં મનુષ્યોને કોનગ્રેસ કોનફરન્સ કે પરિષદમાં જઈ આવ્યાની વાતો કરતા આપણે સાંભળીએ છીએ, પણ તેમાંના ઘણાજ થોડાઓ જે ઠરાવો દેશહિત માટે થાય છે તે પાળવા પ્રયત્ન કરે છે આમ થવાનું કારણ માત્ર એટલુંજ છે કે તમણે તેમની શક્તિને જોઈએ તેવી કેળવી નથી પણ અમુક હદમાં સંકોચી રાખી છે અને તેથી તેટલી જ વસ્તુ તરફ પ્રેમ ભાવનાવાળી થઈ જાય થાય છે, પ્રેમની હદનું ક્ષેત્ર વિશાળ કરવાથી અગર સર્વે પ્રત્યે એકસરખી પ્રિતી રાખવાની ટેવ પડવાથી દેશકાર્ય માટે કામ કરવાને વધુ સરળતા થઈ પડે છે તમો દરેક જણ તમારી જાતને સવાલ કરો કે ‘ગત દિવસોમાં દેશ અગર જ્ઞાતિહિત શું કર્યું છે અને આજે શું કરવાનું છે?’ તેનો જવાબ જો તમને સંતોષકારક મળે તો તમોએ જે મહેનત કોનફરન્સ અગર પરિષદમાં જવા લીધી તે સફળ થઈ જાણો નહીં તો તે માન મીથ્યા શ્રમ હતો

પ્રથમ તો દરેક મનુષ્યે પોતાની ફરજ દેશ અગર જ્ઞાતિ પ્રત્યે શું છે તે જાણવી જોઈએ અને ત્યાર બાદ તે પ્રમાણે અહોનિશ આચરણ કરવાથી ધારેલી વસ્તુ મેળવવામાં જરાપણ અડચણો આવશે નહીં અન્ય પુરૂષો શું કરે છે તે તરફ આપણે જોવાનું નથી, દરેકે પોતાના પગપર ઉભા રહેતાં શીખવું જરૂરનું છે આ પ્રમાણે થોડા થોડા પ્રયત્ન જો દરેક મનુષ્ય કરે તો દેશ અગર જ્ઞાતિને જરૂર ફાયદો જલદીથી થશે

ગમે તેવી અગવડો આવે તોપણ ધારેલી નેમમાંથી ડગમગી ન જતાં એક નિસ્વાર્થ બુદ્ધિથી પ્રયાસ કરનારી સૌ સારાવાના થશે એ નિશ્ચય છે

સ્ત્રીઓનો શણગાર વાળ છે અને તેની માવજત કરવા સારૂ

એક અમુક મડળીનો હુ મેમ્બર છુ એટલાથી સતોષ ન માનતા તે મડળીની યોજના પ્રમાણે મે કેટલુ કર્યુ છે ને મારે કેટલુ કરવાનુ બાકી છે તેપર બરાબર ખતથી લક્ષ આપવાની જરૂર છે માટે હે ! પ્રિય બધુઓ મોટા નામની આશામા ન લલચાતા તમારા કામથી તમારી ભારત ભૂમિની સેવા બજાવવાનો પ્રસગ ગુમાવશો નહી જેટલુ બને તેટલુ કરી તમારા કાયથી તમારા વાત્સલ્ય પ્રેમ તમારી ભારત ભૂમિ તરફ બતાવો અને તેમ કરવાથી ઉનતિના દ્વાર નજીક છે એમ જાણજો દરેક કાર્યમા આત્મ ભોગ આપવાની જરૂર છે અને આત્મ ભોગ આપી બીજાઓને સારા માર્ગે દોરવવાના પ્રયત્નોની અસર ઘણી સારી થાય છે દેશના અગર જ્ઞાતિના મનુષ્ય તે સર્વે બધુ છે ને તેમની ઉનતિ માટે બને તેટલુ કરવાની દરેક જણની ફરજ છે એવુ સમજી પ્રયત્ન કરવાથી સહેલાઇથી આગળ વધી શકાશે અને હરકોઇ કાર્યમા ફતેહ મળશે એ સિદ્ધ છે

જ્ઞાતિ વર્તમાન

શ્રી ઉદીચ્ય યુવક મડળનુ મહાન સાહસ

દાતા જાગો જગતમા, ધરો દનિન દીન ઉર
બ્રહ્મચારી આશ્રમ તણી કરો દીનના દુર

ઉદાર ચિત્ત હિતેષી સજ્જન ?

આપ જાણીને ખુશી થશો કે ઉપરોક્ત મડળ તરફથી "શ્રી કાઠિયાવાડ બ્રહ્મચર્યાશ્રમ" ખોલવામા આવ્યુ છે જેમા તમામ બ્રાહ્મણ જ્ઞાતિના બાળકોને પ્રાચીન કાળ અનુસાર બ્રહ્મચારીના વેશમા રાખી આશ્રમની અદર ધાર્મીક નૈતિક વ્યવહારીક કેળવણી આપવામા આવશે

બધુઓ ? આ મડળ પાસે પુરતુ ફડ નહિ હોવાથી આપનાજ વિશ્વાસ ઉપર આ આશ્રમ ખોલવામા આવ્યુ છે, તો આશા છે કે, આપ યથા શક્તિ ફુલ નહિ તો ફુલની પાખડી પણ મદદ આપી કૃતાર્થ કરશો

ગૃહસ્થો ? આ આશ્રમ તમારા પોતાનાજ બાળકોનુ છે તેમ સમજી મ કરવા યા દ્રષ્ટિ કરી ઉદાર હાથ લબાવી બ્રહ્મચારીઓના મદદ આશીર્વાદ મેળવશો ાન મોકલાવી વિશેષ હકીકત માટે લખો

સેક્રેટરી શ્રી ઉદીચ્ય યુવક મડળ,
વઢવાણ શહેર

"શ્રી વળા ઔદિચ્ય સહસ્ર જ્ઞાતિ હિત વર્ધક મડળ"

મુબઇની એક જનરલ સભા ગયા ગુરૂવાર તા ૧૯-૭-૧૭ ને રોજ રાતના ૮ા કલાકે શ્રી વિઠ્ઠલજી વાલજી મધેકાના પ્રમુખપણા નીચે મળી હતી.

શરૂઆતમા પ્રમુખ સાહેબે નિચેનો ઠરાવ રજુ કર્યો હતો.

ઠરાવ ૧ લો આજની આ સભા હિદના મહાન નર (હિદના દાદા) ડા૦ દાદાભાઇ નવરોજજીના સ્વર્ગ ગમનથી અત કરણની ઉડી લાગણીથી દિલગીરી જાહેર કરે છે અને તેની નોધ લે છે

ઉપરનો ઠરાવ સભાએ સર્વાનુમતે વર્ગીજ્ઞાતિની ઉભા થઇ પસાર કર્યો હતો

બા મેક્રેટરી મી૦ જ અ વગાકર નિવેરીએ મી ગોપાળજી રઘુનાથજી ત્રિવેદીના ટેકા સાથે નિચેનો ઠરાવ રજુ ર્યો હતો

ઠરાવ ૨ જો આ સ ા મરાઠના કુટુંબ ઉપર આવી પડેલા દુ ખમા ઠક અ ો ભાગ લેવાને એક દિલાસા પત્ર ધી ો સર િનશાજી એ ન્ડ વારુ ા મારફત મોકલી આપવા પ્રમુખને સત્તા આપે છે

ઉપરનો ઠરાવ સર્વાનુમતે પસાર ર્વામા આવ્યા હતો

બા ચાતુ સાન માટે પ્રાચીન અને અર્વાચીન આપાણી ઔદિચ્ય જ્ઞાતિનો મુકાબલો અને તેમા હાલ થવા જોઈતા સુધારા એ વિષય ઉપર ઇનામી નિબંધ મા ી સભા મોડી રાતે વિસર્જન થ ો હતી

શ્રી રાદેર ઔદિચ્ય આશ્રય ફ ડનો વાર્ષિક ઇનામ સમારંભ

રાદેરથી એ ખબરપત્રી લખે છે કે શ્રી રાદર વગેરે નવ ગામના આ િ ય સહસ્ત્ર બ્રાહ્મણોના વિદ્યાભ્યાસ રતા વિદ્યાર્થીઓ અને કન્યાઓને ઇનામ આપવાનો છઠ્ઠો વાર્ષીક સમારંભ શ્રી રાદેરના બગ ા પચના બ્રાહ્મણોની વાડીમા રવીવાર તા ૨૭ મી મે ૧૯૧૭ ના દીને સાજના સાડા પાન વાગ્યાથી ઉજવવામા આ યા હતો વાડીના મકાનને આશો પલ્લવના તોરણો અને ા ની વગરેથી ઉતમ રીતે શણગારવામા આ યુ હતુ કાર્ય ક્રમનો આરંભ વિદ્યાર્થી ભગવતીશ ર હરજીવન અને હેન ચ ભાગા હરીકૃષ્ણ તરફથી સંગીત સહિત ઇશ્વર સ્તુતી કરી ર્વામા આવ્યો હતો તે પછી ઇનામ મીટીના ચેરમેન રા રા૦ પુરૂષોતમ જેગી ભાઇ બ બી એ એલ એલ બી એમણે સ્વાગત રનાર ભાષણ આપી ઇનામો અને તેની સ્પર્ધા કરનાર વિદ્યાર્થીઓ તથા બાળાઓ સબધી હકીકત નિવે ન ર્ ર તી તે પછી રા રા૦ રંગનાથ મછારામ પાઠકે સમારંભ માટે નિયત થયેલા અધ્યક્ષ રા ગ ચુનીલાલ માણેકલાલ ગાંધી બી એ એલ એલ બી ની યોગ્ય શ દોમા સ્તુતી કરી તેમ ી અનેક પ્રવૃતિનો પધારેલા સભાસદો અને સ ાસદો તથા ઇતર સજ્જનોને પરીચ ા ર્વી તેમની યોગ્યતા સર્વોપરી હોવાનુ જણાવી તેમને અધ્યક્ષ સ્થાન સ્વીકારવાની વિનતી રનારી દરખાસ્ત જુ રી હતી તેને રા રા કલ્યાણજી જયકૃષ્ણ ભટ્ટે અનુમોદન આપ્યા પછી તાળીઓના ગડગડાટ અને હર્ષની ગર્જના વચ્ચે રા રા૦ ગાંધીજીએ પ્રમુખસ્થાન સ્વીકારી સમારંભની ભરચક ઠઠ અને ઉત્સાહના વખાણ કરી પોતાને એ કાર્ય મ ે નીમવા બ લ આભાર માની પોતે યોગ્ય યાય આ ી ન શકે તો દર ગુજર રવાનો વિન ા દર્શાવનારુ ટુકુ રસીક અને બોધદાયક વ્યાખ્યાન આપ્યુ હતુ એ પછી વિદ્યાર્થીઓ અને બાળાઓએ તૈયાર કરેલા અગ્રેજી સ સ્કૃત વગેરે ગરબાઓ પાઠો અને સ્પીચો વિ ોકોના આનંદ વચ્ચે કરી તાવ્યા હતા તેમા ચરના સાવિત્રી સંવા મા બ્હેન ચંદ્રભાગાએ ભજવેલો સાવિત્રીનો પાર્ટ રા રા પુરૂષોતમભાઇએ રચેલો દેવીઓનો ગર ા વિદ્યાર્થી જનાર્દન રામશંકર

ધ્રિજીએ હાસ્ય મદીરના અવેજ કારભારીમા ભજવેલો ઉમદો પાર્ટ સવનુ લક્ષ ખેચી અતી આનદ આપતા હતા આ પછી બી એ ની છેલ્લી પરીક્ષામા પસાર થયતા યુવાન ગી દીનાનાથ કેશવરામ ઇંગ્રેજને અભીનદન આપી માનપત્ર વાંચવાનુ કાય ગ૦ ગ નરહરીશકર શાસ્ત્રી બી એ એમણે પોતાના સુનદ અને જે સુદર શૈલીથી કરતા રા૦ ગ ગણપતરામ અમૃતરામ જોશીએ તેમને યોગ્ય શબ્દોમાં અનુમોદન આપી માનપત્રમાના શબ્દોની ભાવના એ ભાઇએ હમેશા લક્ષમા રાખવા ભલામણ કરી હતી એ પછી રેશમી કાપ પર છાપેલુ અને સુદર ફ્રેમમા જડેલુ એ માનપત્ર હારતોરા અને એક સુવર્ણની મુદ્રીકા સહ રા૦ રા૦ અધ્યક્ષ સાહેબે ઘટતા બોધ અને અભીલાષાઓ સહીત મી૦ દીનાનાથને અપણ કરતા તેમણે યોગ્ય શબ્દોમા તેનો પ્રત્યુત્તર આપી પોતે જે માન મેળવે છે તે અ પ વિદ્યાથીઓને અનુ રણ કરવા અર્થે હોઇ હમેશા વિદ્યાના કામમા પોતે મચ્યા રહેશે વીગેરે શબ્દો ઉચ્ચાર્યા હતા એ પછી રા૦ રા૦ ગણપતરામ જોશીએ સ્ત્રીઓએ અને પુરુષોએ શરીર સાચવવા માટેના ઇનામો સ બધી ટુકુ વ્યાખ્યાન આપ્યુ હતુ એ પછી પ્રમુખને હસ્તે સ્પર્ધાંમા ફળ થનાર વિદ્યાર્થીઓ તથા બાળાઓને આશરે રૂ ૧૦ ના ઇનામો વહેચી આપ્યા હતા તે ઉપરાંત ગરબામા ભાગ લેનારી કન્યાઓને દામકાના પટેલ ગ રા જમીયતરામ ગીરજાશકરે જમન સીલ્વરના પ્યાલાઓ અને સુરત યુનિયન સ્કુલવાળા રા રા૦ ઉમેદરામ જદુરામે રમત ગમ્મતમા ભણતા વિદ્યાથીઓને પોતાના 'Grains of Gold' નામના પુસ્તકની નકલો પ્રમુખ સાહેબને હસ્તે અપાવી હતી એ પછી કાયક્રમની સમાપ્તી સુચક બાળકો તરફથી સગીતસહ ઇશ્વર સ્તુતી અને બાનીઓ તરફથી આરતી થયા બા રા રા પ્રમુખ સાહેબે ઉપ સહારનુ બોધક અને સપ રાખવાની આવશ્યકતા દર્શાવનારૂ ઉતમ વ્યાખ્યાન આપ્યુ હતુ એ પછી પ્રમુખને હાર તોરા હતના વચ્ચે અપણ થતા કેટલાક ઉદાર ગ્રહસ્થોએ ફડને કેટલીક મદદ આપવાની જાહેર ી હતી જેમા એક મુસલમાન ગ્રહસ્થ પણ હતા બાદ રા૦ રા૦ ગાંધી સાહેબે પોતાનો અમુલ્ય વખત રાખી આ સમારભમાં પ્રમુખ સ્થાન સ્વીકારી ઉત્સાહ અને બળ પ્રેર્યા છે એવો ઉદેશ જણાવી પોતાની હમેશની ઉતમ શૈલીથી રા૦ રા ભગવાનલાલ વીશકરે પ્રમુખનો ઉપકાર માનવાની દરખાસ્ત રજુ કરતા ફડના ઓનરરી સેક્રેટરી રા રા મગનલાલ નરભેરામ પાઠકે તેને અનુમોદન આપતા સવ સભાએ અને સજ્જનોએ તાળીઓથી તે વધાવી લીધુ હતુ ફેરને વાડી વાપરવા આપનાર શ્રીમંત અમુક નામ ભગીના ગ૦ ગ જગન્નાથ વગેરે મેમ્બરો મેળાવડાના સ્થાનની સર્વ ઉતમ વ્યવસ્થા કરનાર રા રા૦ મગનલાલ ગીરજાશકર ભટ વગેરેનો આ સેક્રેટરી રા રા મગનલાલ પાઠકે ઉપકાર માન્યો હતો સભાનુ કાય સમાપ્ત થતા તે વીસરજન જાહેર કરતા પ્રમુખ સાહેબે ઓનરરી સેક્રેટરીના કામના ઉતમ વખાણ કરી હરહર મહાદેવના જયઘોષ વચ્ચે સવ છુટા પડયા હતા આ સમારભમા વીદ્યાથીઓ તથા કન્યાઓ તેમજ સ્ત્રીઓએ ગીત, સીવણ, ગુથણ, ભરત કામ વગેરેના નામુનાઓ રજુ કરી તેનુ નહાનુ પણ સુદર પ્રદર્શન ગોઠવેલુ હતુ તેનો પણ લાભ છુટા પડતા સર્વ લેતા જતા હતા

ચર્ચાપત્રો



બારડોલીમાં મળેલા પાવવાડા પરિષદનું નિરિક્ષણ

બારડોલી મુકામે પરિષદ અને જ્ઞાતિના મેળાવડામાં મેં શું જોયું તેનો સાર નીચે પ્રમાણે મને જણાયો છે

૧ સંપ ઐક્ય અને જ્ઞાતિની ઉન્નતિના ઉપાય માટે વધી ગયેલી માગણી જોવામાં આવી

૨ ધર્મ બુદ્ધિ સમભાવ, સ્વાર્થ ત્યાગ, વિગેરે સદ્ગુણોનું વધેલું બળ જોવામાં આવ્યું

૩ ઉમંગ ખંત, આત્મ ભોગ જ્ઞાતિના બનાવની કાળજી એ ગુણો ઘણા ખામીના જોવામાં આવ્યા

૪ જાહેર હીંમત વક્તૃત્વ શકિત અને નાણાં ખામીના જણાયાં

૫ અહંભાવ, મમત્વ પક્ષપાત વિગેરે દુર્ગુણો ઘણા ઓછા થયેલા જણાયા

૬ ઘર ઉડાનું સુત્ર હમેશાં શ્રેયસ્કર હોય છે તેજ પ્રમાણે બારડોલીના મેળાવડામાં પણ શ્રેયસ્કર સાબીત થયું છે

૭ પરિષદ્ ચાર વરસનું નાજુક [illegible] થઈ ગયું હતું તે એકદમ સુદૃઢ તરુણાવસ્થામાં આવેલું જણાયું

૮ "ઉંડું (ફૂંક) નું ઓસડ નહીં એ હેતન બરાબર નથી તેનું ઓસડ બપનો પ્રમાદ છે તે જાહેરમાં આવ્યો

નિરિક્ષક

ઔદિચ્ય પ્રભાકરના જુલાઇ માસના અંકમાં ચર્ચાપત્રમાં જ્ઞાતિ સેવકને ઉત્તર

આપના અંતઃકરણ પૂર્વકના યોગ્ય પમાં પંચકોશી પ્રથમ પરિષદ કદાચ ન ભરાણી હોય તો તો આપના તરફનું અભિનંદન પરિષદને નમળે તેની પરિષદ મંડળ પોતાની ઉન્નતિની દીશા એક વ્યક્તિને માટે અંગીત કારણ વિના બને એવી આશા જો આપ રાખતા હોતો તે દુરાશા છે

પંચકોશીનાં ગામો એ જ્ઞાતિ સેવકની જાણ બહાર ન હોવા જોઈએ છતાં કોઇ જ્ઞાતિ સેવક અજ્ઞાન હોય તો તેમણે પોતાના ગામના કોઇને કોઇ પણ વૃદ્ધને પુછતા સહજમાં જણાઈ આવે એવો સુગમ માર્ગ છોડી આ પ્રશ્ન તરફ લખવા નિષ્કારણ શ્રમ લઈ શ્રીયુત્ તંત્રીને પણ વૃથા તસ્દી આપવા જરૂર નહતી

(પ્રથમ પરિષદ્ હોવા) પત્રિકા પંચકોશીનાજ દરેક સમાન અગીઆર ગામોને લખવામાં આવી હતી.

ગામોના નામો વિગેરે જો આ ચોરા વિનાના કોઇ જ્ઞાતિબંધુને જાણવાની ઇચ્છા હોત તો તે પોતાનું નામ છુપાવી જ્ઞાતિ સેવક એવી સંદિગ્ધ સહીથી છપાવે એવો આ પ્રશ્ન નથી એટલે સ્પષ્ટ દેખાઇ આવે છે કે આજ ચોરાના કોઇ સ્વાર્થ સાધુ અસમાન વ્યવહાર જ્ઞાતિ સેવકની આશંકા હોવી જોઈએ તેણે ખોટાં નામ લાવવા

પ્રયત્ન કરો તેના કરતા ખરો સ્નામાપણુ કરતા શીખો' એ ભનામેણુ કરવા તરની લેવા કરતા પોતેજ એક સ્નોકાધ ય આણુવુ જોઇએ કે પશ્યાવે પશ્યતિ પણદાય સ્થાન દાપન પશ્યનિ પોતાની આંખ નિર્દોષ કરો, જગત્ તમને યથાથ સ્વરૂપમા દેખાશે

૪૯ મુરબીઓ અને યુવકો તમને જો મઇ આપણી પડતીનુ ભાન થતુ હોય અને જ્ઞાતિના કલ્યાણુ માટે લાગણી થતી હોય તો એકજ ઉપાય છે કે, જે જ યાથી એ નાયુ છે સાજ શોધો, જે કારણુને લઇ એમજો વિભક્ત થવાથી ગાયુ પડે છે તે કારણુજ દૂર કરો એટલે વિભક્ત મગ સયુક્ત થતા આવી અનેક ચર્ચાઓને ઉત્પન થવાને અવકાશજ નરહે

મ્રજ્ઞાતિ મધુ ભૂનવુ ન જોઇએ કે આ વીસમી સદી છે છેતરપીડીના છક્કા પઝાડી રમત રમવામા હવે નહી ફાવીએ શીકી રમીથી ઉંડા કુવાગાનુ પણુ પાણી કહાડી શકાય છે, આ આપે લીધેન માગની રીત યથાર્થ નથી

લી૦ પરિષદ કમીટી

એક શકાશીલ ડાકટરને

ગતકિના ચર્ચાતનમા એક શકાશીન લેકગ્ર તરફથી ત્રણુ શકાઓ પ્રગસિત કરવામા આવી છે જેનુ સમાધાન નિચે મુજબ હમો આપીએ છીએ —

પ્રથમ તો ડોકટર સાહેબે લેખ પરિપુર્ણુ રીતે ધ્યાન મા વાચ્યો હોય એમ લાગતુ નથી કારણુ કે આયુવેદિક નિઘમાનુશાર ઘાશનુ વણુ ન કરવામા આવે છે એવુ ચોખુ જણુાવેનુ છે અને તેની સાથે આયુવે ના સ્થલ પ થ્યેનઇ અને વૃદ્ધ ગઇના ગ્રથોમાથી પ્રમાણુ લુપ્ત કર્ણા ટાકવામા આ યા છે માટે પ્રયાશ કરતે તો ઉકત પુરતક દ્વારાએજ આપની શકા નિમુળ થને નળી એનોપથિ (અગ્રેજી વૈદુ)ના પણુ કેટનાએ પુસ્તકો અને કઇક આવુનિક શસોધોના વિચારો તરફ વળ્યા હોત તો પણ આ શકાઓ ઉભવતે નહીં

૧ શકા—લેખક જણાવે છે કે હમાગ હીદુસ્તાનમા એવા ફળ થાય છે કે જેની મ થી અડધા કલાકમાજ દુધ ઝમી જાય છે અને તેથી નેટ વિગેરેની જરૂર રહેતી નથી પણુ તે ફળનુ નામ નિશાન આપ્યુ નથી માટે એ વાત અધારામા રહી છે તે પ્રકાશીત થશે

સમાધાન દુધને ઝમાવનાર ફળમા ખાસ કરીને માખનજ નામે ફળ થાય છે અને એ ફળ રોધ દેશમા વિશેષ પ્રસિદ્ધમા છે બીજા પણુ કેટનાએક અમ્નકનો કામ કરે છે પણુ તે માકાનજ જેવી ત્વરાથી કરતા નથી એ ફળ વિશે ડોકટર શકાશીલને હજી કઇક શકા રહેતી હોય તો (ખુરિના મેટરીયા મેડીકા) વાચો

૨ શકા—જયારે છાશને અમૃત સાથે સરખાવવામા આવી છે તો છાશના ગુણો સાથે દોષ મળેલા છે—કે કેમ અને મળેલા હોય તો અમૃત પણુ દોષ યુક્તજ હશે

સ —છાશના ગુણોને અમૃત સાથે સરખાવવામા આ યા પણુ અમૃતજ છે એવો દાવો કરવામા આવ્યો નથી છાશમા દોષો મળેલા છે અને તેટના માટેજ અમુક

અમુક રોગોમાં છાશ આપના મા કરતાંગો ખારી છે શાસ્ત્રમા કોઈ સ્થેન ના અમૃતમા પણ હોનાજ જોઇએ એ માન્યતા અમને ભુલભ લી લાગે છે એક માણસના ગુણની સરખામણી જ્યારે બીન માણુમો સાથે * વામાં આવે ત્યારે શુ તેમ મ ની લેવુ કે એના દુર્ગુણો પણુ અન્યમા હોવાજ જોઇએ ભાજનાર્ં વિર ચા । બે ટના અન્ત ભાગમા પીધેલુ પાણી વિરસ્ત માનવામા આવે છ-તેવો શુ તેમ માનવુ કે એ ઝેર છે અને કદી તેમ હોય તો ભોજનની અતે પાણી પીનાર સખ્યાબધ મનુષ્યો મત્યુના મુખમા જઇ પડવા જોઇએ

૩ વકા યારે તમે છાશને ઉષ્ણુવિર્ય ગણો છો ત્યાર દુનીયમા આધા પકડાય છે એમ આવે છે, લાડમા છે, શરદી થાય છ વિગેરે સખ્યાબધ ની દો જણાય છે તેનુ કેમ ?

સ.—છાશ ઉષ્ણુ વિર્ય (ગરમ) છે છાશ એ ચીજ નથી પણ ખાટી રસ બાધા વ હોય તે દરેક પદાર્થો ઉષ્ણુ વિર્ય છે ખા । રસનો પ્રભાવ થડો છે પણ સ્વભાવ ગરમ છે તેઓમા છાશને ગણી માનવાનુ રણુ એ કે એમા એક ખાસ રીત નામનો ગુણુ રહ્યો છે અને તે તાતકાળીક થોડો ટાઇમ પોતાની અસર જણાવે છે ખાટા રસને માટે શાસ્ત્રકારો શુ કહે છે—

अम्ल याम्लवर्णि सीनाद य वित कफाव ॥

निव पाना दर्णियो दत्ता क्षिशुनिकोचन ॥

(સ । રિશ રાજ્યુ કૃત અક બકારા)

ખાટો રસ ઉ ણ બહારથી શીત કરી પિત ક અને કતને ઉત્પન્ન કરનાર મળ બધ-આફરો તથા દ્રષ્ટીનો નાશ ગ્ના ક ત નેન અને ભ ગીને સકોચનાર છે વનસ્પતિ શાસ્ત્રી ચે ટર વામન ગણે । દેશાઇ (એમ બી સ કન) સુ બઇ વ સભાના ધન્વ તરિ હાલમા પોતાના એક વાખ્યાનમા કહ છ આત્યાર સુધી છ શને માટે હમને શકા હતી પણુ હવે અમો તથા અમા । ના ક સુરાપ અમરી । વિદેશના સ ાધકે તથા ર્તુ સાન્નિધ્યોને એટલુ તો શુન રહુ પડ છે કે છાશ તથા મા આવી ક્ત ના જતુઓ ઉપ । થાય છે કે ઓઝરીમાના તમામ નિ નતાય જતુને ખાઇ નાખ છે

આ ઉપ થી અમો આશા રાખીએ છીએ કે આધુના શસોધકોના વિશ્વાસ વધતો જાય છે અને છ શને અમૃતરૂપ માનવાના વખત નજીક આ તો છે પણુ હમણા સ કારીલ ડોકટર સાહેબની સેવાના પાઇમા વખત અમતની ઉપમામા વિર વનાવાનુ હાય તો કૃપા કરી જણાવશો જેથી વિરથ આભારી થઇશુ

લી જમીયતરામ ડુગરરામ પાઠક ખાર ાવીકર

ગ્રાહકોને સુચના

— 0 —

આ એ ગી અંકો નુ વર્ષ પુરુ થયુ છે લેખકોને લીધે કામ ાના ભાવમા બેહદ વધારો થયો છે અને સારા કાગળો મળતા નથી જેથી આવતા અંકની માગણીના નગોમા સાધારણ ફેરફાર થશે તથા લવાજમ ૧ એકી બ લે રૂ ૧ા સવા રાખવામા આવ્યુ છે અમારા સર્વ ગ્રાહક બંધુઓને અમો વિનંતી ગીએ છીએ કે, જ્ઞાતિ સેવાના અમારા પવિત્ર ઉદ્દેશ માટે જે સહાય આપે આપી છે તે પ્રમાણે જ ચાલુ રાખી જ્ઞાતિ સેવા ા અમારા ાર્યમા સદ સહભાગી થશો—

તત્રી

Register No B 024

ઔદિચ્ય પ્રભાકર

પુસ્તક ૭ મું] ૧૫ મી નવેમ્બર ૧૯૧૭ [અંક ૩ જો

૨બર  સ્ટેમ્પ

લાખના મીન, સીપાઈના પીતળી અને જ મન સીલ્વરના પગ, મોનોગ્રામની કે સી અગુઠી, નામના પીતળી ગોરઃ સ્ટેનસીલ પ્લેગ બુકકટ સ્ટીરીઓ ઇલેકટ્રો અને ફોટોઝીંકો બ્લાક મોનોગ્રામની ડાઇ, વીઝીટીંગ કાર્ડ વીગેરે કામો કરનાર

અંગ્રેજી અક્ષરની રબર ટાઇપની પેટીઓ
રૂ ૦॥ થી રૂ ૧૨ સુધી અગુઠા
છાપ સામાન સાથે કી૦ન૦૨ રૂ ૧

૧ અક્ષરના પોકેટ મોનોગ્રામ સ્ટેમ્પ
કીં આના ।=

ગમે તે ત્રણ અક્ષરના મોનોગ્રામની
ડબ્બી, કીં રૂ ૧॥

બી જી રેગે એન્ડ કુંપની

રબર સ્ટેમ્પ મેકર્સ એ ડ એનગ્રેવર્સ,
ન ૨૦૩, માનગાદેવી રોડ મુબઇ

નાનાં છોકરાઓ માટે



ગ
રે
નુ
વા
લા
મૃ
ત.

આ દવાનો સ્વાદ મધુર હોવાથી તે છોકરાઓ હોશથી પીએ છે એથી હેડકી તથા પેટનુ મોટુ થવુ હાથ પગની કૃશતા, વીગેરે રોગો નાશ થાય છે

શીશીની કિં ૧૨ આના ખ ૪ આના

કે ટી ડોંગરે અને કુ,
ગીરગામ મુબઇ

મોટી બાટલીનો રૂપીઓ એક





નાની બાટલીના આના ૧૦
ટપાલ ખર્ચ જુદુ
ગીરગામ નબર ૪—મુબઇ

સુરતનુ જાણીતુ

શ્રી ઇન્દુ ફાર્માસ્યુટિકલ વર્કસ

શાસ્ત્રીય દવાઓ—વન પતિઓ અને વનસ્પતિઓના ગુણો બનાવનારૂ જરૂરીઆ કારખાનુ

જેમા સઘળી દવાઓનુ મત્વ નાશ પામતુ નથી પણ જળવાઈ રહે છે

નમુના—ભાવ—અને એજન્સી માટે લખો —

શિવશંકરની કંપની,
નાણાવટ—સુરત

વિષયાનુક્રમણિકા

ગ્રાહકો તથા લેખકોને સુચના



(૧) પ્રભાકર હવે મુબઇ ખાતેથી પ્રગટ કરવામાં આવશે માટે સર્વ પત્રવ્યવહાર તંત્રી ઔદિચ્ય પ્રભાકર–કચ્છ બીલ્ડીંગ નંબર ૨, કાંદાવાડી ગીરગામ મુબઇ એ શીરનામે કરવો

(૨) લેખકોએ પોતાના લખો સ્પષ્ટ અક્ષરે કાગળની એક બાજુએ લખી તંત્રીને તા. ૧ લીની અંદર મળે તેવી રીતે મોકલવા લેખો પ્રગટ કરવા નહી તે તંત્રીની મુનસફીપર રહેશે પ્રગટ ન થયેલા લેખો પાછા મોકલવા તંત્રી બંધાતા નથી તેમ લેખોમાં યોગ્ય સુધારો વધારો કરવાની તંત્રીને સત્તા છે

(૩) સમગ્ર ઔદિચ્ય જ્ઞાતિના સર્વ સમુદાય તરફથી છપવા યોગ્ય જ્ઞાતિ વર્તમાન મળેથી તે પ્રગટ કરવામાં આવશે કોઇપણ જ્ઞાતિ જાહેર સંસારિક ધાર્મિક આર્થિક અને ઔદ્યોગીક વિષયો ઉપર લેખો લખનાર અમો સર્વેના આભારી થઇશું પણ રાજકીય વિષયો ચર્ચવા એ આ માસીકનો ઉદ્દેશ નથી.

(૪) પ્રભાકર દરેક માસની તા૰ ૧૫ મીએ બહાર પડે છે તો કોઇ ગ્રાહકને તા૰ ૨ ની અંદર જો ન મળે તો તંત્રીને ખબર આપવાથી યોગ્ય બંદોબસ્ત કરવામાં આવશે લવાજમ પ્રથમથી લેવાનો રીવાજ હોવાથી સર્વ ગ્રાહક બંધુઓને વીનતી કે તેમણે લવાજમનો પોસ્ટેજ સાથેનો રૂ ૧) મોકલી આપવા કૃપા કરવી અને જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય, તેમણે અમોને ચેતાવવા કૃપા કરવી આપણી જ્ઞાતિના સજ્જનો માંથી જો કોઇ દરેક ૧૦ દશ ગ્રાહક મેળવી તેમનું લવાજમ અમોને મોકલી આપશે તેને આ માસીક મફત મોકલવામાં આવશે

તંત્રી

॥ कर्मण्ये वाधिकारस्ते माफलेषु कदाचन ॥

ઔદિચ્ય પ્રભાકર.

પુસ્તક ૭ મુ]   [અંક ૩ જો

। नूतन वर्षाभिनन्दनम् ।

(શાર્દૂલ વિક્રીડિત)

બ્રહ્માધિન હશો શું ! આ જગતને દેવા બધા પૂર્વથી,
કે આ સૃષ્ટિ સમષ્ટિ વ્યષ્ટિ સહિતા આધિન કોને નથી
તે જો પુંજ અનેક તારક ગણો, આદિત્યને ચંદ્રમા,
આકાશે ભમતા અમી વરસતા સાથી રહ્યા બંધમાં—૧
હા ! બ્રહ્મા હરિ ઈંદ્ર સર્વ યુગમાં, કર્તૃત્વ જેથી લહે,
જેના આશ્રયથી સમસ્ત રચના રંગે રસે પણ રહે
તે શક્તિ શુધ ભક્તિથી રીઝવીએ, ધ્યાનસ્થ તેમાં થઈ,
ધ્યાયા તે તુજ શક્તિ કર્મ ! વિપુના મુક્તિ મળે જે થકી—૨

(વૈતાલીય છંદ)

કરતા શુભ કર્મ ભાવથી, ગિરજ્ઞાન મનુનિશ્ચે પામશે,
વિપયો નિષ યોગ જાણશે, ધિરતા ધીર તાપ સમાવશે—૩
નહિ કો [illegible]ન દેહ ભુતને, કર્મોથકી છુટકારા તો મળે
ગતિ વૈચિત્ર્ય કર્મ "ખ", પ્રભુતા નભુતારક તું ભર—૪

(અનુષ્ટુપ)

નિષ્કામી થૈ જનો સાધે કર્મ સમર્થ જો સ !
કર્મ પાશ થકી છુટી, શાંત ધામે વસે તદા—૫
નિત્ય કર્મ તણા બીજો, વાવો નિમ [illegible] મહી,
ધર્મ વિદ્યા ચિરાયુને [illegible] નપ સુખો થકી—૬
નિષ્કામતા પ્રભુ દેજો નિત્ય અમ કર્મો મહી
[illegible] વધ નના શાને, સિદ્ધિ પાત્ર [illegible] સદી—૭

વેણીશંકર નરસૈરામ ભટ્ટ

નવિન વર્ષ

ઉદયાચળપરથી પ્રભાકર ભગવાનના ઉદયની સાથે વિક્રમાર્ક સંવત ૧૯૭૪ના નૂતન વર્ષનુ મંગળમય પ્રભાત શરૂ થાય છે નવિન વર્ષમા સકળ બંધુઓ સુખ સંપતિ, ઐશ્વર્ય દીર્ઘાયુ પ્રાપ્ત કરી આપણો બ્રાહ્મો જગતના અન્ય વર્ગના શ્રેષ્ઠ તરીકેનુ ગૌરવ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થઇએ એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે જગતમાં સર્વત્ર પ્રજા પોતાની ભાવી પ્રજાનુ શુભ સાધવા ઉત્સાહથી આગળ વધે છે આપણે પણ તેના પ્રમાણે આપણી પ્રજાનુ શ્રેય સાધવા આગળ વધવાનુ છે, અને આપણે માથે રહેલી આપણી પવિત્ર ફરજો બજાવવાની છે આપણે આપણામા ઐક્ય સાધી ભ્રાતૃ ભાવના સંકલ્પથી સંકલીત થઇ દૃઢતા પ્રાપ્ત કરવી એ આપણી પ્રથમ ફરજ છે, આપણે આશા રાખીશુ કે પરમકૃપાળુ પરમાત્મા આપણા તે પ્રયાસોમા અવશ્ય આપણને સહાય થશે. તેમનામાં દૃઢ વિશ્વાસ રાખી ફલની ઇચ્છા રહીત આપણે આપણ કર્મ કરવાનુ છે અને નિષ્કામ કર્મમાં હમેશાં ઇશ્વર સહાય કરે છે તેના ઉદાહરણો આપણી આગળ મોજુદજ છે આજના આનંદકારી દિવસે સર્વત્ર આનંદજ હોય તો પણ તેમા વિશેષ આનંદ પામવાનુ છે કે અમારા સાંભળવા મુજબ આપણુ બ્રહ્મ સમાજને એકત્રીત કરવા કરાચીના બંધુઓ પ્રયત્ન કરવા લાગ્યા છે બ્રહ્મસમાજના આપણા નવીન નેતાઓ અથાગ પ્રયત્નો કરી આ પ્રમાણે ? કાર્ય કરી રહ્યા છે તે માટે આપણે તેઓનો ઉપકાર માનીએ તેટલો ઓછો છે અને આશા રાખીએ છીએ કે પ્રભુ આપણા નેતાઓના પ્રયત્નોને યશસ્વી બનાવી ઉત્તરોત્તર નવિન વર્ષમા પ્રભાકર પોતાની પ્રભા વિસ્તારી જગતમાં શાંતિનું રાજ્ય સ્થાપી સર્વને શાંતિદા નિવડે એવી કૃપાળુ પ્રત્યે પ્રાર્થના સહ વિરમીયે છીએ काले वर्षतु पर्जन्य पृथ्वीशस्य शालिनि । देशो यं क्षोभरहितो ब्राह्मणास्सन्तु निर्भया । अपुत्रा पुत्रीणस्सन्तु पुत्रिणस्सन्तु पौत्रिणाम् । अधना सधनास्सन्तु जीवन्तु शरदोशतम् । स्वस्ति राज्ञस्य स्वस्ति पशुभ्य स्वस्ति प्रजाभ्य । सर्वेजना सुखिनो भवन्तु । ॐ शांति शांति शांति ॥

તંત્રી

બ્રહ્મસમાજ નહીં મળવાનો ખુલાસો



રા. રા. ઔદિચ્ય પ્રભાકરના તંત્રી,

વિ. વિ. પ્રભાકરના કેટલાએક અંકોમાં બ્રહ્મસમાજ નહી મળવાના સંબંધમાં તંત્રીની સહીના કેટલાક લેખો પ્રગટ થયા છે તેનો ઉદ્દેશ એવો જણાય છે કે સમાજના આગેવાનોના નિષ્કાળજીપણાને લીધેજ સમાજ સંવત ૧૯૭૩ મા કોઇપણ સ્થળે મળ્યો નથી ખરી હકીકત તેમ નથી સમાજ સં. ૧૯૭૩ માં નહી મળવાના પણા કારણો છે

તેમાં મુખ્ય આપણા લોકોની આર્થીક સ્થીતિ માહોમાહેના કુસપ, કનેશ વગેરે છે આગેવાનો પોતાથી બનતા પ્રયત્નો સમાજ મેળવવાને કરે છે સં ૧૯૭૩ મા લીબડીમા સમાજ ભરવાનુ નકકી થયુ હતુ, અને બીજુ આમનણ મુલતવી રાખી લીબડીનુ આમનણ કબુલ પણ કર્યું હતુ પણ અણધારેલા સંયોગો વચ્ચે લીબડીએ પોતાનુ આમનણ પાછુ ખેચી નાખ્યુ હતી આવી સ્થીતિમા ગયા સાલમા સમાજ મળ્યો નથી એટલે સુજ્ઞ પુરૂષોની આથી ખાત્રી થશે કે આગેવાનો દોષપાત્ર નથી

લી જાણુભેદુ

ભાવના

વ્યોમે આ વસુધા થકી રવી પ્રભા, ખેચી જતી વારીને
વર્ષામા જગશ્રેય ઇચ્છી પડવુ, તેવારી પૃથ્વી પરે
શાંતિ સત્વ સ્વરૂપ શ્રીવિભુતણા તત્વે રચાયુ વપુ,
ભાવી ભાવ સહી સહુ જગતના અંતે મળો તેહમાં,
ઉદ્યાને મધુમક્ષીકા કુસુમથી, પ્રાપ્તી મધુની કરે,
સંતોષેનીજ કર્મના ફળ લહી તદ્રુપ તેમાં બને
વિશ્વોદ્યાન વિષે વિભુ! મધુ તણી પ્રાપ્તી કરી યત્નથી
ત્રાતા અંતર એ ચહેતવ મહી વિલીનતા દેહની,
કાસારે જનમી નીલોત્પલ જરા, પંચત્વ, પામે ભરે,
ઉત્પત્તી, સ્થીતિ, ભાવને લયસમે, સ્પર્શેન અંગે જળે
સંસારે જનમી દશા સ, સહી, મૃત્યુ ભળે આવતુ,
માયા વારી તણો નસ્પર્શ વપુને, હૈયુ વિભુ માંગતુ

મન વચન ક્રિયાને દેહની કર્મ કેલી,
શુભ અશુભ થતી તે જાણુને દીન શક્તિ
અરપણુ તવપાદે દાસ ભાવે સહુ તે,
ચરણ શરણ લેજે તાપત્રીવિધ ટાળી

" નરહર "

શ્રી ભારતવર્ષીય ઉદિચ્ય બ્રહ્મસમાજના સંમેલનને લગતા કેટલાક અગત્યના વિચારો.



[લેખક–પૂજ્યપાદ મહાત્મા શ્રી નથુરામ શર્મા]

(ગયા અંકનુ અનુસંધાન)

સંમેલનમા આવનાર ઉદીચ્ય બધુઓએ પોતાની સાથે પોતાના ઉપયોગની સર્વ સામગ્રી–બીછાનુ, ઓઢવાનુ સધ્યા પૂજનના વાસણો, અબોટીઉ ને લોટો પ્યાલો–સાથ

લાવવી જોઇએ તેનુ વિસ્મરણ નજ કરવુ જોઇએ પાનવી નાકડી ને એકનો બાર
એવા ભાવની કહેવત તેમણે સ્મરણમા રાખી વર્તવુ જોઇએ વળી સ્થાનિકના કામ
કરનારા ગ્રહસ્થોને સમેલન વેળા નાના મોટા ઘણા કામ કરવાના હોય તેથી તેમના ચિત્ત
સ્વાભાવિક રીતે વ્યગ્ર હોય માટે આવનાર બધુઓએ આ સ્થલ પોતાનુ જ ઘર છે એમ
સમજી નમાણમા કઇ ચૂક સરખુ થાય તો તેથી પોતાના મનમા ગાડુ ન લગાડવુ
જોઇએ, તેમજ તેમની સરભરામા કાઇ ન્યૂનતા જણાય તો તેથી પણ તેમણે પોતાના
મનમા એ ન થવા દેવો જોઇએ, તથા સ્થાનિકવાળાઓની સાથે નકામો વિક્ષેપ ન કરવો
જોઇએ જેમ તીર્થસ્થાનામા આપણને પ્રાપ્ત થતી કેટલીક પ્રતિકૂળતાઓને આપણે
પ્રસન્નતાથી સહન કરી લઇએ છીએ તેમ આ જાતિસમેલનરૂપ તીર્થમા પણ થોડી પ્રતિ
કૂળતાઓ પ્રતીત થતી હોય તો જરૂર તે પ્રસન્નમને સહન કરી લેવી જોઇએ

સમેલન વેળા જે જે આગલના કામો કરવાનુ અગાઉથી નક્કી થયુ હોય તો તે
નોધી રાખેલા અગત્યના કામો રાત્રે સામાજિક યજ્ઞાએ વિષયવિચારક મડળની આગળ
નક્કી થયેલી વેળાએ ક્રમપૂર્વક મુકી તે કામોના સબધમાં યોગ્ય નિર્ણય કરી તથા
પ્રસ્તાવ કરનારને અનુમોદન આપનાર યોગ્ય બધુઓના નામો નક્કી કરી તેમને તેમના
કામ માટે યોગ્ય સૂચના વિષયવિચારક મડળના મુખ્ય સભ્યોએ તેજ વેળાએ આપવી
જોઇએ ઘણી વેળા આવે પ્રસગે આગાઉથી કાઇ પણ વ્યવસ્થા નહિ કરેલી હોવાથી
વિષય વિચારક મડળના સભ્યોનો ઘણો સમય નકામો વીતી જાય છે ને ઉપયોગી કામ
પૂરતી રીતે થઇ શકતુ નથી માટે હવે પછી આમ નજ થાય એમ ગોઠવણ રહેવી
જોઇએ દેશકાળનો ધર્મ શુ તેટલો વિચાર કરી જે બહુ ઉપયોગી કામ હોય તે કામ
પ્રથમ હાથમા લેવા જોઇએ, ને તેના ઉપર તે કેવી રીતે આચારમા મુકી શકાય તેનો
બને બાજુનો પૂરતો વિચાર કરી પછી તે અવશ્ય આચારમા મુકાય એવી યોગ્ય ગોઠવણ
ધ તા નિયમો આધીન કરવી જોઇએ

સમેલનનુ નક્કી કરેલુ સર્વ કામ વ્યવસ્થાથી ને સમયસર થાય તે માટે પાકશા
ળાની દેખરેખ રાખનારે તથા જમવા બેસાડવાની ગોઠવણ કરનારે અને સમેલનની
બેઠકની ગોઠવણ રાખનારે નિત્ય પોતપોતાના કામના સમયપત્રકો કરવા જોઇએ ને તે સર્વ કામો
સમયસર ને યથાયોગ્ય થાય એવી સર્વ પ્રકારની યોગ્ય ગોઠવણ સાવધાનતા ને સદાગ્રહથી
રાખવી જોઇએ જો આમ ગોઠવણ રખાશે તો અવશ્ય થોડા સમયમા સમેલનને
લગતુ અગત્યનુ ઘણુ કામ થઇ શકશે

સ્વાગત મડળના સર્વ સભ્યોએ, બહારથી આવનાર સર્વ પ્રતિનિધિઓએ, અને
ઉત્સાહી પ્રેક્ષકોએ બે વેળા સધ્યાવદન બે વેળા ન્યૂનાધિક જપ ને સવારે એક વખત
થઇ શકે તેટલો સ્વાધ્યાય એટલુ નિત્યકર્મ તો અવશ્ય કરવુ જ જોઇએ પાકશાળાના
ઉપરિએ પાકશાળામા પવિત્રતાથી સર્વ પ્રકારનુ ભોજન તૈયાર કરાવવુ જોઇએ તેમણે પાકશા
ળામા કોઇ યોગ્ય બધુદ્વારા એકવાર વૈશ્વદેવ અવશ્ય કરાવવો જોઇએ ભોજન કરવા
આવનાર પ્રત્યેક બધુએ પવિત્રપણે પવિત્ર વસ્ત્ર પહેરીને તથા પોતાના જળપાત્રો વગેરે

કામનીયા ઓછાવ દરેક કુટુબમા વાપરવુ જોઇએ

